ॐ

વીતરાગાય નમઃ

# સમયસાર દોહન

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાયરોબીમાં થયેલાં
શ્રી 'સમયસાર' પરમાગમની વિભિન્ન
ગાથાઓ ઉપરના પ્રવચનો)

પ્રકાશક
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર



v **પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :**

v **વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫

v **ગુરુ ગૌરવ**
**શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.

v શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧

v શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭

v અમી અગ્રવાલ (અહમદાબાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩

v પ્રથમાવૃત્તિ : પ્રત : ૧,૦૦૦, ૧૪-૦૮-૨૦૦૩

v દ્વિતીયાવૃત્તિ : પ્રત : ૫૦૦, ૦૧-૦૪-૨૦૦૦૮, પૂજ્ય બહેનશ્રીની
સમ્યક્ત્વ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૮ + ૩૬૮ = ૩૭૬
લાગત મૂલ્ય : ૫૫/-
વિક્રી મૂલ્ય : ૨૦/-

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી,
૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ
કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રકાશકીય

'સમયસાર દોહન' નામક આ લઘુકાય ગ્રંથ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત, સર્વથા સર્વ પ્રકારના રાગ, દ્વેષ, મોહનો ક્ષય કરનારા, સાદિ અનંતકાળ સમાધિસુખમાં બિરાજમાન 'સીમંધર ભગવાન'ની દિવ્યધ્વનિના દિવ્ય સંદેશા શ્રીમદ્ ભગવત 'કુંદકુંદાચાર્યદેવે' પ્રત્યક્ષ દિવ્યધ્વનિને શ્રવણ કર્યા અને 'સમયસાર' જેવા મહા ગ્રંથાધિરાજ પરમાગમમાં ટંકોત્કિર્ણ કર્યા, એવા શ્રી 'સમયસાર' જેવા દિવ્ય પરમાગમનું રહસ્ય ખોલનાર, દિવ્ય સાતિશય શ્રુતજ્ઞાનના ધણી, ભાવિ તીર્થંકરત્વની પ્રતીતિ કરાવતી સ્વયંની અમૃતમયી વાણીના સમુદ્રની નિરંતર છોળ ઉડાડી મુમુક્ષુઓને પાવન કરનાર, એવા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના ગુણોનો તથા ઉપકારનો મહિમા શું કરવો ? જેઓ સ્વયં જ ગુણના ભંડાર છે, નિરંતર મોક્ષ પ્રતિ આગળ વધી રહ્યા છે, અલ્પ સમયમાં સ્વયં તીર્થંકર થઈને જગતગુરુ થશે, એવા પૂજ્ય ગુરુદેવશ્રીના 'નાઈરોબી'માં થયેલાં 'સમયસાર' પરમાગમની ગાથા–૬, ૧૧, ૧૪, ૧૫, ૧૭–૧૮, ૩૧ તથા ૩૮ ઉપરના પ્રવચનોને અર્થાત્ દિવ્યધ્વનિને આ ગ્રંથમાં પ્રકાશિત કરી અત્યંત સંવેદનમયી લાગણીઓ સહિત મુમુક્ષુઓના હાથમાં મૂકતાં અમોને આનંદ થાય છે.

જ્યાં મનની ગતિ નથી, વાણીની પહોંચ નથી એવા અદ્ભુત અને અવાચ્ય સ્વરૂપને તથા તેની પ્રાપ્તિની વિધિને, સ્વયંની સાતિશય વાણીમાં વ્યક્ત કરીને, ભગવાનઆત્માને હથેળીમાં બતાવવાની ક્ષમતાના દર્શન આ પ્રચનોમાં થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીનું કરુણારસ નિર્જરતું હૃદય મુમુક્ષુઓને એક અપૂર્વ ભાવની દુનિયામાં લઈ જાય છે. ખરેખર તીર્થંકર પુરુષ કેવા હોય તેના પ્રત્યક્ષ દર્શન કરવા હોય તો જોઈ લ્યો પૂજ્ય



ગુરુદેવશ્રીને ! આખા જગતનું કલ્યાણ થાઓ, એવી ભાવનાના દર્શન કરવા હોય તો જોઈ લ્યો પૂજ્ય ગુરુદેવશ્રીને !! શું આ કોઈ દૈવી પુરુષ છે !! શું આ કોઈ સીમંધર ભગવાનના દૂત બનીને આવ્યા છે ? હા, ભાવિના 'મહાવીર ભગવાન'ના જીવને સંબોધન કરવા જેમ બે ભાવલિંગી મુનિરાજ આકાશમાંથી ઊતર્યા તેમ પૂજ્ય ગુરુદેવશ્રી ભરતના જીવોને તારવા આકાશમાંથી જ ઊતર્યા !! ગગનમાં દેખાતા તારામંડળો અસ્થિર અને અનિત્ય છે પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી એક એવો ચમકતો સિતારો છે કે જેમની દિવ્ય દેશનાની કાંતિ શાશ્વત પ્રકાશતી રહેશે. જે કાંતિના આશ્રયે સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શાશ્વત સુખને પ્રાપ્ત કરશે.

પૂજ્ય ગુરુદેવશ્રીના નાઈરોબીના વિહાર વખતે પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સૂચનથી અને એક મુમુક્ષુના પ્રયત્નથી ત્યાંનાં મુમુક્ષુ મંડળે પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો પ્રવચનો ઉતારવાનો નિર્ણય લીધો અને એકાદ-બે દિવસ પછી વિડીયો ઊતારવાનું શરૂ કરવામાં આવેલ. તદર્થ નાઈરોબી મુમુક્ષુ મંડળનો અત્રે આભાર માનવામાં આવે છે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આ દૂરંદેશિતા પ્રત્યે ઉપકૃત લાગણી ઉત્પન્ન થાય છે અને આ પુસ્તક પ્રકાશન પ્રસંગે તેઓશ્રીના ઉપકારને સ્મરણમાં લઈ કોટિ કોટિ વંદન કરીએ છીએ.

વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવશ્રીની અનઉપસ્થિતિમાં તેમના નાયરોબીમાં થયેલાં પ્રવચનોની થોડી-ઘણી ઉપલબ્ધ વિડીયો કેસેટ તથા સી.ડી. તેઓશ્રીના દર્શન કરાવવામાં નિમિત્ત થાય છે. તેઓશ્રીના હાવભાવ, તેઓશ્રીની પ્રત્યેક ચેષ્ટા, કરુણારસ નિતરતી પ્રસન્ન મુખમુદ્રા, નિત્ય આત્મદર્શનની ઝાંખી કરાવી જાય છે. જેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીને જોયા પણ નથી તેઓ માટે તો આ એક જ સાધન દર્શન અર્થે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના આ વિડીયો પ્રવચનો જોતાં તથા તેઓશ્રીની આત્મરસ

ઝરતી વાણી શ્રવણ કરતાં એવી પ્રતીતિ થાય છે કે, **'કહાન તારી બંસીમાં ડોલે નરનાર !'** આખી સભાને આવી આત્મરસ ઝરતી વાણી હિલોળે ચડાવતી હોય તેવો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો વિડીયોમાં ઉપલબ્ધ નથી પરંતુ ઑડિયો સી.ડી. માંથી આ પ્રવચનોને ઑડિયો કેસેટમાં રૂપાંતર કરી અક્ષરશઃ લખી લેવામાં આવ્યા છે. ત્યારબાદ સંપાદન કરતી વખતે પ્રત્યેક પ્રવચનોને સાંભળીને સંપાદન કરવામાં આવે છે. પૂર્ણરૂપે જ્યારે પ્રવચન તૈયાર થઈ જાય છે ત્યારે ફરી એકવાર તેને કેસેટ સાથે મેળવી લેવામાં આવે છે. જેથી કોઈ ક્ષતિ રહી જવા ન પામે.

આ પુસ્તકના પ્રકાશન અર્થે જે જે મુમુક્ષુઓ દ્વારા સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો અત્રે આભાર માનવામાં આવે છે. આ પુસ્તકના પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનું અન્યત્ર સાભાર વિવરણ આપવામાં આવેલ છે.

પ્રવચનોના પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો વીતરાગ દેવ, ગુર, શાસ્ત્રની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ તથા પાઠકવર્ગને કોઈ ક્ષતિ નજરમાં આવે તો તેઓ અવશ્ય જણાવે જેથી ભવિષ્યમાં ક્ષતિમાં સુધારો કરવામાં આવે.

અંતતઃ આ અમૃત વર્ષામાં પ્રત્યેક મુમુક્ષુ સ્નાન કરીને અમૃતને પ્રાપ્ત કરી અમૃતમય થઈ જાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

**'પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ,**
**જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.'**

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર



પ્રસ્તુત ગ્રંથ વાંચકોને પ્રિય થતાં તેની વધુ માગ આવતા તેની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરતા અમો હર્ષ અનુભવીયે છીએ.

ફાગણ વદ ૧૦, ૦૧-૦૪-૦૮
પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

આ પુસ્તકની કોઈપણ પ્રકારે અશાતના કે વિરાધના ન થાય તેનું લક્ષ રાખવા વિનંતી.

**'સમયસાર દોહન' પ્રકાશનાર્થે પ્રાપ્ત દાન રાશિ**
શ્રીમતી ચંદ્રદિકાબેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર ૫,૦૦૦/-

અહીં ત્રણલોકનો નાથ ! ચૈતન્યને આમ હાલરડું નાખે છે, ભગવાન ! 'તું ત્રણલોકનો નાથ થઈને ક્યાં રખડ્યો ? શું છે તને આ ? અરે..રે...! તને શરમ નથી આવતી ?' આ..હા...! એમ કહે છે, 'તને લાજપ નથી આવતી (કે) તું કોણ છો ?' આ..હા..હા...! (પૃષ્ઠ સંખ્યા–૧૩૧)

❁ ❁ ❁

ધર્મધ્યાન કરનારો અવાયમાં એવો વિચાર કરે છે, આ..હા..હા...! 'હું પૂર્ણાનંદની પ્રાપ્તિને પામું ! હું તો ઠીક પણ બધા આત્માઓ ભગવાન થઈ જાઓ !' આ..હા..હા...! મારા બધા સગાંવહાલાં છે, (બધા) આત્માઓ મારા સાધર્મી જીવ છે. અંદર દ્રવ્યસ્વરૂપ જે છે ઇ તો મારા સાધર્મી છે ! એની પર્યાયમાં ભૂલ છે. દ્રવ્યસ્વભાવ – સાધર્મી એટલે મારા ભગવાન ! તમે બધા ભગવાન થઈ જાઓ !' એવી ભાવના ધર્મી ભાવે છે. (પૃષ્ઠ સંખ્યા–૧૩૨)

❁ ❁ ❁



## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | ગાથા નંબર | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૦૧. | સમયસાર ગાથા–૬ | ૦૦૧ |
| ૦૨. | સમયસાર ગાથા–૧૧ | ૦૨૫ |
| ૦૩. | સમયસાર ગાથા–૧૧ | ૦૪૯ |
| ૦૪. | સમયસાર ગાથા–૧૧ | ૦૭૧ |
| ૦૫. | સમયસાર ગાથા–૧૧ | ૦૯૨ |
| ૦૬. | સમયસાર ગાથા–૧૪ | ૧૧૪ |
| ૦૭. | સમયસાર ગાથા–૧૪ | ૧૪૦ |
| ૦૮. | સમયસાર ગાથા–૧૪ | ૧૬૨ |
| ૦૯. | સમયસાર ગાથા–૧૫ | ૧૮૩ |
| ૧૦. | સમયસાર ગાથા–૧૫ | ૨૦૬ |
| ૧૧. | સમયસાર ગાથા–૧૭–૧૮ | ૨૨૮ |
| ૧૨. | સમયસાર ગાથા–૧૭–૧૮ | ૨૫૩ |
| ૧૩. | સમયસાર ગાથા–૧૭–૧૮ | ૨૭૩ |
| ૧૪. | સમયસાર ગાથા–૩૧ | ૨૯૩ |
| ૧૫. | સમયસાર ગાથા–૩૮ | ૩૧૫ |
| ૧૬. | સમયસાર ગાથા–૩૮ | ૩૩૭ |

ॐ

वीतरागाय नमः

''ભાવાર્થ :– અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય (અવસ્થા) – દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં



જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી' – એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. – આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા – બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે ક્લેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે – એ પ્રમાણદૃષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.

**અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત–અપ્રમત્ત' એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.''**

## પ્રવચન-૧, ગાથા – ૬

આ એક 'સમયસાર' સિદ્ધાંત છે. એની રચના બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદઆચાર્યે' કરી છે. એ 'કુંદકુંદઆચાર્ય' મહાવિદેહમાં ગયા હતા. ત્યાં આઠ દિ' રહ્યા હતા. ત્યાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે, 'સીમંધર ભગવાન' ! એને સાંભળી અને (ત્યાંથી) આવીને આ શાસ્ત્ર રચ્યાં છે. એટલે આ વીતરાગની જ વાણી છે. આહા...! ઝીણી પડે (પણ) અપૂર્વ વાત છે ! અનંતકાળમાં આત્મા શુદ્ધ ચૈતન્ય શું છે ? એની એને ખબર નથી.

આપણે અહીં (છઠ્ઠી ગાથાનો) ભાવાર્થ (લઈએ). આ આત્મા વસ્તુ છે એ તો નિર્મળ (છે). જેમ પાણી શીતળ છે અથવા જેમ સ્ફટિકમણિ ! સ્ફટિકમણિ સ્વચ્છ છે. અમે તો સ્ફટિકમણિ જોયું છે. આવડું સ્ફટિકમણિ જોયું છે, 'જામનગર'માં ! આવડું મોટું સ્ફટિકમણિ ! ધોળું મહાકીમતી !



છ લાખ રૂપિયામાં ત્યાં એક સોલેરિયમ છે, એમાં આટલું (સ્ફટિક જોયેલું) એ સફેદ સ્ફટિક હોય છે. એમ આત્મા સફેદ એટલે શુદ્ધ નિર્મળ આનંદકંદ છે. પણ જેમ એ સ્ફટિકને લાલ, પીળા અને કાળા ફૂલનો સંયોગ થતાં, અંદર લાલ, પીળી, કાળી ઝાંય દેખાય છે, એ સ્ફટિકની ઉપાધિ છે. એ સ્ફટિકનું સ્વરૂપ છે નહિ. ન્યાય સમજાય છે ? અમે તો બધું જોયું છે. આવડો મોટો સ્ફટિક ! છ લાખનો એક 'જામનગર'માં સોલેરિયમ છે. મોટો દાક્તર (હતો). અહીં તો એ બધા ડૉક્ટર અને રાજા ને બધા (અમને તો) સાંભળવા આવે. રાંક અને રાજા – બધા આવે સાંભળવા. મોટો ડૉક્ટર ! તે દિ' તે વખતે અઢી હજારનો માસિક પગાર હતો ! તે દિ' કેટલા વર્ષ પહેલાની વાત... ત્યાં આગળ સ્ફટિક જોયેલું, ધોળું ! સફેદ !

**'જ્યમ નિર્મળતા રે સ્ફટિક તણી,**<br>
જ્યમ નિર્મળતા રે સ્ફટિક તણી,<br>
તેમ જ જીવસ્વભાવ રે,<br>
શ્રી જિન વીરે ધર્મ પ્રકાશિયો,<br>
શ્રી જિન વીરે ધર્મ પ્રકાશિયો,<br>
**પ્રબળ કષાય અભાવ રે.'**

જેમ સ્ફટિકમણિમાં લાલ અને પીળી ઝાંય જે દેખાય છે, તે સ્ફટિકમણિમાં ઉપાધિ છે. એ સ્ફટિકમણિનું સ્વરૂપ નથી. એમ ભગવાનઆત્મા દેહમાં ભિન્ન ચૈતન્યમૂર્તિ બિરાજે છે. તે પોતે શુદ્ધ અને પવિત્ર છે. પણ જેમ સ્ફટિકને લાલ, પીળા (ફૂલના) સંયોગે લાલ, પીળી ઝાંય દેખાય છે. એમ **'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** ભાવાર્થ ! પહેલી લીટીનો અર્થ ! આ..હા..હા...! ભગવાન તો સ્ફટિકમણિ જેવો શુદ્ધ ચૈતન્યઘન છે. એણે કોઈ દિ' સાંભળ્યું નથી ! એ શું છે અંદર ચૈતન્ય પ્રભુ ? જેમ સ્ફટિકમણિ છે, તેવો સ્ફટિકમણિ જેવો ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે.

પણ એને જેમ લાલ, પીળા ફૂલના સંયોગે ઝાંય દેખાય છે, એમ આ ભગવાનઆત્મા શુદ્ધ, નિર્મળ, આનંદકંદ છે.

**'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** જેમ એ ફૂલના સંયોગને લઈને સ્ફટિકમાં લાલ, પીળું દેખાય છે, એમ કર્મના નિમિત્તથી આત્મામાં પુણ્ય અને પાપના, દયા અને દાનના, વ્રત અને ભક્તિના, કામ અને ક્રોધના વિકાર ભાવ (થાય છે). એ અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગે – સંબંધે આવે છે. ઝીણી વાત છે, ભગવાન !

છે પહેલો શબ્દ ? **'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** જેમ સ્ફટિકને પરદ્રવ્યના સંયોગથી લાલ, પીળી ઝાંય દેખાય છે એમ ભગવાનઆત્મા ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર – તેજનું પૂર અંદર છે ! અરે..રે...! કેમ બેસે ? અંદરમાં ભગવાનઆત્મા ચૈતન્યના નૂરના – તેજનું પૂર છે, પણ તેની પવિત્રતા ભૂલીને, અનાદિથી પર્યાયમાં અશુદ્ધપણું, પરદ્રવ્યના સંયોગથી આવે છે. સમજાય છે આમાં ? એનો એ સ્વભાવ નથી. પણ પરદ્રવ્યના સંયોગથી અનાદિથી એમાં મલિનતા (અર્થાત્) પુણ્ય અને પાપ (ના ભાવ) અને મિથ્યા ભ્રાંતિ (અર્થાત્) પરમાં સુખ છે, પરને લઈને મને મજા પડે છે, એવી એ મૂઢતા, મૂર્ખાઈ, એ અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગના સંબંધે જણાય છે.

**'...મૂળ દ્રવ્ય તો,...'** છે ? મૂળ વસ્તુ જે છે એ તો સ્ફટિકમણિ જેવી (શુદ્ધ છે). **'...(મૂળ) દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...'** એ વસ્તુ પોતે છે એ કાંઈ અન્યરૂપ થતી નથી. એની પર્યાયમાં – અવસ્થામાં વિકારપણું જણાય છે, તે કર્મના નિમિત્તની ઉપાધિ છે, એનો સ્વભાવ નથી. આહા...હા ! એ (મૂળ દ્રવ્ય) અન્ય દ્રવ્યરૂપ થતું નથી. સ્વદ્રવ્ય ચૈતન્ સ્ફટિકમણિ જેવો આત્મા – ભગવાન એ અન્ય દ્રવ્યરૂપે કે રાગરૂપે એ પોતે આત્મા થતો નથી – દ્રવ્ય થતું નથી. **'...માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા...'** ઝીણી વાત છે, ભગવાન ! પરદ્રવ્યના નિમિત્તથી હોં !



પરદ્રવ્યને કારણે નહિ. પરદ્રવ્યને લઈને આત્મામાં વિકાર નહિ. વિકાર તો, જીવ પોતાને ભૂલી, 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા !' પોતે પોતાને ભૂલીને સચ્ચિદાનંદ પ્રભુ ! એને ભૂલીને પર્યાયમાં પરના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.

**'દ્રવ્ય-દૃષ્ટિથી તો...'** પણ જો વસ્તુદૃષ્ટિથી જોઈએ તો, **'...દ્રવ્ય જે છે તે જ છે...'** સ્ફટિકમણિની પેઠે એ ચૈતન્યમૂર્તિનો રતન આનંદકંદ જ છે. એ તો પર્યાયમાં પરના નિમિત્તે ઉપાધિ દેખાય છે. સમજાય છે, ભાઈ ? ઝીણી વાત છે, પ્રભુ ! તારી વાત જ મોટી છે, પ્રભુ ! અંદર મોટો ભગવાન છે, પરમાત્મા છે ! અરે ! આ..હા..હા... ! એ ૩૮ ગાથામાં આવે છે, નહિ ? ૩૮ ગાથામાં ! પોતાના પરમેશ્વરને ભૂલી ગયો છે. ૩૮ ગાથા છે, આની ('સમયસાર'ની) ૩૮ (ગાથા) પાછળ આવે છે ને. છે એમાં ? ૩૮માં છે જુઓ ! **'...પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો...'** છે એમાં ? પાંચમી–છઠ્ઠી લીટી. છે એમાં ? પાંચમી–છઠ્ઠી લીટી ! પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. આ...હા...હા...હા...! પોતે પરમેશ્વર છે, પ્રભુ ! પણ તને ન બેસે (કેમકે) અનાદિકાળથી રાંકાઈ ભાસી છે ને ! પોતે પરમેશ્વરને ભૂલી ગયો ! પોતાના પરમેશ્વરને ભૂલી ગયો !! છે ને એમાં ?

પરમેશ્વર પોતે (અર્થાત્) પરમ–ઈશ્વર ! અનંત અનંત ગુણ (છે) એમાં એક 'પ્રભુતા' નામનો ગુણ છે. થોડી વાત થાય, ભાઈ ! થોડી... થોડી... બહુ ઝીણી (વાત) અહીં ન પકડાય. એ 'પ્રભુતા' નામનો એક ગુણ છે એ ઈશ્વર છે. એવો પ્રભુત્વ ગુણ જે છે, એમ આત્મામાં અનંતા ગુણ છે, એમાં એક 'પ્રભુત્વ' નામનો ગુણ છે કે જે ગુણને લઈને અનંતા ગુણમાં ઈશ્વરતા અને પ્રભુતા આવી છે.

શું કીધું એ ? આત્મામાં સંખ્યાએ અનંતા અનંતા ગુણો છે. એમાં એક પ્રભુત્વ નામનો ગુણ છે. જેમ જ્ઞાન ગુણ છે – જાણવું દેખવું, આનંદ

(છે) એમ પ્રભુત્વ નામનો – ઈશ્વર નામનો એક ગુણ – શક્તિ છે. આત્મામાં ઈશ્વર નામની એક શક્તિ છે – સ્વભાવ છે – સામર્થ્ય છે. તે ઈશ્વર નામની શક્તિએ અનંત ગુણને પ્રભુતાપણે એ ભાળે છે. અનંતા ગુણમાં પ્રભુતા ભરી છે. આ...હા..હા...! અરે...! આવો આત્મા ! એ પરમેશ્વર, પોતાનો પરમેશ્વર (છે), એને ભૂલી ગયો છે.

એ અહીં કહે છે. '**દ્રવ્ય-દષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...**' વસ્તુથી જો જોવો તો જે છે ઇ છે. એની પર્યાયમાં પરદ્રવ્યના સંયોગે મલિનતા દેખાય છે તે ઉપાધિ છે. એ વસ્તુની (મૂળ) સ્થિતિ છે નહિ. '**...અને પર્યાય (અવસ્થા) – દષ્ટિથી જોઈએ...**' (અર્થાત્) વર્તમાન દશા – અવસ્થાથી તેને જોવામાં આવે તો. છે ? '**આવે તો**' છે ને ? '**...મલિન જ દેખાય છે.**' વસ્તુથી જોવો તો એ નિર્મળાનંદ છે. પર્યાય–અવસ્થાથી જોવો તો એ મલિન દેખાય છે. આ..હા...! આ બે એના રૂપ છે ! ઝીણી વાત છે, ભાઈ !

'**એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે,...**' આત્માનો સ્વભાવ તો જાણવું (છે). ચૈતન્યમૂર્તિ ! ચૈતન્યનો પ્રકાશ ! સ્પષ્ટ ચૈતન્ય જ્યોતિ, પ્રત્યક્ષ સ્વરૂપ અનુભવમાં આવે એવો જે સ્વભાવ છે. દ્રવ્યદષ્ટિથી જોવો તો એવો છે. '**...જ્ઞાયકપણું (માત્ર) જ છે, અને તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે...**' જેમ આ સ્ફટિકને ફૂલના નિમિત્તે લાલ, પીળી ઝાંય દેખાય, એમ આ ભગવાનઆત્મામાં કર્મના નિમિત્તથી, અનાદિ પર તરફના લક્ષથી, રાગ અને દ્વેષ, વિકાર અને પુણ્ય અને પાપની વાસના દેખાય છે. (પરંતુ) એ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. પર્યાય – અવસ્થાથી જોઈએ તો મલિન છે. વસ્તુથી જોઈએ તો પ્રભુ, પરમેશ્વર છે. આ..હા..હા...! આવી વાતું હવે એને ક્યે ગજે માપ કરવું ? '**...તે પર્યાય છે.**'

'**પર્યાયની દષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને**



**દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે...**' વસ્તુ (દષ્ટિથી) જોવામાં આવે '**...તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે,...**' જ્ઞાયક, આનંદ તે આનંદ જ છે, જાણનાર તે જાણનાર જ છે. જાણનારમાં કમી, વિપરીતતા, ઓછપ થઈ નથી. એ તો અંદર પરિપૂર્ણ ભગવાન ચૈતન્ય બિરાજે છે ! આ..હા..હા...!

પ્રભુ ! તને 'પ્રભુ' કરીને તો બોલાવે છે ! તારી પ્રભુતા પ્રગટ કરાવવા માટે (તને 'પ્રભુ' કહીને બોલાવે છે). તારામાં પ્રભુતા ભરી છે, અનંતી પ્રભુતા છે. આ..હા..હા...! એ વસ્તુથી જુઓ તો અનંતી પ્રભુતા (છે) એ તારી છે. જ્ઞાયકપણું '**...કાંઈ જડપણું થયું નથી.**' જે જ્ઞાયક છે – જાણનાર છે તે અજાણપણું એટલે પુણ્ય અને પાપ જે અજાણ છે તે રૂપે – જડરૂપે જ્ઞાયકપણું થયું નથી. જાણનાર તે અજાણપણે થયો નથી. એટલે શું ? જાણનાર આત્મા અંદર ચૈતન્ય સત્તા પ્રકાશની મૂર્તિ પ્રભુ (છે). એ પુણ્ય અને પાપમાં ચૈતન્યપણું નથી. ચૈતન્યનો એમાં અભાવ છે, એ અચેતન છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી પણ છે અચેતન. જ્ઞાયકપણું તે અચેતનપણે કદી થયું નથી. પર્યાયમાં અચેતનપણે દેખાય છે, એની હાલતમાં દેખાય છે. વસ્તુમાં એ, છે નહિ.. આ..હા..હા...!

'**અહીં દ્રવ્યદષ્ટિને પ્રધાન કરી કહ્યું છે.**' અહીંયાં વસ્તુની મુખ્યતા બતાવવા... મુખ્યતા બતાવવા પ્રભુને જ્ઞાયકપણે છે એમ બતાવ્યું છે. પર્યાયમાં મલિનતા છે તેને ન બતાવતા, તેને ગૌણ કરીને, તેને પેટામાં રાખીને, વસ્તુ શું છે – તે બતાવી છે. આ ભાષા તો ભાઈ સાદીમાં સાદી, સાદામાં સાદી છે પણ ભાવ તો જે છે ઇ ઊંચા છે ઇ છે !

'**...કાંઈ જડપણું થયું નથી.**' શું કીધું ઇ ? '**અહીં દ્રવ્યદષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત–અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.**' આત્મામાં ચૌદ ગુણસ્થાન છે. જેમ મેડીએ ચડવામાં નિસરણીનાં ચૌદ પગથિયાં હોય છે એમ આત્માને પૂર્ણ પર્યાય પ્રાપ્ત

(કરવાના) પૂર્ણ આનંદની પર્યાય – મોક્ષ પર્યાય પ્રાપ્ત (કરવાના) ચૌદ પગથિયાં છે. એ ચૌદ પગથિયામાં છઠ્ઠા પગથિયા સુધીને 'પ્રમાદ' કહે છે અને સાતમા પગથિયાથી ચૌદમા (પગથિયા) સુધીને 'અપ્રમાદ' કહે છે. એ પ્રમાદ અને અપ્રમાદ બે ભાવ શુભ અને અશુભને લઈને દેખાય છે. વસ્તુ પ્રમત્ત–અપ્રમત્ત નથી. અરે...! આવી વાતું છે ! ક્યાં જગત પડ્યું અને ક્યાં વસ્તુ રહી ગઈ ! આહા..હા...! '**...તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.**' શુભ-અશુભ ભાવથી પ્રમત્ત–અપ્રમત્ત દેખાય છે. પ્રમત્ત તે છઠ્ઠા ગુણસ્થાન સુધી – છ પગથિયા સુધી અને અપ્રમત્ત સાતથી તે ચૌદ સુધી, એ બધી ભૂમિકાઓ, શુભ અને અશુભ ભાવના (નિમિત્તે દેખાય છે). જ્ઞાયકપણાની પર્યાયમાં આવતા, એને ભેદ દેખાય છે. બાકી જ્ઞાયકપણું છે એ શુભ-અશુભભાવપણે થયું નથી. તેથી તેને પ્રમત્ત અને અપ્રમત્ત અવસ્થા પણ થઈ નથી. સમજાય છે કાંઈ ? અરે...! આવી ઝીણી વાતું ! બાપુ ! મારગડા જુદા છે, આહા...!

'**...પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...**' પર્યાયમાં મલિનતા છે પણ દ્રવ્યદૃષ્ટિને જોતાં તેને ગૌણ કરીને, તેને પેટામાં રાખીને, એની વસ્તુમાં એ નથી, એમ કહેવામાં આવ્યું છે. '**...ગૌણ છે, વ્યવહાર છે,...**' આત્મામાં પુણ્ય અને પાપના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધો વ્યવહાર છે. આત્માનો સ્વભાવ નથી. આત્માનું સ્વરૂપ એ નથી. આ..હા..હા...! છે ? '**...અભૂતાર્થ છે,...**' જૂઠા છે. વસ્તુનો સ્વભાવ ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ ! એમાં એ પુણ્ય-પાપના ભાવના ભેદ છે તે જૂઠા છે. અંદર સત્ય સ્વરૂપમાં એ છે નહિ. પર્યાયમાં દેખાય છે તે જૂઠા – ભ્રમ છે. આ..હા..હા...! '**...અસત્યાર્થ છે,...**' છે ? ત્રિકાળની અપેક્ષાએ હોં ! પર્યાયમાં છે ખરા. પર્યાય–અવસ્થામાં પુણ્ય–પાપ છે ત્યારે તો એને પોતાના માનીને આ રખડે છે. પુણ્ય અને પાપના ભાવને પોતાના માની અનાદિથી રખડે



છે. એ પર્યાયમાં છે પણ વસ્તુથી જોતા એમાં નથી અને વસ્તુને જોવાની નજરું એણે અનાદિથી સેકંડમાત્ર પણ કરી નથી. એ શું ચીજ છે અંદર ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર, સર્વજ્ઞદેવ, ત્રિલોક–પ્રભુએ આત્માને કેવડો અને કેટલો અને કેમ કહ્યો છે ? તેની એને ખબર નથી. એથી અહીં કહે છે કે, એ અસત્યાર્થ (છે). વસ્તુમાં જે પુણ્ય-પાપ દેખાય છે તે દ્રવ્યની અપેક્ષાએ – ત્રિકાળની અપેક્ષાએ જૂઠા છે. એમાં અવસ્થા અપેક્ષાએ છે, પર્યાયની અપેક્ષાએ છે. વસ્તુની અપેક્ષાએ તે જૂઠા છે. છે ? '**...ઉપચાર છે.**' (એટલે) આરોપ છે.

'**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે,...**' પણ વસ્તુની દૃષ્ટિ કરતાં તે શુદ્ધ ચીજ આત્મા આનંદકંદ છે. એ સ્ફટિકનો જેમ પથરો છે એમ આ ચૈતન્યનો આનંદનો કંદ છે પ્રભુ ! આ..હા..હા...! પરમેશ્વર ! જાતિએ પરમેશ્વરસ્વરૂપ છે. પણ તે સ્વરૂપની પર્યાયને ભૂલીને પર્યાયમાં રાગ-દ્વેષ કરે છે. એ દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો '**...અભેદ છે,...**' આત્મા શુદ્ધ છે. પુણ્ય અને પાપના ભેદમાં આવ્યો નથી. અંદર અભેદ નામ એકરૂપ છે. '**...નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે,...**' ત્રિકાળી ચીજ સત્ય (છે) તે સત્ય છે. પર્યાય(ને) ત્રિકાળની અપેક્ષાએ અસત્ય કહેવામાં આવે છે, પણ પર્યાયદૃષ્ટિથી પર્યાય સત્ છે. પર્યાયદૃષ્ટિથી પર્યાય છે. વસ્તુદૃષ્ટિથી પર્યાય અસત્યાર્થ છે. આવ્યું ? આહા...! નિશ્ચય છે, ભૂતાર્થ (છે) અને સત્યાર્થ છે, સત્ય વસ્તુ દ્રવ્ય '**...પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે;...**' આ..હા..હા...!

ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ 'ચૈતન્યચંદ્ર' છે ! જિનચંદ્ર ! જેને જિનચંદ્ર કહે છે. જિન એટલે વીતરાગી ચંદ્ર ! એ આત્મા જિનચંદ્ર – વીતરાગી ચંદ્રની મૂર્તિ અંદર છે. આ..હા..હા...! કોઈ દી' સાંભળ્યું નથી, એના તરફ ગયો નથી. વિચારમાં લાવ્યો નથી અને બહારની કડાકૂટમાં મરીને મૂંઝવણમાં અનાદિકાળ(થી) ચોરાશીના અવતાર કરે છે.

અહીં એ કહે છે, આહા...! **'માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી...'** વસ્તુમાં ભેદ નથી. પર્યાયમાં રાગ-દ્વેષના ભેદ છે. **'...તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...'** એને જાણનારો એમ કહેવામાં આવે છે તો જાણવાયોગ્ય ચીજને દેખીને એમ કહેવાય છે કે જાણવાલાયક છે. પણ ઇ જાણનારો જાણનારો પોતે પરને નથી જાણતો. પરને જાણવા કાળે પોતાની જ્ઞાનની દશારૂપે થઈને એને જાણે છે. પરને જાણતો નથી, પોતાને જાણે છે. આહા..હા...! આવી ઝીણી વાતું છે, પ્રભુ !

**'...કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે...'** અરીસામાં સામી ચીજ –બિંબ હોય તેનું પ્રતિબિંબ દેખાય. અરીસામાં સામી ચીજ–બિંબ હોય (એનું) પ્રતિબિંબ (પડે). બિંબ, તેનું પ્રતિબિંબ (પડે). એમ ભગવાન ચૈતન્ય અરીસો, એમાં રાગ–દ્વેષ(રૂપ) બિંબ, તેનું પ્રતિબિંબ અંદર ઝળકે છે એટલે જણાય છે.... જણાય છે. એ જાણનારો છે. આહા...હા...! બહુ ઝીણું ભાઈ આમાં ! અહીં સુધી પહોંચવું એને ! આ..હા..હા...!

**'...કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.'** જ્ઞાન પરને જાણવા ટાણે પોતે પોતાપણે પરિણમે છે. પરને જાણવા કાળે પરપણે થતો નથી. આ..હા..હા...! જેમકે આ અગ્નિ છે તો અગ્નિને જાણવા કાળે જ્ઞાન અગ્નિરૂપે થતું નથી. પણ અગ્નિનું જેવું સ્વરૂપ છે, તેવું અહીં પોતાને પોતાથી જ્ઞાન થાય છે. તે જ્ઞાન અગ્નિપણે થયું નથી, અને અગ્નિને લઈને તેનું જ્ઞાન (થયું નથી). અગ્નિનું જ્ઞાન અગ્નિને લઈને થયું નથી. અગ્નિનું જ્ઞાન પોતાના જ્ઞાનના સ્વભાવને લઈને થયું છે. આ..હા..હા...! આવો બધો ફેર ! નિવૃત્તિ લઈને આ ચીજ કોણ છે અને કેમ છે ? (એ જાણવા) નવરાશ ક્યાં, ફુરસદ ક્યાં...!

**'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...'** ભલે પરને જાણે ! પણ



પરને જાણવાને કાળે પોતાને જ જાણે છે. પરને લઈને અશુદ્ધતા એમાં નથી. **'...કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું...'** જાણવાયોગ્ય પદાર્થને જ્ઞાન જાણે ત્યારે એ જ્ઞાનને જ જ્ઞાન જાણે છે. પરને જાણવું કહેવું એ તો વ્યવહાર છે. આ..હા...હા...! ઝીણું બહુ, પ્રભુ ! 'દાહ્યકૃત' અને 'જ્ઞેયકૃત' વાત આવી હતી ને ? આ વસ્તુ – શરીર છે, વાણી છે, મન છે, એને જાણવા કાળે જ્ઞાન તેનારૂપે થતું નથી, પણ જેવું પરનું સ્વરૂપ છે તેના જ્ઞાનરૂપે જ્ઞાન પરિણમે છે, તે પરને લઈને નહિ. એ પોતાની શક્તિથી, તે જ્ઞેયને જાણવાની શક્તિથી જાણે છે. તેથી તે જાણવાની શક્તિ જાણવાયોગ્ય જ્ઞેય છે તેની કરેલી નથી. સમજાય છે કાંઈ ? આ..હા...હા !

**'...તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું,...'** પરને જાણનારો તે હું છું, એમ નહિ. અરે...રે...! ક્યાં લઈ જવો એને...! પરનો કર્તા તો નહિ પણ પરનો જાણનારો પણ નહિ. છે ? **'આ હું જાણનારો છું તે હું જ છું,...'** હું પરને જાણું માટે પરપણે જાણું છું, એમ નહિ. મારા જ્ઞાનમાં જ મારો પ્રકાશ (છે). 'સ્વ–પરપ્રકાશક શક્તિ હમારી, તાતેં ભેદ ભ્રમ ભારી.' સ્વપરપ્રકાશક મારી જ પર્યાયમાં હું સ્વ અને પરને મારે લઈને, મારામાં જાણું છું, પરને લઈને નહિ. આહા...હા...! પરનું જ્ઞાન નહિ. એ સ્વનું જ્ઞાન છે. આ અરીસામાં જે પ્રતિબિંબ દેખાય છે (તો) એ પરવસ્તુ ત્યાં નથી આવી. પર(વસ્તુ) આવી છે ત્યાં ? ઇ તો અરીસાની અવસ્થા છે. જે પ્રતિબિંબ દેખાય – સામે અગ્નિ હોય અને ત્યાં દેખાય (તો) ત્યાં અગ્નિ છે અંદરમાં ? એ અરીસાની જ અવસ્થા છે. ઇ ઝળક અરીસાની અવસ્થા છે, એ અગ્નિની નહિ. એમ જ્ઞાનમાં જે જ્ઞેય જણાય છે તે જ્ઞાનની અવસ્થા છે. જણાવાયોગ્ય વસ્તુની એ અવસ્થા નથી. ઝીણી વાત છે, ભાઈ ! તોય અહીં તો થોડી થોડી વાત કરી હોં ! બહુ ઝીણી, બહુ

આઘે નથી લઈ જતા ! પહેલું–વહેલું છે... આ..હા..હા...!

મુમુક્ષુ :– આ નાની વાત નથી, ઝીણી વાત નથી. બહુ મોટી વાત છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો એવી છે, બાપા ! પણ અંદર પકડવામાં આવી નથીને એટલે બહારથી પોતાને માની રહ્યો છે. અંદર જાતો નથી. અંદર જવાની કળાની પણ એને ખબર નથી. આ..હા..હા..હા...!

**'આ હું જાણનારો છું તે હું જ છું. અન્ય કોઈ નથી' – એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો...'** આ...હા..હા...! જાણવાની ચીજને જાણવા કાળે જાણવાની ચીજપણે અનુભવતો નથી. પણ જાણવાની ચીજને જાણવા કાળે જાણનારને અનુભવે છે, પરને અનુભવતો નથી. આ..હા..હા..હા...! એ જ્ઞાનની ઝળકમાં પ્રતિબિંબ દેખાય તે તે ચીજનું નથી, અહીંયાં જ્ઞાનની દશા એવી છે, એ જ્ઞાનની દશાને અનુભવે છે. આ...હા...હા...! આમ જ્યાં સુધી અંતર અનુભવ ન થાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત ન થાય, અને ધર્મની શરૂઆત ન થાય તો પછી ચારિત્ર કે વ્રત કે (કાંઈ) એને હોઈ શકે નહિ. જ્યાં એકડો નથી ત્યાં મીંડાની શું ગણતરીમાં ગણતરી ગણવી ? આ..હા...હા...!

**'(એવો પોતાને પોતાનો) અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે...'** શું કહે છે ? જાણનાર(ને) પરને જાણવાકાળે પર તરફનું જ્ઞાન (થયું તે વખતે) પોતે પોતાપણે થયો. તે જાણવાનું કાર્ય થયું એ પોતાનું કાર્ય છે અને જાણનારો પોતે કર્તા છે. પરનું જાણવું એ પોતાનું જાણવું થયું છે. એ પોતાનું જાણવું એ પોતાનું કાર્ય છે અને એનો કર્તા આત્મા છે. પરનું જાણવાનું કાર્ય (થયું) એનો કર્તા પર છે, અને જણાય છે આ, એમ નથી. આ..હા..હા...! ઝીણું તો છે, બાપુ ! પણ હવે થોડું થોડું (લોકો પકડે છે).

મુમુક્ષુ :– એકડા વિનાનાં મીંડાં શું કામના ?



પૂજ્ય ગુરુદેવશ્રી :– મીંડાં કામનાં (પણ) મીંડાં શૂન્યના – પોક મૂકવાના છે !

આ..હા..હા...! ભગવાનઆત્મા ! એ પરને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે. પોતાની પર્યાયને જાણે છે એમાં એ જણાઈ જાય છે. એ જાણનારો જ જણાઈ જાય છે. જણાય છે ચીજ એ જણાતું નથી. જણાય છે ચીજ, એ જાણનારો જ જણાય છે. ઝીણી વાત છે ને, ભાઈ ! એ પોતાથી જાણે છે તે હું છું, અન્ય કોઈ નથી **'–એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે.'** કર્મ એટલે કાર્ય. પરને જાણવા કાળે જે જ્ઞાન પોતાનું પોતાથી થયું તે જ્ઞાન પોતાનું કાર્ય છે અને તે જ્ઞાનનો કર્તા તે આત્મા છે. આ દ્રવ્યથી કહીએ છીએ. બાકી તો પર્યાય કર્તા છે અને પર્યાય કાર્ય છે. બેય ભેગું છે. અહીં તો ત્યાં સુધી લઈએ કે પરને જાણવા કાળે જાણવાની દશા તો આત્માની છે, એને (પરને) લઈને નથી. એ જાણવાની દશા છે એ આત્માનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. જણાવાયોગ્ય વસ્તુ તે તેનું કાર્ય નહિ અને તેને કારણે અહીં જણાતું નથી. જાણનારો ભગવાન ચૈતન્ય સ્વપરપ્રકાશક હોવાથી, પોતાની સત્તામાં, પરની અપેક્ષા વિના પરને જાણવા(રૂપે) પરિણમે છે, તે આત્મા છે, એ હું છું. પરને જાણું છું, એ હું છું (એમ નથી). એ હું નહિ. આ..હા..હા...! આવું છે. આ ગાથા જ જરી એવી છે !

**'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.'** છે ને ? **'–આ શુદ્ધનયનો વિષય છે.'** શુદ્ધનય એટલે સમ્યગ્જ્ઞાન જે શુદ્ધ છે તેનો આ ત્રિકાળી દ્રવ્ય તે વિષય – ધ્યેય છે. વર્તમાનમાં મલિનતા છે, એ કંઈ શુદ્ધનયનો – શુદ્ધજ્ઞાનનો વિષય–ધ્યેય નથી. એ તો પર્યાયનયનો વિષય છે. વર્તમાન અવસ્થાને જોનારી નયનો વિષય છે. ત્રિકાળને જોનારી નયનો એ વિષય નથી. ત્રિકાળી(ને) જોનાર(નયના) વિષયથી આ શુદ્ધ આત્મા કહેવામાં

આવે છે, એમાં અશુદ્ધતા છે નહિ. આહા...હા...! છે ? '**...જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. – આ શુદ્ધનયનો વિષય છે.**'

'**અન્ય પરસંયોગજનિત ભેદો છે...**' (અર્થાત્) જેટલા રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપના ભેદ દેખાય '**...તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' અશુદ્ધદ્રવ્યાર્થિક એટલે પર્યાય. પર્યાય(નો) વિષય એટલે વ્યવહાર. (એ બધો) વ્યવહારનયનો વિષય છે, પરમાર્થનો નહિ. આ..હા..હા...!

પોતાનું જે ત્રિકાળી સ્વરૂપ છે એને જોતા – જાણતાં, પરને જાણવાનું થાય છે ઇ પણ પોતાનું જ સ્વરૂપ છે. પરને લઈને ઇ જાણે છે અને પરમાં જણાય છે અને પર છે માટે એ જાણે છે, એમ પણ નહિ. એ પોતે જ – પરને અને સ્વને જાણવાના સ્વભાવવાળો પોતાનો ભાવ, તે જ પોતાનું શુદ્ધપણું (છે) અને તે જ પોતાનું સ્વરૂપ છે. એ વિષય શુદ્ધનયનો છે. શુદ્ધનય એટલે દ્રવ્યદૃષ્ટિ, ત્રિકાળી દ્રવ્યને જાણનારું જ્ઞાન તે જ્ઞાનને 'શુદ્ધનય' કહેવામાં આવે છે. ત્રિકાળી દ્રવ્યને જાણનારું જ્ઞાન, તે જ્ઞાનને 'શુદ્ધનય' કહેવામાં આવે છે. એ શુદ્ધનયનો વિષય ત્રિકાળી ચીજ ભગવાનઆત્મા છે. આહા...! એ જ્યારે જાણવામાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને ધર્મની પહેલી સીઢી થાય, ત્યારે તેને ધર્મનું પહેલું પગથિયું હાથ આવે. આ..હા..હા...! આવી વાતું છે ! '**અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.**'

'**અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્‌વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો;...**' આત્મામાં – પર્યાયમાં વિકાર થતો જ નથી... પર્યાયમાં હોં ! દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળ છે. પણ એની અવસ્થામાં વિકાર છે જ નહિ, એમ માનવું તે એકાંત છે, એ યથાર્થ



નથી. એની અવસ્થામાં મલિનતા છે અને એ મલિનતાનું દુઃખનું વેદન છે અને દુઃખના વેદનથી ચારગતિમાં રખડે છે. એ બધું છે. વ્યવહારનયનો વિષય છે. વસ્તુમાં એ નથી. પણ વસ્તુ પણ છે અને વ્યવહારનય(નો વિષય) આ મલિનતાનો ભાવ એ પણ દશામાં છે. આહા..હા...! છે ? તેથી અશુદ્ધનયને સર્વથા જૂઠી ન માનવી.

'**...કારણ કે સ્યાદ્‌વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા – બન્ને વસ્તુના ધર્મ છે...**' શું કીધું ઇ ? ત્રિકાળી વસ્તુ છે – ચૈતન્ય ત્રિકાળી વસ્તુ તે શુદ્ધ છે અને વર્તમાન પર્યાયમાં મલિનતાનું દુઃખ છે. બંને છે. બેમાં દુઃખ નથી તો તો આનંદ હોવો જોઈએ. આનંદ નથી એમ માનવું એ જૂઠું છે અને દુઃખે નથી એમ માનવુંય જૂઠું (છે). અંતર (સ્વભાવમાં) આનંદ છે, પર્યાયમાં દુઃખ છે. આહા..હા...!

મુમુક્ષુ :– દ્રવ્યથી પર્યાય જુદી છે ?

સમાધાન :– જુદી છે ! દ્રવ્યથી પર્યાય જુદી છે. એક થઈ નથી. એક થાય તો આખું દ્રવ્ય મલિન થઈ જાય. મલિન થાય એટલે દ્રવ્ય જ રહે નહિ. દ્રવ્ય જો વિકારરૂપે થાય તો દ્રવ્ય વસ્તુ જ રહે નહિ. આત્મા જ રહે નહિ. આહા..હા...! આવું સમજવા માટે વખત કેટલો કાઢવો ? મારગ તો આવો છે, પ્રભુ ! આહા..હા...!

મુમુક્ષુ :– સોનગઢ કેટલા મહિના રોકાવું પડે, ગુરુદેવ ?

સમાધાન :– મહિનાની વાત નથી ત્યાં ! દેશ મૂકીને પરદેશમાં કેટલા મહિના–વર્ષ સુધી રહેવું એવું નક્કી કર્યું છે કોઈ દી' ? દેશ મૂકીને પરદેશમાં કેટલો કાળ રહેવું ઇ નક્કી કર્યું છે ? ગમે એટલો કાળ રહેવું પડે ! એમ આત્મા સમજવા માટે ગમે તેટલો કાળ લેવો પડે. એની મુદ્દત હોઈ શકે નહિ. આ..હા..હા...!

ત્રિકાળી વસ્તુ છે એ શુદ્ધ છે અને વર્તમાન પર્યાય એટલે અવસ્થા તે અશુદ્ધ છે, બંને એના ધર્મ છે એનામાં બંને છે. પરને લઈને છે

નહિ. પર તો નિમિત્તમાત્ર છે. મલિનતા થવાની પણ પર્યાયમાં યોગ્યતા છે અને નિર્મળપણું તો ત્રિકાળ શુદ્ધ છે. બંને વસ્તુ છે. બંને વસ્તુને જ્ઞાનપણે (જ્ઞાનમાં) જાણી અને પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન – ધર્મનો પહેલો પાયો છે. આહા...હા...! છે ? **'...શુદ્ધતા અને અશુદ્ધતા – બંને વસ્તુના ધર્મ છે...'** પર્યાય વસ્તુનો ધર્મ છે ! રાગ-દ્વેષ પર્યાયમાં છે ને ! ઇ એનો – પર્યાયનો ધર્મ છે ને ! ધર્મ એટલે ધારી રાખેલો. પર્યાયે ધારી રાખ્યો છે ને ! આ મલિનતા ઇ કાંઈ કર્મે ધારી રાખી નથી. રાગ–દ્વેષની મલિનતા પોતે ધારી રાખી છે. માટે એ અશુદ્ધતા એનો પોતાનો ધર્મ (છે). ધર્મ એટલે ધારી રાખેલો ભાવ છે અને શુદ્ધતા તો એનું ત્રિકાળી સ્વરૂપ છે, આહા...હા....!

**'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે...'** અશુદ્ધતા વસ્તુધર્મ છે તે તો સત્ત્વ, સત્ય છે. શું કહે છે ? ત્રિકાળી ચીજ શુદ્ધ છે એ પણ સત્ય છે અને પર્યાયમાં વિકાર છે એ પણ વસ્તુનું સત્ત્વ છે. એ વસ્તુની જ પર્યાયનું સત્ત્વ છે. ત્રિકાળી નહિ પણ પર્યાયનું જ સત્ત્વ છે. એ પર્યાયનું સત્ત્વ ન માને ને વસ્તુનું સત્ત્વ (જ માને તો એકાંત છે). બન્ને છે – શુદ્ધતા અને અશુદ્ધતા બન્ને એનો ધર્મ છે, એમ કહે છે, જુઓ ! છે ? **'...બન્ને વસ્તુના ધર્મ છે, અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે;...'** શું કહ્યું ? ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છે એને પણ જાણવો અને એ જાણીને લક્ષમાં અશુદ્ધતા છે એ પણ લક્ષમાં રાખવી કે પર્યાયમાં અશુદ્ધતા છે, મલિનતા છે તેથી હું દુઃખી છું. મારી દૃષ્ટિ તેના ઉપર હોય તો સંસાર છે. પણ એ સંસાર છે, ભ્રમ નથી. 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' એમ નથી. એ અશુદ્ધતા પણ પર્યાયમાં પોતાનો ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલી વસ્તુ. ધર્મ એ (સમ્યગ્દર્શનરૂપ) ધર્મ નહિ. વસ્તુનું સત્ત્વ છે ! શું કહે છે ? ત્રિકાળી શુદ્ધ વસ્તુ એ પણ વસ્તુનું સત્ત્વ છે અને પર્યાયમાં મલિનતા થાય એ પણ વસ્તુની પર્યાયનો ધર્મ એટલે સત્ત્વ



છે. એ વસ્તુનું સત્ત્વ છે. ઇ પરને લઈને કાંઈ નથી. સમજાય છે કાંઈ ? આહા...હા...!

**'...અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.'** મલિનતા જે આવે છે – પુણ્ય અને પાપની. દયા અને દાનની, વ્રત અને ભક્તિ, કામ–ક્રોધ, કે આ રળવું, ભોગ અને વિષય (એ બધી) મલિનતા છે તો વસ્તુનો પર્યાયધર્મ, ધર્મ એટલે એ પર્યાય આત્માએ ધારી રાખી છે, પરને લઈને થઈ નથી. આહા...! છે ? એક ફેર કેટલો ? કે અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય (છે), એટલો ફેર છે. શુદ્ધ છે એ તો સ્વતઃ સ્વભાવ છે અને અશુદ્ધતા એ પરદ્રવ્યના સંયોગથી થાય, એટલો ફેર છે. બાકી છે તો બંને વસ્તુના સત્ત્વ. બંને વસ્તુમાં રહેલા છે – શુદ્ધતા પણ રહેલી છે અને પર્યાયમાં અશુદ્ધતા પણ રહેલી છે.

આ..હા...! પર્યાય શું ? અને દ્રવ્ય શું ? પહેલું એને થોડું તો જાણપણું હોવું જોઈએને ! દ્રવ્ય કોને કહીએ ? ગુણ કોને કહીએ ? પર્યાય કોને કહીએ ? ત્યારે આ વસ્તુ સમજાય. અહીં તો વિકારને પણ વસ્તુનું સત્ત્વ કીધું ! સત્‌નું સત્ત્વ, પર્યાયનું સત્ત્વ ! પર્યાયમાં છે ને ! વસ્તુમાં નથી. વસ્તુ, વસ્તુ તરીકે સત્‌ છે. પર્યાયમાં મલિનતા છે એટલે મલિનતા તરીકે પર્યાયદૃષ્ટિએ સત્‌ છે. બંને વસ્તુનું સત્ત્વ છે. આહા...હા ! ફક્ત પરને લઈને – નિમિત્તથી થાય છે એટલો ફેર. નિમિત્તને લઈને નહિ, પણ નિમિત્ત ઉપર લક્ષ છે અને વિકાર થાય છે એટલો ફેર. પણ વિકાર છે આત્માનું સત્ત્વ. એના સત્ત્વમાં, એની પર્યાયમાં, એના પુરુષાર્થથી ઊંધાઈથી એનામાં થાય છે. એ પરને લઈને થાય છે, એમ છે નહિ. આહા..હા...!

'સમયસાર' તો એવી ચીજ છે...! આ..હા..હા...! થોડો પરિચય જોઈએ, ભાઈ ! ભગવાન ! આ તો અનંતકાળથી ભૂલેલો (છે). એ વસ્તુ શું છે ? પર્યાય શું છે ? અને પર્યાયની અશુદ્ધતાને કાઢી નાખીને એકલી શુદ્ધતાને સત્‌ કીધી, એથી કરીને અશુદ્ધતા નથી એમ માનવું, એ પણ

ભૂલ છે. વસ્તુને સત્ય કહેતાં – ત્રિકાળી દ્રવ્યને સત્ય કહેતાં, પર્યાયને અસત્ય કીધી, એ તો ત્રિકાળીની અપેક્ષાએ કીધી. બાકી પર્યાયપણે પર્યાયમાં મલિનતા – સંસાર–વિકાર–દુઃખ છે. એ પણ જીવનું સત્ત્વ નામ જીવની પર્યાયનું સત્ત્વ છે. આ..હા..હા...!

કહો ! અંદર પણ લક્ષ્મી છે અને વિકાર આવું દુઃખ છે, બંને છે, એમ કહે છે. આ દુનિયા ત્યાં દુઃખ વેદે છે. આત્માના અંતર અનુભવ વિના આનંદની એને ગંધ નથી. આખી દુનિયા – બધા પૈસાવાળા અબજોપતિ, કરોડપતિ, રાજા, પચાસ-પચાસ હજારના મહિના(ના) પગારદાર બધા દુઃખી પ્રાણી છે બચારા ! કેમકે સુખ જે આત્મામાં છે એની તો એને ખબર નથી. તેમ આત્માને અંદર પર્યાયમાં દુઃખ છે એમ ન માને (તો તે ખોટું છે). (કેમકે) દુઃખ તો છે, દુઃખ છે, રાગ છે, વિકાર છે, એ પણ જીવની પર્યાયનું સત્ત્વ નામ પર્યાયમાં થાય છે. એ કાંઈ પરમાં થતું નથી. આહા..હા...! આવું છે !

**'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે...'** છે ? **'...અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...'** લ્યો ! આ શું કીધું ? કે એની પર્યાયમાં જે મલિનતા દેખાય છે એ સંસાર છે. એ અશુદ્ધનય છે એ વ્યવહાર છે અને તે સંસાર છે. એ માટે ત્રિકાળીને સત્ય કહીને આને અસત્ય કીધી છે. પણ અસત્ય કહીને, સસલાના શીંગડા જેમ નથી, એમ મલિનતા પર્યાયમાં નથી, એમ નથી. આહા..હા...! આવું છે ! ઘડીકમાં ત્રિકાળીને સત્ય કહે, વળી પર્યાયને પણ અહીં સત્ય કીધી. વસ્તુનું સત્ત્વ કીધું... સત્ત્વ ! મલિનતા પણ પર્યાયનું સત્ત્વ (છે). પર્યાય એની છે ને ? એથી વસ્તુનું ઇ સત્ત્વ છે. અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આવે એટલો ફેર છે, બાકી છે તો એની પર્યાયમાં વિકાર.

**'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય**



**સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે...'** આ..હા..હા...! એ પુણ્ય અને પાપના ભાવની મલિનતા મટાડે ત્યારે સંસાર મટે અને શુદ્ધતા થાય. પણ એની પર્યાયમાં (મલિનતા) નથી જ એમ માને, તો મટાડવાનું રહેતું નથી, અને એ પોતાનો ત્રિકાળ સ્વભાવ માને તોપણ મટાડવાનું રહેતું નથી. બે ન્યાય– પર્યાયમાં નથી એમ માને, તો મટાડવાનું રહેતું નથી અને પર્યાય(ની) એ અશુદ્ધતા દ્રવ્યમાં છે એમ માને તો (પણ) મટાડવાનું રહેતું નથી. આ..હા..હા...! આ તો ન્યાયનો વિષય છે, ભાઈ ! વીતરાગનો માર્ગ તો ન્યાયધીશ છે, ન્યાયથી છે. એમાં એમને એમ માની લેવું (એવી) વાત નથી.

મુમુક્ષુ :– અજ્ઞાની જીવ આ નક્કી કરી શકે ?

સમાધાન :– અજ્ઞાની નક્કી કરી શકે, બરાબર માની શકે. ઓળખી શકે, જાણે. જાણે તો ને ! આહા...હા...!

મુમુક્ષુ :– આ પાપમાં પડ્યા છીએ....!

સમાધાન :– માટે કહે છે પાપમાં પડ્યા અને પુણ્યમાં પડ્યા બંને સરખા છે ! અહીં એ કહેવું છે, ભાઈ ! પાપમાં પડ્યા છે – આખો દી રળવું અને બાયડી અને છોકરાં અને ધૂળ અને ધમાલ ! બે–પાંચ– પચીસ કરોડ રૂપિયા થાય ત્યાં તો એમ થઈ જાય, જાણે આપણે મોટા બાદશાહ થઈ ગયા ! આહા..હા...! બાપુ ! બાદશાહ તો આ અંદરમાં બિરાજે છે ! ચૈતન્ય પરમેશ્વર બાદશાહ છે !! 'બાદશાહ' એમાંથી વિકારને બાદ કરે તો 'શાહ' એકલો રહી જાય છે !! ઝીણી વાત છે, ભાઈ !

વિકાર એનામાં છે. વિકાર નથી એમ માને તો પણ જૂઠું છે અને વિકાર ત્રિકાળ દ્રવ્યમાં માને તોપણ જૂઠું છે. ત્રિકાળ દ્રવ્ય છે (તે) શુદ્ધ છે (અને) વર્તમાન પર્યાય તે મલિન અને અશુદ્ધ છે. બંને જીવનું સત્ત્વ (છે). જીવના સત્ત્વમાં, જીવની સત્તામાં થાય છે. એ પરની સત્તામાં

મલિનતા છે – એમ નથી, એમ કહે છે. કર્મને લઈને મલિનતા છે, એમ નથી. આ..હા..હા...!

**'...કલેશ ભોગવે છે;...'** છે ને ? **'અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે...'** શું કહે છે ? કે, વસ્તુ જે ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છે, એની દૃષ્ટિ – અનુભવ કરવા માટે, પુણ્ય–પાપના ભાવ તેની પર્યાયમાં છે છતાં તેને ગૌણ કરી, તેને લક્ષમાં ન લેવા માટે 'તે નથી' એમ કહી અને શુદ્ધનયનો વિષય સત્ય છે તેમ કહેવામાં આવ્યું છે. આ..હા..હા...! એક શબ્દ ફેર પડે તો (મોટો) ફેર પડે એવું છે, બાપુ ! આ તો ન્યાયનો વિષય છે. આ કાંઈ કોઈ કથા–વાર્તા નથી. આ તો ભાગવત્–કથા છે, ભાગવત... ભગવત્ ! ભગવન, ભગવાનઆત્માની કથા (છે) પ્રભુ ! આહા...હા...! 'નિયમસાર'માં કહ્યું છે કે આ ભાગવત–કથા છે. ભગવાનઆત્માની કથા છે આ !! આહા...! પણ તે ભગવાનઆત્મા હોવા છતાં અનાદિથી તેની પર્યાયમાં આ મલિનતા કરી જ રહ્યો છે. પાપ આખો દી' ! અને પાપ છોડીને કદાચિત્ પુણ્યમાં આવે તોપણ એ બંને વિકાર છે, બંને સંસાર છે. આ..હા..હા...! છે ? કીધું ને ! **'...અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે;...'** આહા..હા...! ચાહે તો શુભ ભાવ હો કે અશુભ હો, (બંને) અશુદ્ધ છે અને તેથી તે દુઃખી છે. તેથી તે દુઃખના અભાવરૂપ આનંદસ્વરૂપ છે તેની એને ખબર નથી.

આનંદનો નાથ પ્રભુ છે ! સચ્ચિદાનંદપ્રભુ ! પરમેશ્વરની જાત જ પોતે (છે) તેની જાતનો છે. એ પરમેશ્વરની જાતનો પોતે છે. એની નાતનો છે પણ એને ઓળખ્યા વિના – અનુભવ વિના એને એકલું દુઃખ જ થઈ રહ્યું છે. પુણ્ય અને પાપનાં પરિણામ બંને દુઃખરૂપ છે. આખો દી' પાપ–રળવું અને આ ભોગ ને વિષય રળવું–કમાવું અને એમાં મહિનાના ૫-૨૫ લાખ રૂપિયા મળતા હોય, (તો એમાં) ગૂંચી જાય. ઘાણીમાં જેમ



તલ પિલાય તલ ! એમ આ પિલાઈ જાય પાપમાં ! અને એ છોડીને પુણ્યમાં આવે તોય કહે છે પુણ્ય પોતાનું માને તો ત્યાં પિલાઈ જાય છે. છે એની પર્યાયમાં, છતાં ત્રિકાળીમાં નથી. આહા..હા...! આવી વાત છે !

મુમુક્ષુ :– ખરું રહસ્ય બતાવ્યું છે પ્રભુ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ તો આવી છે, બાપુ ! આહા...! બહુ આઘું નથી લઈ જતા હોં ! આમાં છે એટલો અર્થ કરીએ છીએ. બહુ સૂક્ષ્મતા આઘી નથી લઈ જતા.

હવે (કહે છે) **'...જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય,...'** (અર્થાત્) ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ છે, એ પરદ્રવ્યથી ભિન્ન થાય એટલે મલિનતાથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે, ત્યારે કલેશ મટે. **'એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.'** (તેથી તેને) મુખ્ય કહ્યો. એ દુઃખ મટાડવા (માટે) આત્મા શુદ્ધ છે, ત્રિકાળી છે, એમાં વિકાર નથી એમ કહેવામાં આવ્યું છે, એ શુદ્ધની દૃષ્ટિ અને શુદ્ધનો અનુભવ કરવા માટે (એમ કહેવામાં આવ્યું છે).

**'અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.'** આ શું કહે છે ? પર્યાયમાં અશુદ્ધતા નથી, મલિનતા નથી, એમ માનતા તો આકાશના ફૂલની જેમ વસ્તુ થઈ જાય. (પણ) એમ છે નહિ. પર્યાયમાં અશુદ્ધતા છે, આ મલિનતા ભોગવે છે. આનંદ ક્યાં છે એને ? અતીન્દ્રિય આનંદનો સ્વાદ ક્યાં છે ? આ તો દુઃખ છે એકલું ! વિષયનું, ભોગનું, રાગનું, અરે ! ચાહે તો દયા–દાન–વ્રત પરિણામ હોય એ પણ રાગ છે અને રાગ છે તે દુઃખ છે. પણ છે દુઃખ ! ઇ દુઃખી છે ! પણ ઇ દુઃખી છે ઇ એની દશામાં છે. એના ત્રિકાળ સ્વભાવમાં દુઃખ છે નહિ. એથી બન્ને વાત છે એમ જાણવી જોઈએ. આહા..હા...!

**'એ રીતે દુઃખ મટાડવાને...'** છે ? **'...શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...'** શું કીધું ઇ ? વસ્તુ ત્રિકાળી છે – સમ્યગ્દર્શનનો વિષય, ધર્મની પહેલી સીઢીનો વિષય, વસ્તુ ધર્મ ત્રિકાળી શુદ્ધ, એને અહીંયાં સત્ય કહ્યો, પણ એને એકને જ માને અને પર્યાયમાં મલિનતા છે એ ન માને, તો મલિનતાને છોડીને નિર્મળતા(માં) જવું, એ તો થતું નથી. એ મલિનતાનો નાશ માને તોપણ સર્વથા એકાંત છે અને મિથ્યાત્વ છે. પર્યાયમાં મલિનતા છે એ ન માને તોપણ મિથ્યાત્વ છે, અને મલિનતાથી આત્મામાં ધર્મ થાય એમ માને, તોપણ મિથ્યાત્વ છે, આહા...હા...!

આવું આકરું કામ છે ! આ વાત ઘરમાં હાલે નહિ, દુકાને હાલે નહિ ! સાંભળવા જાય ત્યાં મળે બહારની વાતું ! – વ્રત કરો ને અપવાસ કરો ને પૂજા કરો, મંદિર બનાવો અને ભક્તિ કરો ! આ ચીજ ક્યાંય સાંભળવા મળે નહિ (તો) કરે ક્યે દી' બિચારો ! આહા...! અનંતકાળથી આથડ્યો પ્રભુ ! એક સેકંડ પણ એને આત્માના આનંદના સ્વાદની ખબર નથી !

**'...માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.'** અશુદ્ધતા છે, એની દશામાં મલિનતા છે એનું લક્ષ રાખી, અને એને છોડીને શુદ્ધ ત્રિકાળનો વિષય લેવો (ગ્રહણ કરવો). આત્માની ત્રિકાળી પવિત્રતાને (પ્રગટાવવી). અશુદ્ધતા છે એનું (જ્ઞાન) કરીને એનું લક્ષ છોડીને શુદ્ધતાને પકડવું. અશુદ્ધતા નથી જ તો તેને છોડવું રહેતું નથી. છે ? **'એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે;...'** આહા...! **'...માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ.'** અશુદ્ધતા છે, મલિનતા છે, એ લક્ષમાં રાખી, અને તેને છોડીને સ્વરૂપમાં જવું, એમ શરણ લેવું. અશુદ્ધતા નથી જ એમ માને તો એ અશુદ્ધતા છૂટે નહિ.



તેમ અશુદ્ધતા સ્વરૂપમાં છે એમ માને તોપણ અશુદ્ધતા છૂટે નહિ. માટે સ્વરૂપમાં અશુદ્ધતા નથી, પર્યાયમાં છે, એનું લક્ષ રાખી અને શુદ્ધનું શરણ લેવું. સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ ભાવ તો જે હોય એ હોય, શું થાય ? ગમે એટલા ભાવને મોળા, હળવા કરી નાખે (તોપણ) હળવા શી રીતે થાય ? એની સ્થિતિની મર્યાદા હોય તે પ્રમાણે રહેને ! આહા...હા...!

મુમુક્ષુ :– ધર્મ કરને કે લિયે ક્યા કરના ચાહિયે ?

સમાધાન :– આ ધર્મ કરવા (માટે) આત્મા શુદ્ધ છે તેના ઉપર દૃષ્ટિ કરવી જોઈએ, પણ અશુદ્ધતા છે એ લક્ષમાં રાખવું જોઈએ. પર્યાયમાં અશુદ્ધતા છે. સમજાય છે કાંઈ ? પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો અશુદ્ધતા છોડવી અને શુદ્ધતા પ્રગટ કરવી, એ રહેતું નથી ! તેથી પર્યાયમાં – અવસ્થામાં – હાલતમાં, જેમ સ્ફટિકમાં લાલ–પીળા ફૂલને લઈને લાલ–પીળી ઝાંય દેખાય છે (એ) એની યોગ્યતાથી દેખાય (છે), એમાં છે. સ્ફટિકમાં છે ઇ ! એમ પ્રભુ ચૈતન્ય સ્ફટિકની જેમ શુદ્ધ હોવા છતાં, કર્મના નિમિત્તના સંગમાં જોડાવાથી પુણ્ય અને પાપનો મલિન ભાવ તેનામાં દેખાય છે, એ અશુદ્ધતા છે. (એનું વિશેષ કહેશે)....

❄ ❄ ❄

એકલું જાણવું... જાણવું... જાણવું. જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... મારું સ્વરૂપ છે. હું કોઈનું કરી દઉં એવું મારું સ્વરૂપ નથી. દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયે દ્રવ્યસ્વરૂપ તો ચિન્માત્ર–ચૈતન્યમાત્ર જ છે. (પરમાગમસાર–૨૦)

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે – પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :–

**ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।**
**भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो।।११।।**

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

ટીકા :– વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. આ વાત દ્રષ્ટાંતથી બતાવીએ છીએ :– જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનારા પુરુષો – જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ–(નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી ઊપજેલા જળ–કાદવના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવો આત્માનો અનુભવ કરનાર પુરુષો – આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ–કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દ્રષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દ્રષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

ભાવાર્થ :– અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે – શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દ્રષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદ્રષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને

मुख्य–गौण करीने कहे छे. प्राणीओने भेदरूप व्यवहारनो पक्ष तो अनादि काळथी ज छे अने एनो उपदेश पण बहुधा सर्व प्राणीओ परस्पर करे छे. वळी जिनवाणीमां व्यवहारनो उपदेश शुद्धनयनो हस्तावलंब (सहायक) जाणी बहु कर्यो छे; पण एनुं फळ संसार ज छे. शुद्धनयनो पक्ष तो कदी आव्यो नथी अने एनो उपदेश पण विरल छे – क्यांक क्यांक छे. तेथी उपकारी श्री गुरुए शुद्धनयना ग्रहणनुं फळ मोक्ष जाणीने एनो उपदेश प्रधानताथी (मुख्यताथी) दीधो छे के – 'शुद्धनय भूतार्थ छे, सत्यार्थ छे; एनो आश्रय करवाथी सम्यग्दृष्टि थई शकाय छे; एने जाण्या विना ज्यां सुधी जीव व्यवहारमां मग्न छे त्यां सुधी आत्मानां ज्ञानश्रद्धानरूप निश्चय सम्यक्त्व थई शकतुं नथी.' एम आशय जाणवो.

## प्रवचन-२ गाथा – ११

आ एक 'समयसार' सिद्धांत छे. अगियारमी गाथा. छठ्ठी पूरी थई गई ने ! हवे अगियारमी. वात तो एवी छे, प्रभु ! अहीं तो धर्मनी वात छे. जेनाथी जन्म–मरणरहित थवाय ए शुं चीज छे ? जन्म–मरण तो अनंत वार कर्यां. पुण्य पण अनंतवार कर्यां अने पाप पण अनंतवार कर्यां. ए कोई नवी चीज नथी. एम अबजोपति



अनंतवार थयो छे अने मोटो नवमी ग्रैवेयकनो इन्द्र, अहमिन्द्र पण अनंतवार थयो छे. पण सम्यग्दर्शन शुं चीज छे ? अने एनो विषय आत्मा केवो छे ? ए वातने एणे अनंतकाळमां ख्यालमां लीधी ज नथी. ए वात ख्यालमां लेवा माटे आ 'समयसार' छे. जगतमां बीजी बधी वात घणी होय.

अगियारमी गाथा ! अहींयां प्रश्न छे. **'वळी एवो प्रश्न ऊठे छे...'** एम छे मोढा आगळ ? **'...पहेलां एम कह्युं हतुं के व्यवहारने अंगीकार न करवो,...'** शुं कह्युं ? के, आत्मा आनंद अने ज्ञानस्वरूप छे एम भेद पाडीने कहेवुं, ए व्यवहार छे. ए व्यवहार अंगीकार न करवो. व्यवहारथी, भाषा–भेदथी कथन थाय छतां ए भेदने आदरवो नहि. आदरणीय तो अंदर अखंडानंद प्रभु शुद्ध चैतन्यघन छे तेनो स्वीकार अने सत्कार अने आदर करवो. (एटले पहेलां एम कह्युं के) व्यवहारने अंगीकार न करवो.

अहींयां ए प्रश्न छे के, ज्यारे आचार्य महाराज एम कहेवा मागे छे के, आ आत्मा जे सच्चिदानंद प्रभु छे ए अभेद, एकरूप छे, छतां एने दर्शन–ज्ञान–चारित्रथी – भेदथी तेने समजाववो, ए व्यवहार छे. ए व्यवहार छे ए आव्या विना रहेतो नथी. समजाववा माटे व्यवहार आवे खरो, पण व्यवहार अंगीकार करवा जेवो नथी. आहा...हा...! झीणी वात छे, प्रभु !

अहीं तो जन्म–मरणरहित – (थवानी) वातुं छे. जेनाथी जन्म–मरण थाय (ए) तो अनंतकाळथी करी रह्यो छे, बापा ! अनंतवार पुण्य पण कर्यां अने अनंतवार पाप पण कर्यां आहा...हा...! अनंत... अनंत... अनंत... एटलां कर्यां के जेनी संख्यानो पार नथी ! पण भवभ्रमणनो एक पण भव घट्यो नहि. अने भवमां भ्रमण करतां–करतां नरकना दुःखो (जे भोगव्या तेनुं) वर्णन परमात्मा वीतराग

સર્વજ્ઞદેવ કરે છે (કે), પ્રભુ ! તું નરકમાં ગયો. સાત નરક છે. બધી (વાત) Logic થી – યુક્તિથી સિદ્ધ થાય (પણ) અત્યારે લાંબી વાત ન થાય. નીચે નરક છે. તેમાં ગયો, તેનાં એક ક્ષણનાં દુઃખો...! લાખ ભવ થાય અને લાખ વાણી (ભેગી) થાય તો કહી નહિ શકાય, એટલા તારાં દુઃખ હતાં, પ્રભુ ! એ તને ખબર નથી, તું ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું એમ કેમ કહેવાય ? પ્રભુ ! જન્મ્યા પછીની બાર મહિનાની વાતની ખબર છે તમને ? માએ કેમ નવરાવ્યો, ધવરાવ્યો ? કેમ દિશા કરાવી બાર મહિનામાં ? જન્મથી બાર મહિના ! (એની ખબર છે ?) ખબર નથી માટે નહોતું એમ કેમ કહેવાય ? એમ અનંતકાળના પરિભ્રમણના દુઃખોની યાદગીરી નથી, એથી નથી એમ કેમ કહેવાય ? પ્રભુ ! અનંતવાર ત્યાં ગયો છે અને પરમાત્મા તો એમ કહે છે કે, પ્રભુ ! શું કહું તને ! તારા એક ક્ષણનાં દુઃખો કરોડો ભવ અને કરોડો જીભથી કહીએ તો એક ક્ષણનાં દુઃખો કહી નહિ શકાય, એવા પ્રભુ તેં દુઃખ સહ્યાં છે !! એ અજ્ઞાનને લઈને અને મિથ્યાત્વને લઈને. બાકી તો બધું અનંતવાર કર્યું પણ મિથ્યાત્વ ટાળ્યું નથી અને સમ્યગ્દર્શન–આત્મજ્ઞાન કર્યું નથી અને આત્મજ્ઞાન વિના જન્મ–મરણનો અંત કોઈ દી’ ત્રણકાળમાં આવે એવું નથી.

દુનિયાની ઋદ્ધિ અને સંપદા દેખીને લોકોને મહિમા આવી જાય છે. બહારની ધૂડ દેખીને ! પણ આત્માની સંપદા શું છે ? એને સાંભળીને એની મહિમા એને આવતી નથી ! આત્મા અંદર કોણ છે ? એમાં એની સંપદા – લક્ષ્મી શું છે ? બહારની ધૂડ સાંભળે, આની પાસે પાંચ અબજ છે અને દસ અબજ છે ને દસ કરોડ છે ને ધૂડ બધી ! એવું સાંભળે ત્યાં રાજી–રાજી થઈ જાય ! પણ આમાં અંદર અનંત અબજપણે અનંતા ગુણો આનંદના પડ્યા છે ! આ..હા..હા...! એ વાતની વાત કહે છે, તેં અનંતવારમાં અનંત ભવમાં કોઈ દી’ રુચિપૂર્વક સાંભળી નથી.



સાંભળી છે ! કેમકે અનંતા ભવ કર્યા (છે). મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરની હયાતી સદાય હોય છે. મહાવિદેહમાં ત્રણેકાળે કોઈ દી’ તીર્થંકરનો વિરહ હોતો નથી. ત્યાં અનંતવાર જન્મ્યો છે અને તેથી તે અનંતવાર એના સમોસરણમાં પણ ધર્મકથા સાંભળવા ગયો છે. એણે અનંતવાર ધર્મકથા પણ સાંભળી છે. પણ ‘રુચિપૂર્વક’ સાંભળી નથી. એને અંદરની વાત રુચિ (નથી). અંદરમાં આ આત્મા જુદી ચીજ છે અને રાગ તે વિકાર છે એમ રુચિપૂર્વક એ વાત સાંભળી નથી. સાંભળી છે, પણ ‘રુચિપૂર્વક’ સાંભળી નથી. રુચિપૂર્વક સાંભળે તો તો અંતરમાં માર્ગ કર્યા વિના રહે નહિ.

તેથી અહીં પ્રશ્ન છે. પ્રભુ ! જ્યારે આત્માને સમજાવવા માટે બહુ ટૂંકામાં ટૂંકો વ્યવહાર કહીએ તો ‘દર્શન–જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા.’ (એટલો ભેદ–વ્યવહાર તો આવે જ). પ્રભુ ! આ તો વ્યવહાર આવ્યો ! દર્શન–જ્ઞાન–ચારિત્ર(ના) ભેદથી આત્મા સમજાવવા, ભેદ આવ્યો તો વ્યવહાર આવ્યો. તો એ વ્યવહાર અંગીકાર કેમ ન કરવો ? એ વ્યવહાર વિના તો સમજાવાતું નથી. તો પછી એ વ્યવહાર કેમ ન અંગીકાર કરવો ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

અગિયારમી ગાથા ઊંચી છે ! જૈનદર્શનનો પ્રાણ છે !! અગિયારમી ગાથા ! એક પંડિત છે એણે એક ફેરી લખ્યું હતું કે, ‘આ અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે !’ વસ્તુસ્વરૂપનાં રહસ્યનાં પ્રાણ છે. એ આ ગાથા છે, સમજવામાં ધીમેથી, ધીરેથી સાંભળવી, ભાઈ ! આહા...! અહીં તો ભવરહિત થવાની વાત છે, પ્રભુ ! બાકી પુણ્ય અને પાપ અનંતવાર કર્યાં અને ધૂડ પણ મળી અને મરીને નરક–નિગોદમાં ગયો. એ કોઈ ચીજ નથી.

અહીં એ પૂછ્યું છે, પ્રભુ ! વ્યવહારને અંગીકાર ન કરવો (એમ આપે પહેલાં કહ્યું). ‘...**પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા**

**વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ?'** શું પ્રશ્ન થયો ? પ્રશ્નકારે પ્રશ્ન કર્યો કે, 'દર્શન–જ્ઞાન–ચારિત્ર તે આત્મા' એવો ભેદ પાડીને વ્યવહાર કરીને સમજાવ્યું, તો પછી એ વ્યવહાર કેમ અંગીકાર ન કરવો ? વ્યવહાર કહીને સમજાવ્યું અને વ્યવહાર તો આવ્યો સમજાવવામાં, તો એ વ્યવહાર કેમ ન અંગીકાર કરવો ? એમ શિષ્યનો પ્રશ્ન છે. પહેલા પ્રશ્નનું રૂપ સમજાય છે ? રાગ કરે છે ને ! એ પ્રશ્ન અહીં છે નહિ. આ ભગવાન અંદર આત્મા, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને આનંદસ્વરૂપ છે, એવો એક(રૂપ) સ્વરૂપમાં એટલો ભેદ પાડીને સમજાવવું, એ વ્યવહાર થયો. તો (શિષ્ય) કહે છે કે, વ્યવહાર આવે તો છે, તો એ વ્યવહાર કેમ અંગીકાર ન કરવો ? વ્યવહાર વિના સમજાવવામાં આવતું નથી તો એ વ્યવહાર કેમ ન અંગીકાર કરવો ? એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો આ ઉત્તર છે.

જેને હૃદયમાંથી આ ભાવના પ્રગટી છે કે, પ્રભુ ! આ આત્મા અંદર વસ્તુ છે ભગવાન ! એકરૂપે છે, એને સમજાવવા માટે ત્રણ પ્રકારે તો સમજાવવું પડે છે, કે જે શ્રદ્ધા તે આત્મા, જ્ઞાન તે આત્મા, આનંદ તે આત્મા, એવો ભેદ પાડીને સમજાવવું તો પડે છે. તો એ ભેદ–વ્યવહાર આવે તો છે, તો એ વ્યવહાર આવે એને અંગીકાર કેમ ન કરવો ? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ ? આહા...હા...! એનો ઉત્તર છે. આવી જેને અંતરમાં જિજ્ઞાસા થઈ છે, એને આ ઉત્તર દેવામાં આવે છે. ગાથા –

**ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।**
**भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो।**

નીચે હરીગીત. મૂળ ગાથા 'કુંદકુંદઆચાર્ય'ની (છે). બે હજાર વર્ષ પહેલાં (થયેલા) મુનિની ગાથા છે. (તેનું) હરિગીત કર્યું છે.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.**



આ...હા...હા...! વાત જરી અપૂર્વ તો છે, પ્રભુ ! અનંતકાળમાં બાકી બધું કર્યું પણ ભવભ્રમણ મટ્યું નહિ. નરક અને નિગોદમાં એવા ભવ કર્યા છે, ડુંગળી અને લસણમાં, એક શ્વાસમાં અઢાર ભવ કર્યા છે ! એક શ્વાસ એવો આવે એમાં અઢાર ભવ કર્યાં છે. એવા નિગોદના ભવો અનંતવાર કર્યા છે. પ્રભુ ! અનંતકાળથી રખડે છે એ. એને હવે વ્યવહારથી છૂટો કરીને નિશ્ચયને સમજાવવો, એ કઈ રીતે છે ? એ વાત અહીંયાં કહેવામાં આવે છે.

**ટીકા :– 'વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી...'** ઝીણી વાત છે. જરી શાંતિથી સાંભળવું, પ્રભુ ! વ્યવહારનય એટલે શું ? કે વ્યવહાર એટલે આત્મા અખંડાનંદ પ્રભુ અભેદ છે, તેને સમજાવવાનો પ્રકાર આવે, તેને 'વ્યવહાર' કહેવામાં આવે છે. એ વ્યવહાર બધોય અભૂતાર્થ છે. (એટલે) બધોય જૂઠો છે. બધોય એટલે શું ? થોડી ઝીણી વાત પડશે. આ તો એક–એક શબ્દનો મહાઅર્થ છે ! વ્યવહારનય એટલે ભેદવાળી કથનશૈલી તે વ્યવહારનય. હવે એ વ્યવહારનય બધોય જૂઠો છે. એના આશ્રયે આત્માનું જ્ઞાન થતું નથી. બધોય નામ ચાર પ્રકાર છે. વ્યવહારના ચાર પ્રકાર છે. આ ગાથા એવી ઊંચી છે, બાપુ ! તમે લખી છે. છઠ્ઠી અને અગિયારમી વાંચવી. આ..હા..હા...!

બધોય એટલે ? આ આત્મામાં જે રાગ થાય રાગ, એ રાગ જે જણાય તેને 'અસદ્ભૂત ઉપચાર' કહે છે. 'અસદ્ભૂત વ્યવહાર ઉપચાર' કહે છે. એ એક વ્યવહારનો ભેદ છે. જે રાગ આવે એ જાણવામાં આવે (છે). એ જાણવામાં આવે એને 'અસદ્ભૂત વ્યવહાર ઉપચાર' કહેવામાં આવે છે.

બીજી વાત – જે જાણવામાં ઉપયોગ સ્થૂળ છે, સૂક્ષ્મ નથી, તેથી જાણવામાં આવે છે એ કરતાં (બીજો રાગ) અંદર બાકી રહી જાય છે. જાણવાયોગ્ય બીજો રાગ રહી જાય છે, એ રાગને જાણવો, (તેને)

'અસદ્‌ભૂત વ્યવહાર અનઉપચાર' કહેવામાં આવે છે. આવી વાતું છે. આ બધી ગાથા એવી છે, બાપુ ! આહા...! રાગ છે એ જાણવામાં આવે એને 'અસદ્‌ભૂત ઉપચાર' આરોપ (કરીને) કહેવામાં (આવે છે). અને તે જ વખતે (બીજો) રાગ છે, ઉપયોગ બહુ સ્થૂળ છે તેથી એ જાણવામાં ન આવે, એ રાગને 'અસદ્‌ભૂત અનઉપચાર વ્યવહાર' કહેવામાં આવે છે. તો એ બે વ્યવહાર – 'અસદ્‌ભૂત વ્યવહાર'ના બે ભેદ થઈ ગયાં.

હવે, 'સદ્‌ભૂત વ્યવહાર.' રાગને આત્મા જાણે છે, એમ કહેવું 'સદ્‌ભૂત ઉપચારનય' છે. અહીં તો એ ચારેય નયનો નિષેધ કરશે. પહેલાં ચાર બતાવી અને પછી નિષેધ કરશે કે, એ આદરવા જેવાં નથી. આ...હા..હા...! બે વાત સમજાણી ? રાગ, જે રાગ થાય છે એમાં જાણવા–ન જાણવાના બે પ્રકાર પડે છે, કારણ કે ઉપયોગ સ્થૂળ છે, એટલે જાણવાયોગ્ય રાગ જેટલો ખ્યાલમાં આવે, એને 'અસદ્‌ભૂત વ્યવહાર ઉપચાર' કહીએ, અને એ વખતે જાણવાયોગ્ય જે રાગ અંદર બાકી રહે છે તેને 'અસદ્‌ભૂત અનઉપચાર વ્યવહાર' કહીએ. બે વાત થઈ. અસદ્‌ભૂત વ્યવહારની બે વાત થઈ. પછી બીજી બે વાત. સદ્‌ભુત વ્યવહારના બે ભાગ. આ 'બધોય' (જે કહ્યું એમાં) ચાર ભાગ આવે છે.

'આત્મા રાગને જાણે' એ આત્માનું જાણવું (થાય) છે એ સદ્‌ભૂત – પોતાની પર્યાય છે અને પરને જાણે છે માટે 'સદ્‌ભૂત ઉપચાર' છે. અર...ર...! આવી વાતું હવે ! રાગ(ને) આત્મા જાણે એ જાણવાની દશા એ સદ્‌ભૂત – પોતાની છે. પણ રાગ પર છે તેને જાણે (છે) તેથી તેને 'સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય' કહેવામાં આવે છે. માર્ગ તો જે હશે એ આવશે, બાપુ ! બીજું ક્યાંથી આવે ? આહા...હા...!

બહારથી ગૂંથણી કરી કરીને મરી ગયો છે અનંતકાળથી ! મોટા બાદશાહ અબજોપતિ થઈને મરીને નરક અને નિગોદમાં ચાલ્યા ગયા છે. આહા...હા...! ત્યાં કોઈએ એના દુઃખની સામું જોયું નથી. ભગવાન



તો એવું કહે છે, પ્રભુ ! તું મનુષ્યપણે પણ જુવાન અવસ્થામાં એટલી વાર મરી ગયો કે, તારા મરણ વખતે તારી મા રોવે, એના આંસુના દરિયા ભરાય ! શું કીધું ? મનુષ્યપણે જુવાનીમાં તું મરી ગયો ત્યારે તારી માને આંસુ આવ્યા, એ એટલી વાર મરી ગયો અને એટલી વાર આંસુ આવ્યાં કે એ આંસુના દરિયા ભરાય ! એટલી વાર તું મનુષ્યપણે જુવાનીમાં મરીને તારી માને તેં રોવરાવી છે ! આ..હા..હા..હા...! પણ તેં ભવરહિત થવાની વાત અંદર પ્રેમથી, રુચિથી સાંભળી નથી ! આહા...હા...!

એટલે અહીંયાં કહે છે (કે), આ વ્યવહારના ચાર ભેદ છે એ નિષેધ કરવા લાયક છે. રાગના બે ભેદ પડ્યા એ નિષેધ કરવા લાયક છે. હવે સદ્‌ભૂતના બે ભેદ. જ્ઞાન પોતાનું છે અને રાગને જાણે છે એમ કહેવું, એ પોતાનું છે માટે 'સદ્‌ભૂત', એને (રાગને) જાણે છે એમ કહેવું (એ) ઉપચાર–આરોપ ! એ 'સદ્‌ભૂત વ્યવહાર ઉપચાર' કહેવામાં આવે છે.

ચોથો બોલ. એ 'જ્ઞાન તે આત્મા'. 'જ્ઞાન તે આત્મા.' એટલો ભેદ પડ્યો. તેથી તે 'સદ્‌ભૂત વ્યવહાર અનઉપચાર' કહેવામાં આવે છે. આવી વાતું છે ! એની ચીજ શું ? એ કોઈ દિ' સાંભળ્યું ન હોય, આહા...હા...!

અહીં તો, હજી વ્યવહાર આવો છે, એ આદરણીય નથી, એમ કહેવું છે. એ ચાર પ્રકારનો જે વ્યવહાર છે, એ આદરણીય નથી. પણ હજી વ્યવહારને સમજતો નથી (કે) કોને વ્યવહાર કહેવો ? બાયડી–છોકરાંના વ્યવહાર એ વ્યવહારની અહીં વાત છે જ નહીં. એ તો પરવસ્તુ છે, એની સાથે તારે સંબંધ શું છે ? એનો આત્મા જુદો, એનું શરીર જુદું, તારો આત્મા જુદો, તારા શરીરના પરમાણુ જુદા.

અહીં તો તારામાં થતી વ્યવહારની દશા તેની પહેલી વાત છે. તે વ્યવહાર અંગીકાર કરવા લાયક નથી તે તેને સમજાવે છે. તે રાગને (જાણવાના) બે પ્રકાર (છે). (સ્થૂળ રાગને) 'ઉપચારથી જાણવું' અને

સૂક્ષ્મને જાણવું એ 'અનઉપચારથી.' રાગને જાણવો એ 'સદ્‌ભૂત ઉપચાર' અને જ્ઞાન તે આત્મા તે 'સદ્‌ભૂત અનઉપચાર.' એ 'બધોય'માં આ ચાર બોલ આવે છે. આ..હા..હા...!

**'વ્યવહારનય બધોય...'** **'બધોય'** એટલે આ ચાર **'...અભૂતાર્થ હોવાથી...'** એ વ્યવહારનય જૂઠો છે. વસ્તુનું સ્વરૂપ એ વ્યવહારનય(નો વિષય નથી). આ..હા..હા..હા..! (આ અગિયારમી ગાથા) જૈનદર્શનનો પ્રાણ છે !

ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એની વાણીમાં મુખ્ય આ આવ્યું છે. પરમાત્મા બિરાજે છે, મહાવિદેહમાં વર્તમાન(માં) સાક્ષાત્ સમોસરણમાં બિરાજે છે. ઇન્દ્રો અને ગણધરો જાય છે. નાગ ને વાઘ ને સિંહ પણ જંગલમાંથી સમોસરણમાં સાંભળવા જાય છે. દેવના ઇન્દ્રો પણ પોતાનો વૈભવ છોડી ભગવાન પાસે સાંભળવા જાય છે, એ વાણી કેવી હોય, બાપુ ! આ..હા..હા...! દેવલોકના ઇન્દ્રનો વૈભવ ૩૨ લાખ વિમાન ! એક વિમાનમાં અસંખ્ય દેવ ! અને કરોડો અપસરાઓ ! એનો લાડો !! એ સમકિતી – જ્ઞાની છે, અત્યારે આત્મજ્ઞાની છે. એ પણ પરમાત્મા પાસે, ધર્મની – આત્માની વાત સાંભળવા (જાય છે). ધર્મ પ્રગટ્યો છે છતાં (તેને) પૂર્ણ કરવા માટે પણ સાંભળવા જાય છે. એવી ધર્મની કથા મોંઘી છે !! જે વૈભવ છોડીને સાંભળવા આવે ! અહીં (તો) ઘરેથી (નીકળે તો પૂછે કે) 'શાક આવ્યું ? નહીં તો હું શાક લઈ આવું પછી જાઉં !!' એટલી તો હજી એને કિંમત સાંભળવાની ! 'શાક લઈ આવ્યા કે નહિ ? કોણ લાવ્યું ? નથી (લાવ્યા) ? નહિ તો હું લઈ આવું પછી (સાંભળવા) જાશું !!' એટલી કિંમત !! એને સાંભળવાની કિંમત કેટલી ? આ..હા...હા...!

અહીં કહે છે, આ જે વ્યવહારના ચાર ભેદ કહ્યા, તે અભૂતાર્થ છે. અભૂતાર્થ નામ જૂઠાં છે. એ આત્માને લાભદાયક છે નહિ. આ



તમારી લખેલી ગાથા છે કે છઠ્ઠી વાંચવી અને અગિયારમી વાંચવી ! આ..હા..હા...! પ્રભુ ! એ વ્યવહાર છે એ બધોય જૂઠો છે, છે ખરો, પણ તેનો આશ્રય કરવાલાયક નથી. એ આદરવાલાયક નથી. જાણવાલાયક છે. આહા...હા...! હવે આવી વાતું...! બહારની ક્રિયાકાંડની વાત તો ક્યાંય રહી ગઈ. અંતરમાં રાગ થાય તેના બે પ્રકાર, રાગને જાણવો અને જ્ઞાન તે આત્મા, એવા (ચાર) ભેદ પડે એ પણ અહીં તો જૂઠાં કીધા છે, આહા...હા...! સમજાય છે કાંઈ ?

**'વ્યવહારનય બધોય...'** **'બધોય'** એટલે (આ) ચાર. **'...અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન...'** (અર્થાત્) વસ્તુમાં – સ્વરૂપમાં નથી તેવી વાત કરનારો વ્યવહારનય છે. માટે તે વ્યવહારનય આદરણીય છે નહિ. આ..હા..હા..! આવી વાર્તા ! આવો ઉપદેશ ! **'...અવિદ્યમાન, અસત્ય, અભૂત...'** (એટલે) નથી તેવા **'...અર્થને પ્રગટ કરે છે;...'** વાસ્તવિક વસ્તુ – ભગવાન અભેદ છે, તેમાં ભેદ નથી. તેની (અભેદ વસ્તુની) વ્યવહારનય ચાર પ્રકારથી ભેદની વાતું કરે છે, તેથી તેને અસત્ય કહેવામાં આવ્યો છે. ભાષા તો સાદી છે, પણ હવે પકડવું – ન પકડવું તો સ્વતંત્ર જીવ છે. અનંતકાળ થયો છે બાપા રખડતાં...! આહા...હા...!

**'...શુદ્ધનય એક જ ભૂતાર્થ...'** છે. એ ચાર પ્રકારના જે નય કીધાં – જ્ઞાનના અંશો, નય એટલે જ્ઞાનના અંશો, એ ચાર પ્રકાર કહ્યાં તે બધા અસત્ય છે. એ આદરણીય નથી, આશ્રય કરવા લાયક નથી, અંગીકાર કરવા લાયક નથી. આ..હા..હા..! ત્યારે (શું આદરવા લાયક છે ?) **'શુદ્ધનય એક જ...'** આ..હા..હા..હા...! આત્મા અખંડાનંદ પ્રભુ અંદર છે, અમૃતનો સાગર ભર્યો છે, એ એકરૂપ અભેદ છે, એ અભેદને બતાવનારું જે જ્ઞાન છે, તે જ્ઞાનને 'શુદ્ધનય' કહેવામાં આવે છે. આહા...હા...! વ્યવહાર જેટલો કીધો એટલો બધો આદરણીય નથી, એમ કહ્યું, અને આ નિશ્ચય જે છે... આ..હા..હા...! **'...એક જ ભૂતાર્થ**

**હોવાથી...**' ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ પ્રભુ ! અનંત ગુણનો પિંડ ! એકરૂપ વસ્તુ છે, તેને એકરૂપે જાણવી, એનું નામ 'શુદ્ધનય' કહેવામાં આવે છે. એને સમ્યગ્દર્શન થાય છે. આહા...હા...! શુદ્ધનયનો વિષય ત્રિકાળી અભેદ આત્મા એનો અનુભવ કરતાં સાચું સમકિત – સાચું દર્શન થાય છે. ત્યારે તેના ભવના અંતનો છેડો આવે છે. આ..હા..હા..હા...! નહિ તો ભવભ્રમણ કરી કરીને મરી ગયો છે અનંતકાળથી ! અનંતા અવતાર કર્યા, બાપા ! આહા...હા...!

એ શુદ્ધનય.... પાછું વજન ક્યાં છે ? **'એક જ !' 'એક જ !'** બીજી નય નહિ. '**...એક જ ભૂતાર્થ હોવાથી...**' એક જ નય સાચી છે. જે ત્રિકાળી અખંડાનંદ પ્રભુ અનંત ગુણ(સ્વરૂપ એકરૂપને વિષય કરે છે). જેમ સાકર છે એમાં ગળપણ, મીઠાશ, ધોળાશ એ બધો ભેદ પાડવો, એ વ્યવહાર છે. સાકર સાકરરૂપે છે એને એકરૂપે જાણવું તે અભેદ છે. એમ ભગવાનઆત્માને, આ જ્ઞાનના ભેદથી – આ ચાર પ્રકારથી જાણવો એ વ્યવહાર છે, એ અસત્યાર્થ વસ્તુ છે. અંદર એકરૂપ ચૈતન્ય વસ્તુ છે, ત્રિકાળી અભેદ અખંડાનંદ પ્રભુ ! એને જાણનારો શુદ્ધનય એટલે સમ્યગ્જ્ઞાનનો અંશ, તે એક જ સત્ય હોવાથી (આદરવા લાયક છે). ભૂતાર્થ એટલે સત્ય. આ...હા...હા...!

અંતર વસ્તુ ભગવાન ચૈતન્ય પ્રભુ અનંતગુણ સંપન્ન છે, એટલો ભેદ પાડવો એ પણ વ્યવહાર છે. એ વ્યવહાર પણ છોડીને અભેદ અખંડાનંદ પ્રભુ ! તેના ઉપર દૃષ્ટિ આપતા, શુદ્ધનયનો વિષય આત્મા, તે તેને દૃષ્ટિમાં આવે છે. તેથી તે નયને સત્યાર્થ કહેવામાં આવે છે. સત્ય વસ્તુ દૃષ્ટિમાં આવે છે માટે તે દૃષ્ટિને સત્ય કહેવામાં આવે છે. આહા...હા...! આવું છે ! અગિયારમી ગાથા માંગી છે ને ! તમે જ માગી છે કે નહિ ?

આહા...હા..! ભગવંત ! તારી મહિમાનો શું પાર કહીએ, પ્રભુ !



આ..હા..હા..! પ્રભુ તો બધાંને 'પ્રભુ' તરીકે જ બોલાવે છે ! આચાર્યો પણ ૭૪ ગાથામાં એમ કહે છે. આમાં ૭૪ ગાથા છે ને ? 'ભગવાનઆત્મા !' આ..હા..હા..હા...! અનંત ગુણનો પિંડ છે એટલો ભેદ પણ નહિ. ભેદ પણ સદ્ભૂત વ્યવહારનયમાં જાય છે. એ એકરૂપ ચૈતન્ય છે. અનંત ગુણનો પિંડ છે, એકરૂપ છે, એવો જે શુદ્ધનય, એટલે એકરૂપને બતાવનારું જે જ્ઞાન, અભેદને બતાવનારું જે જ્ઞાન, તે જ્ઞાનને અહીંયાં 'શુદ્ધનય' કહેવામાં આવે છે. એ એક જ ભૂતાર્થ છે. એ શુદ્ધનય એક જ સાચી છે. આહા...હા...! છે ? અંદર છે કે નહિ ?

બે હજાર વરસ પહેલાંની આ ગાથા છે. આ ટીકા છે હજાર વર્ષ પહેલાંની – 'અમૃતચંદ્રઆચાર્ય'ની ! પણ દરકાર કે દી' કરી છે ! આહા...હા...! અરે...! અનંતકાળ થયો... 'અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુસંતને,' **સાચા સંત કોને કહીએ ? સમકિત કોને કહીએ ? સાચા ગુરુ કોને કહીએ ? તેની ઓળખાણ વિના જેને– તેને સેવ્યા પણ આત્માની – સત્‌ના સેવનારની ઓળખાણ એણે કરી નહિ. અને એની ઓળખાણ કરી નહિ માટે આત્માની ઓળખાણ થઈ નહિ.**

એથી કહે છે કે શુદ્ધનય, જે આત્માને એકરૂપે બતાવનારું અંતરજ્ઞાન, તે એક જ સાચું છે. છે ? શુદ્ધનય એક જ ! 'એક' ભૂતાર્થ છે એમ પણ નથી કહ્યું. 'એક જ' ભૂત–સત્યાર્થ છે. એકાંત કીધું છે. 'ભૂતાર્થ' એટલે સત્ય હોવાથી. 'વિદ્યમાન' (એટલે) જેવું આત્માનું સ્વરૂપ છે, અનંત ગુણનો પિંડ એકરૂપ અભેદ છે, એકરૂપ વસ્તુ છે, એ વિદ્યમાનને બતાવે છે. સત્યને બતાવે છે, છતાં અર્થને તે પ્રગટ કરે છે. એ શુદ્ધનય – જે જ્ઞાનનો અંશ ત્રિકાળ અભેદને જોવે છે અને સમ્યગ્દર્શન પામે છે, તે શુદ્ધનય આત્માને પ્રત્યક્ષ પ્રગટ કરીને બતાવે છે એટલે અનુભવે છે. આહા...હા...! હવે આવી વાતું ! ઝીણી વાત

છે, બાપા !

**આ તો તમારું આમંત્રણ હતું એ આવી પડ્યા છીએ, બાકી અમારી વાત તો બીજી છે !!**

મુમુક્ષુ :– તમે બહુ ઉપકાર કર્યો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિતર અમે તો ત્યાં કાઠિયાવાડમાં જ રહીએ છીએ. સોનગઢમાં જ પિસ્તાલીસ વરસ કાઢ્યાં ! પિસ્તાલીસ વરસે આવ્યાં હતાં અને પિસ્તાલીસ કાઢ્યાં – ત્યાં ને ત્યાં ૯૦ કાઢ્યાં ! ત્યાં તો હજારો માણસો આવે છે. જંગલમાં કરોડો રૂપિયા નખાઈ ગયા છે. **મોટું તીર્થ થઈ ગયું છે ત્યાં તો !!**

મુમુક્ષુ :– આપ જહાં હોગે વહાં તીર્થ નહિ હોગા તો ક્યા હોગા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને લઈને થયું (છે). થવાને કાળે થયું છે. છવ્વીસ લાખનું તો એક મકાન છે ! પરમાગમ (મંદિર) !! જેમાં પોણા ચાર લાખ અક્ષર લખ્યા છે. એ છવ્વીસ લાખનું એક મકાન ! તે (પણ) છ વર્ષ પહેલાંની વાત છે, અત્યારે તો ૫૦ લાખે થાય. એવું એક 'પરમાગમમંદિર' છે. **ત્યાં તો મોટું જંગલમાં મંગલ થઈ ગયું છે !!** પણ ત્યાં (આ) સાંભળનારા કાયમ હોય છે. સવાર, બપોર, રાત ત્રણેય (વખત). એને સમજવાને જરી સહેલું પડે, પણ આ ન સાંભળ્યું હોય એને આ જરી કઠણ પડે. કઠણ પડે પણ એને સમજવા જેવું છે ને, પ્રભુ !

એ શુદ્ધનય એક જ સત્યાર્થ હોવાથી તે 'વિદ્યમાન' – છતો પદાર્થ આત્મા, 'સત્ય' વસ્તુ આત્મા, 'ભૂત' નામ ખરો અર્થ આત્મા, તેને એ '**...પ્રગટ કરે છે.**' જે જ્ઞાનનો અંશ અંદરના સ્વભાવમાં અભેદમાં જાય છે, તેને અભેદ આત્માનો અનુભવ થાય છે. તેની પર્યાયમાં તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ શુદ્ધનય આત્માને પ્રગટ કરે છે એટલે કે આત્મામાં જે અતીન્દ્રિય આનંદ છે તે પર્યાયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ કરે છે. આ..હા..હા...!



મુમુક્ષુ :– ગુરુદેવ ! આપે તો સોનગઢમાં બધાને ન્યાલ કરી દીધાં, પણ આફ્રિકામાં પણ ન્યાલ કરી દીધાં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! આવી વાતું છે, પ્રભુ શું કહીએ !

મુમુક્ષુ :– પરમ ઉપકાર છે આપશ્રીનો ! પરદેશમાં આવીને અમને ન્યાલ કર્યાં તમે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રભુ ! ધીમે–ધીમે સમજવા જેવી વાત છે, ભગવાન ! બહારની લક્ષ્મી, આબરૂ બધી ધૂડ–ધમાહા છે !

અહીં તો વ્યવહારનય(નો) પણ નિષેધ (કરે) છે ! આહા...હા...! આત્મામાં ભેદ પાડીને સમજાવવું (કે) 'જ્ઞાન તે આત્મા' એ પણ સદ્ભૂત અનઉપચાર વ્યવહાર છે. તે પણ નિષેધ (કરવાલાયક) છે. આ..હા..હા...! એ (શુદ્ધનય) સત્ય અર્થને બતાવે છે '**...પ્રગટ કરે છે.**' '**પ્રગટ કરે છે**' એટલે શું ? વસ્તુ તો વસ્તુ છે, પણ જે જ્ઞાનનો અંશ અભેદને અનુભવે છે, તેને આત્માના આનંદનો સ્વાદ આવતાં, 'આ આત્મા આનંદમય છે' એમ આત્મા પ્રગટ થાય છે. આ...હા...હા...! આવી વાત છે ! આ બે લીટીમાં તો કેટલુંય ભર્યું છે ! આ કાંઈ કથા નથી, આ વાર્તા નથી. આ તો અંદર ભગવતસ્વરૂપની વાત છે, પ્રભુ ! આહા....!

વ્યવહારનય બધો જૂઠો છે કેમકે તે વ્યવહાર ભેદને બતાવે છે અને નિશ્ચયનય એક સત્ય છે કેમકે તે અભેદ વસ્તુ અખંડાનંદ પ્રભુ ! તેનો અનુભવ કરાવે છે. એથી તે નિશ્ચયનય એક જ આદરણીય છે. આહા...હા...!

આ તો હવે આખા હિન્દુસ્તાનમાં પ્રચાર થયો છે.

મુમુક્ષુ :-- દુનિયાભરમાં થઈ ગયો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'સોનગઢ'થી બાવીસ લાખ પુસ્તક છપાણું છે ! ૨૨ લાખ !! અને આઠ લાખ 'જયપુર'માં છાપ્યાં છે. ૩૦ લાખ (પુસ્તક) છપાણું છે ! પ્રચાર ઘણો છે ચારેકોર – 'લંડન'માં, 'અમેરિકા'માં...

આ વાત બધે ગઈ છે થોડી... થોડી... થોડી... ગંધ ગઈ છે થોડી !

મુમુક્ષુ :– આખી દુનિયામાં પ્રસરી ગઈ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ વસ્તુ એવી છે, બાપુ ! આહા...હા...!

મુમુક્ષુ :– લંડનમાં, અમેરિકામાં, આફ્રિકામાં, બધે પ્રચાર થઈ ગયો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, પ્રચાર છે ને... છે ને ! પણ વસ્તુ સમજે એને આ લાભ થાય એવું છે. આહા...હા...!

મુમુક્ષુ :– વિચાર કરીએ છીએ તો અંદરથી કાંઈક થાય છે ! પાપમાં આખી જિંદગી કાઢી છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી, બાપા ! એવું બધું કર્યું છે, ઘણું કર્યું ! આહા...હા...! પણ આ અંદર ઊતરવાની જે ચીજ છે એ કોઈ દી' સાંભળી નથી. સાંભળી હોય ત્યારે નકાર કરી નાખ્યો છે કે, 'એ ઝીણું પડે ! એ ઝીણું પડે !' એમ કરી કાઢી નાખ્યું છે. આ...હા...હા...!

બે ન્યાય આપ્યા કે, વ્યવહારનયનાં જે ચાર પ્રકાર છે તે સત્યને પ્રગટ કરતાં નથી. ફક્ત ભેદને પ્રગટ કરે છે. તેથી તે વસ્તુસ્થિતિ નથી અને એક નય – શુદ્ધનય – સમ્યગ્જ્ઞાનનો અંશ, જે અંતરમાં જાય છે તે એક જ નય સત્ય છે કે જે એક નય સત્યને પ્રગટ કરે છે. જેવો પરમાત્મસ્વભાવ આત્માનો છે તેવો તેને પ્રગટ બતાવે છે અને તેને આનંદનો પ્રગટ અનુભવ આવે છે. શુદ્ધનયનો વિષય જાણતાં, અંદર અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન ! અતીન્દ્રિય આનંદથી ભરેલો – છલોછલ ભરેલો છે. આ સંસારના જેટલા પૈસા અને આ ધૂળ ને રાજા અને રંક, એ બધા દુઃખી પ્રાણી છે. રાગના દુઃખી, રાગની ઘાણીમાં પિલાયેલા છે. અહીં તો એનાથી ભિન્ન ચીજની વાત છે. શું કીધું ?

મુમુક્ષુ :– અજ્ઞાનીને એમાં સુખ લાગે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અજ્ઞાનમાં તો ગમે તે માને. બાળક હોય છે. જોયું છે ? બાર મહિનાનું બાળક હોય એને દૂધ જો વધારે પાયું હોય, તો શેરણું થઈ જાય. જોયું છે ? એ શેરણું થઈ જાય તો ઉનાળામાં એવું ઠંડું લાગે. એ બાળક શેરણું આમ ચાટે ! દૂધ વધારે અપાઈ ગયું હોય તો એ બાળકને શેરણું થઈ જાય, ઉનાળાનો દી' હોય એની મા એના બે પગ આમ કરીને બેસાર્યું હોય, હંગાવા ! શેરણું થાય એને એ ચાટે ! એમ અનાદિથી અજ્ઞાની, બાળકની પેઠે આત્માના આનંદને ભૂલી અને રાગ અને દ્વેષની વિષ્ટાને ચાટે છે !! અહીં કાંઈ કોઈની શરમ નથી, અહીં કોઈની લાજ નથી. અહીં તો ભગવાન ત્રણલોકનો નાથ ! જે (વાત) જગતમાં જાહેર કરે છે તે આ જાહેર થાય છે. આડતિયા તરીકે આ વાત આચાર્યમહારાજ કરે છે. આ..હા..હા..હા...! 'કુંદકુંદઆચાર્ય' જેમ આડતિયા હોયને... એમ તીર્થંકરના આડતિયા છે ! એ આડતિયા તરીકે વાત કરે છે. સમજાય છે કાંઈ ?



**'આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :–'** કહે છે કે એને સમજાવવા માટે અમે દૃષ્ટાંત દઈએ છીએ. આહા...હા...! **'જેમ પ્રબળ કાદવના મળવાથી...'** પાણીમાં કાદવ મળવાથી **'...જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે...'** પાણીનો નિર્મળ સ્વભાવ – નિર્મળભાવ કાદવને લઈને ઢંકાઈ ગયો છે. કાદવનો ભાવ મોઢા આગળ આવી ગયો છે. કાદવ... **'...પ્રબળ કાદવના...'** **'પ્રબળ કાદવના'** (લખ્યું છે), એકલો કાદવ એમ નહિ. આ..હા..હા...! **'...પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો...'** પાણીમાં કાદવના મળવાથી પાણી મેલું દેખાય છે. એ મેલું એનું સ્વરૂપ નથી. મેલું તો કાદવને લઈને દેખાય છે. એનો સ્વભાવ તો નિર્મળ અને ઠંડો છે. જળ ! એ **'...જળનો અનુભવ કરનારા પુરુષો...'** આહા...હા... ! **'...જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...'** એ પાણી અને કાદવ બંને ભેગા છે (એમ માનનારા). એક ગામ એવું હતું. એક

ગામ છે 'મૂળી' પાસે. ત્યાં એક તળાવ છે (તેમાં) પાણી મેલું જ રહે. ત્યાં કૂવો નથી. અમે એક વાર ત્યાં ગયા હતા તો અમને મેલું પાણી આપે (અને કહે) 'મહારાજ ! અહીં તો મેલું પાણી (મળે) ! પાણી બધું મેલું હોય,' કૂવો નહિ. મેલવાળું પાણી ! પછી ઘરે જઈને ઠારે તો (સ્વચ્છ) થાય, અને એમને એમ જો પીવે.... આ અનાદિથી અજ્ઞાની એમને એમ પીવે છે, (એમ) કહે છે ! અંદર ભગવાન નિર્મળાનંદ – જળ પડ્યો છે. આ જળ નિર્મળ છે પણ કાદવને લઈને મેલું દેખાય છે.

**'...એવા જળનો અનુભવ કરનારા પુરુષો – જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...'** આ..હા..હા...! એ પાણી અને કાદવની જુદાઈને નહિ જાણનારા, **'...ઘણા તો...' 'ઘણા તો'** એમ લીધું છે. બધા તો નહિ. જ્ઞાની તો અંદર આત્માનો અનુભવ કરે છે. માટે બધાય નહિ. (પણ) ઘણા અજ્ઞાની જીવો આહા...હા...! લૌકિક અજ્ઞાની કાદવ સહિત જળને પીવે છે, એમ કહે છે. આહા...! આ તો દૃષ્ટાંત છે હોં ! **'...ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે;...'** પાણી મેલું છે, ઇ પાણી, પાણી મેલું છે એમ એ જાણે છે. પાણી મેલું નથી, મેલું તો કાદવને લઈને દેખાય છે. આ...હા..હા...!

**'...પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ...'** એક નિર્મળ ઔષધિ થાય છે. ગાંધીની દુકાને એક નિર્મળ ઔષધિ હોય છે. એમાં (પાણીમાં) નાખેને તો કાદવ જુદો પડી જાય, પાણી જુદું પડી જાય. એવો એનો સ્વભાવ છે. એમ **'...(નિર્મળી ઔષધિ) ના પડવામાત્રથી ઊપજેલા...'** જ્યાં નિર્મળ ઔષધિ નાખે ત્યાં જળ અને કાદવ બન્ને જુદાં પડી જાય. **'...જળ–કાદવના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...'** નિર્મળી ઔષધિ પોતે નાખી છે. નોકરને કહીને નાખ્યું નથી, એમ કહે છે. નોકરને કહ્યું નથી (કે) 'તું એમાં નિર્મળ ઔષધિ નાખ.' આ પોતે–જાતે નાખ્યું છે. એથી કહે છે. આહા...! **'...પોતાના પુરુષાર્થ**



**દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...'** એટલે પોતે પાણીમાં – કાદવમાં નિર્મળી ઔષધિ નાખી અને જોયું કે, પાણી તો તદ્દન નિર્મળ છે, કાદવ જુદો છે. આહા...હા...!

**'...સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે;...'** વિવેકપણું જેને નથી એ કાદવ સહિત અનુભવે છે, અને **'...(નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે;...'** પાણીને નિર્મળ અનુભવે છે. પોતાના પુરુષાર્થથી નિર્મળી ઔષધિ નાખીને કાદવથી જુદાં જળને અનુભવે છે. એ દૃષ્ટાંત (થયું).

**'એવી રીતે...'** એ દૃષ્ટાંતની રીતે, **'...પ્રબળ કર્મના મળવાથી...'** આ..હા..હા...! ભગવાન તો નિર્મળાનંદ છે પણ જડ કર્મના નિમિત્તના સંબંધમાં આવવાથી, નિમિત્તના સંબંધમાં આવવાથી, કર્મથી નહિ, પણ તેના સંબંધમાં આવવાથી. **'કર્મના મળવાથી'** એમ કીધું છે ને ? કર્મનું નિમિત્ત થયું. **'...જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...'** આહા...હા..! થોડી ઝીણી વાત છે ! અનાદિ આત્મા સહજ જ્ઞાયકભાવ છે એ તો કોઈ દી' તિરો(ભૂત) થતો નથી – ઢંકાતો નથી. છતાં અહીં 'તિરોભૂત' કીધો. એટલે (શું) ? કે, એ કર્મના મેલને અનુભવનાર, સાક્ષાત્ ચૈતન્ય છે તેને જાણતો નથી, તેથી તેને તિરોભૂત છે. મેલવાળા આત્માને અનુભવનારને તે જ્ઞાયકભાવ ઢંકાયેલો – તિરોભૂત છે. જ્ઞાયકભાવ તિરોભૂત અને આવિર્ભૂત હોઈ શકે નહિ. શું કહેવાય છે ? જ્ઞાયકભાવ તો ત્રિકાળ નિરાવરણ, નિર્મળ જ છે. પણ મેલથી અનુભવનારને એને ચીજ છે તે દેખાતી નથી, મેલ દેખાય છે, એથી 'એને' તિરોભૂત કહેવામાં આવે છે. વસ્તુ તિરોભૂત થઈ નથી. થોડી ઝીણી વાત છે !

આત્મા તો નિર્મળાનંદ શુદ્ધ છે. પણ કર્મના, રાગના, દ્વેષના, પુણ્ય–

પાપના મલિન ભાવથી અનુભવે છે. તેથી તેને અંદર જ્ઞાયકભાવ છતો છે એ ઢંકાતો નથી, પણ મળ–મેલના અનુભવનારને, અનુભવમાં આવતો નથી, એને ઢંકાયેલો દેખાવામાં આવે છે. સમજાય છે કાંઈ ? જ્ઞાયકભાવ જે છે ચૈતન્યપ્રભુ – દ્રવ્ય ! એ તો ત્રિકાળ નિરાવરણ છે. અંદર ચૈતન્ય–પ્રકાશનું પૂર છે. આ..હા..હા..હા...! સચ્ચિદાનંદ પ્રભુ દ્રવ્ય–વસ્તુ ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ અખંડ એક અવિનાશી છે. એ કોઈ તિરોભૂત અને આવિ(ર્ભૂત) થતો નથી. 'તિરોભૂત' એટલે ઢંકાવું અને 'આવિર્ભાવ' એટલે પ્રગટ થવું. એ જ્ઞાયકભાવમાં થાતું નથી. પણ રાગ અને દ્વેષના અનુભવનારને, તે જ્ઞાયકભાવ પ્રગટ હોવા છતાં, રાગને અનુભવનારને એ જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે, એને ઢંકાઈ ગયો છે. આહા..હા...! સમજાણું કાંઈ આમાં ?

જ્ઞાયકભાવ તિરોભૂત થતો નથી, પણ રાગને અનુભવનારને તિરોભૂત છે. કારણ કે એની દૃષ્ટિ ત્યાં નથી, (તેને) રાગની દૃષ્ટિ છે. પુણ્ય અને પાપના વિકલ્પમાં પડ્યો, ત્યાં પડ્યો, ત્યાં ગૂંચાઈ ગયો છે. એથી જ્ઞાયકભાવ છતી ચીજ હોવા છતાં, તેને તિરોભૂત નામ ઢંકાઈ ગઈ છે. છતી છે તે અજ્ઞાનીને ઢંકાઈ ગઈ છે. વસ્તુ ઢંકાણી નથી. આહા...હા...! ફેર જરી (લાગે, પણ) થોડા શબ્દમાં પણ ફેર છે.

જ્ઞાયકભાવ ત્રિકાળી ચૈતન્યરસકંદ છે, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે. 'પ્રજ્ઞા' એટલે જ્ઞાન અને 'બ્રહ્મ' એટલે આનંદ. એ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. એને આવરણ (નથી) – વસ્તુને આવરણ હોતું નથી. વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. સમજાય છે કાંઈ ? આ..હા..હા...! આવી વાતું છે ! પણ એ છતી ચીજ અંદર હોવા છતાં, તેના ઉપર નજર ન કરતાં, એકલા પુણ્ય–પાપ, રાગ–દ્વેષમાં નજરવાળાને, તે છતી ચીજ છે તે અછતી નામ તિરોભૂત–ઢંકાઈ ગઈ છે. મેલના–રાગના અનુભવ કરનારને, છતી ચીજ હોવા છતાં, તેને ઢંકાઈ



ગઈ છે. આહા...હા...! ભાષા–પાઠ આવો છે. આહા...હા...!

('સમયસાર') ૩૨૦ ગાથામાં તો કહ્યું છે કે, વસ્તુ જે છે વસ્તુ, ચૈતન્યરસકંદ એ તો ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ નિરાવરણ છે, અખંડ છે, એક છે, પ્રત્યક્ષ પ્રતિભાસમય છે, અવિનશ્વર છે. શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મતત્ત્વ દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ જ છે. એને કોઈ દી' અશુદ્ધ અને શુદ્ધ એવા ભેદ પડતા નથી. વસ્તુ તો જ્ઞાયક તે જ્ઞાયક ત્રિકાળ છે. પણ અજ્ઞાનીને રાગના અનુભવ આગળ, જ્ઞાયકભાવ અંદર હોવા છતાં, તે તરફ દૃષ્ટિ નથી, તેથી તેને – રાગના અનુભવનારને જ્ઞાયકભાવ છતો હોવા છતાં તિરોભાવ થઈ ગયો છે. આ..હા..હા.. ! આ તો સિદ્ધાંત છે ! આહા...હા... ! પચાવવાને માટે વખત જોઈએ, બાપુ ! આહા..હા...!

જેમ પાણી નિર્મળ હોવા છતાં કાદવવાળું અનુભવે છે એને પાણી તિરોભૂત થઈ ગયું છે, ઢંકાઈ ગયું છે. પાણી તો નિર્મળ છે પણ કાદવ સહિત પીનારને પાણી ઢંકાઈ ગયું છે. આને કારણે (ઢંકાઈ ગયું છે બાકી) પાણી તો પાણી છે. પાણીમાં કાંઈ ઢંકાવું નથી. એમ આત્મા જ્ઞાયકભાવ છે, ચૈતન્ય આનંદરસ છે, સચ્ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ છે, અવિનાશી પરમાત્મસ્વરૂપ છે તે તો ત્રિકાળ નિરાવરણ છે. પણ તેના ઉપર જેની નજર નથી અને રાગના દયા–દાનના કે કામ–ક્રોધના વિકારી પરિણામ ઉપર નજર છે, તેને (વસ્તુ) છતી હોવા છતાં અછતી છે, એને તિરોભૂત – ઢંકાઈ ગઈ, એમ કહેવામાં આવે છે. આ..હા..હા...! કેટલું આમાં યાદ રાખવું ! આ શબ્દનો અર્થ ઝીણો છે ! '**...પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...**' એ શબ્દનો આ અર્થ છે. સહજ જ્ઞાયકભાવ કોઈ દી' તિરોભૂત થતો નથી, આહા...હા...! ભગવાન તો દ્રવ્યસ્વરૂપે – વસ્તુસ્વરૂપ સ્ફટિકમણિની જેમ નિર્મળાનંદ (સ્વરૂપ છે). કાલે કહ્યું હતું ને !

**જેમ નિર્મળતા રે સ્ફટિકતણી, તેમ જ જીવ સ્વભાવ રે;**
**શ્રી જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.**

પુણ્ય અને પાપના કષાયથી રહિત ભગવાને ધર્મ બતાવ્યો છે, એને એ જોતો નથી અને રાગને જોવે (છે) અને પુણ્યને જોવે છે કે 'મેં પુણ્ય કર્યાં. અને મેં આ કર્યું અને મેં આ કર્યું...!' એના પુણ્ય આદિને જોનારને, જ્ઞાયકભાવ ત્રિકાળ નિરાવરણ હોવા છતાં, એ પ્રગટ થતો નથી. રાગના અનુભવનારને નથી દેખાતો માટે તેને તિરોભૂત થઈ ગયો છે, એમ કહેવાય છે. આ..હા..હા..! આવી વાતું છે ! આવો ધરમ કઈ જાતનો ! બાપુ ! ધર્મનું સ્વરૂપ આવું છે, ભાઈ ! ભગવંત ! તારી ચીજ કોઈ અંદર જુદી છે ! અલૌકિક છે ! તેં એને સાંભળી નથી, ભાઈ...! આહા...હા...!

શું કહ્યું આ ? કે, જે આત્મા છે એ તો જ્ઞાયકસ્વરૂપ સચ્ચિદાનંદ, સત્–ચિદાનંદ, જ્ઞાનાનંદ, ત્રિકાળ ચિદાનંદસ્વરૂપ છે. એને તો કોઈ આવરણ કે મલિનતા છે નહિ. એવી એ અંદર ચીજ છે. પણ એવી ચીજ હોવા છતાં, જેને રાગ, પુણ્ય અને પાપના ભાવ ઉપર લક્ષ છે તેને તે લક્ષમાં આવતો નથી, માટે છતી ચીજ હોવા છતાં તેને તિરોભૂત – ઢંકાઈ ગયો, એમ કહેવામાં આવે છે. આ...હા..હા...! આવી વાત છે, પ્રભુ !

આ..હા...! છતી ચીજ છે, ત્રિકાળ નિરાવરણ છે. અંદર ત્રિકાળ અખંડ એકરૂપ છે, પરમાત્મસ્વરૂપ અખંડાનંદ એકરૂપ છે. એ કોઈ દી' તિરોભૂત–ઢંકાઈ (કે) આવિર્ભાવ–પ્રગટ થાય, એવા બે બોલ તેને લાગુ નથી પડતા. સમજાય છે કાંઈ ? પણ જેની દૃષ્ટિ, અનાદિથી જ્ઞાયકભાવ સચ્ચિદાનંદ પ્રભુ ! એના ઉપર નહિ હોવાથી અને પુણ્ય અને પાપ ને દયા ને દાન એવા રાગ ઉપર લક્ષ હોવાથી, 'તેને' ઢંકાઈ ગયો છે એમ કહેવામાં આવે છે. આ..હા..હા..!



આવી વાત છે. પ્રભુ ! આવો ઉપદેશ છે. અમારે તો ત્યાં પિસ્તાલીસ વર્ષથી ચાલે છે. 'સોનગઢ'માં તો આ પિસ્તાલીસ વર્ષથી ચાલે છે ! ત્યાં ઓગણીસમી વાર 'સમયસાર' ચાલે છે ! અઢાર વાર તો વંચાઈ ગયું ! અક્ષરે અક્ષર અર્થ હોં ! અક્ષરે અક્ષરનો અર્થ કરીને અઢાર વાર વંચાઈ ગયું, ઓગણીસમી વાર ચાલ્યું છે. ત્યાં વંચાતું હોય છે ત્યારે ઝીણવટ બહુ થાય, ભાઈ ! અહીંયાં તો અંદર રીતસર વાત ચાલે.

(અહીંયાં કહે છે) જળ મેલું છે એમ નહિ. એમ આત્મા મેલો છે એમ નહિ. પણ જળને કાદવથી અનુભવનારને જળ ઢંકાઈ ગયું છે. જળ તો જળ જ છે. પણ કાદવ સહિતના અનુભવનારને જળ ઢંકાઈ ગયું છે. એમ ભગવાન ચિદાનંદ પ્રભુ ! જ્ઞાયકભાવ સત્... સત્... 'છે' તે કોઈ દી' ન હોય, એમ નહિ. સત્ છે એ કોઈ દી' નાશ થાય એમ નહિ, સત્ છે એને કોઈ આવરણ હોય નહિ, સત્ છે તેને ઊણપ હોય નહિ, સત્ છે તેને વિકાર હોય નહિ. આ..હા..હા..હા...! એવી એ ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે ! પણ રાગના અનુભવનારને... આહા...હા...! એવી ચીજ પડી છે છતાં પર્યાય ઉપર દૃષ્ટિ છે (તેથી તિરોભૂત થઈ ગઈ છે). પર્યાય એટલે અવસ્થા, રાગ ઉપર દૃષ્ટિ છે. તેથી પેલી છતી ચીજ છે એ ઢંકાઈ (ગઈ છે). આંખ મીંચી હોય અને વસ્તુ સામે હોય, પણ આંખો મીંચી હોય તો વસ્તુ નથી એમ (થયું), એને માટે તો 'નથી' એમ થઈ ગઈ ને ? આંખ મીંચાઈ ગઈ છે (અને) સામી ચીજ આવી સોનું કે રૂપું (પણ તેને તે દેખાતી નથી). એમ આ ચીજ તો અંદર છે ! આ..હા..હા..હા...! પણ પુણ્ય અને પાપના વિકલ્પના – રાગના પ્રેમીઓને આત્મા ઢંકાઈ ગયેલો દેખાય છે. એનો આત્મા તિરોભૂત થઈ ગયેલો દેખાય છે. છે ? '**...પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર...**' એ કેવા હોય છે ? વિશેષ કહેશે...

❄ ❄ ❄

## પ્રવચન-૩, ગાથા – ૧૧

આ 'સમયસાર' અગિયારમી ગાથા (ચાલે) છે. ઝીણી વાત છે. અનંત કાળથી અનંતા... અનંતા... ચારગતિના ભવ કર્યા. મનુષ્યના પણ અનંતા ભવ કર્યા છે. આ કાંઈ પહેલો મનુષ્યનો ભવ નથી. મનુષ્યના અનંત ભવ કર્યા છે. અબજોપતિ અનંતવાર થયો (અને) સો વાર માગે અને એક કવળ મળે એવો ભિખારી પણ અનંતવાર થયો.

જ્યારે બહુ કષાય કર્યા છે ત્યારે તિર્યંચમાં (પણ ગયો છે). આડોડાઈ કરી છે આડોડાઈ... આડોડાઈ એટલે અંદર ક્રોધ, માન, માયા, લોભ બહુ કર્યાં હોય ત્યારે આ તિર્યંચ એટલે એના આડા શરીર (થયા). મનુષ્યના શરીર આમ ઊંચા, આમ ઊભા છે. ગાય, ભેંસ, ઘોડા એના આડા શરીર છે. કેમકે પૂર્વે આડોડાઈ બહુ કરેલી. આડોડાઈ સમજાય છે ? કષાય ! કષાયની આડોડાઈ એટલી કરેલી કે, હું કોણ છું ? એની તો ખબર નહિ પણ મંદકષાય પણ નહિ, ક્રોધ, માન, માયા, લોભ અનંતવાર એવાં કર્યાં કે જેને લઈને મનુષ્યપણું જે આમ ઊભું છે એ પણ છૂટી ગયું અને તિર્યંચ એટલે આડા શરીરમાં પણ અનંતા આવા અવતાર કર્યા. જેને પરમાત્મા 'તિર્યંચ' કહે છે. તિર્યંચ એટલે તિરછો ! તિરછું શરીર – આડું શરીર. આ ગાય, ભેંસ, ઘોડા, ખિસકોલી બધાં આડાં શરીર છે ને ? એવા આડા શરીરવાળો અનંતવાર થયો છે. એણે આડાઈ પણ અનંતવાર કરી છે. પણ સમ્યગ્દર્શન શું ? અને આત્મા



શું ? એની વાત એણે રુચિથી સાંભળી નથી. કરી તો નથી પણ રુચિથી સાંભળી પણ નથી !

એથી અનંતવાર નરકમાં પણ ગયો. પહેલી નરકે દસ હજાર વર્ષની જઘન્યમાં જઘન્ય – નાની સ્થિતિ છે. એ દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતવાર ગયો છે. એનાથી એક સમય અધિકે પણ અનંતવાર ગયો છે. એમ કરતાં ઠેઠ સાગરોપમ(ના આયુષ્યની સ્થિતિમાં) પણ અનંતવાર ગયો છે. (પણ બધું) ભૂલી ગયો !

અનંતવાર સ્વર્ગમાં પણ ગયો છે. કોઈ પુણ્યક્રિયા કરેલી, દયા, દાન કે વ્રત આદિ કાંઈક કર્યાં હોય તો એને લઈને સ્વર્ગમાં પણ ગયો. પણ સ્વર્ગમાંથી (નીકળીને) પછી (ઢોર થયો). (કારણ કે) મિથ્યાદૃષ્ટિ (છે) આત્મા(ના) જ્ઞાનની ખબર નહિ કે આત્મા શું ચીજ છે ? એથી આઠમા દેવલોક સુધીનો દેવ થયો (તો) ત્યાંથી પણ મરીને પાછો ઢોરમાં– પશુમાં જાય, એવા અનંતા... અનંતા... ભવ સ્વર્ગના કર્યા. એથી અનંતગુણા ભવ તિર્યંચના કર્યા છે. આ..હા..હા...! એ પશુ(ના) આડા ભવ અનંતા કર્યા છે. અને નિગોદ(માં અનંતવાર ગયો). રાતે કોઈ બહેને પ્રશ્ન કર્યો હતો ને ? લસણ અને ડુંગળી અને મૂળા, એમાં અનંતવાર મફતમાં વેચાઈ ગયો છે ! અનંતવાર એનાં અનંતા ભવ કર્યાં છે.

જૈનનો સાધુ પણ અનંતવાર થયો છે. 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઊપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા શું ચીજ છે ? એનું જ્ઞાન શું છે ? એ વાત બાપુ, અલૌકિક છે !! અત્યારે તો સાંભળવા મળવી પણ મુશ્કેલ છે. આહા...હા...! એવા મુનિપણાના ક્રિયાકાંડ પણ અનંતવાર કર્યાં પણ અંદર આ આત્મા દેહથી ભિન્ન છે અને અંદર વિકલ્પ જે થાય છે દયા, દાન, વ્રતાદિનો – એ રાગ છે, એનાથી પણ ભિન્ન છે, એવું લક્ષ અને દૃષ્ટિ કરી નથી, એ અહીં સુધી આપણે આવ્યું છે.

'...**પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...**' ત્યાં સુધી આવ્યું છે. એટલે શું ? એ કહ્યું હતું કે, ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ તો ત્રિકાળ નિરાવરણ છે. એમાં કોઈ આવરણ અને અશુદ્ધતા મૂળ ચીજમાં આવતી નથી. પણ તેની વર્તમાન દશામાં, રાગ અને પુણ્ય, દયા, દાન, વ્રત આદિ અને કામ, ક્રોધના પરિણામ, એની સાથે અનુભવ કરતાં (અર્થાત્) આત્માનો (તેની સાથે એકમેકપણે) અનુભવ કરવાથી આત્માનો જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો. જ્ઞાયકભાવ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે ! આ..હા..હા...! ચૈતન્ય પરમેશ્વરસ્વરૂપે છે. એને – એ રાગી પ્રાણીને રાગના રસના પ્રેમમાં એ વસ્તુ ઢંકાઈ ગઈ. એને ઢંકાઈ ગઈ ! વસ્તુ તો વસ્તુ છે, વસ્તુ ઢંકાતી નથી. સમજાય છે કાંઈ ? જે વસ્તુ છે આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યરસ ! એ તો ત્રિકાળ નિરાવરણ અને ત્રિકાળ શુદ્ધસ્વરૂપ જ ત્રિકાળ બિરાજે છે. પણ જેણે રાગની સાથે આત્માને અનુભવ્યો... રાગનો વિકલ્પ ચાહે તો શુભ હો, દયા, દાન, વ્રતનો રાગ હો, પણ એ રાગ સાથે (અનુભવ્યો એ અહીંયાં) કહ્યું ને કે, પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ એને ઢંકાઈ ગયો છે. સમજાય છે કાંઈ ? આહા...હા...!

જ્યાં ચીજ છે એની ખબર નથી અને ફક્ત ઉપરટપકે પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીઓમાં ઘેરાઈ ગયો એથી તેને જ્ઞાયકભાવ દૃષ્ટિમાં ન આવ્યો. ચૈતન્ય પરમેશ્વર ભગવાનસ્વરૂપ છે, તે તેના ખ્યાલમાં ન આવ્યો, એથી તેને 'ઢંકાઈ ગયો' એમ કહેવામાં આવે છે. તિરોભૂત એટલે દૂર થઈ ગયો. એની દૃષ્ટિમાં ન આવ્યો. દૂર થઈ ગયો. છે તો જ્ઞાયક, જ્ઞાયક(સ્વરૂપ) ! જ્ઞાયક પર્યાયમાં મલિન થયો હોય (પણ) એ વસ્તુ કોઈ દી' મલિન થઈ નથી. પર્યાયમાં મલિનતા છે. પર્યાય એટલે અવસ્થા – અવસ્થા એટલે હાલત –હાલત એટલે વર્તમાન દશા, એમાં મલિનતા છે પણ વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે. રાગના પ્રેમમાં તેને તે ચીજ – તે વસ્તુ તિરોભૂત નામ દૂર થઈ ગઈ. એની દૃષ્ટિમાં આવી નહિ. એથી એનો જ્ઞાયકભાવ એને ઢંકાઈ ગયો છે. આહા...હા...! સમજાય છે કાંઈ ? અહીં સુધી આવ્યું હતું ને ? '**જ્ઞાયકભાવ તિરોભૂત...**' તિરોભૂત નામ ઢંકાઈ ગયો છે, એને હોં ! વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ તિરોભૂત અને આવિર્ભૂત થતી નથી. વસ્તુ ઢંકાય અને ખુલ્લી (થાય) એમ થતી નથી.



વસ્તુ છે એ તો ત્રિકાળી આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ (છે). બધાં ભગવાનસ્વરૂપે. પરમેશ્વરસ્વરૂપે અંદર (બિરાજે છે). સિંહસમાન એની શક્તિ છે. એક ક્ષણમાં સંસારને તોડી નાખે એવી એનામાં તાકાત છે !! પણ એ તાકાતવાળા તત્ત્વને ન માનતા, ઉપરનો રાગ અને દયા, દાનના વિકલ્પને પોતાનો માની અને આત્માને તિરોભૂત કરી દીધો. '**...એવા આત્માનો અનુભવ કરનાર...**' (અર્થાત્) આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા. છે ? આહા...હા...! ભગવાન અંદર ચૈતન્યપ્રકાશનું પૂર અને રાગ – (ભાવ)કર્મ વિકાર છે, (એ) બન્નેનો વિવેક નહિ કરતાં, વિવેક નામ બન્નેને જુદાં ન પાડતાં, બન્નેને એક તરીકે અનાદિથી અનુભવી રહ્યો છે. આ..હા..હા..હા...! સાધુ થયો તોપણ એ રાગને અનુભવી રહ્યો છે ! સાધુ (એટલે) અંદર સ્વરૂપમાં જે સાધકપણું થવું જોઈએ, (અર્થાત્) અતીન્દ્રિય આનંદ(સ્વરૂપ) ભગવાનના ભેટા થવા જોઈએ, એ અતીન્દ્રિય આનંદનો ભેટો થયો નહિ. રાગના ભેટાથી આત્મા મળ્યો એમ માનીને સંતોષાઈ ગયો છે. આહા...હા..! છે ?

તેથી (એમ કહ્યું કે) તે '**...આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...**' ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! એની સામું નહિ જોનારા અને રાગ અને આત્માનો ભિન્નપણે વિવેક નહિ કરનારા એવા જીવો, '**...વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...**' છે (અંદર) ? એ રાગની જે ભાવક્રિયા થઈ એમાં એનો મોહ – વિમોહિત થઈ ગયો. જાણે 'અમે ઘણું કર્યું ! દયાના ભાવ, વ્રતના ભાવ, ભક્તિ, પૂજા ઘણું કર્યું !' એમ

અજ્ઞાની વ્યવહારથી વિમોહિત હૃદયવાળા (અર્થાત્) રાગના ભાવને પોતાના (પોતાપણે) અનુભવ કરનારા, રાગ અને આત્માનો વિવેક – જુદાઈ નહિ કરનારા. આહા...હા... !

(એવા વ્યવહારથી વિમોહિત) હૃદયવાળાઓ, '**...(આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે...**' શું કહે છે ? જે ભગવાનઆત્મા એની પર્યાય એટલે અવસ્થામાં; વસ્તુ તો નિરાવરણ શુદ્ધ છે, – પણ તેની વર્તમાન દશામાં વિશ્વરૂપ એટલે અનેકરૂપ(પણું પ્રગટ થયું છે). અનેકરૂપ એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, ભોગ, વિષય, વાસના આદિ એવા પુણ્ય અને પાપના અનેક ભાવ તેને વિશ્વરૂપ એટલે અનેકરૂપ કહેવામાં આવ્યા છે. આહા...હા...! એ '**...વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે...**' એને વ્યવહાર રાગ આદિ પ્રગટ છે. વસ્તુ છે તે તિરોભૂત – ઢંકાઈ ગઈ છે અને રાગ છે તે પ્રગટ – પ્રત્યક્ષ છે. આહા...હા...! વિમોહિત હૃદયવાળાઓ જેમાં ભાવોનું અનેકપણું પ્રગટ છે એવો આત્માને અનુભવે છે. આ અનાદિકાળની દશા ! આહા...હા...!

જૈનધર્મમાં જન્મ્યો તોય શું ? અને વ્રતધારી થયો તોય શું ? આહા...હા...! ઝીણી વાત છે, પ્રભુ ! હમણાં ગાયું નહિ ? મનુષ્યપણું મળ્યું તોય શું ? જૈનધર્મમાં જન્મ થયો તોય શું ? અને કદાચિત વ્રત આદિ ધારણ કર્યાં તોય શું ? આહા...હા...! ભગવાનઆત્મા....!

મુમુક્ષુ :– કેવળજ્ઞાન પ્રગટ થાય તોય શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાયનો સ્વભાવ છે ! કેવળજ્ઞાન પ્રગટ થાય એ તો પર્યાયનો સ્વભાવ (છે). તેથી નવું શું (થયું) ? એને માટે નવું લાગતું નથી. પણ અજ્ઞાનીને રાગ સિવાય બીજું ભાસતું નથી. આહા...હા...! ગમે તેટલા અગિયાર અંગના જાણપણા કરે (તોપણ તેને રાગ જ ભાસે છે). શાસ્ત્રમાં લખાણ છે કે, ક્રિયા પણ એટલી કરી છે કે, ચામડા ઉતરડીને મીઠાના ખાર છાંટે (તોપણ) ક્રોધ ન કરે ! એવી



સ્થિતિ પણ અનંતવાર ઊભી થઈ છે, પણ એ બધી રાગની ક્રિયા છે. આહા...હા...! આકરી (વાત) છે, ભગવાન ! ચામડા ઊતરડીને ખાર છાંટે (અને) ક્રોધ ન કરે તોપણ તે ક્ષમા નથી. કેમકે આત્મા અંદર રાગથી ભિન્ન સચ્ચિદાનંદ પ્રભુ ! એનો જેને અનુભવ અને એનું જેને જ્ઞાન અને વેદન નથી, એ રાગમાં જ પોતાપણું માનીને, વિવેકને ભૂલી જઈને... આહા...હા...! એ રાગને જ આત્મા(પણે) અનુભવે છે. છે ને ? '**...પ્રગટ છે**' (અને આ) અપ્રગટ છે – પ્રભુ જે છે એ અપ્રગટ છે, (પણ) એને ! વસ્તુ તરીકે તો પ્રગટ ત્રિકાળ છે. ૪૯મી ગાથામાં આવે છે ને ? વસ્તુ તો ત્રિકાળ વ્યક્ત જ છે – પ્રગટ જ છે વસ્તુ તો ! અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ નામ શાશ્વત અને આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભગવાન ત્રિકાળ નિરાવરણ બિરાજે છે. પણ તેના તરફનું લક્ષ ન કરતાં, રાગના અનુભવમાં, રાગથી આત્માને અનુભવે છે તેને રાગનું વિશ્વરૂપપણું – અનેકપણું ખસતું નથી. તેથી અનેક પ્રકારના રાગમાં અવતાર ધારણ કરે, નરક અને નિગોદમાં જાય. આ..હા..હા...! (આ) અવળાની વાત કરી.

મનુષ્યપણાના ભવથી દેવના ભવ પણ અસંખ્યગુણા અનંતા કર્યા છે. કેમકે આત્માના ભાન વિના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ અનંતવાર કર્યાં છે. આ...હા...! અંદર 'રાજચંદ્ર' આત્મા છે એની ખબર નથી એને ! આ..હા...! અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! (એને) ભૂલીને એણે વ્રત ને તપ ને ક્રિયાકાંડો અનંતવાર કર્યાં. તેથી તેને વિકારવાળો તે અનુભવે છે.

અજ્ઞાની આત્માને પોતાની ખબર નહિ હોવાથી, રાગપણું જે દેખાય (છે) એ પ્રગટ છે. વસ્તુ છે તે એને માટે અપ્રગટ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ તેને માટે પ્રગટ છે. સમજાય છે કાંઈ ? પ્રગટ કહ્યું ને ? આહા...હા...! જેમાં (ભાવોનું) વિશ્વ(રૂપપણું) પ્રગટ

છે. ઝીણી વાત છે ! આ તો સિદ્ધાંત છે ને ! પુણ્ય અને પાપના ભાવ એ પ્રગટ છે. વસ્તુ છે તે અપ્રગટ અંદર રહી ગઈ છે. એ પુણ્ય અને પાપ(ના) ઘેરામાં ઘેરાઈ ગયેલો છે. એ પુણ્ય અને પાપના ફળ તરીકે જે બહાર(ની) ચીજ મળે – પાપના ફળે પ્રતિકૂળતા નરક, નિગોદ (મળે) અને પુણ્યના ફળે આ પૈસા (મળે) અબજોપતિ (થાય) કે મોટો રાજા (થાય), દેવ થાય, પણ એ રાગમાં ઘેરાઈ ગયેલો છે, બચારો ! ભગવાનઆત્મા રાગથી ભિન્ન ચિદાનંદ કોણ છે ? તેની તેને ખબર (નથી અને) અસર પણ નથી. અસરો નથી ! આહા..હા..હા...! સમજાય છે કાંઈ ? એને રાગ પ્રગટ છે, ભગવાન તિરોભૂત છે. બે વાત થઈ.

વસ્તુ છે એ એને તિરોભૂત – ઢંકાઈ ગઈ છે અને પ્રગટ જે રાગ છે તે એને પ્રગટ છે. એ રાગને જ અનુભવે છે. રાગ વિનાની અંદર ચીજ છે તેના ઉપર એની દૃષ્ટિ જ છે નહિ. તે, ભાવોનું જેમાં અનેકપણું છે એવો અનુભવે છે. એવો એટલે એવા આત્માને અનુભવે છે. એવો એટલે એવા આત્માને અનુભવે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ તેવો આત્માને તે અનુભવે છે, પણ તેના(થી) રહિત આત્મા છે તેની તેને ખબરું પડી નથી અને રુચિથી સાંભળ્યું પણ નથી. રુચિથી સાંભળ્યું નથી ! સાંભળ્યું તો અનંતવાર છે.

મુમુક્ષુ :– અસંખ્યવાર સાંભળ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હો, અનંતવાર સમોસરણમાં ગયો છે. મહાવિદેહમાં જ્યારે જન્મ્યો હતો (ત્યારે અનંતવાર ગયો છે). અનંતવાર જન્મ્યો છે. મહાવિદેહમાં (કદી) તીર્થંકરનો વિરહ નથી, સદાય તીર્થંકરો બિરાજે છે. તેના સમોસરણમાં પણ અનંતવાર ગયો. વાત સાંભળેલી (પણ) રુચિ ન મળે. એને રાગની રુચિના પ્રેમથી ખસીને અંદરમાં આવવું એ વાત ન મળે. એ રાગની રુચિથી સાંભળ્યું અને એમાંને એમાં રહ્યો, ભગવાનના તીર્થંકરના સમોસરણમાં ગયો... આ..હા..હા...! છતાં તેને



રાગનું (જે) પ્રગટપણું છે તેને એ અનુભવે છે. જ્ઞાયક તિરોભૂત છે – એને ઢંકાઈ ગયો છે. એ અવળાની વાત થઈ. હવે સવળાની ! એ અવળાની વાત થઈ (કે) અનંતકાળ આમ ગયો. આહા...હા..!

અબજોપતિ શેઠ પણ થયો છે, ભિખારી અનંતવાર થયો છે. એક એક દિવસની અબજોની પેદાશ (હોય) એવો રાજા પણ અનંતવાર થયો છે. આહા...! એક ફેરી ત્યાં વાત નીકળતા નીકળી હતી. હમણાં અમે આમ આવ્યાને (ત્યારે) 'ભાવનગર' જાવું હતું. એક જણ વીસ લાખની મોટર લઈને આવ્યો. ૨૦ લાખની મોટર ! એમાં બેસાડીને લાવ્યાં. Station જાવું હતું ને... Plane માં ! Aerodrame ! વીસ લાખની Motor ! એને પૂછ્યું તો કહે 'એક જણાને Switzerland માં ૫૦ લાખની Motor છે ! ત્રીજાને પૂછ્યું ત્યારે કહે, 'પોપને પાંચ કરોડની એક Motor છે !' પોપ... પોપ...! થાય છે ને ? આ ખ્રિસ્તીના ગુરુ ! પાંચ કરોડની એક Motor છે !

મુમુક્ષુ :– મઝા કરે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– મરી જવાના છે ! નરકમાં જવાના છે ! એ અહીં કહે છે કે, એમાં જ મોહીને એને એ જ પ્રગટ દેખાય છે. અહીં તો એને રાગનું પ્રગટપણું કહ્યું છે. પણ અજ્ઞાની રાગના ફળ તરીકે બહાર(માં જે) મળ્યું, એમાં મૂંઝાઈને ત્યાં રોકાઈ ગયો છે.

ત્યાં સુધી આવ્યું છે, જુઓ ! '**...વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે...**' એમ કહીને શું કહ્યું ? ભગવાનઆત્મા અંદર ચૈતન્યમૂર્તિ છે (તેમ છતાં) તેને રાગના પ્રેમમાં તે ચીજ તેને ઢંકાઈ ગયેલી દેખાય છે, એટલે કે એ છે એમ દેખાતું નથી. છે એમ શું દેખાય છે ? કે, વર્તમાનમાં કરેલા પુણ્ય અને પાપના વિકલ્પો–રાગ તે પ્રગટ છે, તેને તે દેખે અને અનુભવે છે. આહા...હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભગવાન ! મુનિવ્રત પણ અનંતવાર ધારણ કર્યાં છે. 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક

ઉપજાયો' પણ આ આત્મા કોણ અંદર ચીજ છે ? એ વાત સાંભળી (નથી) – રુચિ કરી સાંભળી નથી. 'એ છે કાંઈક, હશે, આત્માની કોઈ વાતું કરે છે મોટી–મોટી !' એમ કરીને કાઢી નાખ્યું છે. ભગવાનની વાત સાંભળતાં પણ એણે વાતને કાઢી નાખી છે ! અંદર ગરજ (કરીને) અંદર રુચિ કરવાની દરકાર કરી નથી.

તેથી (એમ કહ્યું કે) તે અનેકરૂપપણું પ્રગટ છે. એ કેમ અનેકરૂપપણું (કહ્યું) ? (કેમકે) અંદર વસ્તુ છે એ એકરૂપ છે. જ્ઞાયકસ્વરૂપ છે (એ) એકરૂપ અભેદ છે. ગુણ–ગુણીનો ભેદ પણ એમાં નથી. સમજાય છે કાંઈ ? વસ્તુ આવી છે ! ગુણી આત્મા અને જ્ઞાન, દર્શન ગુણ એવો ભેદ પણ વસ્તુમાં નથી. એ વસ્તુ એકરૂપે ત્રિકાળ છે. ત્યારે આ પુણ્ય અને પાપના ભાવ અનેકરૂપે છે. એ અનેકરૂપે પ્રગટ છે તેને પોતે અનુભવી રહ્યો છે. અપ્રગટ એને (અનુભવમાં આવ્યો નથી). કારણ કે વસ્તુ ખ્યાલમાં આવી નથી માટે એને અપ્રગટ (છે). એને માટે ઢંકાઈ ગઈ છે. (ખરેખર) વસ્તુ ઢંકાતી નથી. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ રહે છે. પણ અજ્ઞાનીની નજરું રાગમાં છે તેથી તેને તે ચીજ દેખાતી નથી, તેથી તેને માટે ઢંકાઈ ગઈ છે – એમ કહેવામાં આવે છે. આ..હા...હા...! આવી વાત છે.

હવે સવળું આવ્યું ! '**...ભૂતાર્થદર્શીઓ...**' (અર્થાત્) જે કોઈ આ આત્માને દેખનારા (છે તેઓ). ભૂતાર્થ – ભૂત છતો પદાર્થ. ભૂત નામ છતો, છતી, અસ્તિત્વ – સત્તા, જેના આનંદની સત્તા છે. ભૂતાર્થ – છતો પદાર્થ છે પ્રભુ અંદર. સચ્ચિદાનંદ પ્રભુ છે, પરમેશ્વરસ્વરૂપ છે, ભગવતસ્વરૂપ છે. તેને દેખનારા '**...ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખાનારાઓ)...**' એટલે કે સમ્યગ્જ્ઞાન દ્વારા અંતરમાં પૂર્ણ પ્રભુને દેખનારા. આહા...હા...! સમ્યગ્દર્શનની વાત છે હજી તો ! હજી ચોથા ગુણસ્થાનની વાત છે. શ્રાવકપણું અને મુનિપણું તો ક્યાંય આઘું રહી ગયું ! હજી તો સમ્યગ્દર્શન – પહેલું પગથિયું શું ? એની વાત છે. આહા...!



કહે છે કે શુદ્ધનયને દેખનારા એટલે કે ત્રિકાળી આત્મા પવિત્ર(તાનો) પિંડ છે તેના ઉપર જેની નજરું ગઈ છે. જેની નજરમાં નિધાન દેખાય છે. આ..હા..હા..હા...! એ '**...પોતાની બુદ્ધિથી નાખેલા...**' છે (પાઠમાં) ? '**...શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' પોતાની બુદ્ધિથી નિર્મળપણું નાખ્યું. પુરુષાર્થ કર્યો. એ '**...શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' એકલો આત્મા ચિદાનંદસ્વરૂપ પ્રભુ ! વીતરાગ અનાકુળ આનંદની મૂર્તિ જેને દૃષ્ટિમાં આવી, એને 'ભૂતાર્થદર્શી' કહે છે. ભૂતાર્થ નામ છતો પદાર્થ છે તેને દેખનારા એમ કહે છે. ભૂતાર્થદર્શી એટલે આ ! ભૂત – છતો પદાર્થ છે અંદર પ્રભુ ! તેને દેખનારાઓ. પુણ્ય અને પાપ અછતી ચીજ છે (એટલે કે) એનામાં નથી, તેને છોડી દઈને અજ્ઞાની તેને (પુણ્ય–પાપને) દેખનારા (છે) અને જ્ઞાનીસ્વરૂપને દેખનારા (છે). આહા..હા...! આવી ચીજ છે !

'**...શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' (અર્થાત્) સમ્યગ્જ્ઞાનને ચૈતન્ય તરફ વાળવાથી. જરી ઝીણી ભાષા છે, ભાઈ ! વર્તમાન જે પર્યાય છે અવસ્થા, એ રાગના વિકલ્પ તરફ વળેલી છે તે ત્યાં રહી. પછીની પર્યાયને દ્રવ્ય તરફ વાળતા, દ્રવ્યમાંથી કાઢીને દ્રવ્ય તરફ વાળતાં. વાત જરી ઝીણી પડશે. શું કહ્યું ? ફરીને ! જે વર્તમાન પર્યાય–અવસ્થા, રાગ–પુણ્ય અને વિકાર ઉપર છે, તે અવસ્થા તો ત્યાં રહી. એ અવસ્થા હવે વાળી શકાતી નથી, પણ પછીની અવસ્થા, જે વસ્તુ છે તેનો આશ્રય કરતાં પર્યાય પ્રગટી, તે પર્યાયે તેનો આશ્રય લીધો. આહા...હા...! ભાષા સાદી છે. ભાવ તો છે એ છે, બાપુ !

મુમુક્ષુ :– કુછ સમજમેં નહિ આયા ?

સમાધાન :– ફરીને કહીએ ! પ્રભુ ! એમ કહે છે કે, જે તારી વર્તમાન દશા છે ને ? પર્યાય – અવસ્થા ! એ રાગ અને વિકાર તરફ વળેલી છે. એ પર્યાયને અંતરમાં નહિ વાળી શકાય. જે વર્તમાન દશા

રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત આદિ કે કામ, ક્રોધ ઉપર વળેલી છે તે પર્યાયને અંદરમાં નહિ વાળી શકાય કારણ કે એ તો મલિન પર્યાય છે. હવે અંદરમાં વાળવાની પર્યાય કઈ ? પર્યાય એટલે અવસ્થા. એ મલિન અવસ્થા ઉપરનું લક્ષ છોડી દઈ અને ત્રિકાળ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં, જે પર્યાય પ્રગટ થાય તે પર્યાયને દ્રવ્ય તરફ વાળી છે એમ કહેવામાં આવે છે. આ..હા..હા..હા...! બાપુ ! આ તો અંતરના માર્ગ છે, ભાઈ ! પરમેશ્વર જિનેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માની આ વાણી છે. ઇ સમજવી કઠણ પડે એવી છે, પ્રભુ ! કારણ કે અત્યારે તો એ વાત બહુ ચાલતી નથી, બહારની વાતું કરે.

અહીં કહે છે, '**...ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા...**' એટલે પુરુષાર્થથી કરેલો. કર્મ કંઈ મંદ પડ્યા માટે તેને ધર્મ સૂઝ્યો એમ નથી. કર્મ કાંઈ મંદ પડ્યા માટે ધર્મની સૂઝ પડી કે રાગની મંદતા ખૂબ કરી માટે એને ધર્મની સૂઝ પડી કે આત્માની તરફ વલણ થયું એમ નથી. પોતાની બુદ્ધિથી નાખેલા ! આ..હા..હા..હા..! પોતાની જ્ઞાનની પર્યાયને જાતે અંતરમાં વાળીને (એમ તેનો અર્થ છે). રાગની અપેક્ષા છોડી દઈને. વ્યવહારનો જે રાગ છે, વ્યવહાર રત્નત્રયનો રાગ છે, દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધાનો રાગ છે, પંચ મહાવ્રતનો રાગ છે, શાસ્ત્રના ભણતરનો રાગ છે – તે રાગનું વલણ છોડી દઈને. આહા...હા...! તેની અપેક્ષા છોડી દઈને, નિરપેક્ષપણે ! '**પોતાની બુદ્ધિથી**' એનો અર્થ થયો નિરપેક્ષપણે. સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભગવાન ! આ વાત કાને તો પડવા દ્યો !

(આ) પૈસા અને આબરૂ, આ કરોડપતિ ને ધૂડપતિ તે બધા ભિખારા છે ! માગણ... માગણ ! ત્યાં અમારા વ્યાખ્યાનમાં દરબાર આવ્યા હતા. આવે... મોટા–મોટા બધાય સાંભળવા આવે. નામ મોટું થયું ને એટલે ! 'ભાવનગર' દરબાર આવ્યા હતા. કરોડની ઊપજ છે ને, કરોડની ઊપજ !



આવ્યાં હતાં સાંભળવાં. મેં કહ્યું કે 'દરબાર ! મહિને લાખ અને બે લાખ માગે એ નાનો માગણ છે ! અને મહિને કરોડ રૂપિયા માગે એ મોટો ભિખારી છે !!' અમારે ક્યાં એની પાસે માખણ ચોપડવું હતું કે દરબાર ખુશી થાય તો પૈસો આપે ! બેઠો હતો... સાંભળતો હતો બરાબર ! વર્ષની કરોડની, એક–બે કરોડની ઊપજ છે. માગણ છે, માગે છે, ભિખારી છે ! મારામાં લક્ષ્મી પડી છે એની એને ખબર નથી, અને આ લાવ... આ લાવ... આ લાવ... આ લાવ... બાયડી લાવ, છોકરાં લાવ, આબરૂ લાવ, પૈસા લાવ, કીર્તિ લાવ, બંગલા લાવ, મકાન લાવ, કેટલા 'લાવ' લાવવા છે તારે ? આહા...હા...! કેટલા 'વાળાવાળો' તને કરવો છે ? એક વાળો પગમાં નીકળે તો રાડ નાખી જાય છે ! 'વાળો' સમજાય છે ? આ અપથ્ય પાણી પીવે ત્યારે પગમાં વાળો નીકળે છે ને ? આને કેટલા વાળા વળગ્યા ! પૈસાવાળો, આબરૂવાળો, દીકરીવાળો, દીકરાવાળો, જમાઈવાળો, મકાનવાળો બહુ વાળા થયા આ તો ! મરી ગયો આટલા બધા વાળામાં !

એ અહીં કહે છે – એ બધા રાગના વિકલ્પને છોડી દઈને, પોતાના પુરુષાર્થથી, '**પોતાની બુદ્ધિથી**' કીધું ને ? કર્મને લઈને ઉઘાડ – ક્ષયોપશમ થયો એ નહિ. પોતાની બુદ્ધિથી – અંદર પુરુષાર્થ કરીને. આહા...હા...! ઝીણી વાત છે, પ્રભુ ! આ ગાથા જ એવી છે. એ બધી તમે લખાવી છે કે આ વાંચવી !

આહા..હા...! '**...પોતાની બુદ્ધિથી નાખેલા...**' શું ? ભેદજ્ઞાન ! આ...હા...હા...! 'ભેદજ્ઞાન સાબુ ભયો' આ..હા..હા...! 'સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા, ધોવે અંતર ચીર.' શું કહ્યું ઇ ? 'ભેદજ્ઞાન સાબુ ભયો' (અર્થાત્) રાગથી ભિન્ન પડ્યો, એવું અંદર ભાન કર્યું તે સાબુ ! ભેદજ્ઞાનરૂપી સાબુ ! રાગના વિકલ્પથી જુદો પડીને આત્મા તરફ ઢળ્યો, ઇ ભેદજ્ઞાન થયું. 'ભેદજ્ઞાન સાબુ ભયો, ધોવે સમરસ નીર'

(અર્થાત્) સમરસ નીરથી અશુદ્ધતાને ધોવે. આ..હા..હા..હા...! 'ધોબી અંતર આત્મા, ધોવે નિજગુણ ચીર' પોતાના ગુણને અંતરથી નિર્મળ કરે.

ઝીણી વાત છે, પ્રભુ ! અનંતકાળમાં એણે કર્યું નથી અને ટાણાં આવ્યા ત્યારે ઇ ચૂકી ગયો છે, ચુકાવી દે છે. ઇ ટાણા આવ્યા ત્યારે કાંઈક... કાંઈક... કાંઈક... કાંઈક... બહાના કાઢીને ટાણાને ચુકાવી દે છે. અંતર શું ચીજ છે ? એને માટે એણે એક સમય પણ દરકાર કરી નથી. એમાં વળી મહિને પાંચ-પચીસ લાખની પેદાશ થઈ જાય એટલે થઈ રહ્યું... જાણે 'હું પહોળો અને શેરી સાંકડી !' શેરી સાંકડી થઈ જાય એને ! પહોળો થઈ ગયો મોટો જાણે પૈસા આવ્યા તે. આ..હા..હા...!

અહીં કહે છે કે, જેણે '**...પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી,...**' ભેદજ્ઞાન ! આ..હા..હા...! (અર્થાત્) રાગને અને આત્માના સ્વભાવને બન્નેને જુદાં પાડ્યાં. આત્મા આનંદમય છે (અને) રાગ દુઃખમય છે. એ દુઃખ છે એ આકુળતા છે (અને) મારો પ્રભુ તો આનંદ છે. એમ જેણે દુઃખના રાગથી – અનાકુળ આનંદના સ્વભાવથી જેણે ભેદજ્ઞાન કર્યું. 'વિવેકપણાથી' (તેનો અર્થ આ છે). વિવેક એટલે ભેદજ્ઞાન ! આ વિવેક ! પોતાના પુરુષાર્થ દ્વારા, જોયું ? કર્મ ઘટ્યા માટે આમ થયું અને ફલાણું (થયું), એમ નહિ. (પરંતુ) પોતાના પુરુષાર્થ દ્વારા ! એટલે શું ?

આત્મામાં ૪૭ શક્તિ છે. છે અનંતી શક્તિ, પણ આ 'સમયસાર'માં પાછળ ૪૭ નામ આવ્યા છે. અમારાં ઘણાં બધાં વ્યાખ્યાન તો થઈ ગયાં છે. એમાં એક 'વીર્ય' નામની શક્તિ છે. એ આ પુરુષાર્થ ! આત્મામાં વીર્ય નામનો ગુણ છે. વીર્ય એટલે જેનાથી આ દીકરા-દીકરી થાય એ તો 'જડ-વીર્ય' છે. આત્મામાં એક વીર્ય નામનો – પુરુષાર્થ નામનો અનાદિ-અનંત (ગુણ છે). આનંદ અને જ્ઞાન ગુણની સાથે રહેલો એક



વીર્ય નામનો ગુણ છે. એ ગુણ શું કરે છે ? કે, પોતાના પુરુષાર્થ દ્વારા સ્વરૂપની રચના કરે છે.

(એ અહીંયાં કહે છે) ('**...પોતાના પુરુષાર્થ દ્વારા) આવિર્ભૂત કરવામાં આવેલા...**' જોયું ? (અવળામાં) તિરોભૂત કહ્યું હતું ને ? જ્ઞાયકભાવ છે એ આવિર્ભાવ થતો નથી. એ તો ત્રિકાળ નિરાવરણ જ છે, પણ રાગની એકતા તોડીને જેણે આત્મા તરફ જોયું. એને 'આત્મા આવિર્ભાવ થયો' એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આત્મા આવિર્ભાવ થાય અને તિરોભાવ થાય (એમ નથી). આત્મા તો ત્રિકાળી નિરાવરણ અખંડાનંદ પ્રભુ પડ્યો છે, પણ અજ્ઞાનીને ભાન નહિ હોવાથી તેને ઢંકાયેલો કીધો અને પોતના પુરુષાર્થ દ્વારા અંદરમાં ભેદજ્ઞાન કરીને જેણે પ્રગટ કર્યો એને આવિર્ભૂત કરવામાં આવ્યો. એમ કીધું. આવિર્ભૂત એટલે જાણે પ્રગટ થયો ! વસ્તુ તો વસ્તુ છે. પણ રાગ વિનાની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં એનું ભાન થયું તો એ પર્યાયમાં પ્રગટ થયો એમ કહેવામાં આવ્યું. વસ્તુ તો વસ્તુ છે. ઝીણી વાત છે, ભાઈ !

આ આખી ગાથા તો જૈનદર્શનના પ્રાણ છે ! એક (મોટા પંડિતજીએ) લખ્યું હતું કે, 'અગિયારમી ગાથા એ જૈનદર્શનના પ્રાણ છે !' પ્રાણ ન હોય તો જીવન રહે જ નહિ. એમ આ અગિયારમી ગાથાનો ભાવાર્થ ન સમજે તો વસ્તુ કાંઈ રહે જ નહિ. આ..હા..હા...!

અહીં કહે છે કે, '**...પોતાના પુરુષાર્થ દ્વારા...**' (દૃષ્ટાંતમાં) પાણીને મેલથી જુદું કર્યું એ પણ પુરુષાર્થ દ્વારા કર્યું હતું. એમ બતાવ્યું હતું. અહીંયાં પણ રાગથી ભિન્ન પડીને પોતાનો ચૈતન્યસ્વભાવ (પુરુષાર્થથી પ્રગટ કર્યો). પહેલા એના ખ્યાલમાં જ્ઞાન તો કરે કે, વિધિ આ છે. બીજી વિધિ નથી. શિરો કરવો હોય તો એની વિધિ છે. શિરો... શિરો...! શિરો કહે છે ને ? તમારે 'હલવો' કહે છે. આ શિરો ! તો એની વિધિમાં (એમ આવે કે) પહેલાં ઘીમાં લોટ શેકવો અને પછી ગોળ અને સાકરનું

પાણી નાખવું. તો શિરો થાય. પણ એ વિધિ ભૂલીને કોઈ કહે – સાકરનું પાણી પછી નાખવું છે. એ કરતાં પહેલાં સાકરના પાણીમાં લોટને શેકો અને પછી નાખો ઘી ! લૂપડી (પણ) નહિ થાય ! 'લૂપડી' સમજાય છે ? આ ગૂંમડા ઉપર (લગાડે છે ને) પોટિસ... પોટિસ ! એની પોટિસ પણ નહિ થાય ! બાઈઓ વાતું કરે (એટલે) આપણે તો સાંભળ્યું છે પણ કર્યું નથી. પોટિસ કરવી હોય તો બાઈઓ એમ કહે કે, 'જાતું–વળતું' ઘી નાખજે હોં ! વહુ ! પોટિસ કર (તો) જાતું આવતું નાખજે' જાતું–વળતું એટલે શું ? કે પડ્યા વિના રહે નહિ અને જાજું પડે નહિ. અમે ત્યાં દેશમાં સાંભળેલું. 'જાતું–વળતું ઘી નાખવું !' એટલે વધારે ઘી અંદર પડે નહિ અને થોડું પડ્યા વિના રહે નહિ. એની પોટિસ થાય. પણ આ (શિરો બનાવવામાં) સાકરમાં લોટને શેક્યો અને પછી ઘી નાખ્યું (તો) પોટિસ નહિ થાય. એની વિધિ છે એ નહિ કરે તો શિરો નહિ થાય. એમ આત્માની વિધિ રાગથી ભિન્ન પડીને પહેલો અનુભવ કરવો. એ એની વિધિ છે. પછી તેમાં ચારિત્ર કરવું એ વિધિ છે. પણ એને સમજ્યા વિના પાધરા રાગની મંદતાની ક્રિયા કરીને (માને કે, અમે) ચારિત્ર કરીએ છીએ અને અમે ધર્મી છીએ ! એ બધા છેતરવાના પિંડ છે. આ..હા..હા..હા...!

અહીં એ કહે છે – પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભાવ કરવામાં આવેલો. આત્મા આવિર્ભાવ કર્યો, (એમ કહે છે) ! એકકોર કહે કે, આત્મા ત્રિકાળ નિરાવરણ છે. ૩૨૦મી ગાથા ! ત્રિકાળ નિરાવરણ પ્રભુ છે. અખંડાનંદ સચ્ચિદાનંદ આખો પ્રભુ પડ્યો છે. એમાં નથી મેલ, નથી અપૂર્ણતા, નથી વિપરીતતા, નથી કમી. આહા...હા...! અહીં કહે છે કે, આવિર્ભાવ થયો. આવિર્ભાવ એટલે કે એના જ્ઞાનમાં નહોતો આવ્યો એ જ્ઞાનમાં – ખ્યાલમાં આવ્યો. એ તો છે ઇ છે. પણ રાગથી ભિન્ન પડીને પુરુષાર્થ દ્વારા જ્યાં આત્મા તરફ ઝુકાણો ત્યારે તેને એ આત્મા



જેવો છે એવો ખ્યાલમાં આવ્યો, એને 'પ્રગટ થયો' એમ કહેવામાં આવે છે. આવિર્ભાવ એટલે પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. હાય... હાય... ! આવી વાતું. હવે ! હજી સાધારણ વાતે સમજે નહિ અને એમાં (આ સમજવું !) બાપુ ! માર્ગ તો આ છે, પ્રભુ ! અનાદિથી રોકાઈ ગયો છે. આહા...હા...!

ક્રમબદ્ધની પર્યાયમાં પણ આ આવે છે. સમય–સમયમાં જે પર્યાય થાય તે થયા કરશે. એવો જે નિર્ણય કરવા જાય. એનો નિર્ણય દ્રવ્ય(સ્વભાવ) ઉપર જાય – જ્ઞાયક ઉપર જાય. એ પુરુષાર્થથી જ્ઞાયક ઉપર જાય (છે), આહા...હા...! જે સમયે જે પર્યાય થવાની તે થવાની. એવો નિર્ણય કરનાર(ની) જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય ત્યારે એનો નિર્ણય સાચો (થયો) કહેવાય. આહા..હા..! સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– અહીંના લોકો કહે છે, ધર્મને કાંઈક સહેલો કરીને બતાવો !

સમાધાન :– સહેલો કીધો ને ! સાકરના પાણીમાં લોટને શેકે અને પછી ઘી નાખે, તો સહેલો કહેવાય ! શિરો નહિ થાય. એને સહેલો કરવા જાય તો શિરો નહિ થાય. સમજાય છે કાંઈ ? સહેલો કરવો હોય તો પહેલા સાકરના પાણીમાં લોટને શેકવો પછી અંદર ઘી નાખવું. ત્રણે જાશે તારા ! લોટે જાશે, ઘીએ જાશે અને સાકરે જાશે – ત્રણે જાશે. પોટિસે નહિ થાય ! જે વિધિ અને રીત છે તે રીતને મૂકીને બીજી કરવા જઈશ તો કાંઈકનું કાંઈક (થશે અને) સંસાર ઊભો થશે મોટો ! આહા...!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવની વાણીમાં જે આવ્યું, તેને 'કુંદકુંદઆચાર્ય' આડતિયા તરીકે જગત પાસે જાહેર કરે છે. એ આડતિયા તરીકે છે. માલ સર્વજ્ઞ ભગવાનનો છે ! આહા...હા...! એમનો માલ તો ફક્ત મુનિપણા જેટલો છે અને સર્વજ્ઞનો પૂર્ણ છે. એ પૂર્ણ પરમાત્માએ જે કહ્યું, તે આડતિયા (થઈને), મુનિની દશામાં રહીને, કેવળજ્ઞાન થયા પહેલાં

કેવળીની વાતું એ પોતે કરે છે. સમજાણું કાંઈ ? આ..હા..હા...! 'સમજાણું કાંઈ' એ એક અહીંની ભાષા છે.

અહીં કહે છે, '**...પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...**' આહા...હા...! એકકોર એમ કહેવું કે, દ્રવ્ય છે એ તો ત્રિકાળી નિરાવરણ અને શુદ્ધ જ છે. એ ત્રિકાળી જે વસ્તુ છે એને આવરણ હોઈ શકે નહિ, ત્રિકાળીમાં રાગ હોઈ શકે નહિ. ત્રિકાળીમાં અલ્પતા હોઈ શકે નહિ, ત્રિકાળીમાં વિપરીતતા હોઈ શકે નહિ. અવિપરીત તત્ત્વ એવો અખંડાનંદ(નો) નાથ પ્રભુ ! અનાદિથી નિરાવરણ પડ્યો છે. પણ જેણે રાગથી ભિન્ન કરીને જોયો તેને આવિર્ભાવ થયો, હતો તે જાણાણો એટલે 'આવિર્ભાવ થયો' એમ કહેવામાં આવ્યું. આ..હા..હા..હા..! માર્ગ આવો છે, બાપા ! આહા..હા...! આકરો લાગે તો હળવે-હળવે સમજવો. બાપુ ! માર્ગ ધીમેથી (સમજવો) પણ સમજવા જેવી આ વાત છે. આહા...હા...!

કહે છે, ભૂતાર્થદર્શી એટલે અંતરમાં છતો પદાર્થ ભગવાનઆત્મા દ્રવ્ય-સ્વભાવ (જેવો છે) એ જેણે પુરુષાર્થ દ્વારા જોયો, એણે રાગથી ભિન્ન પાડીને વિવેક કર્યો. એ વિવેક કરવાથી એને આત્મા પ્રગટ થયો તેમ કહેવામાં આવ્યું. બાકી આત્મા તો છે તે છે – ત્રિકાળ છે. નિરાવરણ પરમેશ્વરસ્વરૂપ જ ત્રિકાળ છે. ભગવતસ્વરૂપ જ ત્રિકાળ છે. પણ રાગની એકતા તોડીને જે તેને જાણે, તેને તે આવિર્ભાવ – પ્રગટ થયો તેમ કહેવામાં આવે છે. ભાષા તો સાદી છે, ભાવ તો છે ઇ છે, બાપુ ! દુનિયાને જાણીએ છીએ ! આહા...હા...!

'**...પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે...**' લ્યો ! કહે છે, શું ખ્યાલમાં આવ્યું ? સ્વભાવિક એક જ્ઞાયકભાવ ! 'એક' જોયું ? (પહેલામાં) 'અનેક' હતું. વિશ્વ(રૂપપણાનો) અનુભવ ! અનેક એટલે પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકાર એનો અનુભવ



હતો. આમાં આ એકરૂપે છે અંદર ! આહા...હા...! '**...સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે...**' સ્વભાવિક એક જ્ઞાયકભાવપણે બિરાજે છે, પ્રભુ ! અંદર સ્વભાવિક – સહજ – અણકરાયેલ – અવિનાશી – વર્તમાન સ્વભાવથી ખાલી નહિ પણ પૂરો. એવો જે ભગવાનઆત્મા ! '**...જ્ઞાયકભાવપણાને લીધે. તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...**' સમ્યગ્દર્શન થતાં – ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત થતાં જ્ઞાયકભાવ પ્રકાશમાન છે – એવો અનુભવે છે. આ..હા..હા..હા...! ઝીણી ગાથા છે ! તમારી લખેલી છે ને ! બધા ભેગા થઈને (લખી) છે ને ! આહા...હા...!

શું કહ્યું ? રાગથી ભેદ પાડતાં, અંતર્મુખ દૃષ્ટિ કરતાં (જ્ઞાયકભાવ આવિર્ભૂત થયો). રાગની દૃષ્ટિ હતી એ બહિર્દૃષ્ટિ હતી. કેમકે અંતરમાં એ રાગ નથી, તેની તે બહિર્દૃષ્ટિથી બહિરાત્મા કહેવામાં આવતો હતો. રાગથી લાભ માનનાર, એ રાગને આત્મા માનનાર, એ બહિર્(તત્ત્વને) આત્મા માનનાર તે બહિરાત્મા છે, બહિર્આત્મા છે ! આત્માની ચીજથી બહારમાં ભમ્યો એવો એ આત્મા છે અને આ અંતર્આત્મા છે. આ..હા..હા..હા...! એ રાગથી ભિન્ન પડી અને ભેદજ્ઞાન કર્યું – આ એની વિધિ છે. આહા...હા...! તેને '**...એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.**' આહા...હા...!

મુમુક્ષુ :– આ વિધિ સિવાય ધર્મ ન થાય ?

સમાધાન :– પહેલા દાખલો તો આપ્યો ! શિરાનો ! સાકરના પાણીએ પહેલા લોટને શેકવાથી શિરો ન થાય. સાકરનું પાણી પછી તો નાખવું છે ને ? (ખરેખર તો) પહેલાં ઘીમાં લોટ શેકે પછી સાકર(નું) પાણી નાખે. પણ પેલી ડાહીની દીકરી એવી નીકળે કે, મારે સોંઘો કરવો છે, શિરો સોંઘો કરવો છે ! તે શું કરું ? પછી (પણ) સાકર(નું પાણી) નાખવું (છે) (તો) પહેલાં સાકરના પાણીમાં શેકો ! એમાં બધું જાશે તારું !

સાકરે જાશે, લોટે જાશે, શિરો નહિ થાય અને લૂપરી પણ નહિ થાય.

મુમુક્ષુ :– એ તો દૃષ્ટાંત થયો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ દૃષ્ટાંતનો સિદ્ધાંત થયો. આહા...હા...! એમ પહેલાં કાંઈક મંદ રાગની ક્રિયા કરો પછી આ થશે. એના જેવો એ દૃષ્ટાંત છે. રાગ મંદ કરો, આચરણ કરો, પહેલા કષાય મંદ કરો પછી આત્મા જણાશે ! એ સાકરમાં લોટને શેકવા જેવું અને ઘી નાખવા જેવી વાત છે ! આ..હા..હા..હા..! વાતું ઝીણી છે, પ્રભુ !

બધાનો આત્મા ભગવાન છે, ભાઈ ! ઉપરના શરીર ન જુઓ ! સ્ત્રીનું, પુરુષનું શરીર એ તો હાડકાં છે, માંસ છે. એ કાંઈ આત્મા નથી. એને ન જો પ્રભુ ! અંદરમાં રાગ થાય એ તો નવતત્ત્વમાં, જીવ–અજીવ–પુણ્ય–પાપ–આસ્રવ–સંવર–નિર્જરા– (એમાં) બંધ તત્ત્વ ભિન્ન છે. પુણ્ય–પાપ તત્ત્વ તો ભિન્ન છે. શરીર તો ભિન્ન છે (પરંતુ) પુણ્ય–પાપ પણ ભિન્ન છે. અંદર જ્ઞાયકસ્વરૂપ છે તે આત્મા છે, ભગવાન બધા બિરાજે છે જ્ઞાયક–આત્મા !

કાલે બપોરે આવ્યું હતું, બેનના (વચનામૃતમાં) ! અમે તો બધાને ભગવાન ભાળીએ છીએ. સિદ્ધસમાન જોઈએ છીએ. અમે બધાને ચૈતન્યપણે જોઈએ છીએ. અંદર ચૈતન્ય બિરાજે છે. એને ભલે ભાન ન હોય, પણ અંદર ચૈતન્ય છે, એ તો અમે જોઈએ છીએ. અમને જેવો દેખાણો, એ રીતે અમે બધાને જોઈએ છીએ. આહા...હા...! આવી વાતું છે !

જેઓ, **'...એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.'** ધર્મીજીવને સમ્યગ્દર્શનમાં પ્રથમ ધર્મની શ્રેણીમાં, રાગથી ભિન્ન પડી એકરૂપ પ્રકાશમાન જ્ઞાયક છે, જેમાં ગુણ–ગુણીનો ભેદ પણ નથી એવી અભેદ ચીજ, જે એક છે – એને ધર્મી–સમકિતી અનુભવે છે. મિથ્યાદૃષ્ટિ પુણ્ય અને પાપના રાગને વેદે છે. આહા..હા..હા..! છે ? **'...એક**



**જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.'** પ્રકાશમાન જેવો છે એવો અનુભવે છે. જેવો એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે ! (એમ કહ્યું છે). ભાષા એમાં (એ આવી છે). **'જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે.'** એ કાંઈ નવું (થયેલું) નથી. **'...જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.'** આહા...હા...!

પહેલી એની સમજણ તો કરે. એનું જ્ઞાન તો કરે કે આ ચીજ આવી છે ! પછી પ્રયોગ કરે. પણ સમજણમાં ઠેકાણાં ન મળે, ઇ કાંઈક ના કાંઈક પ્રયોગ કરે અને ઊંધે રસ્તે ચાલ્યા જાય ! આહા...હા...!

અહીં એમ કહે છે, **'...જેમાં એક જ્ઞાયકભાવ...'** આ..હા...હા...! **'...પ્રકાશમાન છે...'** 'છે' જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે તો છે – એવો અનુભવે છે. સમજાણું આમાં કાંઈ ? આહા..હા...! (અવળામાં) જ્ઞાયકભાવ છે (તેનો અનુભવ કરવાને બદલે) એ રાગના અનુભવ કરનારા (એ) જ્ઞાયકભાવને ઢાંકીને તિરોભાવ કરી નાખ્યો. છે તો છે, એમ અહીં વસ્તુ તો છે ઇ છે. પણ જ્યારે રાગથી ભિન્ન પડ્યો ત્યારે જેવો પ્રકાશમાન છે તેવો તે અનુભવે છે. આ..હા..હા..હા...!

એક-એક શબ્દની કિંમત છે ! આ તો સિદ્ધાંત છે. વીતરાગની વાણી દિવ્યધ્વનિ છે. ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવ, પરમાત્મા એના મુખથી નીકળેલી દિવ્યધ્વનિ છે. એ દિવ્યધ્વનિનો સાર ઇન્દ્રો સાંભળવા જાય છે. ગણધરો સાંભળે છે, ઇન્દ્રો સાંભળે છે, મહાવિદેહમાં અત્યારે નાગ અને વાઘ અને સિંહ, જંગલમાંથી દોડતા આવી, બધાને નિર્ભય બનાવી અને પોતે અંદર સમોસરણમાં સાંભળવા જાય છે. એ આ વાણી છે ! આ..હા..હા..હા...! સમજવા માટે ઘણી ધીરજ જોઈએ. એમ એકદમ પકડાય નહિ માટે ન સમજવું એમ નહિ. તેને ધીરજથી સમજવાનો પ્રયત્ન કરવો. કરવા જેવું આ છે, બાકી બધું થોથા છે. આહા...હા...! સરવાળો થોથા નીકળશે. મીંડા લાખ કર્યાં હોય (તોપણ) એનો સરવાળો મીંડુ

હશે. એકડા વિના લાખ મીંડા, ઇ બધા મીંડા છે ! એકડો એક હશે અને પછી મીંડુ ચડશે તો ૧૦ થાશે. એમ પહેલો આત્મા અનુભવમાં આવશે અને પછી સ્થિર થશે તો ક્રિયા – ચારિત્ર થશે, સમજાણું કાંઈ ? પણ આત્મા અનુભવ(માં) આવ્યા વિના ક્રિયાકાંડ કરે, એ તો એકલી રાગની ક્રિયા અને રખડવાની ક્રિયા છે. આહા...!

અહીં કહે છે, પોતાના પુરુષાર્થથી... આ..હા...હા..! રાગમાંથી લક્ષ છોડી દઈને, જેવો એ જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો એ અનુભવે છે. એ અનુભવે છે ઇ પર્યાય છે. વસ્તુ છે એ દ્રવ્ય છે. શું કીધું ? એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે – એ દ્રવ્ય છે. જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એ દ્રવ્ય છે. એવો અનુભવે છે એ પર્યાય છે. પર્યાય(માં) – દશામાં – અવસ્થામાં અનુભવ થાય છે. અનુભવ દ્રવ્યમાં હોતો નથી. આ હવે આવી વાત ! દ્રવ્ય તો ધ્રુવ છે. અનુભવ છે એ તો પર્યાયમાં – અવસ્થામાં હોય છે. એટલે ત્રિકાળી વસ્તુ છે, એ ઉપર જ્યારે લક્ષ જાય છે (અર્થાત્) દૃષ્ટિ જ્યાં ગઈ ત્યારે આનંદનો અનુભવ થાય – એ પર્યાય છે. દ્રવ્યનો અનુભવ હોતો નથી. દ્રવ્યનું જ્ઞાન હોય છે. જેવું દ્રવ્ય છે – આત્મા, એવું પર્યાયમાં જ્ઞાન અને શ્રદ્ધા હોય છે પણ અનુભવ પર્યાયનો હોય છે – વેદન પર્યાયનું છે. વેદન દ્રવ્યનું ન હોય (કેમકે) દ્રવ્ય ધ્રુવ છે. અરે.. અરે...! ભાવે–ભાવે ફેર ! ભાષાએ ફેર ! પ્રભુ ! તારી અંદર વિચિત્રતા અલૌકિકતા છે, નાથ ! તેં તને જોયો નથી, તને ખબર નથી. (ભૂતાર્થદર્શીઓ) અંદર જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. આહા..હા..!

**‘અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે...’** જેમ પાણીમાં કતકફળ નાખ્યું હતું ને ? નિર્મળી ઔષધિ ! પાણીમાં મેલ છૂટો પાડવા માટે નિર્મળ ઔષધિ (નાખી હતી). એમ અહીંયાં શુદ્ધનય નિર્મળ ઔષધિને સ્થાને છે. નિર્મળ ઔષધિને સ્થાને આ શુદ્ધનય છે. જેમ નિર્મળ ઔષધિથી



કાદવ અને પાણી જુદાં પડ્યાં, એમ શુદ્ધનયથી રાગ અને આત્મા જુદાં પડે છે. આહા...હા...!

ધીરે... ધીરે... પચાવવા જેવી વાત છે, બાપુ ! આહા...! આ કાંઈ વાર્તા નથી, આ તો ભગવત્કથા છે. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર જિનેશ્વરદેવ ! જેનાં તળિયાં ઇન્દ્રો ચાટે ! જેની પાસે બત્રીસ લાખ વિમાનના સ્વામી ઇન્દ્રો ગલુડિયાની જેમ બેસે ! ‘ગલુડિયા’ સમજાય છે ? કૂતરીના બચ્ચાં. તમારે શું કહે છે હિન્દીમાં ? પિલ્લા ! પિલ્લા ? એ (રીતે) નરમ થઈને પ્રભુની વાણી સાંભળે ! વીતરાગ... વીતરાગ... વીતરાગ...! વીતરાગની વાણી વીતરાગ... વીતરાગ... વીતરાગ... આવે, એ સાંભળે. અને પોતે અનુભવી છે – સમકિતી છે તો (એ સાંભળીને) પ્રમોદમાં આવી જાય છે.

અહીં એ કહે છે, જે કતકફળ હતું એને સ્થાને આ શુદ્ધનય જાણવું **‘...તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...’** જેઓ શુદ્ધનયનો એટલે શુદ્ધનયનો વિષય છે એનો આશ્રય કરે છે. અહીં ‘શુદ્ધનયનો આશ્રય કરે છે’ (એમ કહ્યું છે). નય તો પર્યાય છે પણ શુદ્ધનયનો વિષય જે દ્રવ્ય છે, એ શુદ્ધનયનો આશ્રય કરે છે (એટલે) એ જ વિષયનો – દ્રવ્યનો આશ્રય કરે છે. **‘...જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...’** (અર્થાત્) અંદર અવલંબન (લે છે). **‘...તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યક્દૃષ્ટિ છે...’** તે જીવને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. નહીંતર રાગને અનુભવ કરનારા તે મિથ્યાદૃષ્ટિ છે.

વિશેષ કહેવાશે...

## પ્રવચન-૪, ગાથા – ૧૧

આ 'સમયસાર'ની અગિયારમી ગાથા છે. એકદમ સારમાં સાર ચીજ છે. અહીંયાં ત્યાં સુધી આવ્યું છે '**...જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.**' જેમાં પરવસ્તુનો તો સંયોગ નથી, પણ રાગનો દયા, દાનના વિકલ્પનો પણ જેને સંયોગ નથી. જેની દૃષ્ટિ પર્યાય ઉપરથી પણ ઊઠી ગઈ છે. પર્યાય ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઈ છે અને એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે. આહા...હા...! કરવાનું આ છે. મૂળ વસ્તુ આ !

એક જ્ઞાયકભાવ, જાણકસ્વભાવ નિત્યાનંદ પ્રભુ ! એક એવો છે એને અનુભવે છે. અનુભવ છે એ પર્યાય છે. ત્રિકાળી છે એ જ્ઞાયકભાવ પ્રકાશમાન દ્રવ્ય છે. ત્રિકાળી વસ્તુ છે એ ચૈતન્યના પ્રકાશનું પૂરનું તેજરૂપ ધ્રુવ છે, એને અહીં 'દ્રવ્ય' કહે છે. સમકિતીની દૃષ્ટિ એ દ્રવ્ય ઉપર જાય છે. તેથી તેને પર્યાયમાં -- અનુભવમાં, અતીન્દ્રિય આનંદના વેદનમાં, જ્ઞાયકભાવ જ જણાય છે. ઝીણી વાત છે, ભાઈ ! જ્ઞાયકભાવ જે ચિદાનંદ પ્રભુ ! એના અનુભવમાં – પ્રથમ ધર્મની શરૂઆતમાં – પહેલે દરજ્જે સમ્યગ્દર્શનમાં એ જ્ઞાયકભાવ ધ્રુવ છે, પ્રકાશમાન ચૈતન્ય તત્ત્વ છે, તે તેની પર્યાયમાં અનુભવમાં આવે છે. અનુભવ એ પર્યાય છે, અનુભવ એ દ્રવ્ય નથી.

આચાર્ય તો ત્યાં સુધી કહે છે, ('પ્રવચનસાર') ૧૭૨(મી ગાથા)



છે ને ? અલિંગગ્રહણ... અલિંગગ્રહણ ! ઝીણી વાત છે, ભગવાન ! આત્મા – દ્રવ્ય જે વસ્તુ છે તેને એ સ્પર્શતો નથી. ફક્ત તેની પર્યાય જે આનંદ અને શાંતિની છે તે આત્મા છે, એમ ૨૦મા બોલમાં, 'પ્રવચનસાર'માં ૧૭૨ ગાથામાં કહ્યું છે. શું કહ્યું ? અહીં કહ્યું કે, પ્રકાશમાન આત્મા છે તેનો અનુભવ છે. હવે એ અનુભવ પર્યાયનો છે. અતીન્દ્રિય આનંદનું વેદન છે એ અનુભવ છે. પણ અનુભવનો વિષય છે એ ત્રિકાળી જ્ઞાયક છે અને વીસમા બોલમાં એમ કહ્યું કે એ જ્ઞાયકભાવ જે દ્રવ્ય – વસ્તુ છે તેને તે સ્પર્શતો નથી. વર્તમાન આનંદનું વેદન છે તે આત્મા છે. શું કહ્યું સમજાણું ? પર્યાયમાં ત્રિકાળી ચીજની દૃષ્ટિ કરતાં વર્તમાન આનંદનું વેદન આવે (તે આત્મા છે). પર્યાય તે દ્રવ્યને અડ્યા વિના, સ્પર્શ્યા વિના, આત્મા પોતાના અનુભવની દશામાં, આત્મ–દ્રવ્યને સ્પર્શ્યા વિના એ અનુભવ જે થાય તે આત્મા છે. આહા...હા...!

મુમુક્ષુ :– અનુભવ કો હી આત્મા કહા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આત્મા છે ! પર્યાય(માં) વેદન થાય, અતીન્દ્રિય આનંદનું વેદન આવે તે આત્મા ! જોકે તેનો વિષય ભલે ધ્રુવ દ્રવ્ય છે – ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. ઝીણી વાત છે, ભગવાન ! પણ એ દ્રવ્યનો અનુભવ હોઈ શકે નહિ, કેમકે દ્રવ્ય છે એ ધ્રુવ છે. ધ્રુવ છે એનો અનુભવ ન હોઈ શકે. ધ્રુવના લક્ષે વર્તમાન પર્યાયમાં, અતીન્દ્રિય આનંદનું વેદન આવે, અને તેથી આનંદની વેદનદશા, તે દ્રવ્યને અડતી નથી. આહા...હા...! 'છૂતી નહિ હૈ !' 'છૂતી નહિ હૈ' એમ કહેને તમારે હિન્દીમાં ? એ આનંદની વેદનદશા... આ..હા..હા...! ત્રિકાળી દ્રવ્યને સ્પર્શતી નથી, એને અહીંયાં 'આત્મા' કહેવામાં આવે છે. દ્રવ્ય (ઉપર દૃષ્ટિ) મૂકીને જે અનુભવ થયો... આહા...હા...! ઝીણી વાત, પ્રભુ ! ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકસ્વરૂપને ધ્યેય બનાવી અને જે અનુભવ થયો, એ અનુભવ છે એ દ્રવ્યને અડતો નથી. કારણ કે દ્રવ્ય એ ધ્રુવ છે. ધ્રુવનું

વેદન હોઈ શકે નહિ, આહા...હા...! આ અનુભવે છે એ પર્યાયની વાત છે. ઝીણી વાત છે, ભાઈ ! ભાષા ટૂંકી છે પણ ભાવ અંદર ઘણાં ગંભીર છે ! આહા...!

આત્મા ! અંદર આત્મદ્રવ્ય અને પર્યાય બે થઈને આત્મા છે – પ્રમાણનો વિષય ! ત્રિકાળી દ્રવ્ય–ધ્રુવ (અને) વર્તમાન દશા – બે પ્રમાણનો વિષય છે. પણ એમાંથી નિશ્ચયનયનો વિષય ધ્રુવ છે – ત્રિકાળી ધ્રુવ ! નિત્યાનંદ પ્રભુ ! તેને ધ્યેય બનાવીને જે પર્યાયમાં રાગનું વેદન અનાદિથી હતું. વિકારના દુઃખનું વેદન હતું, એના સ્થાનમાં, દ્રવ્યને ધ્યેય બનાવીને, આનંદનું વેદન પર્યાયમાં આવ્યું, એ આનંદનું વેદન તે આત્મા છે, એમ કહ્યું. ધ્રુવ આત્મા છે એને એકકોર રાખી દીધું. આહા..હા..! સમજાય છે કાંઈ ? વાત ઝીણી, બાપુ ! અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે.

ધ્રુવ છે ધ્રુવ, એને ભલે વર્તમાન દશા ધ્યેય (બનાવે), રાગ–વિકલ્પ અને સંયોગથી ખસી જઈને, હઠી જઈને, વર્તમાન દશા ત્રિકાળની તરફ ફરે, ત્રિકાળ તરફ ઢળે, છતાં તે દશા ત્રિકાળીને અનુભવે નહિ. આહા...હા...! કારણ કે ત્રિકાળી છે તે ધ્રુવ છે. ધ્રુવમાં પલટો અને બદલવું એ હોતું નથી. પલટો અને બદલવું એ અનુભવ પર્યાયમાં હોય છે. એ પર્યાયમાં અનુભવ આવે, એ અનુભવ દ્રવ્યને અડ્યા વિના આવે છે. આહા...હા...! ભારે ઝીણી વાત આવી !

આ અગીયારમી ગાથા (તમે) માગી છે ને ! તમે લખી છે કે, છઠ્ઠી અને અગિયારમી (ગાથા) વાંચવી, અગિયારમી ગાથાનું રહસ્ય આ છે. આહા...હા...! શરીર એકબાજુ રહી ગયું. કર્મ એકબાજુ રહી ગયા, રાગનો વિકલ્પ એકબાજુ રહી ગયો. પર્યાયનો આશ્રય પણ એકબાજુ રહી ગયો, એ પર્યાયનો આશ્રય એકબાજુ રહી ગયો, પણ પર્યાયે આશ્રય કર્યો ધ્રુવનો ! અને ધ્રુવનો આશ્રય કરવા છતાં, એ ધ્રુવનું વેદન ન



આવે. આહા...હા...! સમજાય છે કાંઈ ? વેદન છે એ અનુભવ (છે) એ આનંદનું વેદન આવે છે, એમાં પ્રતીતિ થાય તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. તેને ધર્મની શરૂઆત – પહેલામાં પહેલી શરૂઆત (કહે છે). એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. ભાષા જરી આકરી છે પણ ભાવ જરી (ઊંડા છે) ! વસ્તુ એવી છે, બાપુ ! આહા...હા...!

અનંતકાળથી એણે વર્તમાન પર્યાયમાં જ રમતું માંડી છે. પર્યાય એટલે અવસ્થા. અવસ્થા એટલે હાલત–દશા, એમાં જ એની રમત છે એટલે એની દૃષ્ટિ જાય તો રાગ ઉપર જાય. પણ એ પર્યાયની દૃષ્ટિ રાગ ઉપર છે તેને છોડી, અને પછીની પર્યાયને પ્રગટ કરીને દ્રવ્ય તરફ ઢળે છે, ત્રિકાળી દ્રવ્ય તરફ ઢળે છે ત્યારે જે અનુભવ થાય છે તે અનુભવ અતીન્દ્રિય આનંદનું વેદન છે અને તેને અહીંયાં 'આત્મા' કહ્યો છે. પેલા ધ્રુવને આત્મા (નથી કહ્યો). ધ્રુવનો આત્મા ધ્રુવપણે રહી ગયો. આહા...હા...! સમજાય છે કાંઈ ?

(અહીંયાં કહે છે) **'અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે...'** જેમ પાણી અને કાદવ (ભેગા થઈ ગયા હોય) એમાં નિર્મળી ઔષધિ નાખવાથી બે જુદાં પડી જાય છે, એમ આ શુદ્ધનય આત્મા તરફ ઢળવાથી રાગ અને આત્મા બંન્ને જુદાં પડી જાય છે. થોડી ભાષા એવી છે ! એ 'છે' અને 'હૈ' એમાં થોડો થોડો ફેર (પડી જાય છે) ! આહા...હા...! એ શુદ્ધનય અહીંયાં કતકફળના સ્થાને છે. કતકફળ એટલે નિર્મળી ઔષધિ. એ ગાંધીની દુકાને મળે. જળમાં કાદવ હોય એને જુદો પાડવો હોય, તો એ નિર્મળી ઔષધિ નાખવાથી એ જુદું પડે. એમ આત્મામાં અંતર શુદ્ધનય એટલે ત્રિકાળી વિષય લક્ષમાં લે, તો એ રાગથી જુદો પડી જાય. ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી શરૂઆત ત્યારથી થાય. બાકી બધા બહારનાં થોથાં છે. ભક્તિ, વ્રત, પૂજા, દાન બધું આવે, પણ એ વસ્તુ રાગ છે. એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. અરે...! સમ્યગ્દર્શન

પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. આહા...હા...! એથી તે દ્રવ્ય, એનો વિષય હોવા છતાં, તે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ હોવા છતાં, એ સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નહિ હોવા છતાં, ધ્રુવને અડ્યા વિના અનુભવ કરે તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે.

ઝીણી વાત છે, ભગવાન ! ધર્મની દશા બહુ ઝીણી છે, ભાઈ ! એ બહારની ધમાધમ (જેટલી સ્થૂળ નથી). 'ધર્મને નામે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' અંદર જ્ઞાનમાર્ગ દૂર રહી ગયો, બહારની ધમાધમ ચાલી. વ્રત ને નિયમ ને પચખાણ ને ભક્તિ ને પૂજા ને એ તો બધી રાગની ક્રિયા છે. આહા...! આવે... હોય... છતાં તેનો આશ્રય લેવો જેવો નથી. આહા..હા...!

અહીં તો (કહે છે કે) **'...શુદ્ધનયનો આશ્રય કરે છે...'** છે ? **'...તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી)...'** જે ત્રિકાળી જ્ઞાયકભાવ, શુદ્ધ ચૈતન્ય ધાતુ જેણે ધારી રાખી છે, આનંદ અને જ્ઞાન(સ્વરૂપ) એવો જે આત્મા, એનો જેણે વિષય કર્યો – એનો આશ્રય કરે છે તેઓ સમ્યક્ અવલોકન કરતાં હોવાથી, તે જ સાચું અવલોકન કરે છે. શું કીધું ? ત્રિકાળી જ્ઞાયકને જે અવલોકે છે તે સમ્યક્ અવલોકે છે. આહા...હા...હા...! શાસ્ત્રના જાણપણાં પણ એકબાજુ રહી જાય છે. એ ત્યાં કામ કરતા નથી. આહા..હા...! ભણતરની વાત આવે, પણ અગિયાર અંગનું જ્ઞાન પણ અનંતવાર કર્યું છે. શાસ્ત્રના અગિયાર અંગ છે. એક–એક અંગમાં ૧૮,૦૦૦ પદ છે અને એક–એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક છે. એવા અગિયાર અંગ પણ અનંતવાર કર્યાં ! પણ (સ્વરૂપને) ઓળખ્યું નહિ.

અંદર જે આનંદનો નાથ ભર્યો છે. આહા...હા...! આહા...હા...! સચ્ચિદાનંદ પ્રભુ ! એનો આશ્રય કરે છે **'તેઓ જ'**... **'તેઓ જ સમ્યક્**



**અવલોકન કરતા (હોવાથી)...'** એ જાણપણામાં સાચું જ્ઞાન કરવાથી, પર્યાયમાં દ્રવ્યને બરાબર જોવાથી તેને સમ્યગ્દૃષ્ટિ છે, એમ કહેવામાં આવે છે. એ ધર્મને ચોથે ગુણસ્થાને (છે). મેડીએ ચડવામાં જેમ દાદરાનાં ચૌદ પગથિયાં હોય, સીઢીના ! એમ આ ચોથું પગથિયું છે. હજી ચોથું – આ સમ્યગ્દર્શન ! ત્રિકાળી દ્રવ્યને જોઈને અનુભવ કરતાં સમ્યગ્દર્શન (પ્રગટ થાય) છે. આહા...હા..! આને સમ્યગદર્શન કહે છે. બાકી બધી ઉપરની વાતું હોય (એ) બધી જાણવાલાયક છે. એ કંઈ આદરવાલાયક નથી. આહા...હા...!

(હવે કહે છે) **'...પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ)...'** 'સર્વથા' શબ્દ કેમ લીધો છે ? (કેમકે) પર્યાય છે, રાગ છે, એ નથી એમ નહિ. છે એટલું લક્ષ રાખીને, એનો આશ્રય જે કરે છે અને ત્રિકાળનો આશ્રય કરતાં નથી તે મિથ્યાદૃષ્ટિ છે. તેઓ સમ્યગ્દૃષ્ટિ નથી. છે ? તે **'...સમ્યગ્દૃષ્ટિ નથી.'** આ..હા..હા..હા..! ધર્મની શરૂઆત પણ તેને થઈ નથી. પર્યાયમાં અશુદ્ધતા છે, પર્યાય છે એવું લક્ષ રાખે પણ લક્ષ રાખવા છતાં, આશ્રય તો ત્રિકાળીનો હોય છે. એ ત્રિકાળીનો આશ્રય કરે નહિ અને પર્યાયના આશ્રયમાં પડે અને દયા, દાન આદિ રાગના રંગમાં રંગાય, તે સમ્યગ્દૃષ્ટિ નથી. આહા...હા...! આવી વાતું છે. છે (પાઠમાં) ?

**'માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ...'** આહા...હા...! ભગવાન ! એને કર્મથી જુદો દેખનારાઓ... કર્મ વસ્તુ છે પણ એનાથી ભગવાનઆત્મા ભિન્ન છે. તેથી કર્મથી બહારમાં અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો ગમે તે આવો, પણ આત્માની અંદર કર્મની અસર જરીએ નથી. આત્મા તો ત્રિકાળી નિરાવરણ દ્રવ્યસ્વભાવ, આવરણને અડ્યા વિનાનો ત્રિકાળી નિર્મળ સ્વભાવ છે. આ...હા...હા...! **'...કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ...'** આહા...હા...! 'કર્મ' શબ્દે તો રાગેય આવી જાય છે.

દયા, દાનનો રાગ પણ કર્મમાં આવી જાય છે. એ કર્મથી ભિન્ન દેખતા, રાગથી પણ ભિન્ન થઈ જાય છે. ઝીણી વાત છે જરી !

છઠ્ઠી ગાથામાં એ આવ્યું હતું કે, પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યનું લક્ષ કરે. પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યનું (લક્ષ) કરે. ત્યારે એમાં રાગનું લક્ષ છોડીને (સ્વદ્રવ્યનું લક્ષ કરે) એમ ન આવ્યું. પણ અંદર પરદ્રવ્યનું લક્ષ છોડીને આત્માનું (લક્ષ) કરે એમાં રાગનું લક્ષ પણ છૂટી જાય છે. વાત સમજાય છે ? આહા...હા...! આ તો ભગવાનની વાણી ઝીણી છે, બાપુ ! આહા...હા...!

ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેશ્વર પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે, ત્યાં આગળ સંવત ૪૯માં 'કુંદકુંદઆચાર્ય' ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. ત્યાંથી સાંભળીને (આ 'સમયસાર' બનાવ્યું છે). હતાં તો સાચા સંત ! સમકિતી મુનિ ! પણ વિશેષ નિર્મળતા (અર્થે) ભગવાનની વાણી સાંભળી અને કેટલીક (વાત) તો શ્રુતકેવળીઓ સંતો હતાં, એની પાસે થઈ કેટલોક પરિચય કરી અને અનુભવ કરીને આવ્યા અને આ શાસ્ત્રો લખ્યું. **ભગવાનનો આ સંદેશ છે** ! આ..હા..હા...હા...! મહાવિદેહમાં સાક્ષાત્ ત્રણલોકના નાથ વર્તમાન બિરાજે છે... 'સીમંધરસ્વામી !!' આહા...હા...હા...! ત્યાં જઈને (લાવેલી) આ વાણી છે ! આ તો વીતરાગની જ વાણી છે. 'કુંદકુંદઆચાર્ય' પોતે તો આડતિયા છે – વચલો માલ દેનારા છે, વસ્તુ છે ભગવાનના ઘરની. આહા..હા...! આવું આકરું કામ !

'...**બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ)**...' 'સર્વથા' કેમ લીધું છે ? (કેમકે) અશુદ્ધ છે ખરું, જાણવા જેવું છે પણ આશ્રય કરવા જેવું નથી. પર્યાય છે, રાગ છે એ લક્ષમાં રાખવા જેવી વાત છે. નથી જ એમ કરે તો તો એની પર્યાયનો નાશ થાય (અને પર્યાયનો નાશ થાય) તો દ્રવ્યનો પણ અભાવ થઈ જાય. એ અશુદ્ધતા, પર્યાય, રાગ છે, તે લક્ષમાં રાખીને, તેનો આશ્રય છોડીને ત્રિકાળનો આશ્રય



કરવો. જે સર્વથા અશુદ્ધનો આશ્રય કરે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા...હા...! જે પર્યાયનો – વર્તમાન દશાનો આશ્રય કરે કે દયા, દાનના વિકલ્પનું અવલંબન લઈને સમકિત થશે એમ માને, એ સમ્યગ્દૃષ્ટિ નથી. આહા...હા...! આવી વાતું છે !

'**માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.**' વ્યવહાર છે ખરો ! પર્યાય છે, રાગ છે પણ કર્મથી ભિન્ન દેખનારા ધર્મીએ – સમ્યગ્દૃષ્ટિ – ધર્મની શરૂઆતવાળાએ, એ વ્યવહારનય અંગીકાર કરવાલાયક નથી. વ્યવહારનયને અનુસરવા લાયક નથી. પર્યાય અને રાગ તરફ વળવા જેવું નથી. આ..હા..હા..હા...!

ઝીણી વાત છે, ભાઈ ! આ કાંઈ ભણી જાય માટે આવડી જાય એવી આ વાત નથી. અગિયાર અંગનું ભણતર અનંતવાર કર્યું. કીધું ને ! (એક અંગમાં) ૧૮,૦૦૦ પદ અને એક–એક પદના ૫૧ કરોડ શ્લોક. ૫૧ કરોડ ! એવા એવા આચારંગ ડબલ, સૂયગડાંગ ડબલ, ઠાણાંગ... (એવા) અગિયાર અંગનું જ્ઞાન અનંતવાર કર્યું. (છતાં) પર્યાયનો આશ્રય છોડ્યો નહિ અને દ્રવ્યનો આશ્રય લીધો નહિ. એ પર્યાયના આશ્રયમાં જ સંતોષાઈ ગયો. રાગની મંદતા, શાસ્ત્રનું જ્ઞાન, દેવ, ગુરુની શ્રદ્ધા એમાં રોકાઈ ગયો એથી તે સમ્યગ્દૃષ્ટિ નથી. કહો ! સમજાય છે કાંઈ ? છે ? પણ બીજા '**...સમ્યગ્દૃષ્ટિ નથી.**' સ્વના આશ્રય વિનાના જેટલા પરનો આશ્રય અને પર્યાયનો આશ્રય કરે, તે સમ્યગ્દૃષ્ટિ – ધર્મી નથી. આ..હા..હા..હા...! આ એની ટીકા થઈ. હવે એનો ભાવાર્થ. છે ને એમાં ભાવાર્થ ?

'**અહીં વ્યવહારનયને અભૂતાર્થ...**' (કહ્યો છે). પર્યાય છે તેને જૂઠી કીધી, અભૂતાર્થ એટલે 'નથી' કીધી, '**...અને શુદ્ધનયને (ત્રિકાળીને) ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય,...**' વ્યવહાર કોને કહીએ ? કે, જેનો વિષય છે નહિ એને વ્યવહાર કહીએ. અત્યારે એ અપેક્ષા

છે. જેનો વિષય વિદ્યમાન ન હોય (એટલે) ત્રિકાળપણે ન હોય, એક સમયની પર્યાયપણે હો, આહા...હા..! જેનો વિષય ત્રિકાળી વિદ્યમાન ન હોય અને એક સમયની પર્યાય પૂરતો હોય, એ **'...અસત્યાર્થ હોય,...'** એને અસત્યાર્થ કહેવામાં આવે છે. એક સમયની પર્યાયને અસત્યાર્થ કહેવામાં આવે છે અને ત્રિકાળી દ્રવ્યને ભૂતાર્થ – સત્યાર્થ કહેવામાં આવે છે. આહા..હા...! અસત્યાર્થ (હોય) **'તેને અભૂતાર્થ** (જૂઠો) **કહે છે.'**

**'વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે...'** વ્યવહાર એટલે પર્યાય અને રાગ. એ વ્યવહારનયનો વિષય છે અને એને જૂઠો કહેવાનો આશય એવો છે કે, **'...શુદ્ધનયનો વિષય...'** (એટલે) સમ્યગ્દર્શનનો વિષય, વિષય એટલે તેનું લક્ષ, વિષય એટલે તેનું ધ્યેય, વિષય એટલે જેનું આલંબન, સમ્યગ્દષ્ટિનું આલંબન **'...શુદ્ધનયનો વિષય અભેદ...'** છે. આહા...હા...! શું કહ્યું ઇ સમજાણું ? અંતર સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનો વિષય અભેદ આત્મા છે. એમાં ભેદ દેખાય નહિ. ભેદ દેખાઈ જાય તો એ વ્યવહારનય થઈ ગયો. અને (અહીંયાં) વ્યવહારનય છે (તેને) અભૂતાર્થ કહી (તેનો આશ્રય) છોડાવવા માગે છે અને સત્યને ભૂતાર્થ કહી અને આશ્રય લેવડાવે છે. સમજાય છે કાંઈ ? આહા...હા..! આવી વાતું ઝીણી !

મનુષ્યપણું પામીને જો આ ન કર્યું. સોયમાં દોરો ન પોરોવ્યો તો એ સોય ખોવાઈ જશે. સોય... સોય ! એમાં દોરો પરોવે તો નહિ ખોવાય. કારણ કે ચકલી આદિ એના માળામાં લઈ જાય. પણ દોરો છે ને એને એની ખબર પડે કે આ દોરો આપણો છે (માટે) આ સોય અહીં છે. 'દોરો' સમજાય છે ? ધાગો ! ધાગો જેમાં પરોવેલો હોય એ સોય નહિ ખોવાય અને ધાગો પરોવ્યો નથી એ સોય ખોવાઈ જશે. એમ જેણે સમ્યગ્જ્ઞાનરૂપી ધાગો પ્રગટ નથી કર્યો એ ચોરાશીના અવતારમાં ખોવાઈ જશે. આહા...હા...!



ત્રિકાળ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! એ અભેદને જેણે વિષય નથી કર્યો (એ ચોરાશીમાં ખોવાઈ જશે). કેમકે શુદ્ધનયનો વિષય તો અભેદ છે. અભેદ એટલે એમાં પર્યાય પણ ન આવે, રાગ ન આવે પણ ગુણી આત્મા અને જ્ઞાનગુણ, એવો ભેદ પણ એમાં ન આવે. આહા...હા...! ગુણી (એટલે) ગુણનો ધરનાર પ્રભુ અને એનો આ જ્ઞાન અને આનંદ ગુણ, એવો ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નહિ. આ..હા..હા...! એને આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. તેથી શુદ્ધનયનો વિષય અભેદ છે. આ..હા...! માલ–માલ છે આ તો એકલો !!

શું થાય, પ્રભુ ! આનો બીજો હળવો માર્ગ કરવા જાય તો કાંઈ થાય એવુ નથી. કાલ કહ્યું નહોતું ? હળવું કરવા જાય તો શિરો (પણ ન થાય) ! પહેલા સાકરના પાણીમાં લોટ શેકે... શિરો સોંઘો પડે (માટે). (પણ એ રીતે તો) શિરો જ થાય નહિ. લૂપડી પણ ન થાય !! સમજાણું કાંઈ ? એમ આ વિધિ વિના બીજી વિધિ કરવા જશે, તો અંદર પુણ્ય પણ સરખું નહિ બંધાય. ધર્મ તો નહિ (થાય) પણ પુણ્ય પણ સરખું નહિ બંધાય, એમ કહે છે ! સમકિતીને જે પુણ્ય બંધાય એ પુણ્યાનુબંધી પુણ્ય હોય છે. આત્માનું દર્શન થયું, અભેદ(ને) વિષય કર્યો છતાં હજી વીતરાગતા થઈ નથી તેથી વચ્ચે ભક્તિ આદિનો રાગ આવ્યા વિના રહેતો નથી. પણ તે રાગને 'પુણ્યાનુબંધી પુણ્ય' કહે છે. એનાથી પુણ્યબંધ થશે ભવિષ્યમાં અનુકૂળ સંયોગો મળશે અને તેમાં – (તેની) રુચિમાં રોકાઈ નહિ જાય. અજ્ઞાનીના પુણ્યને 'પાપાનુબંધી પુણ્ય' કહે છે. જેને આત્મદર્શન અને આત્મજ્ઞાનનો આશ્રય નથી, એના દયા, દાનના પુણ્યને પાપાનુબંધી (પુણ્ય કહે છે). કેમકે એ પુણ્યથી બહાર સંયોગ મળશે અને એ સંયોગ(ની) રુચિમાં ગૂંચાઈ જશે. આહા...હા...! એમાં ઘેરાઈ જશે ! પછી ચારગતિમાં પરિભ્રમણ કરશે, આહા...હા...! આ વાત આવી જુદી જાતની છે, બાપુ ! જગતથી જુદી છે.

શું કહ્યું ? '**વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે – શુદ્ધનયનો વિષય...**' સમકિત–દર્શન, સમ્યગ્દર્શનનો વિષય એટલે ધ્યેય '**...અભેદ...**' છે. એમાં ગુણ–ગુણીનો ભેદ પણ સમ્યગ્દર્શનના વિષયમાં નથી. આહા..હા..હા...! આવું છે ! '**...એકાકારરૂપ...**' છે. અભેદની વ્યાખ્યા વિશેષ કરી (કે) એકાકારરૂપ છે. એકરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ ! અનાકુળ આનંદ અને અનાકુળ જ્ઞાનની મૂર્તિ પ્રભુ ! એકરૂપ તે સમ્યગ્દર્શનનો વિષય છે. શુદ્ધનયનો (વિષય) કહો કે સમ્યગ્દર્શનનો (વિષય) કહો, (બન્ને એકાર્થ છે). '**...એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે,...**' જોયું ? નિત્ય જે છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન પોતે પર્યાય છે પણ એનો વિષય છે તે દ્રવ્ય છે. આહા...! આવો ઉપદેશ છે !

અભેદ, એકાકારરૂપ અને નિત્ય દ્રવ્ય છે. શુદ્ધનય એટલે સમ્યગ્દર્શનનો વિષય નિત્ય છે. ત્રિકાળ દ્રવ્ય છે તે નિત્ય છે (તે) એનો (સમ્યગ્દર્શનનો) વિષય (છે). આહા...હા...! ધર્મની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન પોતે પણ પોતાનો વિષય નથી. આ..હા..હા...! આ અગિયારમી ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે ! અભેદ એકાકાર એકરૂપ અંદર ચિદાનંદસ્વરૂપ (છે) જેમાં આત્મા જ્ઞાન છે એવો ભેદ પણ દેખાય નહિ. અભેદ એકકાર દેખાય એવો નિત્ય (છે). '**...તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી;...**' શું કહ્યું ઇ ? વ્યવહારને જૂઠો કેમ કહ્યો ? વ્યવહારને અસત્યાર્થ કેમ કહ્યો ? કે નિત્ય (સ્વરૂપની) દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. અંતર સ્વરૂપ જે આત્મા ! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એકરૂપ અભેદ નિત્ય દ્રવ્ય ! તેના વિષયમાં ભેદ દેખાતો નથી. એકલી અભેદ દૃષ્ટિ થાય છે. આ..હા..હા...! ભાષા ભલે ગુજરાતી છે પણ એમાં કંઈ બહુ આકરી ભાષા નથી. '**...તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી;...**' કોની દૃષ્ટિમાં ? સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી અભેદ એકાકાર નિત્ય તેની દૃષ્ટિમાં અભેદ દેખાય છે, એ અભેદમાં ભેદ દેખાતો નથી.



'**...માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.**' વ્યવહારને જૂઠો આ કારણે કહ્યો. નહિતર વ્યવહાર નથી, એમ નહિ. પર્યાય છે, દયા, દાન આદિના પરિણામ પણ છે (છતાં) એને જૂઠો કેમ કહ્યો ? (કેમકે) દૃષ્ટિનો વિષય જે અભેદ અનુભવ છે, તેમાં ભેદ દેખાતો નથી, માટે વ્યવહારને જૂઠો કહેવામાં આવે છે. આ..હા..હા...! આ એક–એક અક્ષર સમજવા જેવો છે, બાપુ ! એક અક્ષર(નો) ફેર પડે તો આખા તત્ત્વ(માં) ફેર પડી જાય એવું છે. આ કોઈ વાર્તા નથી, આ તો ભગવત્‌કથા છે ! આ..હા..હા...!

જેની દૃષ્ટિમાં અભેદ વસ્તુ દેખાય છે તેને ભેદ દેખાતો નથી. તેથી તેને વ્યવહાર જૂઠો કહેવામાં આવ્યો છે. અભેદમાં ભેદ દેખાતો નથી માટે વ્યવહારને જૂઠો કહ્યો છે. ભેદ નથી, એમ નહિ. આત્મા વસ્તુ છે એમાં અનંત ગુણ છે એટલો ભેદ છે. એટલો ગુણી (અને) ગુણનો ભેદ છે. પણ અભેદ દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી તેથી વ્યવહારનયને અભેદદૃષ્ટિની અપેક્ષાએ, જૂઠો કહેવામાં આવ્યો છે. આ..હા...હા...!

આવું હવે ક્યાં (સાંભળવા મળે છે ?) ! બહારની ધમાધમ ! 'ધર્મને નામે ધમાધમ ચાલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર !' અંતરનો સ્વરૂપનો અનુભવ, એ દયા, દાન, વ્રત અને વ્યવહાર રત્નત્રયથી પણ પમાય એવો નથી. વ્યવહાર રત્નત્રય એટલે શું ? દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા, શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા અને તેનું જ્ઞાન અને તેના આચરણમાં રાગની મંદતા, એવું અનંતવાર આવ્યું છે, એવું અનંતવાર કર્યું છે. આહા..હા...! પણ એમાં અભેદ દૃષ્ટિ આવતી નથી (તેથી) સમ્યગ્દર્શન (થતું) નથી. એથી ચારગતિના ચોરાશીના અવતારમાં રખડ્યા કરે છે, આહા...હા...!

એ અહીં કહે છે, અભેદ દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી માટે તેની દૃષ્ટિમાં ભેદને જૂઠો કહેવો જોઈએ – આ અપેક્ષાએ ! વ્યવહાર તદ્દન

ન હોય તો પછી પર્યાય જ ન હોય. પર્યાય પોતે વ્યવહાર છે. વસ્તુ ત્રિકાળી છે તે નિશ્ચય છે અને એક સમયની પર્યાય છે (તે વ્યવહાર છે). અરે...! કેવળજ્ઞાન છે એ પણ વ્યવહાર છે ! કેમકે એ પર્યાય છે (અને) પર્યાય છે તે એક સમયની મુદતવાળી છે. કેવળજ્ઞાન પણ એક સમયની મુદતવાળું છે. બીજે સમયે બીજું કેવળ... ત્રીજે સમયે ત્રીજું કેવળ... એવું ને એવું, પણ એ નહિ. ઇ શું કહ્યું ? કેવળજ્ઞાન થાય એની મુદ્દત પણ એક સમયની જ છે. એવું ને એવું બીજે સમયે થાય, પણ એ ન થાય. આહા...હા...! સમજાણું કાંઈ ? એથી અહીં ભેદને વ્યવહારનય કહ્યો છે. એ કેવળજ્ઞાન પણ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. એ નિશ્ચયનો – સમ્યગ્દર્શનનો વિષય નથી, આ..હા..હા...! સમજાણું કાંઈ ?

'નિયમસાર'માં 'શુદ્ધ અધિકાર'માં એક અધિકાર આવ્યો છે. એમાં એવું આવ્યું છે કે, સંવર, નિર્જરા અને મોક્ષ, કેવળજ્ઞાન એ પણ નાશવાન છે, કેમકે (તેની) એક સમયની મુદ્દત છે અને વસ્તુ ધ્રુવ છે એ ત્રિકાળ અવિનાશી છે. એ ત્રિકાળ અવિનાશીને અમે 'નિશ્ચય–આત્મા' કહીએ (છીએ) અને પર્યાયને 'વ્યવહાર–આત્મા' કહીએ (છીએ). ભલે કેવળજ્ઞાન હોય તોપણ એ વ્યવહાર એક સમયની અવસ્થાની મુદતવાળો છે. એ કેવળજ્ઞાન રહે સાદિઅનંત, પણ એનું એ ન રહે, પલટતું રહે. પહેલા સમયમાં (જે) કેવળજ્ઞાન હોય એ બીજા સમયમાં કેવળજ્ઞાન (એનું એ) ન રહે, બીજું થાય, આવી ઝીણી વાતું છે, બાપુ !

એથી કહે છે – અભેદની દૃષ્ટિ કરતાં (તેમાં ભેદ દેખાતો નથી). એમાં – ગુણીમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ છે. 'ગુણી' એટલે આ તમારી ચોખાની ગૂણી, ઘઉંની ગૂણી એ નહિ. આ તો ગુણનો (ધરનારો) ગુણી ! અનંત ગુણનો (ધરનાર) ગુણી એવું જે દ્રવ્ય ! આહા...! એ દ્રવ્યમાં અનંત ગુણ છે. દ્રવ્યમાં એકરૂપે અનંત ગુણ છે, પણ અભેદની



દૃષ્ટિ કરતાં તે અભેદ (સ્વરૂપમાં) અનંત ગુણના ભેદપણું દેખાતું નથી, માટે તેને – વ્યવહારને જૂઠો (કહ્યો છે). અભેદમાં ભેદ દેખાતો નથી. માટે વ્યવહારને જૂઠો કહ્યો છે. પણ વ્યવહારનો વિષય નથી જ, ભેદ નથી જ, એમ નહિ.

આહા...હા...! સમજાય છે કાંઈ આમાં ? આમાં સમજાય છે ? બહારના ડહાપણ કરીને (બહારનું) તો આખી દુનિયા સમજે, કાપડનો વેપાર મોટો કરે કરોડોનો ! .... આમ કરે ને તેમ કરે ને આમ કર્યું ને આ કર્યું... આ..હા...! એની ઘડ... ઘડ પાડે છે ને ! આ કાપડને શું કહેવાય ? શું કહેવાય ઇ ? (મુમુક્ષુ :– પાટલા અટલસના ! ) અટલસ... અટલસ ! અટલસના પાટલા આવે ને અટલસના ! એને વીંખીને પાછી એની ઘડ જેને વાળતા આવડે એને વાળતા આવડે, નહિતર વાળતા ન આવડે. અટલસ આવે છે ને ? પહોળું કરે ત્યારે પહોળું થઈ જાય અને પછી આમ, ઘડ વાળે ઘડ એની ! આ અટલસના નથી આવતાં પાટલા ? કપડાંના...! એ જે ખોલે (એ ખોલ્યા પછી) ઇ ઘડ પાછી વાળતા આવડે ઇ ખોલી શકે. અટલસના એ પાટલા (આમ તો) છે કાપડ ! છે કાપડ, હોં ! પણ એ આમ વાળેલા પાટલા હોય છે. ત્યાં તો અમારે કાઠિયાવાડમાં ઘણાં હતાં.

અહીં એમ કહે છે, એ અભેદ દૃષ્ટિમાં; એક પ્રભુ ચૈતન્યમૂર્તિ અખંડાનંદ નાથ ! એની (ઉપર) જ્યાં દૃષ્ટિ પડતાં એકને–અભેદને જોયો, ત્યાં અંદર અનંત ગુણનો ભેદ છે, છતાં અભેદમાં ભેદ દેખાતો નથી. માટે વ્યવહારને અભૂતાર્થ કહેવામાં આવ્યો છે. અભેદમાં ભેદ દેખાતો નથી. (પણ) ભેદ છે ખરો ! શું કીધું ઇ સમજાણું ? આહા...હા...! આ ગાથા તો બહુ ઊંચી છે ! અંતર આત્મા એકરૂપ છે, એમાં અનંતા ગુણો છે એ ભેદ છે, પણ એકરૂપની દૃષ્ટિથી જોતાં એમાં ભેદ દેખાય નહિ. માટે તે ભેદને વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવે છે. છે ?

**'...માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન અસત્યાર્થ જ કહેવો જોઈએ.'** અભેદ દૃષ્ટિમાં ભેદને જૂઠો કહેવો જોઈએ. આ..હા..હા..હા...! હવે આવો ઉપદેશ ! આત્માની કંઈ દરકાર ન મળે (કે) શું આત્મા (છે) ? આ સંસારમાં કાંઈક પાંચ-પચાસ, બે-પાંચ કરોડ રૂપિયા ભેગા થઈ જાય (એટલે) જાણે મોટા થઈ ગયા અમે શેઠિયા ! એ બધા ચારગતિમાં રખડવાના રસ્તા છે. સંસારથી મુક્ત થવાનો માર્ગ આ એક જ છે. અંતર અભેદ વસ્તુ જે છે, જેમાં અનંતા ગુણો હોવા છતાં, ગુણ અને ગુણી બે જુદાં નથી. પાણીમાં શીતળતા અને પાણી બે હોવા છતાં શીતળતા અને પાણી જુદાં નથી. અગ્નિમાં ઉષ્ણતા હોવા છતાં અગ્નિ અને ઉષ્ણતા જુદી નથી. એમ આત્મા અભેદ હોવા છતાં, તેમાં ભેદ છે ખરો. પણ ભેદ દેખાતો નથી. એથી અભેદને જોતાં સમ્યગ્દર્શન થાય. એ અપેક્ષાએ ભેદને – વ્યવહારનયને જૂઠો કહેવામાં આવ્યો છે. આ..હા..હા..હા...! આ બધા પલાખા ક્યાં સાંભળે ?

મુમુક્ષુ :- આ પલાખાં હતા જ ક્યાં !

પૂજ્ય ગુરુદેવશ્રી :- હતા જ નહિ ? હતા જ નહિ, વાત સાચી ! આહા...હા...!

**'એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.'** અભેદની દૃષ્ટિ કરાવવા ભેદને વ્યવહાર કહ્યો, પણ એમ ન સમજવું કે ભેદરૂપ કોઈ ચીજ નથી. કારણ કે દ્રવ્યમાં પર્યાય છે એ જ ભેદ છે. વસ્તુ – દ્રવ્ય ત્રિકાળી (છે) એમાં પર્યાય – વિચાર બદલે છે તે વ્યવહારનયનો વિષય છે. એ ભેદ છે. ભેદ નથી એમ કહે તો પર્યાય જૂઠી થઈ જશે. અભેદમાં ભેદ દેખાતો નથી માટે વ્યવહારને જૂઠો કહ્યો છે. પણ સર્વથા ભેદ જ નથી (એમ નથી). **'એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.'** ગુણીમાં અનંતા ગુણો છે. ગુણીમાં અનંતી પર્યાય છે, એ વ્યવહાર છે. આ..હા..હા..હા...! સમજાય છે ? ગુણી ભગવાનઆત્મા ! (તેની) અભેદ



દૃષ્ટિ કરાવવા, ભેદ દેખાય નહિ (દેખાતો નથી) માટે તેને વ્યવહાર કહ્યો, પણ વ્યવહાર બિલકુલ નથી એમ માને તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. કારણ કે ગુણનો ભેદ છે, પર્યાય છે.

ભેદ કાંઈ વસ્તુ (જ) નથી, **'જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ...'** વેદાંતમત છે ને ? એ સર્વવ્યાપક એક આત્માને માને છે. જગતમાં વ્યાપક એક જ આત્મા છે ! (અહીંયાં પણ) જો આ ભેદને નથી (માનતો) અને તદ્દન પર્યાય નથી એમ માને, તો વેદાંતમતવાળા જેવી એની દૃષ્ટિ થઈ જશે. આહા...હા...! એની સાચી દૃષ્ટિ નહિ રહે. **'...જેમ વેદાંતમતવાળાઓ ભેદરૂપ...'** (અર્થાત્) વસ્તુ અભેદ છે એમાં ભેદરૂપને દેખી, **'...અનિત્યને દેખી અવસ્તુ માયા સ્વરૂપ કહે છે...'** પર્યાય નથી એમ ઇ કહે છે ! એક આત્મા જ વ્યાપક છે. આત્મા, આત્માનો અનુભવ કરે એમ પણ નહિ ! કારણ કે આત્મા અને આત્માનો અનુભવ કરે (એમ કહો તો) બે થઈ ગયાં. તદ્દન જે વેદાંત(મત) છે તે એક જ વ્યાપક (આત્માને) માને છે. જો આત્મામાં પર્યાય અને ભેદ ન જ માને, તો વેદાંતમતવાળા જેવું થઈ જશે અને ભેદનો આશ્રય કરતાં લાભ માને તો મિથ્યાદૃષ્ટિ રહેશે. આહા...હા...! છે (પાઠમાં) ?

**'...વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે...'** માયા છે એ તો માયા ! યા-મા, માયા, યા-મા (એટલે) એ નહિ. 'યા' એટલે 'એ નહિ.' માયા ! માયા, યામા – 'એ નહિ' એમ કહે છે. ભેદ નહિ, પર્યાય નહિ. આહા..હા...! આ તો થોડામાં ઘણું સમાડી દીધું છે ! આ તો ટીકાકારે પણ ઘણું સમજાવ્યું છે ! (આ રીતે વેદાંતમતવાળા) અનિત્યને દેખી (સર્વથા) અવસ્તુ માને (છે). **'...અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે...'** એ લોકો તો સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે. આત્મા (અને

તેનો) અનુભવ કરવો – એ બે પણ એ માનતા નથી. આત્મા અને આત્મ–અનુભવ !? તો બે થઈ ગયા – દ્વૈત થઈ ગયું ! એ અદ્વૈત માને છે. આ અભેદમાં ભેદ દેખાતો નથી, માટે અમે વ્યવહારને જૂઠો કહ્યો, પણ ભેદ નથી જ એમ માને, તો વેદાંતમતવાળા જેવું એનું થઈ જશે. સમજાય છે કાંઈ ? આહા...હા...!

એ અનિત્યને દેખી અવસ્તુ માને છે '**...અને સર્વવ્યાપક એક...**' આખા લોકમાં–લોકાલોકમાં એક '**...અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મ...**' શુદ્ધબ્રહ્મ છે એમ માને છે. (પરંતુ) એમ નથી. શુદ્ધબ્રહ્મ વસ્તુ પોતે છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે, પર્યાય છે, વ્યવહારનો વિષય છે, એમ ન માને તો એ મિથ્યાદૃષ્ટિ થશે અને પર્યાયનો આશ્રય કરી લે અને ધર્મ માનશે તોપણ મિથ્યાદૃષ્ટિ થશે. આવો ઉપદેશ ! આ અગિયારમી ગાથા એવી આકરી છે જરી ! મૂળ જૈનદર્શનનો પ્રાણ છે ! એક પંડિત છે ને (એમણે) લખ્યું હતું. 'આ અગિયારમી ગાથા જૈનદર્શનનો પ્રાણ છે !' જેમ પ્રાણ વિનાનો દેહ ન હોય એટલે મડદું કહેવાય એમ આ (ગાથા) પ્રાણ છે. આ સમજ્યા વિનાના બધા મડદાં છે. આહા...હા...!

(આગળ કહે છે) '**...તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ...**' સર્વથા એકાંત અભેદને જ માનવાથી, '**...શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે.**' તે તો મિથ્યાદૃષ્ટિ થશે. આહા...હા...! એકરૂપ વસ્તુ છે. એમાં અનંત ગુણ છે એમ નહિ માને, ભેદ છે એમ નહિ માને તો એકાંત મિથ્યાદૃષ્ટિ થશે. ભેદને–વ્યવહારને જૂઠો કહ્યો એનું કારણ કે અભેદને અનુભવમાં દૃષ્ટિ કરતાં ભેદ દેખાતો નથી માટે ભેદને જૂઠો કહ્યો. પણ ભેદ નથી જ એમ નહિ. અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે, અનંતી–અનંતી પર્યાય (છે). એક આત્મામાં અનંત ગુણ છે, એ ભેદ છે અને અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય છે – અવસ્થા છે એ પણ ભેદ છે. 'છે' ઇ ! એ નથી જ એમ માને તો



શુદ્ધનયના એકાંત પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો પ્રસંગ આવશે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

એક બાજુ 'હા' પાડી અને બીજી બાજુ પાછી 'ના' પાડી ! ભેદરૂપ છે, પર્યાય છે, અનંત ગુણ છે પણ અભેદની દૃષ્ટિ કરાવવા ભેદને ગૌણ કરીને જૂઠો કહ્યો છે. આહા...હા...!

મુમુક્ષુ :– ગૌણ કરકે જૂઠા કહા હૈ, અભાવ કરકે નહિ કહા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગૌણ કરીને કહ્યો છે, ઇ કહેશે હમણાં ! ટીકાકાર પોતે જ કહેશે !

'**માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે,...**' વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ ! એની વાણી અનેકાંત છે. (અર્થાત્) નિત્યને નિત્ય સમજે, અનિત્યને અનિત્ય સમજે, અનિત્ય નથી જ એમ માને નહિ. આહા...હા..હા...! આ ગાયું, એમાં નહોતું આવ્યું ?

દેવોએ દ્વારકા નગરી બનાવી હતી. શ્રીકૃષ્ણ માટે સોનાના ગઢ અને રતનના કાંગરા ! દેવોએ નગરી બનાવી હતી ! એ સળગતા... આ..હા..હા..હા...! એ પાણી ઉલેચીને નાખવા જાય છે, બન્ને ભાઈઓ – 'બળદેવ' અને 'વાસુદેવ' ! તે પાણી ઘાસતેલ થઈ જાય છે અને સળગે છે ! આ..હા...હા...! અને મા–બાપને રથમાં બેસાડીને બહાર કાઢવા જાય છે... અરે...રે...! હજારો રાણીઓ બળે ! રાણીઓ પોકાર કરે, 'અરે કૃષ્ણ...! અમે મરી જઈએ છીએ !' કોણ સાંભળે, બાપા ? નાશવાનને કોણ રાખે ત્યાં ? આહા...! મા–બાપને રથમાં બેસાડીને બે બળદની જેમ (પોતાને) જોડીને પોતે બે જણા કાઢતા (હતા, ત્યાં) આકાશથી અવાજ આવ્યો, 'છોડી દ્યો ! નહિ બચે તમારા મા–બાપ ! તમારા બે સિવાય દ્વારિકા આખી બળી જશે !!' એ ભાઈ છોડી દીધું ! અને એ મહાપુરુષો ! સમકિતી – જ્ઞાની ! 'શ્રીકૃષ્ણ' – 'બળદેવ' આદિએ મા–બાપ બળતા દેખ્યાં !! આહા...! શું થાય ? અનિત્ય છે તેને નિત્ય કોણ કરે ?

નાશવાનનો (નાશ થવાનો) કાળ હોય એને રાખે કોણ ? 'દ્વીપાયન'ને કારણે નગરી બળી ગઈ. સોનાના ગઢ અને રતનના કાંગરા રાખું થઈ ગઈ ! આ..હા..હા..હા...! આ શરીર પણ રાખ થવાનું છે ! મસાણની રાખ થવાની છે. રાખ છે, આ કાંઈ આત્મા નથી ! આહા...હા...!

કહે છે, અહીં એમ સમજવું કે જિનવાણી અનેકાંત છે (એટલે) અપેક્ષાથી કહે છે. અભેદની દૃષ્ટિ રાખે તો તેને સમ્યગ્દર્શન થાય, એ અપેક્ષાથી ભેદને નથી એમ કીધું. પણ ભેદ નથી જ, એમ નહિ. છે ? '**...જિનવાણી સ્યાદ્વાદ રૂપ છે, પ્રયોજનવશ...**' જુઓ, આવ્યું ! પ્રયોજનને વશે '**...નયને મુખ્ય–ગૌણ કરીને કહે છે.**' અહીં નિશ્ચયનયને મુખ્ય કર્યો (અને) વ્યવહારનયને ગૌણ કર્યો. ગૌણ કર્યો એટલે પેટામાં રાખ્યો, અભાવ કર્યો નથી. આહા...હા...!

પર્વત ઉપર ચડવું હોય તો પેટાળ(માંથી) નીચેથી ચડે. (જેમ આગળ જાય તેમ) નીચેથી (ચડ્યો) એને ગૌણ કરી નાખે અને ચાલે તેને મુખ્ય રાખે (તેથી) નીચેથી ચડ્યો ઇ નહોતું, એમ નહિ, પણ તેને ગૌણ કરીને ઉપર ચાલ્યો જાય. એમ પર્યાયને ગૌણ કરીને નિશ્ચયમાં ચાલ્યો જાય. પણ પર્યાય નથી (એમ) કરે, તો તો એ તળેટી નથી એમ થઈ જાય. આ...હા...હા..! સમજાય છે કાંઈ ?

પ્રયોજનને વશ (એટલે પ્રયોજનને) કારણે. સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે અને અભેદને આશ્રયે સમ્યગ્દર્શન થાય – આવા પ્રયોજનને વશે, આવા હેતુને કારણે. આ..હા..હા...! '**...નયને મુખ્ય–ગૌણ કરીને કહે છે.**' નિશ્ચયને મુખ્ય કહ્યો અને વ્યવહારને ગૌણ કર્યો, અભાવ નહિ. પર્યાય નથી, વ્યવહાર નથી એમ નહિ. એને ગૌણ કર્યો, પેટામાં રાખ્યો. મુખ્ય કર્યો નિશ્ચયનયને ! અભેદ દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થાય (છે) માટે તેને – વ્યવહારને ગૌણ કરીને જૂઠો કહ્યો. પણ વ્યવહારનો વિષય બિલકુલ નથી જ, એમ માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. આ..હા..હા..હા...!



'**...પ્રયોજનવશ નયને મુખ્ય–ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને...**' હવે શું કહે છે ? '**...પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' આહા...હા..! જીવને અનાદિ કાળથી ભેદનો, પર્યાયનો પક્ષ તો છે. રાગ કરો અને પુણ્ય કરો અને પુણ્ય કરતાં ધર્મ થાશે ! પર્યાયમાં જ્ઞાનની નિર્મળતા વધારો, એવો પક્ષ તો વ્યવહારી જીવોનો અનાદિનો છે, (એમ) કહે છે. છે ? '**...ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ...**' અનાદિ કાળથી ભેદનો પક્ષ છે. આહા..હા...! જ્યારે–જ્યારે એને કાને વાત પડી છે, ત્યારે ત્યારે અભેદની (વાત) કાને પડી છતાં તેનું લક્ષ કર્યું નથી. એણે ભેદનો પક્ષ છોડ્યો નથી. પર્યાય અને પર્યાયના ભેદને જ એણે માન્યો છે. (માટે કહે છે કે) '**...ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એક વાત !

(બીજી વાત) '**...અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' આહા...હા...! એવો વ્યવહારનો ઉપદેશ તો એકબીજા પરસ્પર કરે જ છે, આચાર્યપણું કરે છે. ચોથી ગાથામાં આવે છે. પરસ્પર આચાર્યપણું (કરે છે). ('સમયસાર') ચોથી ગાથામાં આવે છે. (ઉપદેશક) વ્યવહાર કહે (કે) 'જુઓ ! દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી !' તો (સાંભળનાર) કહે, 'હા...!' એમ પરસ્પર એકબીજા 'હા–ના' કર્યા કરે ! (એ રીતે) વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે. પરસ્પર આચાર્યપણું પણ કરે છે. વ્યવહારને મુખ્ય બતાવીને જગતને ભરમાવે છે ! કારણ કે પોતે ભરમાયેલો છે. છે ? '**...એનો ઉપદેશ પણ બહુધા...**' સર્વથા (સત્ય વાત) નથી, એમ નહિ. જ્ઞાની પાસે સત્ય વાત છે. પણ અજ્ઞાનીનો – બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર – માહોંમાહે, ઠીક લાગે એવી વ્યવહારની વાત કર્યા કરે છે. આહા...! 'આમ કરો આપણે ! લાખોના દાન આપો તો ધર્મ થઈ જશે. જન્મ–મરણ મટી જશે !' તો (સાંભળનાર) કહે, 'હા ! સાચી વાત છે !' શાસ્ત્રમાં અધિકાર આવે

ત્યારે દાનનો પણ અધિકાર આવે. રાગ મંદ કરવા, રાગ ઘટાડવા આવે, પણ એ આવે એ અધિકાર ધર્મ છે (એમ નથી કહેવું).

મુમુક્ષુ :– આપ દાનકા અધિકાર ક્યું નહિ ચલાતે હો ?

સમાધાન :– આ દાનનું ચાલે છે ને ! આ મોટું 'આત્મ–દાન' (છે) ! ઓલું તો ધૂળનું દાન ! (તેમ) છતાં આવશે એનો વિષય, અત્યારે વખત થવા આવ્યો છે. એનો વિષય (પણ) છે.

વ્યવહારનો ઉપદેશ બહુધા પ્રાણીઓ પરસ્પર કરે છે. '**વળી જિનવાણીમાં...**' પણ, ઇ વિશેષ આવશે...

❁ ❁ ❁

**અજ્ઞાની સુખને ઇચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા ! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઇચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે. (પરમાગમસાર–૪૧)**



## પ્રવચન–૫, ગાથા – ૧૧

'સમયસાર' અગિયારમી ગાથા. અહીં (સુધી) આવ્યું છે. '**..પ્રયોજનવશ નયને મુખ્ય–ગૌણ કરીને કહે છે.**' એટલે શું ? કે, આત્મામાં પર્યાય, ગુણ–ભેદ બધું છે, પણ મુખ્યપણે દ્રવ્ય – વસ્તુ છે, એની દૃષ્ટિ કરાવવા, એને લઈને સમ્યગ્દર્શન થાય (છે), એથી મુખ્યપણે દ્રવ્ય તે સત્ય છે અને પર્યાય તે અસત્ય છે, એમ ગૌણ કરીને કહેવામાં આવ્યું છે. આહા...હા...! ઝીણી વાત છે ! આ ગાથા એવી ઝીણી છે. એ કહ્યું ને ? '**પ્રયોજનવશ**' (એટલે) સમ્યગ્દર્શન થવા માટે. અનંતકાળથી રખડે છે, અનંત કાળમાં અનંતી ક્રિયાકાંડો કરી, શાસ્ત્રના જ્ઞાન પણ અનંતવાર કર્યાં, પણ આત્મા અંદર ચિદાનંદ પ્રભુ, ધ્રુવ છે, ભૂતાર્થ છે, છતો છે, તેનો આશ્રય એક સેકંડ પણ લીધો નથી. બાકી બધું એણે કર્યું છે. એથી મુખ્ય જે ત્રિકાળી ચીજ તેને સત્ય કહી અને પર્યાયને, રાગને અસત્ય કહી, ગૌણ કરીને અસત્ય કહેવામાં આવ્યું છે. દ્રવ્યને મુખ્ય કરીને સત્ય કહેવામાં આવ્યું છે. આવી વાતું છે, પ્રભુ ! ઝીણી વાત છે !

(હવે કહે છે) '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' આ..હા..હા...! અનાદિ કાળથી જીવ(ને) શરીર, વાણી, મન મારાં, પૈસા મારાં, પુણ્ય અને પાપના ભાવ મારાં, અને આત્મા દ્રવ્ય છે તેની એક સમયની પર્યાય, 'તેટલો હું' એમ ભેદનો પક્ષ તો અનાદિથી છે. આ ભેદ(નો પક્ષ) ! સમજાણું ? પર્યાયનું લક્ષ, રાગનું લક્ષ, રાગના

ફળરૂપ પુણ્યનું લક્ષ, પુણ્યના ફળ(રૂપ) સંયોગનું લક્ષ – એવું લક્ષ તો અનાદિથી અજ્ઞાનીને છે. એ કાંઈ નવી ચીજ નથી. એ તો ચારગતિમાં રખડવાની ચીજ (છે). માટે પ્રયોજનને વશે મુખ્ય–ગૌણ કરીને (અર્થાત્) નિશ્ચય સત્ય, ત્રિકાળ ભૂતાર્થ, ત્રિકાળ સ્વભાવ તે સત્ય છે અને પર્યાય અને રાગ આદિ તે અસત્ય છે. એ દ્રવ્યને મુખ્ય કરીને સિદ્ધ કર્યું છે અને પર્યાયને ગૌણ કરીને જૂઠું કહ્યું છે. અભાવ કરીને નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાત છે !

**'પ્રાણીઓને...'** 'પ્રાણીઓ' શબ્દ છે ને ? બહુવચન છે. એક પ્રાણીને નહિ પણ પ્રાણીઓને (એટલે) ઘણાં જીવોને – બધાંને, **'...ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** (અર્થાત્) નિમિત્તથી થશે, રાગથી ધર્મ થશે, એવો પક્ષ તો અનાદિથી અજ્ઞાનીને છે, એ કાંઈ નવી વાત છે નહિ. તેથી કહે છે, **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** આ...હા..હા...! એક સમયની પર્યાય છે એનો પક્ષ પણ અનાદિથી છે, તો પછી રાગ અને સંયોગની વાત તો શું કરવી ! એથી વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે.

**'...અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** માંહોમાંહે એ વાત કરે છે કે 'આમ વ્યવહાર જોઈએ અને આમ રાગ કરવો જોઈએ અને રાગ કરતાં–કરતાં થાય.' એમ માંહોમાંહે – એકબીજા માન્યતામાં પણ આ વાત કરે છે. એ કાંઈ નવી ચીજ છે નહિ. સમજાય છે કાંઈ ? 'રાગથી થશે અને પુણ્ય કરતાં–કરતાં થશે, વ્યવહાર કરતાં–કરતાં થશે, નિમિત્ત સારું મળશે તોપણ થશે !' એવો પક્ષ તો અનાદિથી અજ્ઞાનીને (છે જ). મિથ્યાદૃષ્ટિ પક્ષમાં પડેલો છે. એ કાંઈ નવી ચીજ છે નહિ અને માંહોમાંહે પ્રાણીઓ પરસ્પર (ઉપદેશ) પણ કરે છે. એકબીજા વ્યવહારની વાતું કરતાં હા.. હા.. હા.. એમ કરે ! 'આમ દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, એનાથી આગળ (જતાં) લાભ



થશે.' એવી વાતું તો પ્રાણીઓ પરસ્પર માંહોમાંહે કરે છે.

બે વાત થઈ. કઈ બે વાત ? કે એક તો ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિથી છે – એક વાત. પર્યાયનો ને પુણ્યનો ને નિમિત્તનો (પક્ષ) – એનાથી લાભ થશે એવો પક્ષ તો અનાદિથી છે – એક વાત. અને પરસ્પર એ જ વાત કરી રહ્યાં છે, એ બીજી વાત. પરસ્પર – માંહોમાંહે એ વ્યવહારના પક્ષનું અનુમોદન અને એનું કર્તૃત્વ કરવું, એ વાત કરી રહ્યાં છે, એ કાંઈ નવી વાત નથી. બે વાત (થઈ).

હવે ત્રીજી વાત. – **'વળી જિનવાણીમાં...'** આ આકરી વાત આવી છે ! **'...જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...'** ત્રીજો બોલ (આ) ! અનાદિનો વ્યવહારનો– પર્યાયનો, રાગનો, પુણ્યનો પક્ષ છે. માંહોમાંહે પણ એ વાત કરીને હા... હા... કરીને માને છે – બે (થયા) અને ત્રીજું – જિનવાણીમાં પણ વ્યવહારનો પક્ષ (ઉપદેશ) શુદ્ધનયનું નિમિત્ત જાણી બહુ કર્યો છે. શાસ્ત્રમાં વ્યવહારનયની વાતું ઘણી આવે છે. આ..હા..હા...! કેમકે નિમિત્ત છે તેને ઓળખાવવા, વ્યવહાર છે તેનું જ્ઞાન કરાવવા, શાસ્ત્રમાં વ્યવહાર અને નિમિત્તની વાતું ઘણી આવે (છે). કહ્યું ને ? જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું – ત્રિકાળનું નિમિત્ત દેખીને, વ્યવહારથી સમજાવાય છે માટે વ્યવહારનો ઉપદેશ જિનવાણીમાં ઘણો આવ્યો છે. આ..હા..હા...! હસ્તાવલંબ એટલે નિમિત્ત. **'...પણ એનું ફળ સંસાર જ છે.'** ત્રણેયનું (ફળ સંસાર જ છે).

શું ત્રણેય ? કે, ભેદનો પક્ષ પોતાને છે. ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ નથી અને પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છે, એ અનાદિની છે અને એકબીજા એ વાત (કરતાં) પણ વ્યવહારના પક્ષને અનુમોદે છે અને એ જાતનું આચાર્યપણું – મુખ્યપણું કરે છે. બે (વાત). અને જિનવાણીમાં પણ શુદ્ધનયનું નિમિત્ત દેખી, વ્યવહારનો પક્ષ જિનવાણીમાં પણ ઘણો

આવ્યો છે. સમજાય છે આમાં ? છે ? જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો સહાયક એટલે નિમિત્ત જાણી બહુ કર્યો છે. 'પાંચ મહાવ્રત (આમ) હોય, આનું આમ હોય, એના અતિચાર ટાળવા. મહાવ્રત હોય તો એ ચારિત્રને નિમિત્તરૂપ છે.' એવી વાતું શાસ્ત્રમાં પણ ઘણી આવે છે. '**...પણ એનું ફળ સંસાર જ છે.**' આ આકરી વાત છે ! ભેદના પક્ષનું ફળ સંસાર ! પરસ્પર ભેદને અનુમોદે છે એનું ફળ સંસાર ! અને જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ કર્યો છે એનું ફળ પણ સંસાર !! આ..હા..હા...!

વ્યવહારનો ઉપદેશ તો આવે. કારણ કે ઉપદેશ વ્યવહારથી સમજાવ્યા વિના છૂટકો નથી. પણ એ વ્યવહાર આદરણીય નથી, છતાં વ્યવહારનો પક્ષ જિનવાણીમાં પણ આવે છે. છતાં જિનવાણીમાં વ્યવહાર આવ્યો... આ..હા..હા..! પણ એનું ફળ ચારગતિ સંસાર છે. સમજાય છે આમાં ? જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ આવ્યો. ચરણાનુયોગમાં પંચ મહાવ્રત, બાર વ્રત, એના અતિચાર ટાળવા અને એને આમ પાળવું અને એનું આમ કરવું એવી વાત ચરણાનુયોગમાં ઘણી આવે. કરણાનુયોગમાં પણ કર્મનો અભાવ થાય તો આમ થાય અને કર્મનો નાશ થાય તો આમ થાય. એવા નિમિત્તના કથનો, જિનવાણીમાં પણ ઘણા આવે છે, આવવા છતાં એનું ફળ સંસાર છે. આહા..હા...! વાદવિવાદ કરે તો વાદવિવાદમાં વ્યવહારનો પક્ષ મોઢા આગળ મૂકે. પણ અહીં કહે છે કે વ્યવહારનો પક્ષ છે (એનું ફળ સંસાર છે). જિનવાણી જણાવવા માટે કહે છે ખરું.

આત્મા એકરૂપ છે, એ દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, એમ વ્યવહારનો ઉપદેશ એમાં આવે, પણ એ વ્યવહારનું ફળ ત્યાં લક્ષમાં રાખે તો સંસાર છે. વ્યવહારને છોડીને નિશ્ચયની દૃષ્ટિ કરે, આત્માનો અનુભવ કરે તો તેને સમ્યગ્દર્શન અને ધર્મ થાય. પણ વ્યવહારના



પક્ષમાં – જિનવાણીના વ્યવહારના પક્ષમાં રહે... આ..હા..હા...! તોપણ એ સંસાર – ચારગતિ છે ! આકરી વાત છે !

જિનવાણીમાં કહ્યું એનું ફળ પણ સંસાર !? ભાઈ ! નિમિત્તરૂપે કથન આવ્યા વિના રહે નહિ. વ્યવહારનો ઉપદેશ આવે ઘણો, પણ એનું ફળ તો પુણ્યબંધ અને સંસાર છે, ચારગતિ છે. આહા...હા...! આ ગાથા આકરી છે ! જિનવાણીમાં વ્યવહારનો જેટલો ઉપદેશ આવ્યો તેનું ફળ સંસાર છે. આહા...હા...! આમ વાત છે ! શાસ્ત્રમાં આવે... વ્યવહારની વાતું તો બહુ આવે. કારણ કે નિમિત્તપણું છે અને સમજાવવું છે એથી નિમિત્તની વાતું આવે ઘણી ! કારણ કે વ્યવહાર આવે એટલે વ્યવહારની વાતું આવે ઘણી, પણ એનું ફળ... જિનવાણીમાં કહેલાં વ્યવહારનું ફળ... સંસાર છે ! આહા...હા...! આ આકરી વાત છે !

ભેદનો પક્ષ તો છે ઇ તો ભલે હો, કહે છે. એ તો અનાદિનો છે અને એનો ઉપદેશ પણ એ જાતનો અનાદિનો ચાલ્યો આવે છે, માંહોમાંહે એ જ વ્યવહારનો ઉપદેશ કર્યા કરે છે.

મુમુક્ષુ :– એના સિવાય બીજું શું આવડે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આવડતું હતું. બાપા !

મુમુક્ષુ :– બીજું તો આવડતું નથી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ સાચી વાત છે. અનાદિથી એ જ ચાલતું હતું.

મુમુક્ષુ :– ટેવ પડી ગઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ટેવ પડી ગઈ છે. બે (વાત થઈ). અને ત્રીજું – જિનવાણીમાં પણ વ્યવહારનું કથન આવે છે. પંચ મહાવ્રતનું, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા કરવી, દેવ, ગુરુ, શાસ્ત્રને ઓળખવા, દેવ, ગુરુ, શાસ્ત્રનો સંગ અને પરિચય કરવો, એવો વ્યવહારનો ઉપદેશ આવે છે, પણ એ વ્યવહારનું ફળ તો સંસાર છે. આહા...હા...!

આકરી વાત છે, પ્રભુ ! આ ગાથા જ અલૌકિક જૈનદર્શનનો પ્રાણ છે ! વિશ્વદર્શન ! જૈનદર્શન એટલે વિશ્વદર્શન ! વિશ્વનું જે સ્વરૂપ છે તેને કહેનારું તે જૈનદર્શન ! આ..હા..હા..હા...! એવા વિશ્વદર્શનમાં એટલે જૈનદર્શનમાં મુખ્યપણે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરાવવા, ત્રિકાળીને સત્ય કહી અને એમાં પર્યાય અને રાગ હોવા છતાં, તેને અસત્ય કહી, ગૌણ કરીને અસત્ય કહી અને એનું વર્ણન કર્યું છે પણ એનું ફળ (સંસાર છે), આહા..હા...! આ આકરું કામ છે ! જિનવાણીમાં વ્યવહાર કહ્યો એનું ફળ સંસાર ! ચરણાનુયોગમાં વ્યવહારની વાતું તો ઘણી આવે, નિમિત્ત તરીકે જ્ઞાન કરાવવા વસ્તુ આવે, પણ એમાં ત્યાં વ્યવહારમાં અને નિમિત્તમાં લક્ષ રાખે (તો તેનું ફળ) સંસાર છે. ચારગતિનું રખડવું છે ત્યાં ! આ..હા..હા..હા...! ત્રણ બોલ થયા (૧) વ્યવહારનો પક્ષ અનાદિનો છે. (૨) વ્યવહારનો ઉપદેશ માંહોમાંહે કાયમ બધા કરે છે અને (૩) જિનવાણીમાં પણ નિમિત્ત દેખીને વ્યવહારનો ઉપદેશ ઘણો આવ્યો છે. આ..હા..હા...! પણ એ ત્રણેનું ફળ સંસાર જ છે. એનાથી તો ચારગતિ મળે, રખડવાની...! આહા...હા...!

**'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** આત્મા અખંડાનંદ પ્રભુ ! અભેદ ચીજ એમાં ગુણ–ગુણીનો ભેદ પણ નથી. જેમાં દયા, દાનના વિકલ્પો તો નથી, જેમાં નિમિત્ત નામ પરસંયોગો તો નથી, પણ તેમાં ગુણ–ગુણીનો ભેદ એ પણ, શુદ્ધનયના ધ્યેયમાં એ પણ નથી. એકલો અભેદ (એવા) **'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** આહા...! જૈનમુનિ થયો ! મુનિવ્રત ધારણ કર્યાં, પંચ મહાવ્રત પાળ્યા, પણ એ વ્યવહારના પક્ષમાં રહ્યો. એ રાગની ક્રિયાથી ધર્મ થશે અને કલ્યાણ થશે, એમ (માનીને) રોકાઈ ગયો. એનાથી ભિન્ન અંદર સચ્ચિદાનંદ પ્રભુ ! અનાકુળ આનંદનો કંદ છે તેની દૃષ્ટિ કરી નહિ, એનો આશ્રય કર્યો નહિ, એનું આલંબન લીધું નહિ. એથી તેને વ્યવહારના પક્ષનું ફળ પણ સંસાર છે.



આ..હા..હા..હા...! આ (શ્રી 'જયચંદ્રજી' પંડિતે) સ્પષ્ટ કર્યું છે ! આ..હા..હા...!

**'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** અભેદ અખંડ ચૈતન્યમૂર્તિ છું, જેમાં ગુણ–ગુણીનો ભેદ પણ લક્ષમાં લેવા જેવો નથી, જેમાં દયા, દાનના વિકલ્પ આવે એ પણ લક્ષમાં લેવા જેવા નથી, જાણવા જેવા છે. લક્ષમાં ત્રિકાળી લેવાનો છે. ત્રિકાળી આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! ધ્રુવ...! ધ્રુવને ધ્યેયમાં લઈને તેને ધ્યાનમાં ધ્યેય કરવાનું છે. ધ્યાનમાં ધ્યેય તેને કરવાનું છે. ધ્યાન એ વર્તમાન પર્યાય, પણ એનું ધ્યેય એ ત્રિકાળી છે. એ ધ્યાનની પર્યાયનું ધ્યેય ત્રિકાળી છે. એની પર્યાયનો વિષય પર્યાય નહિ અને રાગ નહિ. આ..હા..હા..હા...!

આવી વાતું,... આફ્રિકામાં ! કોઈ દી' કાને પડી ન હોય ! આખો દી' પૈસા !

મુમુક્ષુ :– અહોભાગ્ય છે આવી વાતો મળી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા...હા...! આ કાને તો પડે, જાણપણું તો કરો ! જાણપણામાં તો લાવો કે વાત કાંઈક બીજી છે. જે કંઈ વ્યવહાર અને નિમિત્તની વાતું ચાલે છે એના કરતાં વાત કાંઈક બીજી છે, એમ એને ખ્યાલમાં – જ્ઞાનમાં તો લે ! લક્ષમાં તો લે કે આ કાંઈક બીજી ચીજ છે. ભલે કરી શકે નહિ, કરવાનું પછી કરે, પણ એના જ્ઞાનમાં એ વાત આવવી જોઈએ કે, ભેદનો પક્ષ અને વ્યવહારનો પક્ષ એ બંધનનું કારણ છે. ત્રિકાળી જ્ઞાયકભાવનો પક્ષ તે અબંધ નામ મુક્તિનું કારણ છે. આહા...હા...! સમજાણું કાંઈ ?

**'શુદ્ધનયનો પક્ષ...'** પક્ષ હોં ! આ..હા..હા...! 'પદ્મનંદીપંચવિંશતી'માં આવ્યું છે. ઇ ગાથા આપણે મોઢા આગળ મૂકી છે. **'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।'** (અર્થાત્) જેણે પ્રેમથી, રુચિથી અભેદની વાત સાંભળી છે, **'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि...'** વાર્તા સાંભળી કે, આત્મા

અખંડાનંદ અંદર અભેદ છે અને તેની દૃષ્ટિ કર ! એવી વાત જેણે રુચિપૂર્વક સાંભળી. **'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता, निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।** એ ભવ્યપ્રાણી છે, ભવિષ્યમાં તે મોક્ષને લાયક છે. આહા..હા...! શુદ્ધનયનો પક્ષ પ્રેમથી, રુચિથી સાંભળ્યો છે એને ભવિપણું હોવાથી ભવિષ્યમાં તેની અલ્પકાળમાં મુક્તિ થવાની છે. આહા...! સમજાય છે કાંઈ ? એ ગાથા આવી છે મોઢા આગળ, 'સમયસાર'માં પહેલી મૂકી છે.

**'શુદ્ધનયનો પક્ષ તો કદી...'** નવમી ગ્રૈવેયકે અનંત ભવ કર્યાં. આ..હા..હા..હા...! પણ એ પક્ષ આવ્યો નહિ. આહા...! આહા...હા...! 'મહાવીર' પરમાત્માનો દસમો ભવ સિંહનો હતો, સિંહ ! એ હરણને ફાડી ખાતા હતા. આહા...હા...! એમાં બે મુનિ ઉપરથી ઊતર્યા. એ મુનિએ સાંભળેલું કે, એ સિંહનો જીવ તીર્થંકરનો જીવ છે ! એ દસમે ભવે 'મહાવીર' થવાના છે. એવું મુનિએ સાંભળેલું. એટલે સિંહ જ્યાં આમ હરણને થાપ મારતો હતો ત્યાં મુનિ ઉપરથી ઉતર્યા ! ઉતર્યા અને સિંહને એમ થયું કે 'મારી સમીપ આવતો હોય ઇ ભાગી જાય છે, દૂર થઈ જાય છે. આ મારાથી દૂર હતાં એ સમીપ આવીને ઊભા રહ્યા છે ! છે શું આ !?' એમ સિંહને થયું. સમજાણું કાંઈ ? 'મારી નજીકમાં આવે એ મને દેખીને ભાગી જાય છે.' આ (મુનિ) તો ચારણઋદ્ધિવાળા હતા, આકાશમાં ચાલનારા ! એ આકાશમાં ચાલનારા મુનિઓ આવીને મારી પાસે ઊભા, આ શું...?!! એકદમ એની બુદ્ધિ ફરી ગઈ. હરણને ફાડતા હતા તે બુદ્ધિ એકદમ ફરી ગઈ. આ શું !! મારી સામું ઉપરથી આવીને અહીં આવે છે !! કોણ જાણે કઈ શૈલી (હશે) કે, મુનિએ ભાષા કીધી ઇ ભાષા સિંહ સમજી ગયો ! હેં ! સિંહની કઈ ભાષા હશે ! મુનિઓની કઈ ભાષા હશે !

મુનિ કહે છે કે, 'હે સિંહ ! તારો આત્મા તીર્થંકરનો જીવ છે ! તું દસમા ભવે તીર્થંકર થવાનો છો. આ તને ન શોભે !' એ મુનિની ભાષા સિંહની ભાષામાં કેમ સમજ્યા ?! આ..હા...! કેવી એની યોગ્યતા ! કેવી એની લાયકાત ! કે આમ જ્યાં સાંભળ્યું, ત્યાં સિંહ રોવા માંડ્યા. આંખમાંથી આંસુની ધારા ચાલી ! આ..હા..હા..હા...! આ શું કહે છે ? અને હું આ શું કરું છું ? કહે છે કે, 'તું તીર્થંકરનો જીવ છો. દસમે ભવે 'મહાવીર' થઈશ અને આ હરણ...!' આહા...હા...! હરણ તો એકકોર પડ્યું રહ્યું. પેટમાં માંસ હતું, છતાં એ વાણી સાંભળીને એકદમ આંખમાંથી આંસુની ધારા (ચાલી)...! ધારા ચાલીને વિચાર કરતાં એકદમ તે કાળે ત્યાં સમકિત પામ્યા !! કોઈ એમ કહે કે, પાપી પ્રાણી કેમ (સમકિત પ્રાપ્ત કરે) ? પણ આ પાપી હરણને ખાતો હતો ને ? સિંહના ભવમાં હરણને ખાતો હતો ! એ તે ક્ષણે સમકિત પામ્યો !! આ..હા..હા...! આમ આંસુની ધારા આવતા જેમ પાપ... ખરી જાય એમ (પશ્ચાત્તાપ થતાં) અંદરમાં ઊતરી પડ્યા ! સિંહના ભવમાં ! અને સમકિત–દર્શન ત્યાં થયું ! આ..હા..હા..હા...! અભેદની દૃષ્ટિ ત્યાં થઈ ! પોતાના આત્માને પકડી લીધો અંદરથી ! આહા...હા...! એકકોર હરણને ફાડવાની ક્રિયા... એ છૂટીને ગયો એકદમ આત્મામાં ! આ..હા..હા...!

મુમુક્ષુ :– રાગને ફાડી ખાધો !?

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગ ફાડ્યોય નથી અંદરમાં (ચાલ્યો) ગયો છે. (એમ) કહે છે.

આ તો કેટલાક પ્રાણી એમ કહે છે ને કે, 'ભાઈ ! અમે બહુ પાપી છીએ, અમે આવા (અને) અમને આવો ઉપદેશ ?!' પણ પ્રભુ ! આ સિંહને આવો ઉપદેશ આપ્યો ને ! કેટલાક એમ કહે છે ને કે, 'અમે તો બહુ પાપી છીએ, આ બધા પાપ કરીએ માટે અમને કાંઈક ધર્મ કરતાં બીજી ચીજ – પુણ્યની કહો ને કે (જેથી) પહેલા પુણ્ય કરીએ !' અહીં તો કહે (છે) સિંહ હરણને ફાડીને આમ માંસ ખાતો હતો અને

એક ક્ષણમાં એને જ્યાં વાણી મળી છે... આહા..હા..હા...! ફડાક ગુલાંટ ખાઈ ગયા અંદરથી ! ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર પર્યાયની પાછળ બિરાજે છે, (ત્યાં) ઉતરી પડ્યા અંદર ! ત્યાં ને ત્યાં સમકિત પામ્યા !! પેટમાં હરણના માંસના કટકા પડ્યા છે ! આહા..હા...! આત્મા પલટતા વાર લાગે નહિ ! પાપી ગમે તેટલો હોય નહિ !! અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ બિરાજે છે, ફક્ત ગુલાંટ ખાવી જોઈએ ! પલટો ખાવો જોઈએ ! આહા...હા...! સિંહ જેવો પણ એક ક્ષણમાં પલટો ખાય ! સમકિત થયું, ત્યાંથી સ્વર્ગમાં ગયા, પછી દસમે ભવે તીર્થંકર થયા. આવી સ્થિતિ સિંહના પાપના સ્થાનમાં પણ થઈ તો પછી અત્યારે મનુષ્યપણામાં 'અમે આવા પાપી માટે અમને કાંઈક બીજું કહો !' પ્રભુ ! સાંભળ ! આ કરને... આ કરને ! 'અમે પાપી છીએ માટે અમને (બીજું કાંઈક કહો !)' બાપુ ! આવું ટાણું નહિ મળે ફરીને. આ વાત સમજવા જેવી છે તેને સમજવાને માટે પ્રયત્ન કર ! તું કાંઈ એવો પાપી નથી કે માંસ ખા ! (સિંહ) તો માંસ ખાતો હતો, હરણને ફાડીને ખાતો હતો. તમે એવા કાંઈ પાપી નથી કે માંસ ખાય, દારૂ પીવે અને શરાબ પીવે – એવા નથી. તો તમારે માટે તો આ વાત સાંભળીને આ કહ્યું કરવાની જરૂર છે !! આહા..હા...!

મુમુક્ષુ :– આપનો ઉપદેશ જયવંત વર્તો ! જયવંત વર્તો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– જયવંત વર્તો ? આ વસ્તુ એવી છે, પ્રભુ ! અહીં તો 'પ્રભુ' કહીને એને બોલાવીએ છીએ ! અંદર આત્મા 'પ્રભુ' છે ! આ..હા..હા..હા...!

શુદ્ધનયનો પક્ષ એટલે કે અભેદ ચિદાનંદ ભૂતાર્થ, જે અગિયારમી ગાથામાં કહ્યું, ત્રિકાળી સત્ય વસ્તુ, તેનો પક્ષ અનંતકાળમાં એક સમય (માટે પણ) કદી આવ્યો નથી. નવમી ગ્રૈવેયકે અનંતવાર જૈન સાધુ થઈને ગયો, છતાં શુદ્ધનયનો પક્ષ આવ્યો નથી. એ વ્યવહારના પક્ષમાં પડ્યો



એટલે ચારગતિમાં રખડતો રહ્યો. આહા..હા...! શુદ્ધનયનો પક્ષ તો આ માંસાહારી સિંહ જેવા પણ કરે ! એમ મારું કહેવું છે. સિંહ હરણને ખાય છે એ પણ એકદમ અંતર અનુભવમાં ઊતરી ગયો ! તો બીજા એમ (કહે કે) 'અમે આવા બધા પાપી માટે બીજું (કહો !)' બાપા ! તારામાં તાકાત છે ! ગમે તેટલા પાપ (કર્યા) હોય ગુલાંટ ખાઈ જા અંદરમાં !! સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે) **'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** કેમ ? (કેમકે) **'...એનો ઉપદેશ પણ વિરલ છે – ક્યાંક ક્યાંક છે.'** બાકી બીજો વ્યવહારનો ઉપદેશ તો ચાલે જ છે. 'આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો...' આનો ઉપદેશ જ વિરલ છે. છે અંદર ? આહા...! **'...એનો ઉપદેશ પણ વિરલ છે – ક્યાંક ક્યાંક છે.'** કોઈ કોઈ ઠેકાણે ધર્માત્મા સમ્યગ્દર્શનની અને અભેદની વાત કરે છે. બાકી તો મિથ્યાત્વની અને વ્યવહારની વાતું કરનારી આખી દુનિયા પડી છે. આ..હા..હા...! ક્યાંક–ક્યાંક છે, પણ છે ખરો !

મુમુક્ષુ :– ગુરુદેવ ! નાઈરોબી સુધી એ ઉપદેશ પહોંચી ગયો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– (આ લોકોએ) વિનંતી કરી હતી. પછી વિચાર થયો, કીધું, 'ઠીક ભાઈ ચાલો હવે !'

મુમુક્ષુ :– આ આફ્રિકામાં શેઠ ઘણા છે તો આપ આકાશસે ઊતરકે આયે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી ! આકાશમાંથી મુનિ ઊતર્યા ને ! સિંહને ફાડતાં હતાં ! અને (અમે) આવ્યા ઉપરથી... ૩૦૦૦ માઈલથી દૂર ! બાપુ ! મારગડા જુદા પ્રભુ ! એનું એણે સાચું જ્ઞાન તો પહેલું કરવું પડશે, પ્રભુ ! બીજી બધી વાતું એકકોર મૂકી દઈને ! એકબીજાની ઈર્ષ્યાઓ, એકબીજાના અભિમાન અને એકબીજાના મોટપની વાતુ કે નાનપની વાતું, એ બધી છોડી દે, પ્રભુ ! આ..હા...! એમાં કાંઈ માલ

નથી ! આ..હા..હા..હા...! આ વસ્તુ વિરલ છે ! એનો ઉપદેશ પણ વિરલ છે, આ 'સમયસાર'માં કહ્યું ! આ નિશ્ચયનો – સત્યનો ઉપદેશ તો વિરલ છે, ક્યાંક ક્યાંક છે ! આ..હા..હા...!

**'તેથી ઉપકારી શ્રી ગુરુએ...'** તે કારણે ઉપકારી શ્રી ગુરુએ **'...શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને...'** શુદ્ધનયના ગ્રહણનું ફળ ત્રિકાળી અભેદ દૃષ્ટિ... આ..હા...હા...હા...! ચિદાનંદ પ્રભુ અભેદ અખંડાનંદ છે તેની દૃષ્ટિથી આહા...! એ ગ્રહણનું ફલ મોક્ષ જાણી. અભેદ દૃષ્ટિનું ફળ મોક્ષ છે. ભેદ અને વ્યવહારના (ગ્રહણનું) ફળ સંસાર છે. આ..હા..હા...! છે એમાં ? લખાણ છે ને ? તમારા તરફથી છાપીને તો આવ્યું હતું. આ પાનું આવ્યું હતું, મોકલ્યું હતું, ત્યાં 'સોનગઢ' આવ્યું હતું !

આહા..હા...! શુદ્ધનયનો પક્ષ ઉપકારી શ્રી ગુરુએ... આ..હ..હા...! (એ) શું કહ્યું ? કે, શુદ્ધનયનો ઉપદેશ આવે તો સાંભળનારને એમ ન થવું જોઈએ, કંટાળો ન આવવો જોઈએ. 'ઉપકારી' શ્રી ગુરુએ આ ઉપદેશ કર્યો એમ થવું જોઈએ, એમ કહે છે. અંતરનો આત્માનો ઉપદેશ આવે ત્યારે એને એમ ન થવું જોઈએ, કંટાળો ન આવવો જોઈએ કે (અમને) કાંઈક બીજી વાત કરે, એમ ન કરવું જોઈએ.

એ શુદ્ધનયનું ફળ, **'...(શુદ્ધનયના) ગ્રહણનું ફળ મોક્ષ જાણીને...'** આ..હા..હા...! અખંડાનંદ પ્રભુ ! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ! સત્–શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ ! તેના પક્ષથી મોક્ષ જાણી (અર્થાત્) એનો પક્ષ કરતા આત્માને સમકિત થઈને મોક્ષ થાય. એમ જાણી **'...એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...'** વ્યવહાર (ગૌણતામાં) આવ્યો છે પણ આ ઉપદેશ મુખ્યતાથી દેવામાં આવ્યો છે. જેના ફળ તરીકે મોક્ષ અને આત્માનું કલ્યાણ થાય.

**'શુદ્ધનય ભૂતાર્થ છે...'** આ..હા..હા...! એક સેકંડના એક સમયમાં



આત્મા ત્રિકાળ ભૂતાર્થ છે. **'...સત્યાર્થ છે;...'** ભૂતાર્થ એટલે સત્યાર્થ છે. ત્રિકાળી સત્ય પ્રભુ છે. એ સત્યાર્થનો ઉપદેશ (આપ્યો છે). **'...ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે;...'** આ..હા..હા...! પર્યાયનો આશ્રય કરવાથી કે દયા, દાનનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાતું નથી, એમ એમાં કહ્યું. આહા..હા...! એનો (શુદ્ધનયનો) ઉપદેશ સત્યાર્થ (છે) અને એનો આશ્રય કરવાથી (અર્થાત્) ભગવાન ચિદાનંદ પ્રભુ ! અખંડ અભેદ છે તેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. સમ્યગ્દૃષ્ટિ (એટલે) જેવું સત્ય સ્વરૂપ છે ભૂતાર્થ છે – સત્યાર્થ છે તેવી દૃષ્ટિ એની થઈ જાય છે. જેવું ત્રિકાળી સત્ય (સ્વરૂપ) છે એવી દૃષ્ટિ કરતાં તેને સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. સાંભળતા સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે, અહીં એમ કહે છે ! આ..હા..હા..હા...! તો ઇ સાંભળવામાં નકાર કરવો કે, 'આવું ઝીણું અમારે નહિ (ચાલે) !' બાપુ ! જાડું તો કર્યા જ કરે છે, અનાદિથી કર્યું છે. ચોરાશીના અવતાર કરી કરીને બાપા હોથા નીકળી ગયા છે, ભાઈ ! આહા...!

ભગવાન ! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં લખ્યું છે કે, પહેલી નરકનું દુઃખ (ભોગવવા) અનંતવાર ત્યાં ગયો પ્રભુ ! એના એક ક્ષણનું દુઃખ, કરોડો ભવે અને કરોડો જીભે ન કહી શકાય ! પ્રભુ ! તું ભૂલી ગયો, ભૂલી ગયો એટલે નહોતું, કેમ કહેવાય, ભાઈ ? આહા..હા...! જન્મીને બાર મહિનામાં માતાએ શું કર્યું, એ ખબર નથી, તેથી નહોતું એમ કેમ કહેવાય ? એમ અનંત કાળમાં રખડતા એવા નરકમાં અનંતવાર ગયો છે. એના એક ક્ષણના દુઃખ કરોડો ભવે અને કરોડો જીભે ન કહેવાય, પ્રભુ ! એવા દુઃખ તેં સહન કર્યાં છે ! તારા દુઃખ દેખીને દુઃખના દેખનારને આંસુ આવ્યા છે. એવાં દુઃખો અનંતવાર સહન કર્યાં છે. એ એક આત્માના સમ્યગ્દર્શન વિના ! સમજાય છે કાંઈ ? પાપ કર્યાં તો નરક અને તિર્યંચ(પણું) મળ્યું, કોઈ પુણ્ય કર્યાં તો મનુષ્ય અને સ્વર્ગ(માં) ગયો.

ત્યાંથી મરીને પાછો ઢોર થઈને નરકમાં જશે. (એમ) ચારગતિના ભવ પ્રભુ અનંતવાર કર્યાં છે. આહા...હા...!

શુદ્ધનય સત્યાર્થ (છે). '**...એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે;...**' છે ? બીજો કોઈ આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે, એમ નહિ, ત્રિકાળી દ્રવ્ય અખંડાનંદ પ્રભુ ! એનું પહેલું જ્ઞાન તો કરવું પડે ને ? અંદર પર્યાય તો એક સમયની છે, રાગ પણ એક ક્ષણનો છે. અંદર ત્રિકાળી ધ્રુવ ચીજ છે. અનાદિ અનંત અનઉત્પન્ન અને અવિનાશી, એવી ચીજનો આશ્રય કરતાં સમ્યગ્દષ્ટિ થઈ શકે છે. ચોથે ગુણસ્થાને ત્યારે આવી શકે છે. હજી તો ચોથું (ગુણસ્થાન) ! શ્રાવક અને મુનિદશા તો બાપુ, ઊંચી પદવી છે !! આ..હા...! આ સ્થિતિમાં સમ્યગ્દષ્ટિ થઈ શકે છે. આહા...હા...!

'**...એને જાણ્યા વિના...**' (એટલે) કોને ? આ અભેદને જાણ્યા વિના, ત્રિકાળી સત્ય પ્રભુ છે તેને જાણ્યા વિના, જે આમાં આત્માને 'ભૂતાર્થ' કહ્યો છે. ભૂત નામ છતો ! ત્રિકાળી ચીજ ભગવાન અનાદિ અનંત આનંદનો કંદ બિરાજે છે, '**...એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...**' એને જાણ્યા વિના જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. (એટલે) ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ(ના) પરિણામ કરે (તો) એમાં મગ્ન છે. '**...ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.**' આ..હા...હા...! જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે અને નિશ્ચયમાં આવતો નથી ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિના જન્મ–મરણના આરા આવતા નથી. એ ચોરાશીના અવતાર કરી કરીને, અનંત ભવ કરીને થડ નીકળી ગયો છે ! ઘા પડ્યા છે માથે ! આહા...હા...! નરકની અંદરમાં નારકીને પરમાધામી પીલી નાખે છે આમ ! ઘાણીમાં પીલે, કટકા કરે, તલવારથી છેદે – કટકા કરે ! એવા નરકનાં દુઃખો પણ પ્રભુ ! તેં અનંતવાર ભેદના પક્ષને લઈને (ભોગવ્યા) છે,



પણ અભેદનો પક્ષ તેં કર્યો નથી, એમ કહેવું છે. આહા..હા...! વ્યવહારનો પક્ષ તો કર્યો છે, બાપુ !

મુમુક્ષુ :– દુઃખ ભુલાઈ ગયા છે બધા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભુલાઈ ગયા છે ? આહા..હા...! અનંતા દુઃખો સહન કર્યાં ઇ ભૂલી ગયો, પ્રભુ ! એને ખ્યાલમાં ન રહ્યું. ભૂલી ગયો એટલે કાંઈ નહોતું એમ છે ? એને ખબરેય ક્યાં છે કે હું કોણ છું ? ક્યાં હતો ? આ વર્તમાન ભાળીને – વર્તમાન દેખીને બસ રાજી થઈ જાય ! પૈસો દેખે, આબરૂ દેખે, કાંઈક પૈસા ધૂડ–બૂડ મળે એટલે જાણે રાજી થઈ જાય ! શરીર નીરોગી હોય કે રૂપાળુ ઠીક હોય, કુટુંબ–છોકરા કાંઈ સારા પાક્યા હોય, એટલે જાણે આપણે બધાથી વધી ગયા ! સંસારમાં... રખડવામાં વધી ગયા ! આહા...!

આ શુદ્ધનયનો પક્ષ આવ્યા વિના, છે (પાઠમાં) ? '**...જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ,...**' 'આત્માનાં' જ્ઞાનશ્રદ્ધાન (કહ્યું છે). અહીં દેવ, ગુરુ, શાસ્ત્રની વાત નથી કરી. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે. આવે (ખરો) પણ એ મૂળ ચીજ નથી. આ..હા..હા..હા...! તેથી અહીં કહ્યું કે '**...આત્માનાં જ્ઞાન શ્રદ્ધાનરૂપ...**' આત્મા અખંડાનંદ પ્રભુ ! તેનાં જ્ઞાન અને શ્રદ્ધાનરૂપ '**...નિશ્ચય સમ્યક્ત્વ...**' 'નિશ્ચય સમકિત' એટલે શું કહ્યું ? વ્યવહાર સમકિત તો એને અનંતવાર આવ્યું છે. વ્યવહાર તરીકે દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત(ના) પરિણામ, અગિયાર અંગનું જ્ઞાન એવું તો અનંતવાર આવ્યું છે. પણ એ અનંતવારના ફળમાં તો ચારગતિ છે. આહા...હા...! આ, આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત (કહ્યું). આમાં દેવ, ગુરુની શ્રદ્ધા અને આ શાસ્ત્રની શ્રદ્ધાની વાત ન લીધી. એ બધું વ્યવહાર છે. આહા...હા...! આવે... હોય... (પણ એ) જાણવાલાયક છે. આદરવાલાયક આ છે. આહા...!

'..જ્યાં સુધી...' આ..હા..હા..હા...! એને જાણ્યા વિના (વ્યવહારમાં મગ્ન રહે છે). '...ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી. એમ આશય જાણવો.' લ્યો ! આ ગાથાનો એવો આશય છે. નિશ્ચય ત્રિકાળી ચીજ છે, વર્તમાન પર્યાયને – વર્તમાન દશાને પર તરફ જે ઢળેલી છે તેને અંતરમાં વાળી લેવી. એ નિશ્ચય સમકિત (પ્રાપ્ત કરાવવાનો) આમાં આશય છે. આ..હા..હા...! નિશ્ચય સમકિત થાય તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન અને મોક્ષ થયા વિના રહે નહિ. એને સંસાર(માં) રખડવાનું હોઈ શકે નહિ. એને માટે આમાં (આ ગાથામાં) ત્રિકાળીને સત્ય કીધું અને એક સમયની પર્યાયને ગૌણ કરીને અસત્ય કીધું – એ નિશ્ચયની દૃષ્ટિ કરાવવા માટે. પર્યાય નથી, રાગ નથી, એમ નહિ. પણ તેને ગૌણ કરીને, પેટામાં રાખીને ત્રિકાળી ચીજની દૃષ્ટિ કરાવવા, જેનાથી સમકિત થાય, જેનાથી જન્મ-મરણના આરા આવી જાય – અંત આવી જાય એ માટે નિશ્ચયનું ફળ, નિશ્ચય સમકિત જાણી નિશ્ચયનો – દૃષ્ટિનો (દૃષ્ટિના વિષયનો) આશ્રય કરાવ્યો છે, એમ આશય જાણવો. અગિયારમી ગાથા પૂરી થઈ. હવે ચૌદ(મી ગાથા) ! આહા...હા...! ચૌદમી ગાથા છે ?

**'એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે.'** છે શબ્દ ? ત્રિકાળી ચીજને હવે ગાથાસૂત્રથી વિસ્તારથી કહે છે. જે (અગિયારમી ગાથામાં) ટૂંકામાં કહ્યું હતું (એ) હવે આ ચૌદમી (ગાથામાં) વિસ્તારથી કહે છે. છે મથાળું ? એ શુદ્ધનયને, ત્રિકાળીને જણાવાનું આ ગાથાસૂત્રથી કહે છે. ચૌદમી !

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ।।१४।।**

હરિગીત ! એ 'કુંદકુંદઆચાર્ય'ની ગાથા છે. એમાંથી હરિગીત પંડિતજીએ કર્યું.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**



**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

એની ટીકા ! વિષય બહુ સરસ છે !! આ સમ્યગ્દર્શનનો વિષય છે. જેવો (અગિયારમી ગાથામાં) પણ સમ્યગ્દર્શનનો વિષય હતો, એવો આ સમ્યગ્દર્શનનો વિસ્તાર છે.

ટીકા :– **'નિશ્ચયથી...'** (એટલે) ખરેખર જોઈએ તો, **'...અબદ્ધ...'** (અર્થાત્) ભગવાનઆત્મા ! કર્મ અને રાગથી બંધાયેલો નથી. આહા..હા...! (એ તો) અબદ્ધ છે. છે ? બદ્ધ છે એ તો વ્યવહારનો વિષય છે. રાગનો સંબંધ છે એ વ્યવહારનો વિષય છે. નિશ્ચયનો (વિષય) આત્મા તો અબદ્ધ છે. આ..હા..હા..હા...! રાગથી પણ ચિદાનંદ વસ્તુ બંધાયેલી નથી. એ ચીજ – વસ્તુ છે, એ ત્રિકાળ નિરાવરણ છે. જેને રાગનો સંબંધ પણ નથી ! આ સમ્યગ્દર્શનની ગાથા છે. ત્રિકાળી દ્રવ્ય જેને કહીએ, સમ્યગ્દર્શનનો વિષય કહીએ... નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય જે આત્મા તે અબદ્ધ છે.

બીજી રીજે કહીએ તો અબદ્ધ છે એટલે મુક્ત છે. બદ્ધ નથી, એ નાસ્તિથી વાત કરી છે. અબદ્ધ (એટલે) નિશ્ચયથી – અસ્તિથી કહીએ તો એ ભગવાન અંદર મુક્તસ્વરૂપ છે ! આ..હા..હા..હા...! એ તો એની પર્યાયમાં અનાદિથી વિકાર અને દોષ છે. વસ્તુ છે એ તો ત્રિકાળ અબદ્ધ અને મુક્ત જ છે. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? નિશ્ચયથી અબદ્ધ છે. મુક્તસ્વરૂપ જ આત્મા છે.

**'(અસ્પૃષ્ટ,...)'** અને તે અસ્પૃષ્ટ છે. એ કર્મના પરમાણુને અડ્યોય નથી આ..હા..હા...! અસ્પૃષ્ટ છે. જોડે વિસ્તા પરમાણુ છે. 'અબદ્ધ'માં કર્મનો સંબંધ નથી, રાગનો સંબંધ નથી, અને 'અસ્પૃષ્ટ'માં એક કર્મ થવાને લાયક વિસ્તા પરમાણુ છે, એને પણ એ સ્પર્શ્યો નથી. એવો એ અંદર આત્મા છે ! આહા..હા..!

**'...અનન્ય,...'** એનો અર્થ (પછી) કરશે. એ અનેરો–અનેરો નથી,

અનન્ય છે. એક જ રૂપ જેનું છે. ત્રિકાળ જેનું એક જ રૂપ છે. અનેરું – અનેરું રૂપ (અર્થાત્) નારકી ને દેવ ને મનુષ્ય ને દેવ, એ એનું રૂપ નથી. અનેરું–અનેરું એનું રૂપ નથી, અનન્ય રૂપ છે. આનંદ અને જ્ઞાયકસ્વરૂપનું એનું અનન્ય રૂપ એકરૂપ છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આ..હા..હા..હા...!

**'નિયત,...'** નિશ્ચય છે. નિયત નામ એની પર્યાયમાં ભેદ છે, એ એમાં નથી. પર્યાયમાં જ્ઞાનની ઓછી–વત્તી દશાઓ દેખાય છે તે તો વ્યવહારનયનો વિષય છે. નિશ્ચય ત્રિકાળી વસ્તુ નિયત છે, એનામાં કોઈ ભેદ અને અલ્પતા છે જ નહિ. એ તો નિયત–નિશ્ચય ત્રિકાળ એકરૂપ છે.

**'...અવિશેષ,...'** એને ગુણ–ગુણીનો ભેદ નથી, આ..હા..હા...! ગુણી–આત્મા અને જ્ઞાન એનો ગુણ એવો વિશેષ, એ નથી. સામાન્ય છે. આ..હા..હા...! આ તો તમારી લખાયેલી ગાથા છે. 'અવિશેષ' છે. જ્ઞાન, દર્શન એવા જે વિશેષ – ભેદો, એ સ્વરૂપમાં નથી. સ્વરૂપ એકાકાર છે, અભેદ છે. આહા..હા...! અવિશેષ એટલે સામાન્ય.

**'...અસંયુક્ત,...'** રાગ અને દુઃખના પરિણામ(ના) સંબંધ વિનાનો છે. રાગના દુઃખના સંબંધ વિનાનો અસંયુક્ત છે. સંયુક્ત નથી. રાગરૂપ આકુળતા(થી) સંયુક્ત નથી. એ આકુળતાથી રહિત ભગવાન અંદર છે. આહા..હા..હા..! આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે – ચોથા ગુણસ્થાનની ! શ્રાવકપણું તો ક્યાંય રહ્યું પછી ! મુનિપણું તો ક્યાંય (રહ્યું), બાપુ ! એ દશા કોઈ અલૌકિક છે ! આહા...હા...!

અહીં કહે છે કે, **'...અસંયુક્ત – એવા આત્માની જે અનુભૂતિ...'** (અર્થાત્) આવા આત્માનો જે અનુભવ – અબદ્ધનો એટલે મુક્ત–સ્વરૂપનો, અસ્પૃષ્ટનો એટલે પરમાણુના સ્પર્શ વિનાનો, નિયતનો એટલે પર્યાયના ભેદ વિનાનો, અવિશેષનો એટલે ગુણભેદ વિનાનો, આહા..હા...! અને



(અસંયુક્ત એટલે) દુઃખના સંયોગ વિનાનો, આનંદની મૂર્તિ ભગવાનઆત્મા છે. એવા આત્માની (અનુભૂતિ). આહા..હા..હા...! હજી તો પહેલો અર્થ કરે છે, વિસ્તાર પછી કરશે. **'...એવા આત્માની જે અનુભૂતિ...'** (અર્થાત્) એવા આત્માનો જે અનુભવ **'...તે શુદ્ધનય છે,...'** તે સમકિત છે. તે શુદ્ધનય છે (એટલે) તે સમકિત છે, તે આત્મા છે. આહા..હા...! સાંભળવું પણ કઠણ પડે ! છે ? અંદર આત્મા જે અબદ્ધ નામ રાગના સંબંધ વિનાનો અને પરમાણુ; આત્માની જોડે વિસ્તા પરમાણુ અનંતા પડ્યા છે, એના સ્પર્શ વિનાનું દ્રવ્ય છે. નિયત નામ નિશ્ચય–પર્યાયના ભેદ વિનાનો છે. અવિશેષ નામ ગુણભેદ વિનાનો અભેદ છે અને રાગના દુઃખના સંયુક્ત(પણાથી) રહિત છે. એકલો આનંદની મૂર્તિ છે. આ..હા..હા...! આવો આત્મા છે ! એવા આત્માની અનુભૂતિ એટલે એનો અનુભવ કરવો, એને અનુસરીને ભવવું – થવું. અનુભૂતિ (એટલે) આવા આત્માને અનુસરીને પર્યાયમાં સમકિત થવું કે આનંદનું વેદન થવું, તેને અહીંયાં 'અનુભૂતિ' કહે છે. તેને સમ્યગ્દર્શનની પહેલી દશા કહે છે, આહા...હા...! સમજાય છે આમાં ?

ઝીણું થોડું પડે, પણ એણે સમજવું પડશે કે નહિ, ભાઈ ? આવો મનુષ્યભવ મળ્યો ! એમાં જિનવાણી સાંભળવાનો જોગ મળ્યો ! આ..હા..હા...! એમાં એણે આવી વાત સાંભળીને, સમજાવી પડશે ! જન્મ–મરણ વિનાનો તે વિના નહિ થાય. નહિતર તો કીડી, કાગડા, નરકના અનંતા ભવો બધાં માથે ઊભા છે ! આહા...હા...હા...!

ભવરહિત થવું હોય તો આવો જે આત્મા અંદર છે તેનો અનુભવ કરવો એ અનુભૂતિ (છે), એ શુદ્ધનય છે. **'...અનુભૂતિ તે શુદ્ધનય છે,...'** શું કીધું ? શુદ્ધનયનો વિષય છે તે શુદ્ધનય છે, પણ એની અનુભૂતિ છે એને અહીં શુદ્ધનય કીધી છે. શું કહ્યું એ ? એક શુદ્ધનય અગિયારમી ગાથામાં 'ત્રિકાળી'ને કહ્યું હતું. **'ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु**

सुद्धणओ।' ત્રિકાળી ચીજને શુદ્ધનય કીધી હતી. ત્રિકાળી વસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે તેને 'શુદ્ધ' કીધું હતું. અહીંયાં એની 'અનુભૂતિ'ને શુદ્ધ કહે છે.

ફરીને, અગિયારમી ગાથા આપણે વંચાઈ ગઈ, એમાં **'भूयत्थो देसिदो दु सुद्धणओ।'** – બીજું પદ હતું. ત્રિકાળી વસ્તુ છે તે શુદ્ધનય છે, એમ કીધું હતું, અને પર્યાયમાત્ર બધો વ્યવહાર કહ્યો હતો, ત્યાં ! અનુભૂતિ પણ પર્યાય છે એ (પણ) વ્યવહાર કહ્યો હતો. ત્રિકાળી ભૂતાર્થ ચીજ છે તેને શુદ્ધનય કીધું હતું. અહીં એની અનુભૂતિને 'શુદ્ધનય છે' એમ કીધું. એ ચીજ જે છે એનો અનુભવ થવો (એ શુદ્ધનય છે). એ ચીજ છે ઇ શુદ્ધનય છે – ભૂતાર્થ શુદ્ધનય છે, પણ તેનો અનુભવ થવો તેને 'શુદ્ધનય' કહીએ છીએ (એમ) કહે છે. આ..હા..હા...! ધીમેથી સમજવા જેવી વાત છે. આ વાર્તા અને કથા નથી. આ તો ભગવત્સ્વરૂપની કથા છે ! અંતરની વાતું છે, ભગવાન ! આહા...હા..! શું કહ્યું ?

એકબાજુ અગિયારમી ગાથામાં ત્રિકાળીને શુદ્ધનય કીધો અને અહીંયાં અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કરે, એ અનુભવને શુદ્ધનય કીધી. એનું ફળ આવ્યું ને, અનુભૂતિ ? એને શુદ્ધનય કીધી ! સમજાય છે કાંઈ ? અગિયારમી (ગાથામાં) ત્રિકાળી ભૂતાર્થ દ્રવ્ય–સ્વભાવ વસ્તુ છે એને **'भूयत्थो देसिदो दु सुद्धणओ।'** ભૂતાર્થને અમે શુદ્ધનય કહીએ છીએ, એમ બીજા પદમાં ત્યાં આવ્યું છે. અહીંયાં કહે છે કે એવો જે ભગવાન ભૂતાર્થ છે, અનન્ય છે, નિયત છે, સામાન્ય છે, વિશેષ નથી, રાગના સંબંધ વિનાનો છે એની અનુભૂતિ, તેને અમે અહીંયાં શુદ્ધનય કહીએ છીએ. શુદ્ધનયનો વિષય અનુભવ્યો તેને પણ અમે શુદ્ધનય કહીએ છીએ. આહા..હા..હ! ધીરેથી સમજવું. બાપુ ! આ તો ભગવાનની વાણી છે ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞદેવની વાણી છે. આહા...! એને (અનુભૂતિને) શુદ્ધનય કહીએ. આહા...! છે ?



**'...અને એ અનુભૂતિ આત્મા જ છે;...'** એ અનુભવ થયો તે આત્મા જ છે, એમ કીધું ! ઓલો આત્મા છે – શુદ્ધનયનો વિષય છે એ ધ્રુવ છે, પણ અહીં તો એની અનુભૂતિ થઈ તે આત્મા છે. કેમ (અનુભૂતિને આત્મા કહ્યું) ? (કેમકે) જે પુણ્ય અને પાપના પરિણામ છે તે અનાત્મા છે. ત્યારે ત્રિકાળી આત્માનો અનુભવ–પર્યાય છે તે આત્મા છે, એમ અહીં કીધું છે. સમજાય છે કાંઈ ? અગિયારમી ગાથાથી આ વિષય ફર્યો (છે).

મુમુક્ષુ :– 'અલિંગગ્રહણ'ના ૨૦મા બોલમાં અને આમાં શું ફેર છે ?

સમાધાન :– ત્યાં વીસમા બોલમાં આત્માનું વેદન તે આત્મા છે, એટલું. પણ ત્યાં દ્રવ્ય છે. અહીં એ દ્રવ્ય અનુભૂતિમાં છે પણ પર્યાય તે શુદ્ધનય છે. દ્રવ્યનો અનુભવ તે શુદ્ધનય છે અને શુદ્ધનયને અહીંયાં આત્મા કહીએ. ત્યાં જે વેદનને આત્મા કીધું છે, અહીં અનુભૂતિને આત્મા કીધો છે.

મુમુક્ષુ :– અનુભૂતિ અને વેદનમાં શું ફેર છે ?

સમાધાન :– એક જ વાત છે. ઇ શું કહ્યું ? 'પ્રવચનસાર'માં ૧૭૨ ગાથામાં 'અલિંગગ્રહણ'ના ૨૦ બોલ છે. એમાં એક વીસમો બોલ એવો લીધો છે કે, આત્મા ત્રિકાળી દ્રવ્ય છે તેને એનું વેદન અડતું નથી. વેદન તો પર્યાયનું છે. અનુભૂતિ એ પર્યાયનું વેદન છે. આનંદનું વેદન એ પર્યાયનું છે. એ પર્યાયનું વેદન તે દ્રવ્યને અડતું નથી. કેમકે દ્રવ્ય તે ધ્રુવ છે. ભલે ધ્રુવને લક્ષે અનુભૂતિ થઈ, પણ અનુભૂતિ તે દ્રવ્યને અડતી નથી. થોડું ઝીણું પડે, બાપુ ! વસ્તુ એવી ઝીણી છે. આહા..હા...!

અંતરમાં, અહીં તો અનુભૂતિ કહો, આત્મા કહો કે શુદ્ધનય કહો, ત્રણે એક છે, અહીં ઇ કહેવા માંગે છે. જુઓ ! **'...અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.'** એ રીતે આત્મા –

ત્રિકાળી જ્ઞાયકનો અનુભવ કરતાં, મુક્ત સ્વરૂપનો અનુભવ કરતાં, જે અનુભૂતિ થાય તે આત્મા છે, રાગ અને પુણ્યના પરિણામ એમાં નથી. આહા...હા...! સમજાણું આમાં ? એથી કહ્યું, જુઓ ! કૌસમાં ! '**(શુદ્ધનય કહો...**') અગિયારમી (ગાથામાં) શુદ્ધનય ત્રિકાળને કહ્યું હતું. અહીં અનુભૂતિને – એના ફળને પણ શુદ્ધનય કહ્યું. '**(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો...)**' ત્રણેય એક છે. પર્યાય – અનુભૂતિ છે તે આત્માની છે માટે (તે) આત્મા (છે). રાગ અને દયા, દાનનો ભાવ આત્માનો નથી માટે અનાત્મા. આહા..હા..હા...! આવી વાતું છે.

મુમુક્ષુ :– એક હોવા છતાં અનુભૂતિમાં જુદું આવ્યું ?

સમાધાન :– અનુભૂતિ એટલે એનું એ છે – આનંદનો અનુભવ ! દ્રવ્યનો અનુભવ તે અનુભૂતિ. પણ દ્રવ્યનો અનુભવ નથી. અનુભવ પર્યાયનો છે. પર્યાયનો અનુભવ હોવા છતાં તેને શુદ્ધનય કીધી છે અને તેને આત્મા કહ્યો છે. એમ ત્રણેને એક વાત કરી છે. આહા...! વિશેષ કહેવાશે.....

❁ ❁ ❁

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છે :

जो परसदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ।।१४।।

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

ગાથાર્થ :-- (यः) જે નય (आत्मानम्) આત્માને (अबद्धस्पृष्टम्) બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, (अनन्यकं) અન્યપણા રહિત, (नियतम्) ચળાચળતા રહિત, (अविशेषम्) વિશેષ રહિત, (असंयुक्तं) અન્યના સંયોગ રહિત – એવા પાંચ ભાવરૂપ (पश्यति) દેખે છે (तं) તેને, હે શિષ્ય ! તું (शुद्धनयं) શુદ્ધનય (विजानीहि) જાણ.

ટીકા :-- નિશ્ચયથી અબદ્ધ–અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત – એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. (શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો – એક જ છે, જાુદાં નથી.) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવો આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ? તેનું સમાધાન :– બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :–

જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની–પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે; એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્ગલકર્મથી બંધાવા–સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ પુદ્ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.

વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત (– સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં (પર્યાયોના બીજા–બીજાપણારૂપ) અન્યપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ નિત્ય–સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ નિત્ય–સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણ-સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.

જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ – તપ્તપણારૂપ – અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં

संयुक्तपणुं अभूतार्थ छे – असत्यार्थ छे.

भावार्थ :– आत्मा पांच प्रकारथी अनेकरूप देखाय छे : (१) अनादि काळथी कर्मपुद्गलना संबंधथी बंधायेलो कर्मपुद्गलना स्पर्शवाळो देखाय छे, (२) कर्मना निमित्तथी थता नर, नारक आदि पर्यायोमां भिन्न भिन्न स्वरूपे देखाय छे, (३) शक्तिना अविभाग प्रतिच्छेद (अंश) घटे पण छे, वधे पण छे – ए वस्तुनो स्वभाव छे तेथी ते नित्य-नियत एकरूप देखातो नथी, (४) वळी ते दर्शन, ज्ञान आदि अनेक गुणोथी विशेषरूप देखाय छे अने (५) कर्मना निमित्तथी थता मोह, राग, द्वेष आदि परिणामो सहित ते सुखदुःखरूप देखाय छे. आ सौ अशुद्धद्रव्यार्थिकरूप व्यवहार नयनो विषय छे. ए दृष्टि(अपेक्षा)थी जोवामां आवे तो ए सर्व सत्यार्थ छे. परंतु आत्मानो एक स्वभाव आ नयथी ग्रहण नथी थतो, अने एक स्वभावने जाण्या विना यथार्थ आत्माने केम जाणी शकाय ? आ कारणे बीजा नयने – तेना प्रतिपक्षी शुद्धद्रव्यार्थिक नयने – ग्रहण करी, एक असाधारण ज्ञायकमात्र आत्मानो भाव लई, तेने शुद्धनयनी दृष्टिथी सर्व परद्रव्योथी भिन्न, सर्व पर्यायोमां एकाकार, हानिवृद्धिथी रहित, विशेषोथी रहित अने नैमित्तिक भावोथी रहित जोवामां आवे तो सर्व (पांच) भावोथी जे अनेकप्रकारपणुं छे ते अभूतार्थ छे – असत्यार्थ छे.



## प्रवचन–६, गाथा – १४

आ 'समयसार' ! गाथा चौद ! शिष्यनो प्रश्न हतो के, तमे शुद्ध आत्मा जे कहो छो, ए शुं छे ? जेनुं सम्यग्दर्शन थाय – जेनुं साचुं दर्शन थाय – जेनो अनुभव थाय, ए चीज छे शुं ? शिष्यनो एवो शुद्धतानो प्रश्न हतो. अशुद्धतानो प्रश्न एनो नहोतो. पुण्य अने पाप केम थाय ? एवो एनो प्रश्न नहोतो. एनो उत्तर अपाणो छे. आपणे अहीं सुधी आव्युं छे.

निश्चयथी आ आत्मा मुक्तस्वरूप छे. द्रव्य जे छे, द्रव्य एटले वस्तु ए अबद्ध छे (एटले के) बंधायेली नथी. एने राग अने कर्मना संबंधनो बंध नथी. त्रिकाळी चीज छे ए निरावरण छे. झीणी वात छे, प्रभु ! अंदर त्रिकाळी चीज छे ए निरावरण अबद्ध छे. पहेलो शब्द छे ने 'अबद्ध' ? एने बंध–संबंध नथी. अंदर एवी एक चीज छे.

अनन्य छे एटले के अनेरा–अनेरा भावरूपे नथी. एना अनन्य भावस्वभाव चैतन्यरूप छे अने नियत (एटले) निश्चय छे. एनी पर्यायमां अनेकपणुं देखाय छे ते वास्तविक तत्त्व नथी. नियत नाम निश्चय त्रिकाळी चीज छे एने अहीं 'नियत' कहेवामां आवे छे, 'निश्चय' कहेवामां आवे छे. अविशेष (एटले) एमां विशेषपणुं पण नथी. एटले आत्मा वस्तु छे अने एना ज्ञान, दर्शन अने आनंद एवा गुणो (छे) एवो भेदरूप

વિશેષ નથી. એ અવિશેષ છે (એટલે કે) સામાન્ય છે. ઝીણી વાત છે, ભાઈ !

સમ્યગ્દર્શન – ધર્મની પહેલી શરૂઆત કોઈ અલૌકિક છે ! અનંતકાળમાં એણે પુણ્ય–પાપ અનંતવાર કર્યાં અને એ તો ચારગતિમાં રખડી મર્યો છે. વર્તમાન(માં) કાંઈક સગવડતા ભાળીને ત્યાં ચોંટી જાય છે ! પણ એવી બહારની સગવડતા તો અનંતવાર મળી છે. અંતરની સગવડતા એણે કોઈ દી' જોઈ નથી અને જોવાનો એણે પ્રયત્ન પણ કર્યો નથી.

(અહીંયાં) એ કહે છે – એ તો અવિશેષ છે. શું કહે છે ? વસ્તુ છે એ વિશેષ નથી એટલે કે સામાન્ય છે. એટલે કે ગુણ–ગુણીના ભેદ પણ જેમાં નથી. આહા...હા...! આવી વસ્તુ ! અને 'અસંયુક્ત' છે. તેને દુઃખનો સંબંધ છે જ નહિ. આકુળતા એના સ્વભાવમાં છે જ નહિ. એ તો નિરાકુળ આનંદકંદ પ્રભુ છે. એવા આત્માની જે અનુભૂતિ... આહા..હા...! એવા આત્માનો જે અનુભવ; વસ્તુ ત્રિકાળી સામાન્ય છે પણ તે ધ્રુવનો અનુભવ પર્યાયમાં (થાય છે). એ પર્યાયમાં (જે) અનુભવ (થાય) છે એને અહીંયાં 'અનુભૂતિ' કહે છે. દ્રવ્યમાં અનુભૂતિ ન હોય (કારણ કે) દ્રવ્ય ધ્રુવ છે એ એકરૂપ ત્રિકાળ છે. એની સન્મુખ થતાં, રાગ અને પર્યાય અને વિકારથી વિમુખ થતાં, અને સ્વભાવની સન્મુખ થતાં, તેનો જે અનુભવ થાય તે 'શુદ્ધનય' છે. શુદ્ધનય એટલે વાસ્તવિક નય તે છે, યથાર્થ દૃષ્ટિ તે છે. આ..હા..હા..હા...! '**...અને એ અનુભૂતિ આત્મા જ છે;...**' આ..હા..હા...! રાગ અને પુણ્ય–પાપનો અનુભવ એ તો અનાત્મા છે, એ આત્માનો અનુભવ નથી. આહા...હા...!

અનંતકાળમાં સ્વર્ગમાં અનંતવાર ગયો. નવમી ગ્રૈવેયક એટલે ગ્રૈવેયક, આ ચૌદ બ્રહ્માંડ છે એ પુરુષને આકારે છે. પછી ખાલી ભાગ આકાશ (છે) પણ જીવ–જડથી ભરેલો (આ) ચૌદ રાજલોક અસંખ્ય



જોજનમાં છે. એ પુરુષને આકારે છે – આ ચૌદ બ્રહ્માંડ ! એની ગ્રિવા એટલે આ 'ડોક'! ગ્રિવાને સ્થાને દેવના વિમાન છે જેને ગ્રૈવેયક કહે છે. એ ગ્રૈવેયકમાં પણ ક્રિયાકાંડ કરીને, મહાવ્રત આદિ પાળીને, અનંતવાર નવમી ગ્રૈવેયકે અનંત–અનંત પુદ્‌ગલ પરાવર્તન કર્યાં છે. નવમી ગ્રૈવેયકે અનંતા ભવ કર્યાં છે. આહા..હા...! પણ આત્મજ્ઞાન શું ચીજ છે ? તે તરફ એણે ધ્યાન આપ્યું નથી. એની દરકાર કરી નથી. વાત આવે ત્યારે 'એ સૂક્ષ્મ છે... ઇ ઝીણું છે... એ આપણે માટે નહિ !' એમ કરીને વાત કાઢી નાખી છે !

પ્રભુ ! અહીં કહે છે કે, '**... એ અનુભૂતિ આત્મા જ છે;...**' આત્મ '**જ**' છે એમ લીધું, આત્મા (છે, એમ) નહિ, આત્મા '**જ**' છે ! એટલે ? ભગવાનઆત્મા જે અતીન્દ્રિય આનંદ અને નિશ્ચય શુદ્ધ સ્વભાવ છે એનો અનુભવ થવો, તેની સન્મુખ થઈને અનુભવ થવો, એ રાગ અને વિકાર નથી, એ નિર્વિકારી દશા છે, સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, અનુભવ છે, તે આત્માની પર્યાય છે, તેને અહીંયાં 'આત્મા' કહેવામાં આવ્યો છે. આહા..હા..હા...! છે ? અંદર પાનામાં તો છે. પાનામાં તો છે (પણ) આત્મામાં નથી ! આહા...હા...!

એ અનુભૂતિ આત્મા જ છે, '**...એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' અંતર સમ્યક્ શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જોતાં, પર તરફના વલણને છોડી દઈને, અંતર્મુખ જોતાં આત્મા એકરૂપે જ પ્રકાશમાન છે. એમાં ભેદ નથી, વિકાર નથી, પર્યાયનો ભેદ પણ તેમાં નથી. ઝીણી વાત છે, ભાઈ ! આ..હા..હા...! એવો જે આત્મા (તે) એક જ પ્રકાશમાન છે. '**એક જ**' પ્રકાશમાન છે, એમ કીધું છે ! પર્યાયનો ભેદ પણ ત્યાં પ્રકાશમાન (નથી). આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! સૂક્ષ્મ વાત છે. અનંત કાળથી એને પકડવાથી દરકાર કરી (નથી). ભાષા કેવી છે ? '**આત્મા એક જ પ્રકાશમાન છે.**' ગુણ–ગુણીના ભેદ (પણ) નહિ, રાગ નહિ, વિકલ્પ

નહિ. એકરૂપ ચૈતન્યસ્વરૂપ (ઉપર) અંતર દૃષ્ટિ મૂકતાં, એકલો આત્મા જ લક્ષમાં – અનુભવમાં આવે છે, એને શુદ્ધનય કહો, ...છે તો અનુભૂતિ ! એટલે કે ત્રિકાળી ચીજનો અનુભવ. એટલે કે અતીન્દ્રિય આનંદનો અનુભવ. એ અનુભવ છે એ પર્યાય છે. પર્યાય એટલે કે દ્રવ્યની વર્તમાન દશા છે. ત્રિકાળી (દ્રવ્ય) એ નહિ. એ વર્તમાન દશા હોવા છતાં, ત્રિકાળને અવલંબે જે નિર્મળ અનુભૂતિ થઈ, તે પર્યાયને આત્મા પણ કહ્યો છે. આહા...હા...! આવી વાતું છે ! એક જ પ્રકાશમાન છે. શુદ્ધનય કહો, સમ્યગ્જ્ઞાનનો શુદ્ધનય કહો, અનુભૂતિ કહો. આત્માની અનુભૂતિ કહો કે આત્મા કહો, એક જ છે. ત્રણે વાત એક જ છે, જુદાં નથી. આ...હા..હા...!

રાગથી જુદો પડતાં, પ્રભુ ! અનંત (આત્મા) મુક્તિ(માં) ગયા છે. અનંત આત્માઓ મુક્ત (દશામાં) પધાર્યા છે. પરમાત્માની વાણીમાં સિદ્ધાંતમાં એક લેખ છે કે, છ માસ અને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિને પામે. છ મહિના અને આઠ સમયમાં ! આ અઢીદ્વીપની અંદર મનુષ્ય છે. બાકી (અઢી દ્વીપની બહાર) અસંખ્ય દ્વીપ, સમુદ્ર તો ઢોરથી ભરેલા છે, તિર્યંચ ! અઢીદ્વીપ છે એમાં જ મનુષ્ય છે. એ સિવાયના અસંખ્ય દ્વીપ–સમુદ્ર છે એમાં એકલા તિર્યંચો – ઢોર – સિંહ, વાઘ, દરિયામાં માછલાં અને મગરમચ્છ ભરેલા છે. માણસ તો ફક્ત આ અઢીદ્વીપની અંદર છે – ૪૫ લાખ જોજનની અંદર ! એમાંથી પણ છ મહિનાને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિને પામે છે. આ..હા..હા..હા...! અત્યારે અહીંયાંથી ભલે મુક્તિ નથી, (પણ) મહાવિદેહમાં ભગવાન બિરાજે છે ત્યાંથી પણ છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિને પામે છે. અત્યારે પણ પામે છે ! આ..હા..હા...!

એ અહીં કહે છે, '**...એ અનુભૂતિ આત્મા જ છે. એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.**' એને '**(શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ**



**કહો યા આત્મા કહો – એક જ છે, જુદાં નથી) અહીં શિષ્ય પૂછે છે...**' હવે શિષ્યનો પ્રશ્ન છે કે, '**...જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ?**' પ્રભુ ! તમે આ વાત કરો છો પણ આ બધું દેખાય છે, રાગ, દ્વેષ, શરીર, કર્મ બધો સંબંધ દેખાય છે. એ (બધું) છે અને તમે આ વાત આવી કરો છો ? તો એનો અનુભવ શી રીતે થઈ (શકે) ? ચીજ બહારની નથી એનામાં ? રાગ, દ્વેષ, પુણ્ય, પાપ બધું ભર્યું છે, કર્મનો સંબંધ છે ! (તેથી એમ પૂછે છે કે), '**...જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ?**' આ બધું પડ્યું છે ને ? આહા..હા...! આ અંદર પુણ્ય–પાપની બધી હોળી સળગે છે ને ? એ છતી વસ્તુએ તમે કહો છો કે, એનો અનુભવ કર... અનુભવ કર... અનુભવ કર...! આ..હા...હા...! વાત આવી છે, ભગવાન ! અહીં તો આવી વાત છે ! આહા...! આ દેખાય (છે) બધું – રાગ દેખાય, પુણ્ય દેખાય, પાપ દેખાય અને તમે કહો કે, ઉપર આવો આત્મા (કહ્યો) તેનો અનુભવ કરવો, તો ઇ શી રીતે છે ? એનું થવું કેમ બને છે ? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ ?

તેનું સમાધાન સંતો – વીતરાગી મુનિ, પરમાત્મા કરી રહ્યાં છે. ત્રણલોકના નાથના મુખમાંથી નીકળેલી વાણી, 'ૐકારધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' ત્રણલોકનો નાથ પરમાત્મા ! એની ૐધ્વનિ હોય. આવી ભાષા ન હોય. એને હોઠ હલે નહિ, કંઠ કંપે નહિ, જીભ હલે નહિ અને આખા શરીરમાંથી ૐધ્વનિ ઊઠે. '**ૐ**' એવો અવાજ ઊઠે. એ 'ૐકાર ધુની સુની અર્થ ગણધર વિચારે.' સંતોના ટોળાના ગણધર (એટલે) ગણના ધરનારા – મુખિયા એનો વિચાર કરે અને એમાંથી આગમ રચે. 'ૐકાર ધુની સુની અર્થ ગણધર વિચારે, તે આગમ રચી ભવિકજીવ સંશય નિવારે.' એના આગમની રચના કરી અને ભવિપ્રાણી – જે યોગ્ય પ્રાણી છે, તે સાંભળીને પોતે સંશય નિવારીને – મિથ્યાત્વ નિવારીને

અનુભવ કરે, એવી (આ) વાત છે, કહે છે. આ 'બનારસી–વિલાસ'માં છે. આ શબ્દ કહ્યાં એ ! 'બનારસી–વિલાસ' પુસ્તક છે ને ? (અહીં તો) ઘણાં લાખો પુસ્તકો જોયાં છે... એકેએક ! ધંધો જ આખી જિંદગી આ કર્યો છે. (ફક્ત) પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. તે દુકાન ઉપર પણ વાંચતો હતો હું આ – શાસ્ત્ર ! આહા...હા...! **આ વસ્તુ તો અંતરથી આવી છે !!** આહા...!

(અહીંયાં) કહે છે કે, એક વાર સાંભળ તો ખરો, પ્રભુ ! આ બંધ અને રાગ દેખાય છે, પ્રભુ ! અને તમે કહો છો કે આનો અનુભવ થાય, અને એ રાગ આદિનો અનુભવ ન થાય, તમે આ શું કહો છો ? શિષ્યનો આ પ્રશ્ન છે. છે ? '**...જેવો ઉપર કહ્યો...**' (એટલે કે) અભેદ અને નિશ્ચય (સ્વરૂપ) '**...તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ?**' આવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ? કારણ કે આ બધું પડ્યું છે ને ? વાત સમજાય છે કાંઈ ? આહા..હા...! અસંખ્ય પ્રકારના પુણ્ય–પરિણામ, પાપ–પરિણામ, અસંખ્ય પ્રકારના પુણ્યભાવ છે, પાપ પણ અસંખ્ય પ્રકારના છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના અસંખ્ય પ્રકાર છે. પાપ પરિણામમાં હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગવાસના, એ પણ અસંખ્ય પ્રકારના છે. તો આવા અસંખ્ય પ્રકારના પુણ્ય અને પાપ(ના પરિણામની) હયાતી દેખાય છે. એમાં તમે કહો છો કે એનાથી રહિત અનુભવ કરવો ! આ છતી ચીજ છે એનાથી રહિત મારે અનુભવ કરવો ઇ શું કહો છો આપ ? આ..હા..હા..!

**'તેનું સમાધાન :– બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...'** આ..હા..હા..! શું કહ્યું ? ભગવંત ! એ રાગ અને પુણ્ય–પાપનો સંબંધ જે દેખાય છે તે અસત્ય છે – જૂઠો છે, આત્મામાં એ નથી. આહા...હા...! કહ્યું ? શું કહ્યું ? '**...બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી...**' રાગ આદિ છે પણ એ કાંઈ સ્વરૂપમાં નથી. એ તો કલ્પનાનો જૂઠો ભાવ



પર્યાયમાં ઊભો કરેલો છે. આહા...હા...! તમે કહો છો કે અનુભૂતિ આત્માની કરવી, પણ આ બધું દેખાય એનું શું કરવું ? (તો કહે છે કે), ઇ દેખાય છે એ બધું જૂઠું છે અને અંદર ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન બિરાજે છે તે તેનાથી જુદો છો.

પહેલેથી કહ્યું કે, બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો (એટલે) પાંચ કહ્યાં ને માથે (પહેલાં) ? અબદ્ધની સામે બદ્ધ. અસ્પૃષ્ટની સામે સ્પૃષ્ટ, અનન્યની સામે અન્ય–અન્ય, નિયતની સામે વ્યવહાર. અવિશેષની સામે વિશેષ, અસંયુક્તની સામે સંયુક્ત, ઇ પાંચ ભાવો કહ્યા. આહા...હા...! એમાં આત્માની અનુભૂતિ કેમ થાય ? પ્રભુ ! બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો જૂઠા છે. આ..હા..હા..હા..! ત્રિકાળી ચીજમાં એ નથી. એક સમયની પર્યાયમાં એ દેખાય છે ઇ જૂઠાં છે. 'જૂઠાં' શબ્દે છે તો ખરા. પણ વસ્તુમાં નથી માટે તે જૂઠાં છે. આહા..હા..હા...! આવી વાત છે !

પર્યાયમાં છે, પર્યાયમાં નથી એમ નહિ. ન હોય તો–તો અનુભવ હોવો જોઈએ ! આનંદનું વેદન હોવું જોઈએ !! ભગવાન તો આનંદસ્વરૂપ છે. એની પર્યાયમાં પણ જો આનંદ હોય તો આ દુઃખનો અનુભવ ક્યાંથી આવ્યો ? આ દુઃખ શું છે આ ? આ શેઠાઈ ને રાજાઈ ને દેવ ને ઇ બધા દુઃખી પ્રાણી છે. રાગ અને દ્વેષમાં અકળામણમાં અકળાઈ ગયા છે. એની એને ખબર નથી. એ દુઃખ છે, દુઃખ નથી, એમ નહિ, પણ તે અભૂતાર્થ છે. (અભૂતાર્થ) એટલે ? કાયમ ટકનારા નથી. કાયમ ટકનારું તત્ત્વ અંદર જુદું છે. આહા..હા...! આ બધી પૈસાથી જુદી વાત છે ! આહા...હા...! શું કહ્યું સમજ્યા ? ઉપર કહ્યાં એ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો જૂઠાં છે. કાયમ ટકે એવા નથી, એક સમયની અવસ્થા છે. ધ્રુવ ત્રિકાળી એનાથી જુદો છે. આ..હા..હા...!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! ધ્રુવ, નિત્ય, સામાન્ય, એકરૂપ એ બદ્ધસ્પૃષ્ટ ભાવથી ભિન્ન છે. બદ્ધસ્પૃષ્ટ ભાવ છે તે એક સમયના છે

અને ત્રિકાળ વસ્તુ છે એ અંદરથી જુદી પડી છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે, પ્રભુ ! આહા...હા...! ભાવ તો જે છે ઇ છે. આ તમારી ગાથા લખેલી છે કે, આ ચૌદમી (ગાથા) વાંચવી, આહા..હા...!

બદ્ધસ્પૃષ્ટત્વ આદિ જૂઠાં છે તેથી અનુભૂતિ થઈ શકે છે. શું કહ્યું ઇ ? પુણ્ય અને પાપના ભાવ, દયા, દાનના વિકલ્પો એક સમયની અવસ્થા હોવાથી, કાયમ ટકતાં નહિ હોવાથી. તેને જુદાં પાડીને અનુભવ થઈ શકે છે, કારણ કે એ કાયમ ટકતી ચીજ નથી. પુણ્ય અને પાપ દયા અને દાન આદિના ભેદ જે વ્યવહાર છે, એ કાયમ ટકતી ચીજ નથી. એ તો એક સમયની છે. એક સમયમાં (એક) રહે, બીજે સમયે બીજા, ત્રીજે સમય ત્રીજા, પણ એની મુદત તો એક જ સમયની છે અને ભગવાન અંદર એનાથી ભિન્ન ત્રિકાળ પડ્યો છે. આ..હા..હા..હા...! આવી વાત છે ! હવે 'આફ્રિકા'માં અને આ 'નાઈરોબી'માં આ વાત આવી ! આહા...!

કહે છે કે, બદ્ધસ્પૃષ્ટ આદિ જૂઠાં હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. **'આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :–'** એનો દૃષ્ટાંત આપે છે. (શિષ્યને) સમજાય નહિ કે બદ્ધસ્પૃષ્ટ છે ઇ જૂઠાં છે અને વસ્તુ ત્રિકાળ સાચી છે, એનો અર્થ શું ? અમે એમને સમજી શકતાં નથી. તો એને દૃષ્ટાંતથી સમજાવે છે. **'આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :–'**

**'જેમ કમલિનીનું પત્ર...'** કમલિનીની આ વેલડી થાય છે ને ? પાણીમાં કમળ (થાય છે ને ?) એનું પત્ર જળમાં ડૂબેલું દેખાય. કમળ છે ઇ પાણીમાં ડૂબેલું દેખાય. છે ? તોપણ **'...તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** આ..હા..હા..! પાણીમાં એ કમળ રહેલું છે. વેલડી થાય છે ને જળમાં ? કમળની વેલડી (થાય છે) એમાં કમળ પાકે ! એ પાણીમાં દેખાય છે. (અહીં) કહે છે કે, એ પાણીમાં સ્પર્શાવારૂપ દેખાય



છે. **'...જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે...'** (કમળને) જળનો સંબંધ એક સમયનો છે, એ ભૂતાર્થ છે. ભૂતાર્થ નામ એક સમયમાં છે. બિલકુલ (સંબંધ) નથી જ, એમ નહિ. પણ એની એક સમયની મુદત છે. આહા..હા...!

**'સત્યાર્થ છે, તોપણ...'** એક સમયમાં એ રાગ ને દ્વેષ અને સંસાર, ત્રિકાળી ભગવાનઆત્મામાં, એની દશામાં એક સમયમાં આ બધું દેખાય છતાં, આહા...! **'તોપણ...'** એ હોવા છતાં પણ, પર્યાયમાં એ ભાવ હોવા છતાં પણ આહા..હા...! છે ? **'...જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને...'** જો જોઈએ... કમળનો સ્વભાવ જોઈએ તો (એ) પાણીને અડતું નથી. કમળને પાણીથી ઊંચું કરો તો પાણી બિલકુલ એને અડેલું નથી. કમળના પત્રની – રુવાંટીની સુંવાળપ એવી છે કે એ રુવાંટીમાં એ પાણી અડતું નથી. એ કમળનું પત્ર જ્યાં ઊંચું કરો તો પાણી એને જરીયે અડ્યું નથી. આ..હા..હા...! એક અપેક્ષાએ ડૂબેલું દેખાય છે (એ) એક સમયની બરાબર વાત છે. પણ એને બહાર (કાઢી) જુઓ તો કમળની સુંવાળપના રુવાંટાને તે પાણી અડ્યું નથી, આ..હા..હા..હા...! આ તો હજી દૃષ્ટાંત છે હોં ! કમળ... કમળ ! એની રુવાંટી સુંવાળી હોય છે. (કમળ) પાણીમાં પડ્યું (હોય) છતાં એ રુવાંટીને પાણી અડે નહિ. ઊંચું કરો ત્યારે ચોખ્ખે ચોખ્ખું નીકળે ! પાણી પાણીમાં રહી જાય અને કમળ જુદું એકલું છૂટું પડી જાય, આહા..હા..હા...!

**'...તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની–પત્રના સ્વભાવની સમીપ જઈને...'** આહા..હા...! સમીપ (જઈને) કમળના પત્રનો સ્વભાવ જોઈને **'...અનુભવ કરતાં...'** શું કીધું ઇ ? કે, પાણીમાં (સ્પર્શાવારૂપ નજરથી) જોતાં ભલે ઇ પાણીનો સ્પર્શ છે. પણ કમળની સમીપ (જઈને) જોતાં, પાણીને ન જોતાં કમળના (સ્વભાવની) સમીપ

(જઈને) જોતાં, કમળની સુંવાળપ અને પાણીનું નહિ અડવું એમ જોતાં, આ..હા..હા..! '**...જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની–પત્રના સ્વભાવની સમીપ જઈને...**' ઇ શું કહ્યું ? કે, એ કમળની અંદર પાણી દેખાય છે એ વર્તમાન પૂરતું ભલે છે. પણ નજર તમારી પાણીમાં છે (એટલે એવું દેખાય છે). પણ પત્ર ઉપર સમીપ (જઈને) નજર કરો, કમળના પત્રની સમીપ જઈને એટલે જળના લક્ષ(ને) છોડી દઈને, કમળનો સ્વભાવ છે તેની સમીપ જઈને, તેના સ્વભાવની સમીપ જઈને, આ..હા..હા...! પાણીને અડેલું છે ઇ સમીપપણું (સ્વભાવપણું) નથી, એ તો એક સમયનો ભાવ અંદર પડ્યો છે. પણ કમલિનીનો સ્વભાવ છે એના સમીપ જઈને નજર કરો... આહા..હા...! તો '**....જળથી સ્પર્શાવાપણું...**' જૂઠું છે. છે ? '**...જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે...**' એને જળ અડ્યું પણ નથી ! આ..હા..હા..હા...!

જોકે અહીં તો જળને સ્પર્શ કર્યો છે (એમ કહ્યું) એ તો નિમિત્તથી કથન છે. બાકી નિશ્ચયથી તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. શું કહ્યું ઇ ? 'સમયસાર'ની ત્રીજી ગાથામાં (એમ કહ્યું છે કે) એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી, કદી અડતું નથી, કેમકે એક દ્રવ્ય (અને) બીજા દ્રવ્યની વચ્ચે અત્યંત અભાવ છે. પોતાનો સ્વભાવ (છે) એમાં પરનો અભાવ છે. અભાવને લઈને એકબીજાને અડતું નથી. એ દરેક દ્રવ્યનો એવો સ્વતઃ સ્વભાવ છે. પણ અહીંયાં વ્યવહારથી એક વાત કરી કે, પાણીમાં ડૂબેલું છે એટલું જોતાં સ્પર્શ છે. સ્પર્શ એટલે ડૂબેલું છે એટલું ! ખરેખર તો એ કમળ પાણીને અડતું જ નથી. પણ પાણીનો આમ સંયોગ દેખીને તને એમ લાગે કે, આ પાણીમાં ડૂબેલું છે, તો એ અપેક્ષાએ ભલે વ્યવહાર હો, પણ કમળને જોતા (કમલિની–પત્રના) સ્વભાવને જોતાં, કમળની સમીપમાં જઈને (જોતાં) પાણીના સમીપની (સંયોગની) દૃષ્ટિ છોડી દઈને... આ...હા...હા...! છે ? એ '**..અભૂતાર્થ**



**છે...**' જૂઠું છે – પાણીનો સ્પર્શ (જૂઠો છે). કમળનો સ્વભાવ જોતાં પાણીનું અડવું તે જૂઠું છે. એ દૃષ્ટાંત થયો. સમજાણું કાંઈ ? હજી આ દૃષ્ટાંત જ ઝીણો છે. પહેલા વ્યવહારે સ્પર્શાવાયોગ્ય કહ્યું હતું. એકબાજુ એમ કહે છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહિ અને અહીં કહ્યું કે જળને કમળ સ્પર્શ્યું છે ! (તેનો) એટલો અર્થ (છે) કે, એમાં ડૂબેલું દેખાય છે. અંદર પડ્યું (છે) એ અપેક્ષાએ એ સ્પર્શાવાયોગ્ય છે, એમ કહેવામાં આવ્યું છે. બાકી તો કમળ પાણીને અડ્યું (નથી). આ..હા..હા...! એ કમળને જોતાં (અર્થાત્) કમળના સ્વભાવની સમીપે નજર કરતાં, દૂર નજર ન કરતાં, પાણી તરફની નજર ન કરતાં, કમળના સ્વભાવના સમીપની નજર કરતાં, તે કમળનો સ્વભાવ પાણીને અડ્યો નથી. એ પાણીને સ્પર્શ્યો નથી. પાણીનો સ્પર્શ તે અભૂતાર્થ અને જૂઠું છે.

'**એવી રીતે...**' આ દૃષ્ટાંત થયો, હવે આત્મામાં ઉતારે છે. આહા..હા...! આવી ઝીણી વાતું છે ! '**...અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...**' અનાદિ કાળથી કર્મના સંયોગમાં રહેલો (છતાં પણ) કર્મને અડ્યો નથી. આત્મા કર્મને અડ્યો નથી, કર્મ એને અડ્યું નથી. પણ એના સંયોગમાં રહેલો છે. છે (પાઠમાં) ? '**...અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્ગલકર્મથી બંધાવા–સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' (અર્થાત્) એ કર્મના નિમિત્ત તરફના લક્ષથી જોતાં, રાગ–દ્વેષનો અનુભવ કરતાં તે કર્મનો સંબંધ છે એમ વ્યવહારથી ભૂતાર્થ છે. વ્યવહાર તરીકે છે. પણ એ આત્માનો સ્વભાવ જોતાં... એમ કહે છે, જુઓ ! '**...પુદ્ગલકર્મથી બંધાવા–સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે, તોપણ...**' એ કમળ પાણીને અડેલું નથી એ રીતે જોતાં, એમ કર્મને અને રાગને અડ્યો નથી એવાં આત્માના સ્વભાવને જોતાં (એમ કહેવું છે).

સમ્યગ્દૃષ્ટિ જીવ – સમ્યગ્જ્ઞાની જીવ – ધર્મની પહેલી શ્રેણીવાળો

જીવ – ધર્મની પહેલી સીઢી–પગથિયાવાળો જીવ, રાગ ઉપર(નું) લક્ષ છોડી દઈને, આત્માના સ્વભાવની સમીપમાં જઈને... છે ? '**...આત્મસ્વભાવની સમીપ જઈને...**' એમ શબ્દ છે. (પહેલાં) રાગનું સમીપપણું માન્યું હતું. રાગ ને દ્વેષ ને પુણ્ય ને દયા, દાન, વ્રતના પરિણામ(નો) સ્પર્શ છે એમ વ્યવહારથી માન્યું હતું. પણ તેનું સમીપપણું છોડી દઈને (અને) આત્માના સ્વભાવની સમીપ જઈને (જોતાં)... આ..હા..હા..હા...! એટલે શું કહે છે ? કે, રાગ અને દ્વેષ તરફની જે તારી દૃષ્ટિ છે – પર્યાયબુદ્ધિ છે, એને છોડીને, આત્માના સ્વભાવમાં સમીપ જઈને (જો) ! જે દૂર જઈને તું રાગને જોતો (હતો), આત્માના સ્વભાવથી દૂર જઈને રાગને જોતો (હતો) હવે એને દૂર છોડીને આત્માની સમીપમાં આવી જા ! આ..હા..હા...!

સૂક્ષ્મ વાત છે પણ અપૂર્વ વાત છે, બાપુ ! એણે કોઈ દી' કરી નથી. આહા..હા..! સાંભળી છે પણ (તેને) રુચિ નથી. સાંભળી છે અનંતવાર ! સમોસરણમાં અનંતવાર સાંભળ્યું છે. પણ એનો ભાવ જે છે તે એને રુચ્યો નથી. અંદર શું ચીજ છે ? (તેની ખબર નથી) કેમકે એનો અનુભવ નથી, અનુભવ તો અનાદિનો રાગ અને દ્વેષનો છે, પુણ્ય અને પાપનો અનુભવ છે. પણ (અહીંયાં) કહે છે કે, (હવે) એનું લક્ષ છોડી દઈને, આત્માના સ્વભાવની સમીપ જઈને, જે રાગના લક્ષમાં હતો ત્યારે આત્માના સ્વભાવથી દૂર હતો. રાગનો અનુભવ કરતાં આત્માના સમીપથી (સ્વભાવથી) દૂર હતો. એ રાગનું લક્ષ છોડી દઈને આત્માના સ્વભાવમાં સમીપ જઈને... આહા..હા..હા...! છે ને એમાં ?

'**...એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' આહા..હા..હા...! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે ! શુદ્ધ આનંદઘન જ્ઞાનના નૂરનું પૂર છે. આનંદ છે – અતીન્દ્રિય આનંદથી ભરેલો, અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ ભરેલો ભગવાન છે ! એની સમીપમાં જઈને, રાગની આકુળતાનું લક્ષ છોડી દઈને, અનાકુળ એવો જે આનંદકંદ પ્રભુ ! તેની સમીપ જઈને



'**...અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું...**' જૂઠું છે. આત્માના સ્વભાવને જોતાં રાગનો સંબંધ તે બધો જૂઠો છે. આહા..હા...! આવી વાત છે !

આ રાગનો સંબંધ જોતાં રાગનો સંબંધ છે. પણ સ્વભાવનો સંબંધ જોતાં – સ્વભાવની સમીપ દૃષ્ટિ કરતાં... એ કાંઈ વાતું નથી, આ તો ભાવની ઝીણી વાત છે, બાપુ ! આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન છે. અંદર પુણ્ય અને પાપના વિકલ્પોના લક્ષમાંથી છૂટીને, એનો સ્વભાવ છે તેની સમીપમાં એટલે ત્યાં દૃષ્ટિ કરતાં, એ રાગ આદિ બધાં જૂઠાં છે. એ રાગ આદિ સ્વરૂપમાં છે નહિ. પુણ્ય અને પાપના બન્ને પરિણામો(ની) જાત એ આત્માની જાતમાં છે નહિ. આહા..હા...! આવી વાતું છે !

આ ચૌદમી ગાથા સમ્યગ્દર્શનની છે ! સમ્યગ્દર્શનની ગાથા છે આ ! પહેલો ધર્મ... પહેલો ધર્મ ! પહેલો શરૂઆતનો ધર્મ ! ભલે હજી ચક્રવર્તીનું રાજ હો, ગૃહસ્થાશ્રમમાં પડ્યો હોય છતાં એને સમ્યગ્દર્શન થઈ શકે છે, પણ આ રીતે ! રાગના – પુણ્યના પરિણામ હોવા છતાં તેની છતી પર્યાયદૃષ્ટિ છે તેવું હોવા છતાં, તેનું લક્ષ છોડી દઈને, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ(ની) સમીપમાં જઈને, રાગથી દૂર થઈને, સ્વભાવમાં સમીપ જઈને અનુભવ કરતાં એ રાગ અને પુણ્ય–પાપ તે જૂઠાં છે. એ આત્મામાં છે નહિ. આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ છે !! સમ્યગ્દર્શન થયું એનો તો અલ્પકાળમાં મોક્ષ થાય જ. બીજ ઊગે એને પૂનમ થાય જ. એમ સમ્યગ્દર્શન થાય એને અલ્પકાળમાં સિદ્ધપદ થયા વિના રહે જ નહિ ! એના વિના ગમે એટલું કરે, એકડા વિનાના મીંડાં ! પુણ્ય અને પાપના પરિણામ લાખ ને કરોડ ને અનંતવાર કર્યાં (પણ) એના ફળ તરીકે આ ચારગતિ(માં) આ બધું રખડવાનું છે. આહા...! ભલે પછી બહારની સામગ્રી અબજો રૂપિયાની દેખાય ! અબજોના મકાન–મહેલ દેખાય !

એ બધી ધૂડ–ધાણી છે !! આ એના તરફનો રાગ છે એ પણ ધૂડ–ધાણી છે, એમ કહે છે. એ ચીજ તો ઠીક, એ (મકાન–મહેલ) તો બહાર (રહ્યા), એની તો અહીં વાત છે પણ નહિ. (અહીંયાં તો) અંતરમાં રાગ અને દ્વેષ થાય તેનો પર્યાય, (પર્યાય) તરીકે જોઈએ તો છે. અવસ્થા તરીકે જોવે અને દ્રવ્યનું લક્ષ ન કરે તો તો છે. એ અનાદિથી સંસાર છે, રખડવાનો અનાદિ સંસાર છે. સંસાર નથી જ, એમ નહિ, 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' એમ જે કહે છે, એમ (નથી). આ આત્મા સત્ય છે અને રાગ આદિ નથી જ – એમ નહિ. 'છે'... છતાં એક સમયની મુદતવાળો છે, એની દૃષ્ટિ છોડીને, આત્માના સ્વભાવ(ની) સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું જૂઠું છે. રાગ આદિનો સંબંધ અને ભેદ – એ ગુણ–ગુણીનો ભેદ પણ જૂઠો છે. આહા..હા...હા...!

ચૌદમી ગાથા એ સમ્યગ્દર્શનની ગાથા છે ! અપૂર્વ વાત છે ! સૂક્ષ્મ છે પણ અપૂર્વ છે ! (આ) સાંભળવા મળવું એ પણ ભાગ્યશાળીને મળે છે ! આ..હા..હા...! અને એની અંદરથી 'હા' પડવી, એ તો અલૌકિક પુરુષાર્થ છે ! અને 'હા' પડીને પછી હાલત થવી...! રાગ વિનાનો અંદર મારો સ્વભાવ છે એની પહેલી 'હા' પડીને પછી અંદર જાય ત્યારે હાલત થઈ જાય ! 'હા'ની હાલત થઈ જાય ત્યાં અનુભવ થઈ જાય !! સમજાય છે કાંઈ ? 'સમજાય છે કાંઈ' એ તો વિસામાનું વાક્ય છે ! સૂક્ષ્મ વાત છે, બાપુ ! એકદમ પકડાય એવી નથી. અનંતકાળથી એણે સાંભળ્યું નથી – પ્રેમથી સાંભળ્યું નથી, જેવો જગતનો પ્રેમ (છે એવો પ્રેમ અહીંયાં નથી). આહા...હા...! એની સ્ત્રીનો ને દીકરાનો ને પૈસાનો ને મકાનનો પ્રેમ (છે) એમાં બે–પાંચ કરોડનું મકાન હોય અને એમાં બે–પાંચ અબજની મૂડી હોય અને એમાં છોકરાં એવા રૂપાળાં પાક્યાં હોય અને (પછી) જુઓ એના ગાંડપણ !! આહા...હા...!

'પરમાત્મ પ્રકાશ'માં કહે છે – 'ધર્મીજીવ સૂક્ષ્મ વાત કરે, એ



પાગલને પાગલ જેવું લાગે.' એવો પાઠ છે. પાગલ જીવોને પાગલ જેવું લાગે ! આ તે શું કહે છે આ ? સમજાય છે કાંઈ ? 'પરમાત્મ પ્રકાશ'માં છે કે, જ્યારે (ધર્મીજીવ) સૂક્ષ્મ વાત કરે અને સત્ય (વાત) કરે ત્યારે સાંભળનારને પાગલાઈ છે (એટલે) એને પાગલપણું લાગે. 'માળા આ શું પાગલ જેવી વાતું કરે છે !?' સમજાય છે ?

એક 'પદ્મનંદીપંચવિંશતી' ગ્રંથ છે – શાસ્ત્ર છે. એના અધિકાર ૨૬ છે પણ નામ (પંચવિંશતી) છે. 'પદ્મનંદીપંચવિંશતી' છે, હશે અહીં ! એમાં 'બ્રહ્મચર્ય'નો એક લેખ આપ્યો. સંતોએ, મુનિએ, બ્રહ્મચર્યનો લેખ આપ્યો. બ્રહ્મ નામ આત્મા, એમાં ચરવું એનું નામ બ્રહ્મચર્ય. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એ બ્રહ્મચર્ય નહિ. સ્ત્રીનો સંગ આદિ કર્યો નહિ માટે બ્રહ્મચારી, એ બ્રહ્મચારી નહિ. બહુ સૂક્ષ્મ વાત કરી છે કે, શરીરથી તેં સંગ ન કર્યો, તો એ તો શરીરનો સ્વભાવ હતો તે સંગ ન થયો. તેં માન્યું કે મેં વિષય સેવ્યો નથી, પણ એ તો શરીરનો સ્વભાવ અડવાનો નહોતો માટે અડ્યો નથી. પછી (કહે છે કે) 'બ્રહ્મચર્ય' કોને કહેવું ? બ્રહ્મ નામ આત્મા – પૂર્ણાનંદનો નાથ, એમાં ચરવું નામ રમવું, એને બ્રહ્મચર્ય કહીએ ! એ બ્રહ્મચર્યની વ્યાખ્યા ઘણી કરી, ઘણી ગાથાઓ છે.

મારે તો બીજું કહેવું છે કે, એ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી અને પછી 'પદ્મનંદીઆચાર્ય' મુનિરાજ એમ બોલ્યા, 'હે યુવાનો ! મારી વાત તમને ન રુચતિ હોય...' મારી બ્રહ્મચર્યની વાત જે હું કહું છું – બ્રહ્મ નામ આત્મા, એમાં રમવું તે બ્રહ્મચર્ય. એકલો વિષય સેવવો એ તો પાપ (છે) પણ વિષય ન સેવતા શરીરથી બ્રહ્મચર્ય પાળે એ પણ પુણ્ય (છે) એ ધર્મ નહિ. આહા..હા..! ગજબ વાત છે ! ત્યારે (કહે છે) બ્રહ્મચર્ય કોને કહેવું ? કે, આત્મા આનંદસ્વરૂપ બ્રહ્મ છે તેમાં ચરવું–રમવું એનું નામ બ્રહ્મચર્ય. એ સૂક્ષ્મ વાત કરી પછી મુનિરાજે એમ કહ્યું, દિગંબર

મુનિ હતા ! (એમણે) એમ કહ્યું કે, 'હે યુવાનો ! તમને આ વિષયનો રસ હોય અને હું આવી વાતું કરું, ઇ તમને કદાચિત ન ગમે (તો) પ્રભુ ! માફ કરજે !' એમ કીધું છે. આહા..હા...! મુનિરાજ એમ કહે છે કે, 'ભાઈ ! માફ કરજે ! મારી પાસેથી તું શું લેવા માગીશ ? મારી પાસે છે એ તું લઈશ. બીજું (તો) મારી પાસે છે નહિ !'

(કહે છે કે) બ્રહ્મચર્યની વાત કરતાં (તમને ન ગોઠે કારણ કે) તમને જુવાન અવસ્થા (છે) અને પૈસા કાંઈક પાંચ-પચીસ કરોડ હોય અને સ્ત્રી અનુકૂળ હોય અને એના રસ ચડી ગયા હોય અને અમારા બ્રહ્મચર્યની વાત તમને ન ગોઠે (તો) મુનિરાજ એમ કહે છે, 'પદ્મનંદીઆચાર્ય' એમ કહે છે, 'પ્રભુ ! માફ કરજે ! મારી પાસે બીજી શું આશા રાખીશ ?' આ..હા..હા..હા...!

એમ અહીં આચાર્ય કહે છે કે, 'હું એ સૂક્ષ્મ વાત કરું છું – આત્માના સ્પર્શવાની, રાગ આદિ અભૂતાર્થ – જૂઠાં છે અને આત્માના સમીપ જતાં આત્માનો અનુભવ (થાય) તે સત્ય છે, એ વાત તને સૂક્ષ્મ પડે અને ન પકડાય, તો મારી પાસે શું આશા રાખીશ ? માફ કરજે, પ્રભુ ! (હું) આ સૂક્ષ્મ કહું છું એવું સાંભળવું હોય તો સાંભળજે !' આ..હા..હા..હા..! મુનિરાજ એમ કહે છે ! સાચા સંત કહે છે ! જંગલમાં રહેનારા (એમ કહે છે કે) 'અમે સૂક્ષ્મ વાત કરીએ. પ્રભુ ! તને ન ગોઠે તો માફ કરજે ! મારી પાસેથી બીજી શું આશા રાખીશ ? અમારી પાસે બીજું શું છે ? આ..હા..હા...! અમારી પાસે તો આત્માની વાત છે, પ્રભુ ! એ વાતને સાંભળતા તને ન રુચે, તો માફ કરજે, પ્રભુ ! આ..હા..હા..! પ્રભુ ! તને સૂક્ષ્મ લાગે, પ્રભુ ! તારા અનુભવમાં આ વાત ઝટ ન આવે, આ અમે વાત કરીએ એ વાતમાં ઝટ તારો ગમ પડે નહિ તેથી તને અણગમો લાગે (તો) માફ કરજે, પ્રભુ ! માર્ગ તો આ છે ઇ કહીએ છીએ બાકી બીજું શું કહીએ, પ્રભુ ! નાથ !



મુમુક્ષુ :– આચાર્ય માફી માંગતે હૈ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, 'પદ્મનંદીઆચાર્યે' માફી માંગી છે ! અહીં પુસ્તક નથી. છે ? અહીંયાં હશે 'પદ્મનંદીપંચવિંશતી' પુસ્તક છે. એમાં છેલ્લો ૨૬મો અધિકાર છે.

અહીં તો લાખો પુસ્તકો જોયાં છે ને ! અહીં તો આખી જિંદગી ધંધો (જ આ કર્યો છે). પાંચ વર્ષ વેપાર (કરી) બધું છોડી (દઈ) કાંઈ કર્યું નથી. સ્ત્રીનો સંગ કર્યો નથી. લગ્નનો પ્રસંગ આવતો હતો (મેં) ના પાડી કે 'મારે તો બ્રહ્મચારી રહેવું છે !' એટલે અહીં તો આખો દી' ધંધો જ આ કર્યો છે ! પાંચ વર્ષ વેપારમાં જરી રોકાણા, (ત્યારે) પણ હું તો શાસ્ત્ર જ વાંચતો ! ૧૯-૨૦ વર્ષની ઉંમરથી ! પણ વાત બીજી નીકળી, બાપુ...! એ 'સમયસાર' જ્યાં હાથમાં આવ્યું....!

મુમુક્ષુ :– અમારા ભાગ્ય બાકી હતાં ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ..હા..હા..હા...! સાચી વાત છે ! એ (જ્યાં) આવ્યું (ત્યાં) અંદરમાં આખો ફેરફાર... ફેરફાર...! (મેં મોટા ભાઈને કહ્યું) 'ભાઈ ! હું આમાં નહિ રહી શકું. આ સ્થિતિ કાંઈક બીજી છે !' આહા..હા...!

અહીં મહારાજ પ્રભુ કહે છે... આ તો 'કુંદકુંદઆચાર્ય'ની ગાથા છે. 'અમૃતચંદ્રઆચાર્ય' એક હજાર વર્ષ પહેલાં થયા તેની આ ટીકા છે. એ 'અમૃતચંદ્રઆચાર્ય' સૂક્ષ્મ વાત કરે છે કે, આ..હા..હા..! રાગ આદિ છે, એ દેખાય છે એટલું સત્ય છે પણ પ્રભુ ! જેમ કમળનો સ્વભાવ જોતાં (કમળ) પાણીને અડતું નથી. એમ ભગવાનનો સ્વભાવ જોતાં તે કર્મને અને રાગને અડતો નથી. આહા..હા...! 'પ્રભુ ! આવી વાત તને સૂક્ષ્મ લાગે (તો) પ્રભુ ! માફ કરજે. બીજું શું થાય ? અમારી પાસે બીજું શું લેવા માગીશ ? તને ઠીક પડે એવું માગીશ (તો) એવું તો અમારી પાસે છે નહિ.' આહા..હા...!

અહીંયાં એ કહે છે, આ..હા..હા...! પુદ્ગલથી જરાય નહિ સ્પર્શવાયોગ્ય, રાગને નહિ અડવા યોગ્ય એવો અંદર ભગવાનઆત્માનો સ્વભાવ છે. ચૈતન્યમૂર્તિ પરમાત્મા ! ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર ભર્યું છે આખું ! 'સ્વામીનારાયણ'માં એક કહેવાય છે –

'મારી નજરને આળસે રે, મેં નીરખ્યાં ન નયણે હરિ,
મારા નયણને આળસે રે, નીરખ્યાં ન નયણે હરિ'

'હરિ' આ આત્મા હોં ! 'પંચાધ્યાયી'માં 'હરિ' આત્માને કીધો છે. કેમ ? કે રાગ–દ્વેષ અને અજ્ઞાનને હરે તે હરિ. રાગ–દ્વેષ અને અજ્ઞાનને બાળી નાખે તે હરિ, એવો આ ભગવાન – હરિ ! અને 'શ્રીમદ્દે' પણ એક પત્રમાં કહ્યું છે કે, 'આ જગતમાં એક અધિષ્ઠાન હરિ છે. એ હરિ હું આ હૃદયમાં દેખું છું !' એટલે આ આત્મા હરિ છે. 'શ્રીમદ્ રાજચંદ્ર !'

અહીં એ કહે છે, તારો નાથ જે હરિ છે, એના સ્વભાવની સમીપ જતાં... બાપા ! અ.ર..ર..ર...! અનાદિથી વ્યવહારના રાગની સમીપમાં તો પડ્યો જ છો. પ્રભુ ! એ કોઈ નવીન વાત નથી. એ અપૂર્વ વાત નથી. પૂર્વે અનંતવાર થઈ ગઈ છે, એની એ તારી જાત છે. હવે એક વાર આત્મસ્વભાવમાં સમીપ જા ! રાગની હયાતી છે તેની હયાતી નથી, મારી હયાતી છે (એમ જો) ! આહા..હા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'...આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું...'** જૂઠું છે, આ..હા..હા...! આ એક દૃષ્ટાંત આપ્યો – કમળનો ! પાણીને અડ્યું (છે) છતાં અડેલું નથી. અડેલું છે એ વ્યવહાર છે. નથી અડેલું તે નિશ્ચય છે. એમ આત્મા(ની) પર્યાયમાં રાગ છે એ વ્યવહાર છે. પરમાર્થે આત્મા રાગને અડેલો પણ નથી. રાગને સ્પર્શ્યો પણ નથી. આત્મા રાગને અડ્યો પણ નથી. એ તો ત્રિકાળ નિરાવરણ અખંડાનંદ પરમાત્મસ્વરૂપ



છે. એની સમીપમાં (જઈને) જોતા એ રાગ આદિ તને જૂઠાં લાગશે. આહા..હા...! આવી વાતું છે.

આવો ઉપદેશ છે આ ! અમારે 'સોનગઢ'માં તો ૪૫ વર્ષથી ચાલે છે. પણ અહીં તો હવે પહેલાં–વહેલાં આવ્યા... તમારી માગણી હતીને બાપા ! આહા..હા...! અરે...! ક્યાં કાને પડે વાત, પ્રભુ ! અંતરના ઘરની વાતું કાને પડે એ અમૃતની ધારા છે ! એમ શાસ્ત્રમાં લેખ છે. ભગવાનની દિવ્યધ્વનિ એ અમૃતની ધારા છે ! કાનમાં જાણે અમૃત વરસતા હોય એવી વીતરાગની વાણી છે !! આ..હા..હા...! પહેલામાં આવે છે ને ? 'સમયસાર'માં પહેલી ગાથાઓમાં ! વીતરાગની દિવ્યધ્વનિ છૂટે છે અને ઇન્દ્રો સાંભળે છે ! વાઘ અને નાગ અને સિંહ (આવે છે). જેની સભામાં જંગલમાંથી સેંકડો સિંહ, સેંકડો નાગ અને સેંકડો વાઘ અને ૧૦૦ ઇન્દ્રો આવીને સાંભળે છે. એ વાણી અમૃતધારા વરસે છે ! એમ શાસ્ત્રમાં કહ્યું છે. પણ અંદરમાં જા ત્યારે અમૃતધારા વરસે, એ સાચી વાત છે. આહા..હા...! બહુ વાત કરી છે ! આહા..હા...!

એક દાખલો થયો. એક અબદ્ધનો કીધો – 'અબદ્ધસ્પૃષ્ટ'નો થયો. પાંચ બોલ છે ને ? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત – પાંચ બોલ છે. એમાં એક બોલની વ્યાખ્યા થઈ. હવે બીજા બોલની (વ્યાખ્યા) !

**'વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે...'** માટીના કમંડળ થાય, ઘડો થાય, ઝારી થાય. રામપાત્ર (એટલે) આ શકોરું ! શકોરાને રામપાત્ર કહે છે. શકોરું નથી આવતું ? માટીનું શકોરું ! એને 'રામપાત્ર' કહે છે. એક ડોશી હતી (તેને) 'રામ'નું નામ જ ગોઠતું નહોતું. પછી એને એક શકોરું બતાવીને (પૂછ્યું) એમકે કોઈ રીતે આ 'રામપાત્ર' બોલે છે ? (એટલે પૂછ્યું) 'આ શું છે બા ?' (તો કહ્યું) 'એ શકોરું છે ! 'રામપાત્ર' બોલે

તો 'રામ' આવી જાય ! ઇ શબ્દ એને ગોઠે નહિ ! આ..હા..હા...! આમ બનેલું છે, હોં ! રામ–આત્મા ! અંદર રમે સો રામ–આત્મા ! અને 'રામચંદ્રજી' તો મોક્ષ પધાર્યા છે. 'રામચંદ્રજી' તો મોક્ષ પધાર્યા છે, પરમાત્મા થઈ ગયા – સિદ્ધ થઈ ગયા છે. એ રામનું નામ પણ બાઈને ગોઠતું નહોતું. એટલે (ભરતી વખતે) કોઈ રીતે રામનું નામ એને (મોઢે) આવે (એમ વિચારી) આમ શકોરું બતાવ્યું (અને પૂછ્યું) 'બા ! મા ! આ શું છે ?' (તો કહ્યું) 'આ શકોરું છે !' રામપાત્ર બોલવામાં પણ એને વાંધો આવતો હતો ! આહા..હા...! જગતની એવી વાત છે, બાપુ !

એમ અહીં કહે છે, માટી(ને) કમંડળ, ઘડો, ઝારી, આદિ પર્યાયથી જુઓ તો તે અન્યપણું છે, પર્યાય છે, '**...તોપણ સર્વતઃ અસ્ખલિત (–સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' એ ઝારી ને (કમંડળ) ને ઘડો ને એ પર્યાયો જૂઠી (છે). એ તો માટી જ છે ! માટી... માટી... માટી... માટી... માટી... પર્યાયભેદ જેમાં નથી. આ..હા..હા...! પર્યાયભેદથી જુઓ તો એ પર્યાય છે પણ માટીના સ્વભાવથી જુઓ તો એ પર્યાયભેદ છે નહિ. આ..હા..હા...! આવી વાતું છે ! છે ? એ રામપાત્ર આદિ પર્યાયથી જોતાં તે છે. તોપણ સર્વતઃ એક 'માટી' જોતાં (અર્થાત્) માટીનું એકરૂપ જોતાં, તે બધા પર્યાયોના ભેદો માટીમાં નથી, એ જૂઠાં છે. અંદર માટી તો માટી જ છે, આહા..હા...!

માટીના સ્વભાવની સમીપ જોતાં અન્યપણું જૂઠું છે, '**એવી રીતે...**' આ તો દૃષ્ટાંત થયો, હવે સિદ્ધાંત ! દૃષ્ટાંત સિદ્ધાંત (માટે) છે. દૃષ્ટાંત દૃષ્ટાંત (માટે) નથી, દૃષ્ટાંત દૃષ્ટાંત (માટે) નથી, દૃષ્ટાંત સિદ્ધાંત માટે છે. સત્ય સમજવા માટે સહેલું પડે માટે દૃષ્ટાંત છે. પણ દૃષ્ટાંત સાંભળીને ત્યાં રોકાઈ જવું, એમ નથી. આહા...

'**...એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**'



આ..હા..હા..હા..! શું કહે છે ? જેમ માટીમાંથી (થયેલા) ઝારી અને ઘડો દેખતા એ બરાબર છે. એમ આત્માને ચારગતિ(માં) દેખવો – નરકની ગતિ છે, એકેન્દ્રિય છે, લીલોતરી છે, કીડાં છે, કાગડાં છે, (એવા) અવતાર ધારણ કર્યાં છે, એ અવતાર 'છે'. છે (અંદર) ? '**...નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**' નારકી છે, મનુષ્ય છે, દેવ છે, ઢોર છે, એમ પર્યાયભેદથી જોતાં એ વસ્તુ છે. આ..હા..હા...! '**...એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**' આહા...! હું નારકી છું, હું મનુષ્ય છું, હું દેવ છું, હું શેઠિયો છું, હું મૂર્ખ છું, હું પંડિત છું, એ બધી પર્યાયોમાં (આત્મા છે, એમ) કહેવામાં આવે છે. (પરંતુ) વસ્તુસ્વરૂપમાં એ છે નહિ. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? છે ? '**...આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**' એ 'છે' ! ચારગતિના ભવ છે. આ..હા..હા...! માંસ ખાય, દારૂ પીવે, શરાબ પીવે, પરસ્ત્રીના લંપટીઓ છે, અનીતિના આચરણ કરે, એ મરીને નરકમાં જાય. નરકગતિ છે, એ ત્યાં નરકમાં જાય છે. નરકગતિ ગતિ તરીકે છે. આત્મા તરીકે જોઈએ તો એ ગતિ એમાં નથી, એ તો પછી આવશે. સમજાય છે કાંઈ ?

'નારક આદિ' કહ્યું ને ? એમ તિર્યંચ ! – સિંહ, પશુ, વાઘ, એકેન્દ્રિય, લીલોતરી, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય ઇ બધા જીવો છે. (જે) કષાયભાવ કરે છે એ મરીને તિર્યંચમાં જાય છે. માંસ અને દારૂ ખાનારા–પીનારા તો મરીને નરકમાં જાય. પણ માંસ અને દારૂ નહિ ખાનારા, ધર્મ નહિ પામેલા, કષાયની આડોડાઈ કરી, માયા અને લોભ અને રાગમાં લીન થઈ ગયા... લીન થઈ ગયા... એવા જીવો મરીને તિર્યંચમાં જાય છે. તિર્યંચપણું 'છે', તિર્યંચગતિ 'છે'. વ્યવહાર તરીકે એ છે. નથી એમ નહિ. જેવા એ પુણ્ય કરે, પાપ કરે તેવા એનાં ફળ છે. 'નારક આદિ' એટલે ચારગતિ લીધી છે.

દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ કરે, તો એનું ફળ સ્વર્ગ અને મનુષ્ય, શેઠાઈ એ ‘છે’. એ પુણ્યનું ફળ ‘છે’. પણ આત્માના ધર્મની સમીપ જોતાં, એ વસ્તુ જૂઠી છે. આ..હા..હા...! વાત તો આવી છે ! ‘નારક આદિ’ લીધું ને ? (એટલે) ચારે ગતિ (લેવી). દેવ છે. – ભુવનપતિ, વ્યંતરદેવ, જ્યોતિષદેવ ‘છે’. આ..હા..હા..!

અઢીદ્વીપની અંદર મનુષ્ય છે. બાકી (અઢીદ્વીપ બહાર) અસંખ્ય દ્વીપ–સમુદ્ર પડ્યા છે એમાં અસંખ્ય સિંહ અને વાઘ પડ્યા છે અને અસંખ્ય સમુદ્ર છે ! હજાર–હજાર જોજનના મોટા મગરમચ્છ અને મચ્છ પડ્યા છે. ત્યાં પણ... ભગવાન કહે છે, એ જીવો પણ ત્યાં અંદરમાંથી સમકિતને પામી ગયા છે ! આ..હા..હા...! બહાર અસંખ્ય જીવો સમકિતી છે ! અઢીદ્વીપ બહાર સિંહ અને વાઘ ને નાગ ને મગરમચ્છ અને માછલાં, અસંખ્ય પડ્યા છે, એ કેટલાક સમકિતી છે ! અસંખ્યગુણા મિથ્યાદષ્ટિ છે અને અસંખ્યમા ભાગના આતમજ્ઞાની પણ ત્યાં તિર્યંચમાં પડ્યા છે. આ..હા..હા..હા...! એ ગતિ ‘છે’. અનુભવી છે, અજ્ઞાની છે. એ તિર્યંચગતિ છે. એમ મનુષ્યગતિ છે એ તો દેખાય છે. એમ દેવગતિ ‘છે’. એ વ્યવહારથી દેવગતિ આદિ ચારગતિ છે. ‘**...(પર્યાયોના બીજા–બીજાપણારૂપ) અન્યપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે,...**’ પણ આત્માને જોતાં... એ વિશેષ વાત આવશે.

❄ ❄ ❄



## પ્રવચન–૭, ગાથા – ૧૪

આ ‘સમયસાર’ ! ચૌદમી ગાથા ચાલે છે. સમ્યગ્દર્શન કોને કહેવું ? કોઈ પૂછતું હતું કે સમ્યગ્દર્શન એટલે શું ? એમ કોઈ પૂછતું હતું. સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. અંતરમાં અભેદ આત્માની દૃષ્ટિ થઈને અતીન્દ્રિય આનંદનું વેદન આવવું અને તેમાં પ્રતીતિ થવી, તેનું નામ સમ્યગ્દર્શન – સાચી શ્રદ્ધા (છે). ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના ધર્મ ક્યાંય છે નહિ. તેથી સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા, પણ સાચી શ્રદ્ધા એટલે ? અહીંયાં અંદર દાખલો આપ્યો ને ? કે, માટીના અનેક આકારો – વાસણ થાય, એ વાસણ ભલે હો, પણ ખરેખર માટી તે (મૂળ) ચીજ છે. એ વાસણ આદિ છે તે અભૂતાર્થ છે - જૂઠાં છે. કારણ કે કાયમ ટકનારી એ ચીજ નથી. માટી છે એ કાયમ ટકનારી ચીજ છે (તેથી) માટી છે તે યથાર્થ છે. એમ ‘**...આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં...**’ આહા... છે ? એ કાલ આવી ગયું છે. આ જીવ નારકી છે, મનુષ્ય છે, દેવ છે, તિર્યંચ છે, એમ જો અનુભવ કરો તો એ ‘છે’ પણ એ પર્યાયથી છે (એટલે કે) વર્તમાન વ્યવહારનયના વિષયથી છે. એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી.

સમ્યગ્દર્શન – ધર્મનું મૂળ – ‘**दंसण मूलो धम्मो**’ સિદ્ધાંતનો આ શબ્દ છે. ‘ધર્મનું મૂળ દર્શન છે.’ પહેલું સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. એને ચારિત્ર આદિ ધર્મ પછી પ્રગટે. તો એ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન

(છે). એ અનંતકાળમાં અનંત ભવમાં અનંતવાર ત્યાગી પણ થયો, સાધુ પણ થયો, મહાવ્રત પણ અનંતવાર પાળ્યા. અગિયાર અંગ(ના) શાસ્ત્રના જ્ઞાન પણ અનંતવાર કર્યાં, છતાં જેમ નારકી આદિ છે તે જ (પોતાસ્વરૂપે) માન્યું છે. હું મનુષ્ય છું, હું નારકી છું, હું તિર્યંચ છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું, એમ એણે માન્યું છે, એ માન્યતા તદ્દન વિપરીત અને મિથ્યાત્વ માન્યતા છે. આ..હા..હા..હા..! ઝીણી વાત છે !

આત્માનો એ નારકી આદિ (પર્યાયોથી) અનુભવ કરતાં એ અન્યપણું છે, '**...તોપણ સર્વતઃ અસ્ખલિત...**' આ..હા..હા...! એ પાંચેય ગતિના પર્યાય તરફનું લક્ષ ન કરતાં, અંતર્મુખ અસ્ખલિત દ્રવ્ય–સ્વભાવ છે, ચૈતન્યસ્વરૂપ ધ્રુવ જે છે, એને અહીંયાં 'અસ્ખલિત' કીધો છે. (એટલે) '**...(સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા)...**' (અર્થાત્) ચારગતિની દશાથી કે રાગ અને દ્વેષથી જે ચૈતન્યસ્વરૂપ અંદર ધ્રુવ છે, તે આ પર્યાયોથી ભેદપણું પામતો નથી. આહા..હા...! આવી વાતું છે ! અસ્ખલિત ! છે ? સર્વ પર્યાયોથી અસ્ખલિત (રહેતું) દ્રવ્ય ! '**(સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર...**' આ વાત છે ! એક ચૈતન્યસ્વરૂપ ધ્રુવ, નિત્યાનંદ, અનાદિ અનંત, પર્યાયથી પણ ભિન્ન એવું ચૈતન્યઆકાર ચૈતન્યસ્વરૂપ જે ભગવાનઆત્મા ! ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ એ ચૈતન્ય આકાર. છે ? 'ચૈતન્યઆકાર', આકાર એટલે ? ચૈતન્યસ્વરૂપ. આકાર એટલે કાંઈ આકાર ત્યાં નથી. આ ઘણી ઝીણી વાત છે ! આ તો હજી સમ્યગ્દર્શન – ધર્મની શરૂઆત (ની વાત છે). ધર્મનું મૂળ દર્શન છે – એ દર્શનની વ્યાખ્યા – સમ્યગ્દર્શનની વ્યાખ્યા આ છે.

સમ્યગ્દર્શન એટલે અંતરમાં અભેદ આત્માને ચૈતન્યઆકારપણે (અનુભવવો). ઝીણી વાત છે, પ્રભુ ! આત્મસ્વભાવની સમીપ જઈને (જોતાં) (આ) પર્યાયો જે દેખાય છે – નારકી, મનુષ્ય, દેવ આદિ કે



રાગ–દ્વેષ (તેનું) લક્ષ છોડી દઈને, ચૈતન્ય આકાર જે અંદર ચૈતન્યમૂર્તિ જ્ઞાયક–સ્વભાવ, એ સર્વ પર્યાયોથી જરાય ભેદરૂપ નહિ થતો... આહા..હા...! એવો જે આત્મસ્વભાવ, ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ સ્વભાવ, તેની સમીપમાં જઈને. એટલે કે નારકી આદિ મનુષ્ય આદિ છું, એવી દૃષ્ટિ છોડી દઈને... આહા..હા...! ચૈતન્ય આકાર એવો ત્રિકાળ આત્મ–સ્વભાવ તેની સમીપ જઈને (એટલે) તેની સન્મુખ થઈને, તેનો સત્કાર કરીને, તે સ્વભાવનો આદર કરીને તેનો અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન – ધર્મની પહેલી સીઢી – ધર્મનું પહેલું પગથિયું કહેવામાં આવે છે. આ..હા..હા...! આવી ચીજ છે !

સમ્યગ્દર્શન એટલું શું ? સમ્યક્–સત્ય દર્શન (એટલે) આત્માનો જે ત્રિકાળી ચૈતન્યાકાર સ્વભાવ ધ્રુવ છે તેની સમીપમાં જઈને તેનો અનુભવ કરવો. આહા..હા...! અપૂર્વ ! સૂક્ષ્મ વાત ! અનંતકાળમાં જેણે તે તરફ દૃષ્ટિ કરી નથી, ચૈતન્યસ્વભાવી ભગવાનઆત્મા ! તેની સન્મુખ જોયું નથી. તેથી તે પર્યાયબુદ્ધિ (રહ્યો થકો) રાગ ને મનુષ્ય ને દેવ ને નારકી ને સ્ત્રી ને પુરુષ, (ને) મૂર્ખ ને પંડિત એ પર્યાયના ભેદ છે, એમાં એ રોકાઈ ગયો છે. આહા..હા..હા...!

ચૈતન્યાકાર સ્વભાવ ! જેનું સ્વરૂપ જ ચૈતન્ય – જાણવું–દેખવું... જાણવું–દેખવું... જ્ઞાતા જ્ઞાનરસનો પિંડ (છે). આહા..હા...! જ્ઞાનના તેજનું પૂર ! અંદર એકલો ચૈતન્યઆકાર ભર્યો છે ! આ..હા..હા...! એવા આત્મસ્વભાવની સમીપ જઈને (અર્થાત્) તે સ્વભાવની સન્મુખ થઈને, મનુષ્ય આદિ ગતિ છે એના તરફનું લક્ષ છોડી દઈને, ચૈતન્ય આકાર એવો આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં. છે ? '**...અન્યપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.**' નારકી અને મનુષ્યપણું એ બધું જૂઠું છે. આત્મા ચૈતન્ય એકરૂપ છે તેની દૃષ્ટિ થતાં અનેરી ગતિ આદિના ભાવો છે તે અંતરમાં નથી. તેથી તેને જૂઠાં અને અસત્ય કહેવામાં આવે

છે. આ..હા..હા...! 'છે'... છે ખરું ! પણ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવના અનુભવની અપેક્ષાએ તે પર્યાયભેદને અસત્ય અને જૂઠાં કહેવામાં આવ્યાં છે. આ..હા..હા...!

બહારની ચીજની તો અહીં વાત જ નથી. પૈસા ને મકાન ને આબરૂ એ તો ક્યાંય બહાર રહી ગયા, એને અને આને કાંઈ સંબંધ નથી. પણ એની પર્યાય નારકી, મનુષ્ય, દેવ અને તિર્યંચગતિ છે, તે પણ આત્માના સ્વભાવ સમીપ (જઈને) જોતા, તેમાં એ નથી. બીજી ચીજ તો નથી (પણ મનુષ્યાદિ પર્યાયો પણ નથી). આ..હા..હા..હા..! સૂક્ષ્મ વાત છે, પ્રભુ !

સમ્યગ્દર્શન – એ વાતને હજી સમજે નહિ. સમ્યક્ એટલે સત્ય, જેવું એનું ત્રિકાળી સ્વરૂપ છે – જ્ઞાનાકાર ચૈતન્યસ્વભાવ, તેનો અનુભવ થવો – તેના વેદનમાં આવવું, (તેના) આનંદનો અનુભવ કરીને પ્રતીત કરવી કે 'આ આત્મા તે શુદ્ધ ચૈતન્ય છે,' એનું નામ સમ્યગ્દર્શન – સાચી શ્રદ્ધા – સત્‌ના પંથે પડ્યો એમ કહેવામાં આવે છે. નહિતર તો અસત્યને પંથે છે. નારકી ને મનુષ્ય ને દેવ એ બધી ગતિ અસત્યના પંથે (છે), એ ચારગતિમાં છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

અંદર વસ્તુ સ્વભાવ જોતાં એ ચારગતિના ભાવો જૂઠા છે. અંતર ત્રિકાળ ચૈતન્યસ્વભાવની સમીપમાં (જઈને) સમ્યગ્દર્શન કરતાં, એનો અનુભવ કરતાં એ ચારગતિના ભાવો તે જૂઠાં છે. કેમકે એ ચારગતિ તે અંદરમાં નથી. આ..હા..હા..! નિશ્ચયથી તો સિદ્ધગતિની પર્યાય પણ અંદર નથી ! પણ એ વાત અત્યારે (નથી લેતા). આહા...! આ તો નારકીપણું, આ મનુષ્યપણું, આ દેવપણું, આ ઢોરપણું એ બહારની જે ગતિ દેખાય છે તે ત્રિકાળી સ્વભાવની સમીપ જોતાં, તેનો અનુભવ કરતાં (તેના) અનુભવના આનંદની પ્રતીત કરતાં, સમ્યગ્દર્શન કરતાં, તે ચારગતિના ભાવો જૂઠાં છે. સત્ય તો ત્રિકાળી સ્વભાવ છે તે એક સત્ય



છે. આહા..હા...! આવી વાતું છે !

નારકી આદિ ગતિ, ગતિની અપેક્ષાએ છે – ભૂતાર્થ છે. વ્યવહારથી વ્યવહાર છે... વ્યવહાર 'છે' ! પણ અંતરમાં સ્વભાવ જોતાં તે વ્યવહાર જૂઠો છે. આમ બે વાત છે. તદ્દન કોઈ ગતિ નથી જ અને એકલો આત્મા જ છે એમ કોઈ કહે (તો) એમ નથી. ગતિ છે, મનુષ્યપણું છે. મનુષ્યપણું એટલે આ શરીર નહિ, હોં ! આ શરીર (દેખાય એ) મનુષ્યપણું નહિ. આ તો જડ–માટી–ધૂડ છે. અંદર આત્મામાં પર્યાયમાં મનુષ્યની યોગ્યતાની ગતિ જે છે (તે મનુષ્યપણું છે). તિર્યંચને યોગ્ય, મનુષ્યને યોગ્ય, દેવને યોગ્ય જે ગતિ છે – અંદર પર્યાય (છે) એને અહીંયાં 'ગતિ' કહેવામાં આવે છે. મનુષ્ય (એટલે) આ શરીરને મનુષ્ય ગતિ કહેવામાં આવતી નથી. આ તો જડ છે, માટી છે. આ કાંઈ મનુષ્યગતિ નથી. આહા..હા...! મનુષ્યગતિ તો અંદરમાં 'હું મનુષ્ય છું' એવો જે ઉદયભાવ – એવો જે અસિદ્ધભાવ – એવો જે આત્મસ્વભાવથી વિપરીતભાવ, તેને અહીંયાં મનુષ્યગતિ કીધી છે. આહા..હા...! એ ગતિ પણ છે, વ્યવહારનયે પર્યાયદૃષ્ટિ(થી) દેખતાં એ છે, પણ વસ્તુને જોતાં એ વસ્તુ એમાં નથી. સમ્યગ્દર્શનથી, સમ્યગ્જ્ઞાનથી આત્માનો સ્વભાવ સમીપ જઈને (જોતાં) ધારણા પણ નહિ, જાણપણું કર્યું એટલી ધારણા પણ નહિ, – પણ એ સ્વરૂપ છે તેના સમીપ જઈને અનુભવ કરતાં, આનંદનું વેદન કરતાં, એ ગતિ આદિ જૂઠાં છે. કહો ! સમજાય છે કાંઈ ?

આ એક બોલ કીધો. આહા..હા...! આ મનુષ્ય ગતિનો એક બોલ (કહ્યો). પહેલા 'અબદ્ધસ્પૃષ્ટ'ના તો કહી દીધો હતો. ઇ પહેલો કીધો હતો, આ બીજો બોલ છે. બે બોલ થયા, હવે ત્રીજો બોલ. પહેલો ક્યો બોલ થયો ? 'અબદ્ધસ્પૃષ્ટ !' આત્મા અબદ્ધ અને અસ્પૃષ્ટ છે, પરથી અબદ્ધ અને અસ્પૃષ્ટ છે. અંદર પોતાથી – સ્વરૂપે અખંડાનંદ છે. એ

પહેલો બોલ થયો. બીજા બોલમાં ચારગતિ નહિ અને આત્મા એકલો સ્વભાવ છે. એ બીજો બોલ થયો. એ આત્મસ્વભાવની સમીપ (જઈને) માનવું એનું નામ સમ્યગ્દર્શન. એ બીજો બોલ થયો. હવે ત્રીજો બોલ. ત્રીજો ક્યો છે ? 'નિયત !' છે ને પાંચ બોલ ? આહા...! (એમાં 'નિયત' લઈએ).

**'જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** સમુદ્રની ભરતી અને ઓટ ! 'ઓટ' સમજાય છે ને ? પાછું ફરવું ! ભરતી અને ઓટ ! એમ જોતાં તે ભરતી–ઓટ છે. તેની પર્યાયમાં – તેની અવસ્થામાં ભરતી –ઓટ છે, એ કહે છે. શું કીધું ? કે, **'વૃદ્ધિહાનિરૂપ'** – વૃદ્ધિ એટલે ભરતી, હાનિ એટલે ઓટ. એ સમુદ્રની (ભરતી–ઓટની) પર્યાયથી આમ બહારથી કાંઠેથી દેખો (તો) ભરતી–ઓટ છે. છે ? એ **'...અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું)...'** છે. એવું પર્યાયમાં – કાંઠે ભરતી અને ઓટ આવે છે અને એ પણ વ્યવહારનયથી છે. પણ નિશ્ચયથી જોતાં... **'...તોપણ નિત્ય–સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને...'** પણ સમુદ્રનો જે એકરૂપ સ્વભાવ છે એને જોતાં, તે ભરતી–ઓટ એમાં નથી. 'ભરતી–ઓટ' કહે છે ? હિન્દીમાં 'બાઢ... બાઢ !' કહે છે. બાઢ ! બાઢ અને હાનિ, એ તો પર્યાય (છે) – એના કાંઠામાં છે. બાઢ અને હાનિ – ભરતી અને ઓટ કાંઠામાં છે, અંદરમાં નથી. આ..હા..હા...! એ કાંઠે ભરતી અને ઓટ – બાઢ જોતાં 'છે' પણ સમુદ્રનું સ્વરૂપ જોતાં... છે ? આ..હા..હા...! નિત્ય અને સ્થિર સમુદ્ર છે. એવા સમુદ્રના સ્વભાવની સમીપ જોતાં (એટલે કે) સમુદ્રનો ત્રિકાળી સ્વભાવ એ (નિત્ય અને સ્થિર) છે એમ જોતાં – અનુભવ કરતાં અનિયતપણું જૂઠું છે. એ ભરતી–ઓટ, બાઢ અને ઓટ જૂઠાં છે. ત્રિકાળ સમુદ્રના સ્વભાવની અપેક્ષાએ તે ભરતી–ઓટ આદિ જૂઠાં છે. એ ભરતી–ઓટ અંદરમાં છે નહિ, આ તો દૃષ્ટાંત થયો.



**'એવી રીતે...'** એ દૃષ્ટાંતની રીતે **'...આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું...'** છે. શું કહે છે ? આત્મા(ની) પર્યાયમાં હિનાધીકપણું છે. અગિયાર અંગનું જ્ઞાન થાય, નિગોદમાં જાય તો અક્ષરના અનંતમાં ભાગે રહે, નિગોદમાં જાય તો અક્ષરના અનંતમેં ભાગ (જ્ઞાન) પર્યાય રહે અને અજ્ઞાની સાધુ થઈને નવમી ગ્રૈવેયક જાય. અગિયાર અંગનું જ્ઞાન થાય, એ બધું જ્ઞાન છે – અજ્ઞાન ! એ અનિયતપણું ભૂતાર્થ છે. એ વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી જોતાં (ભૂતાર્થ) છે. એમ આત્માને પણ એ પ્રમાણે છે. એની પર્યાયમાં જ્ઞાન વધે અને ઘટે, એ બધી પર્યાય છે. મૂર્ખાઈ અને પંડિતાઈ એ પર્યાય છે. આ..હા..હા...! એ અપેક્ષાએ, મૂર્ખાઈ અને પંડિતાઈની પર્યાય – અવસ્થાદૃષ્ટિથી જોઈએ તો 'છે', વ્યવહારથી જોઈએ તો એ છે. છે ? **'...તોપણ...'** આ...હા..હા...! **'...નિત્ય–સ્થિર...'** સ્થિર ધ્રુવ સ્વરૂપ, અવિચળ – ચળે નહિ તેવું તત્ત્વ અંદર પડ્યું છે. નિત્ય અને ધ્રુવ એવો સ્વભાવ, **'...નિત્ય–સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને...'** આ..હા..હા..હા..! આ તો હજી સમ્યગ્દર્શન – ધર્મની પહેલી શ્રેણીની વાત ચાલે છે. ચારિત્ર એ તો કોઈ બીજી અલૌકિક વાતું છે ! એ તો સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ. હજી તો સમ્યગ્દર્શન કોને કહીએ અને કેમ થાય ? એની પણ ખબરું ન મળે, એને ચારિત્ર અને વ્રત અને તપ આવી જાય, એ બધા એકડા વિના મીંડાં છે ! આહા..હા...! આ ઝીણી વાત છે !

(અહીંયાં) કહે છે કે, આત્મામાં વૃદ્ધિહાનિ જોઈએ તો છે, પણ પર્યાયમાં હોં ! પણ નિત્ય–સ્થિર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (અર્થાત્) પર્યાયમાં – અવસ્થામાં ઓછા–વત્તાપણું છે એ ન જોતાં, એનો ત્રિકાળી સ્વભાવ જોતાં, તેના સમીપમાં જઈને નિત્ય–સ્થિરનો અનુભવ કરતાં તે (વૃદ્ધિ–હાનિ) અભૂતાર્થ છે. જ્ઞાનનું જે ઓછા–વત્તાપણું હતું એ બધું જૂઠું છે. એકરૂપ ત્રિકાળ આત્મા છે. આ..હા..હા...! આ

ચૌદમી ગાથા...! ઝીણી વાતું છે, બાપા ! આહા...!

કહે છે કે, નિત્ય અને સ્થિર, છે (પાઠમાં) ? '**...એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું...**' (એટલે) પર્યાયમાં જે હાનિવૃદ્ધિ (છે) એ બધું જૂઠું છે, ત્રિકાળમાં નથી, અને દૃષ્ટિનો વિષય ત્રિકાળ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ત્રિકાળી દ્રવ્ય છે. એમાં જોઈએ તો ઓછા–વત્તાપણું કાંઈ છે નહિ. જ્ઞાનની હીણી દશા કે અધિક(દશા) છે નહિ. બહુ ઝીણી વાત, બાપુ !

અપૂર્વ વાત છે ! અનંતકાળમાં એણે સમ્યગ્દર્શનનો વિષય શું છે ? અને એ (સમ્યગ્દર્શન) કેમ થાય ? એ વાત એણે રુચિથી સાંભળી નથી. આ..હા..હા...! મુદ્દાની રકમ તો આ છે ! બાકી બધું વ્યાજ !! આહા...હા...! એ બાજુ અમારે એક દાખલો બનેલો. 'વડોદરા... વડોદરા !' રાજ છે ને ? 'ગાયકવાડ !' એની નીચેના માણસો–વાણિયા પાસે ઘણી જમીન હતી. પચાસ–પચાસ હજાર, લાખ–લાખ, બબ્બે લાખની ઊપજ થાય એવી વાણિયાને ઘરે જમીન (હતી). પણ ઇ બધી હતી બીજા કણબીની. એટલે એ 'ગાયકવાડ સરકાર' તરફથી કાયદો કાઢ્યો કે, જે કોઈ વાણિયા વીસ વર્ષથી કણબીની (જમીનનું) ખાતા હોય, એ છોડી દ્યો ! અને જેની જમીન છે એને આપી દ્યો !

એમ અહીં કહે છે કે, અનાદિથી પર્યાયનો અનુભવ કરે છે ઇ છોડી દે ! મૂળ રકમને પકડી લે...! વર્તમાનમાં હિનાધિક પર્યાય છે, આ કાંઈ એકલા તારે માટે નથી. બધા આત્માઓને માટે જે પર્યાયમાં હિનાધિકતા છે, તે છોડી દે ! તેનું લક્ષ છોડી દે ! આ..હા..હા...! અને ત્રિકાળી જ્ઞાયકભાવ છે... જુઓ ! છે ? '**...આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું...**' જૂઠું છે. એ ઓછી–વત્તીપણાની અવસ્થા તે જૂઠી છે. આ..હા..હા..હા...!

કાલે તો દાખલો આપ્યો હતો, નહિ ? 'શિવભૂતિ' (મુનિનો) !



'શિવભૂતિ' અણગારને (મુનિને) 'માતૂષ અને મારુષ' એટલા શબ્દ યાદ નહોતા આવતા. એટલા શબ્દ યાદ નહોતા. પણ અંદરમાં આત્માનો અનુભવ હતો ! આત્મા અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ છે એના આનંદનું વેદન હતું. શબ્દોનું જ્ઞાન નહોતું. (અને અજ્ઞાની અગિયાર) અંગ ભણ્યો છતાં તેને આત્માનું જ્ઞાન નથી. કેમકે આત્મા છે એ પર્યાયથી ભિન્ન ચીજ છે. જેની અંદર આ ઓછા–વત્તા (જ્ઞાનની) પર્યાયનો પણ જેમાં અભાવ છે. એકરૂપ ત્રિકાળ આત્મસ્વભાવ છે. આ..હા..હા..હા...! એવા આત્મસ્વભાવના સમીપે – નજીક જઈને એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય એ અપેક્ષાએ ઓછા–વત્તાપણાનું જે જ્ઞાન છે તેને અહીંયાં અસત્ય નામ જૂઠું કહેવામાં આવ્યું છે. આહા..હા..હા...! વાત તો ઝીણી છે, ગાથા જરી એવી છે !

બહારની વાત તો ક્યાંય રહી ગઈ ! પુણ્ય–પાપ તો ક્યાંય રહી ગયા. બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ, એ તો દૂર (રહી). પુણ્ય–પાપ પણ ક્યાંય રહી ગયા. આ તો જ્ઞાનમાં ઓછા–વત્તાપણાની પર્યાયનો ઉઘાડ (વધે) અને ઉઘાડ ઓછો થાય, એ સ્થિતિ પણ ત્રિકાળ સ્વભાવના સમીપ (જઈને) જોતાં જૂઠી છે. આહા..હા...! સમજાય છે કાંઈ આમાં ?

પર્યાયનો ઉઘાડ અગિયાર અંગનો થઈ જાય, ૯ પૂર્વનો થઈ જાય અને નિગોદ(માં) અક્ષરના અનંતમે ભાગે (થઈ જાય). આ લસણ, ડુંગળી (વગેરેના) જીવને પર્યાયમાં અક્ષરને અનંતમે ભાગે ઉઘાડ રહી ગયો છે. દ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ તો છે ઇ છે. એ (જ્ઞાન) અક્ષરને અનંતમે ભાગે હો કે નવ પૂર્વનું જ્ઞાન હો, એ પર્યાય છે તે પર્યાયદૃષ્ટિએ બરાબર છે. પણ વસ્તુની દૃષ્ટિએ જોતાં તે વસ્તુ જૂઠી છે. આહા..હા...! એ લસણ અને ડુંગળીમાં રહેલો આત્મા, એની પર્યાયમાં તો એને અક્ષરના અનંતમા ભાગનો જ ઉઘાડ છે. અલ્પ ઉઘાડ રહી ગયો છે. એટલો (પણ) ન રહે તો જડ થઈ જાય. પણ એ (અલ્પ જ્ઞાન) અને અગિયાર અંગ

અને નવ પૂર્વનું જ્ઞાન (કરીને) નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો (એ બન્ને પર્યાયમાં છે). અગિયાર અંગ અને નવ પૂર્વનું (જ્ઞાન) કર્યું છતાં તે અક્ષરનો અનંતમો ભાગ અને એ નવ પૂર્વ(નું જ્ઞાન) બન્ને હિનાધિક અવસ્થા પર્યાયની છે. એ કોઈ (વાસ્તવિક) ચીજ નથી. આ..હા..હા..હા...! એનું પણ લક્ષ છોડીને ત્રિકાળી નિત્ય–સ્થિર વસ્તુ ભગવાનઆત્મા છે, એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય. આ..હા..હા...! ત્યારે તેને ધર્મના મૂળની શરૂઆત થાય. (હજી તો) શરૂઆત થાય ! આ..હા..હા..હા...! આવી વાતું છે ! છે ? '**...અનિયતપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.**' એ ત્રીજો બોલ થયો. ત્રીજો બોલ થયો ને ઇ ?

હવે, '**જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે...**' સોનાનું ચીકણાપણું, પીળાપણું, ભારેપણું પર્યાયમાં છે, '**...તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' એ ચીકાશ અને એ ભારે(પણાની) પર્યાયનું લક્ષ છોડી દે ! '**...એવા સુવર્ણસ્વભાવની સમીપ...**' જતાં (અર્થાત્) સોનાના અંતર સ્વભાવને જોતાં, તેમાં તે ચીકાશ અને ફીકાશના ભેદ પડતા નથી. આ..હા..હા...! આવી ઝીણી વાત છે ! છે ? '**...સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...**' એ સોનાની ચીકાશ અને એના જે દાગીના થાય, એ બધી અવસ્થાઓ જૂઠી છે. એ '**...વિશેષપણું અભૂતાર્થ છે – અસત્યાર્થ છે.**' શેમાં ? સોનાનું દૃષ્ટાંત છે તેમાં.

'**એવી રીતે આત્માનો,...**' આ..હા..હા...! આ '**અવિશેષ**' આવે છે. આ ચોથો બોલ છે. '**...જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું...**' છે. આહા..હા...! બીજી વાત તો અહીં મૂકી દીધી પણ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ છે એવો ભેદ પણ (કાઢી નાખ્યો). તે (ગુણભેદ) વ્યવહારને, પર્યાયનયે, વર્તમાન દૃષ્ટિએ છે પણ ત્રિકાળની દૃષ્ટિએ જોતાં (તે) ગુણભેદ પણ એમાં નથી. આહા..હા...!



બહુ આકરું કામ છે આ ! એ જ્ઞાન ને દર્શન ને આનંદ ને એવા ભેદ – એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય એ નથી, સાચી શ્રદ્ધાનો આશ્રય એ નથી. આ જ્ઞાન ને દર્શન ને આનંદ એવા ગુણભેદ પણ સાચી શ્રદ્ધાનો વિષય નથી. આહા..હા..હા...! ક્યાં જાવું ? હજી તો બહારમાંથી પાછો હટતો નથી ! એમાં કહે છે કે આ ગુણભેદ... એક ચીજ છે એમાં ગુણભેદ – વિશેષ જૂઠાં છે !

વિશેષની અપેક્ષાએ વિશેષ છે. છે ને ? '**...આત્માનો જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું...**' છે. '**...તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' આહા..હા...! જ્ઞાન, દર્શન, આનંદ અને ચારિત્ર એવાં ભેદોનું લક્ષ જ્યાં છૂટી ગયું એટલે એ વિલય થઈ ગયું ત્યારે તેને અખંડાનંદ આત્મા નજરમાં આવ્યો, ગુણભેદની દૃષ્ટિ છોડતાં... આ..હા..હા...! રાગની વાત તો ક્યાંય રહી ગઈ, ગતિની એકકોર રહી ગઈ, બહાર પૈસા અને ધૂળની (વાત) તો ક્યાંય (રહી ગઈ) એ તો એનામાં છે નહિ. આ તો એની પર્યાયમાં છે, છે એની વાત કરે છે. એનામાં જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ છે. એ અનંત ગુણ છે એ અપેક્ષાએ પર્યાયનયે, વ્યવહારનયે બરાબર છે. આ..હા..હા...! '**...તોપણ...**' છે ? '**...જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...**' વિશેષનું લક્ષ જ છૂટી ગયું. આ..હા...હા...! ઝીણાં દાખલા છે.

આ તો મૂળ સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે આ તો જૈનશાસન (છે) હવે આગળ ૧૫મી (ગાથામાં) કહેશે કે, આ વીતરાગભાવ છે એ જૈનશાસન છે. અંતરમાં આત્માનો અનુભવ કરવો, આનંદ પ્રગટ કરવો અને વીતરાગતા પ્રગટ કરવી, એ જ જૈનશાસન અને જૈનધર્મ છે. આ..હા..હા...! ગુણના ભેદને પણ લક્ષમાંથી છોડી દે ! જો તારે સમ્યગ્દર્શન અને આત્મા જોતો હોય તો આત્મામાં જે અનંત ગુણ છે એ અનંત ગુણના ભેદનું લક્ષ છોડી દે ! ભેદનું લક્ષ કરીશ તો રાગ થશે, વિકાર

થશે (અને) સંસાર ઊભો રહેશે ! આ..હા..હા...હા...!

મુમુક્ષુ :– અપૂર્વ વાત છે ! અપૂર્વ ! મીઠી મધુરી વાત છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો આવી છે, બાપુ ! શું થાય...? આ તો અંદરની વાત છે, બાપા ! આહા..હા...! અંદરની વાત છે, પ્રભુ ! અનંતકાળમાં એ અંતરની વાત એણે રુચિથી સાંભળી નથી. એ વસ્તુ (સાંભળવામાં) આવી છે તો એણે કાઢી નાખી છે કે, 'એ બધું ઝીણું... ઝીણું... ઇ ઝીણું... ઝીણું... ! એ સમજવું આપણું કામ નહિ !' એમ કરીને કાઢી નાખ્યું છે માળાએ ! આહા..હા...!

મુમુક્ષુ :– દરકાર નથી કરી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– દરકાર કરી નથી. ટાણાં આવ્યાં તો એને ચૂકી ગયો છે ! મનુષ્યપણાનું ટાણું આવ્યું છે, પ્રભુ ! સમ્યગ્દર્શન કરવાનાં ટાણાં – 'સબ અવસર આ ગયા હૈ.' 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલ્લજી' કહે છે – 'સબ અવસર આ ગયા હૈ... સબ અવસર આ ગયા હૈ !' હવે તારી એક વાત – પર્યાયબુદ્ધિ છોડી, ગુણ(ભેદની) બુદ્ધિ છોડીને અંદરમાં જા ! એ તારે કરવાનું છે !! આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે – સબ અવસર આ ગયા હૈ ! મનુષ્યપણું મળ્યું, પાંચ ઇન્દ્રિય, નીરોગતા અને લાંબું આયુષ્ય ! જન્મીને તરત મરી જાય તો તો બચારાને (વખત જ ન મળે) આ તો લાંબું આયુષ્ય છે. એમાં જિનવાણીને સાંભળવાનો યોગ મળ્યો. આવા યોગમાં સબ અવસર આવી ગયો છે. આ..હા...હા...! હવે તારે અંદર જવાનું છે. એ બાપુ ! તારે કરવાનું છે ! આહા....!

જગતમાં લોકો કહે છે ને ? 'ટાણાં આવશે પણ નાણાં નહિ મળે' એમ કાંઈક ગાય છે ને, નહિ ? 'નાણાં મળશે પણ ટાણાં નહિ મળે' – માટે નાણાં ખર્ચો ! એમ આપણે કાઠિયાવાડમાં કહે છે. તમારે હિન્દીમાં કાંઈક ભાષા હશે. પૈસા મળશે પણ ટાણાં આવા નહિ મળે. નાણાં મળશે



પણ ટાણાં આવા નહિ મળે. એમ અહીં કહે છે કે જ્ઞાન આદિની પર્યાયનો ઉઘાડ અનંતવાર થયો એ મળશે પણ અંદરમાં અભેદની દૃષ્ટિ મળવી તે મહામુશ્કેલ છે. આ..હા..હા...! તમારી કાંઈક ભાષા હશે. 'નાણાં મળશે પણ ટાણાં નહિ મળે' – એમ કહે છે. અમારે કાઠિયાવાડમાં એમ કહે છે. તમારે હિન્દી ભાષા(માં) કાંઈક તો હશે. આ તો આપણે કાઠિયાવાડમાં ગુજરાતમાં આ કહે છે કે, 'નાણાં મળશે પણ ટાણાં નહિ મળે' માટે ટાણાંમાં બરાબર (કામ) કરી લ્યો. એમ અહીં કહે છે કે, અનંતવાર એ જ્ઞાનની હિનાધિકની પર્યાય આવી ગઈ. એવું તો અનંતવાર થયું, પણ એની દૃષ્ટિ છોડીને અંતર એકરૂપ સ્વરૂપ ભગવાનઆત્મા ! અંદર સમીપ છે ત્યાં ગયો નથી. (તેથી) તેનું કાંઈ વળ્યું નથી, એનું એ રખડવાનું ઊભું રહ્યું છે. આ..હા..હા..હા..!

ગતિ કાઢી નાખી, પર્યાયની હિનાધિકતા કાઢી નાખી, અહીં હવે ગુણભેદ કાઢી નાખ્યા. પહેલા બદ્ધસ્પૃષ્ટ – જે કર્મનો સંબંધ છે એ કાઢી નાખ્યું, પછી ગતિ કાઢી નાખી, પછી પર્યાય કાઢી નાખી, હવે અહીં ગુણભેદ કાઢી નાખે છે. આહા..હા...! ચોથો બોલ છે ને આ ? શું કહ્યું એ ? કે, ભગવાનઆત્મા અંદર ચિદાનંદ પ્રભુ ! એને કર્મનો સંબંધ છે અને રાગનો સંબંધ છે એને પહેલા બોલમાં કાઢી નાખ્યું. એ અબદ્ધસ્પૃષ્ટ છે, એ પરથી બંધાયેલો નથી. અંદર મુક્તસ્વરૂપ છે. એવી દૃષ્ટિ કર. એનાથી આગળ જતાં નારક આદિ ગતિની વાત કરી, નારકી આદિ ગતિ છે (ખરી) પણ પર્યાયમાં છે, વસ્તુમાં છે નહિ. એ વાત કરી. ત્રીજી વાત – પર્યાયમાં હિનાધિકતા છે. જ્ઞાનની દશા(માં) હિનાધિકતા છે, એ વાત કરી. પણ એનું પણ લક્ષ છોડી દઈને ત્રિકાળનું લક્ષ કરવું, એમ (ત્રીજા બોલમાં) કીધું, આ ચોથા બોલમાં (એમ કહ્યું કે) અંદર ગુણભેદ છે છતાં ગુણભેદની દૃષ્ટિ છોડી દે ! આ..હા..હા..હા...! આવું ઝીણું છે !

આઠ વર્ષની બાલિકા પણ સમકિત પામે છે ! પણ જેને દરકાર હોય એને મળે કે દરકાર ન હોય એને મળે ? આહા..હા...! આઠ વર્ષની બાલિકા ! અરે...! તિર્યંચ હોય તિર્યંચ...! આહા..હા...! એ પણ સમકિત – આત્મજ્ઞાન પામેલા અસંખ્ય પડ્યાં છે ! સાંભળ્યું છે ? આ અઢીદ્વીપ છે ને ? આપણે આ જે મનુષ્યક્ષેત્ર (છે ને) એટલામાં ૪૫ લાખ જોજનમાં મનુષ્ય છે. પછી મનુષ્ય નથી. મનુષ્યનો આંકડો છે. ૨૭ આંકડે મનુષ્ય હોય. એટલે શું ? ૧--૧–૧--૧... એવા ૨૭ આંકડા મૂકો એટલા મનુષ્ય હોય, ઝાઝા હોય તોય ૯ ૯ ૯ ૯ ૯... ૨૭ (વાર) '૯' મૂકો તો એટલા મનુષ્ય હોય, ઓછા હોય તો ૧--૧--૧... ૨૭ મૂકો એટલા મનુષ્ય હોય અને ઝાઝા હોય તો ૯--૯--૯--૯... (એમ) ૨૭ વાર મૂકો અને એનો આંકડો થાય એટલા મનુષ્યો છે. ત્યારે તિર્યંચ છે ઇ તો અસંખ્ય અસંખ્યગુણા છે. એ અઢીદ્વીપ બહાર એકલા તિર્યંચ (છે). સિંહ ને વાઘ ને મચ્છ ને મચ્છર ને એવા તિર્યંચ પડ્યા છે. એ તિર્યંચમાં પણ અસંખ્ય જીવો સમકિતી પડ્યા છે, અત્યારે ! આ..હા..હા...! કોઈને જાતિસ્મરણ થયું, કોઈને પૂર્વની વાત યાદ આવી ગઈ, ઢોરમાં પણ અસંખ્ય જીવો, સમકિતી સિંહ અને વાઘ અઢી દ્વીપ બહાર છે !! એ સિંહ અને વાઘ, ખોરાક એનો આ (માંસાહાર) ન હોય, વનસ્પતિનો ખોરાક હોય, સમકિત થાય એ માંસ ખાય નહિ. સમકિતી જીવને માંસ અને દારૂ એ હોય નહિ. માંસ અને દારૂને પીનારા કે (આ) માછલીના તેલ આવે, શું કહેવાય ઇ ?

મુમુક્ષુ :– કોડલીવર !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોડલીવરને વાપરનારા, એ તો બધા મિથ્યાદૃષ્ટિ નરકગામી છે. સમજાણું કાંઈ ? એ તિર્યંચ સિંહ સમકિત પામે ત્યારે એને માંસનો ખોરાક ન હોય. અત્યારે છે ! અઢી દ્વીપની બહાર અસંખ્ય સિંહ પડ્યા છે, અસંખ્ય વાઘ છે. એ હજાર જોજનનું કમળ હોય છે,



કમળ ! એ કમળ ખાય, કમળના ડોડા ખાય, પણ માંસ ન ખાય, માછલાંને ન મારે, કોઈ મનુષ્યને, કોઈ પંખીને ન મારે, સિંહ અને વાઘ ! જેને આતમજ્ઞાન થયા છે... આ..હા..હા...! એને આવો ખોરાક હોઈ શકે નહિ. આહા...! અને એવો ખોરાક હોય એ ધર્મી નથી, અધર્મી, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, મૂઢ જીવ છે, ચારગતિમાં રઝળનારા રખડનારનાં એ લક્ષણ છે. આહા..હા...!

મુમુક્ષુ :-- ગુરુજી પણ જૈનો કહેવડાવા છતાં અમે આ કર્યું હોય તો અમે ક્યાં જઈએ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ વાત સાચી, બાપા ! ઇ છોડવું, ઇ છોડવું જોઈએ બાપા ! ઇ છોડી દેવું જોઈએ, બાપા ! જૈન નામ ધરાવે અને આવી વાત હોય (તો એને) છોડી દેવું જોઈએ, પ્રભુ ! એ શોભે નહિ. જૈન નામ ધરાવે અને એને દારૂ ને માંસ ને મછલી ને ઇ કોડલીવર આદિ... આહા..હા...! એ શોભે નહિ, નાથ ! ભાઈ–બાપા કહે છે (એ) ઠીક કહે છે ! સમજાણું કાંઈ ? જૈન નામ ધરાવે અને આવી વાત હોય ! સપને (પણ) ન હોય... આ..હા..હા...! એના સપના ન હોય. એના ખાણાં તો ન હોય પણ સપના ન હોય. આ..હા..હા...! અહીં તો બીજી ઉત્કૃષ્ટ વાતું ચાલે છે, બાપા ! આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! એ ખોરાક તો એકકોર રહી ગયો (એ) ખોરાકના ખાનારા તો મૂઢ મિથ્યાદૃષ્ટિ નરક અને નિગોદમાં જવાવાળા છે, પણ (અહીં તો) ગુણભેદની દૃષ્ટિ પણ જેને છોડવી છે (તેની વાત ચાલે છે). આહા..હા...! અનંત ગુણનો પિંડ પ્રભુ ! અનંત ગુણનું જેમ ચિતરામણ કરેને એમ આત્મામાં અનંત ગુણ(નું) ચિતરામણ છે ! એવા અનંત ગુણના ભેદ(ની) પણ દૃષ્ટિ છોડી દે, (એમ) કહે છે. આહા..હા..હા...! સમ્યગ્દર્શન કરવું હોય, ધર્મની શરૂઆત કરવી હોય, પહેલાં ધર્મ(ની) શરૂઆત કરવી હોય તો કહે છે કે, આ ગુણભેદ(નું લક્ષ) છોડી દે !

'**...સર્વ વિશેષો વિલય થઈ ગયા...**' 'વિલય થઈ ગયા'નો અર્થ ગુણભેદ દૃષ્ટિમાં રહ્યાં નહિ. આહા..હા..હા...!

માંસ અને દારૂની તો ક્યાં વાત રહી, ભાઈ ! ભાઈ કહે (છે) ઇ વાત સાચી છે. જૈન નામ(ધારીને) ઇ વાત તો હોય જ નહિ. આહા..હા...! પ્રભુ ! અહીં તો આત્માની વાત છે, નાથ ! જેનાથી જન્મ–મરણ મટી જાય એની વાત છે, પ્રભુ ! અને ઇ માંસ ને દારૂ ને શરાબ ને માછલીના (તેલને) ખાય, પ્રભુ...! એના ફળ નરકમાં એવા આવશે કે, તારા એક ક્ષણનાં દુઃખ કરોડો ભવે અને કરોડો જીભે કહી શકાય નહિ. નાથ ! એવા ત્યાં દુઃખ છે ! આહા..હા...! ભગવાન એમ કહે છે કે, ભાઈ ! ત્યાં નરકમાં તું અનંતવાર ગયો છો. મનુષ્યના ભવ કરતાં પણ નરકના ભવ અસંખ્યગુણા અનંતા કર્યા છે. મનુષ્યના જે અનંતા ભવ કર્યા, એ સંખ્યા કરતાં અસંખ્યગુણા અનંતા નરકના કર્યા છે. કારણ કે એવા માંસ અને દારૂ–શરાબ પીને મરીને નરકે ગયા એના દુઃખનો કાંઈ આરો ન મળે ! આહા..હા...! પરમાધામી મારે, કચડે, ભુક્કા કરે, ઘાણીમાં પીલે, એવાં દુઃખો એક ક્ષણમાં...! આહા..હા...!

'રત્નકરંડશ્રાવકાચાર'માં એ લેખ છે કે, નરકના ક્ષણનાં દુઃખો (કરોડો ભવે, કરોડો જીભે કહી ન શકાય). પહેલી નરક છે, પહેલાં એક વાર સિદ્ધ કર્યું હતું કે, એક માણસને મારે (અને તેની) સાક્ષી પડે, તો રાજા એક વાર ફાંસી આપે. પણ એણે ૨૫ અને ૫૦ માણસ માર્યા હોય, તો રાજમાં એનો શું કાયદો છે ? ૨૫ વાર ફાંસી ચડાવે ? ૨૫ માણસને માર્યા, ૫૦ ને મારી નાખ્યા... ઓલો નહોતો... કોણ (હતો) મોટો ?

મુમુક્ષુ :– 'હિટલર'!

પૂજ્ય ગુરુદેવશ્રી : 'હિટલર' ! 'હિટલરે' લાખો માણસને મારી નાખેલા. લાખોને માર્યા ! એના વિરુદ્ધના માણસો હતા ને ? તે લાખોને



મારી નાખેલા ! અહીં તો પરમાત્મા એમ કહે છે કે, એક વાર જેણે ખૂન કર્યું એને એક વાર રાજમાં સાક્ષી પડે (અને) કદાચ પુણ્ય હોય તો છૂટી જાય, પણ છતાં એનું પાપ છે ઇ નહિ છૂટે. પુણ્ય હોય તો વકીલાતમાં પૈસા આદિ દઈને કોઈ વળી છૂટી જાય. પણ અંદર જે પાપ કર્યું છે ઇ નહિ છૂટે. એ પાપનું ફળ... આ..હા..હા...! એ નરકની યોનિ... એનાં દુઃખો... દસ હજાર વર્ષની સ્થિતિના દુઃખનો પાર ન મળે, એવા–એવા તો અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય ત્યાં છે ! અસંખ્ય અબજ !! આહા..હા...!

એક 'બ્રહ્મદત્ત ચક્રવર્તી' હતો. અત્યારે (નરકમાં છે). ૯૬૦૦૦ સ્ત્રી હતી, ૯૬૦૦૦ કરોડ ગામ હતાં, ૧૬૦૦૦ દેવ સેવા કરતા, એવા ચક્રવર્તી પણ માંસ અને દારૂ (ખાઈને) અધર્મ કર્યાં, અને હીરાના... શું કહેવાય તમારા ? સૂવાના ઢોલિયા ! ભૂલી જવાય છે નામ તમારા ! હીરાના ઢોલિયામાં સૂતેલો, એ મરીને અત્યારે સાતમી નરકે ગયો છે. ૮૫૦૦૦ વર્ષ (પૂરા) થયા, (હજી) અસંખ્ય અબજ વર્ષ ત્યાં રહેવાનો છે ! એ બાપા ! અહીંના એક ક્ષણનું કલ્પનાનું સુખ એનું (ફળ) અસંખ્ય ભવનું અસંખ્ય વર્ષનું દુઃખ !! એ એક આંકડો કર્યો હતો કે, અહીંયાં એક ક્ષણનાં સુખ(ની) કલ્પના, એના (ફળ તરીકે) આટલા અમુક પલ્યોપમનું દુઃખ નરકમાં છે. એવો આંકડો કોઈએ કર્યો હતો. એક ક્ષણનું જે માંસ અને દારૂ આદિ (ખાઈને) પાપ કરેલું એના ફળ તરીકે અસંખ્ય અબજ (વર્ષ)વાળી પલ્યોપમ, એવા દુઃખના ફળમાં ત્યાં જવાના છે. આ..હા..હા...! એ ત્યાં કાંઈ કોઈની સિફારશ પોગે એવી નથી ! તેમ ત્યાં કોઈનો કોઈ સથવારો મળે એવું નથી, આહા...!

અહીં તો એથી આગળ જઈને વાત, (ચાલે છે). એની તો વાત જ શી કરવી ? પણ કહે છે કે, ગતિ આદિ મળી એની પણ શું વાત કરવી ? અરે...! જ્ઞાનનું ઓછા–વત્તાપણું મળ્યું એની શું વાત કરવી ?

અરે...! ગુણભેદ થાય એની શું વાત કરવી ? આ..હા..હા..હા...! સમજાણું કાંઈ ? અનંત ગુણનો પિંડ છે, પ્રભુ ! જેમ સોનું, પીળાશ, ચીકાશ અને વજન આદિ ગુણોનો પિંડ છે, આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનો પિંડ છે, પણ અહીં કહે છે, એ ગુણભેદ છે તે વિશેષ છે. એ સામાન્ય દ્રવ્ય નહિ. એ વિશેષ ઉપર લક્ષ કરતાં રાગ થશે (અને) રાગ થતાં એનું પણ બંધન થશે. આહા..હા...! માટે તને જો સમ્યગ્દર્શન – ધર્મની શ્રેણીની પહેલી ધારા (પ્રગટ) કરવી હોય તો એ ગુણભેદને છોડી દે ! આ..હા..હા...! બહારની ચીજ(ની) વાત તો ક્યાંય રહી ગઈ ! છે (પાઠમાં) ? આહા...!

**'...જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** વિશેષ એટલે ? ગુણો. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ એવા અનંત ગુણ આત્મામાં છે. એ અનંત ગુણોનું લક્ષ છૂટી જાય છે. એટલે વિશેષ વિલય થઈ જાય છે. વિલય એટલે દૃષ્ટિમાંથી (વિલય થઈ જાય છે). વસ્તુ કાંઈ (ચાલી) નથી જાતી. અહીં તો 'વિલય થઈ ગયા' (એમ) કીધું છે. 'ગુણભેદ વિલય થઈ જાય છે' એટલે ? અંદરમાં ગુણભેદ ઉપર લક્ષ ન કરતાં... આ..હા..હા...! આત્માના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં, એ ગુણના ભેદોનું પણ લક્ષ છોડી દઈ, એ અનંત ગુણો છે તેનો પણ તારી દૃષ્ટિમાંથી વિલય કરી નાખ ! વસ્તુ તો રહેશે (પણ) ભેદ ઉપરથી દૃષ્ટિ છોડી દે ! આ..હા..હા...!

આવો માર્ગ ! સાધારણ માણસને કઠણ પડે, પણ પ્રભુ ! આવા મનુષ્યપણા (મળ્યા હવે) આવું નહિ કરે (તો) પ્રભુ ! શું થશે ? ક્યાં જઈશ ? બાપા ! ચોરાશીના અવતારની ખાણો પડી છે ! ચોરાશી લાખ યોનિ ! એક–એક યોનિમાં અનંતવાર જન્મ્યો ! અને અનંતવાર મર્યો ! એ મિથ્યાત્વ, અજ્ઞાન અને આવા પાપ કરીને. પ્રભુ ! હવે અવસર – ટાણું મળ્યું છે ને નાથ ! આવે ટાણે નહિ કર તો પ્રભુ ! ક્યારે કરીશ



તું ? આ..હા..હા...!

આહા..હા...! અહીં તો છેલ્લી હદે આવી ગયા. ગુણભેદની દૃષ્ટિ છોડી દે ! રાગની તો છોડી દે, નરક આદિની તો છોડી દે, ગુણભેદ છે (તેની પણ) દૃષ્ટિ છોડી દે ! (સ્વરૂપ) અવિશેષ છે, આત્મા અવિશેષ એટલે સામાન્ય છે. ગુણભેદ છે એ વિશેષ છે. વિશેષ એટલે ભેદ છે. ભેદ છે એટલે પ્રકાર છે. એ ભેદ – પ્રકારની દૃષ્ટિ છોડી દે ! આહા...! જેમાં વિશેષપણું વિલય થઈ ગયું છે. આહા..હા...! એટલે કે લક્ષ છોડી દીધું છે. વિશેષ ઉપરથી –ગુણભેદ ઉપરથી લક્ષ છોડી દીધું છે. આ અહીં જાવાનું છે, બાપા ! આહા..હા...!

ભગવંત્ ! તારી મહિમાનો પાર નથી, નાથ ! પણ તેં કોઈ દી' સાંભળ્યું નથી. આહા...! અહીં તો પરમાત્મા 'પ્રભુ' તરીકે તો બોલાવે છે ! આ..હા...હા...! જેમ એની મા હાલરડું ગાય એમ ભગવાન હાલરડું ગાય છે ! હે ભગવાન...! હે ભગવાન...! હે ભગવાન...! એમ કરીને (હાલરડું ગાય છે). આ..હા..હા..હા...! હે ભગવાન ! તને આ ન શોભે. ભગવાન ! તું તો શુભાશુભ મલિન ભાવ છે એનાથી રહિત છો ને, પ્રભુ ! આ..હા..હા...! એ શુભાશુભ ભાવ જડ છે તેનાથી રહિત છોને, નાથ ! કાલે બતાવ્યું હતું. ('સમયસાર'ની) ૭૨ ગાથામાં, ત્રણવાર 'ભગવાન' કીધાં છે. એમાં છે ૭૨ (ગાથા). આ..હા..હા...! આ તમારું છપાયેલું છે. ત્રણવાર 'ભગવાન' તરીકે બોલાવ્યો છે ! આ..હા..હા...! ૭૨મી ગાથામાં છે. પુણ્ય અને પાપ બન્ને મલિન છે, અશુચિ છે, મેલ છે. ત્યારે ભગવાનઆત્મા નિર્મળાનંદ છે. એમ ત્યાં કીધું છે. છે એમાં, જુઓ ! આહા..હા..હા..! અરે... પ્રભુ ! તને 'ભગવાન' તરીકે બોલાવે અને તને શરમ ન આવે ! આ..હા..હા...! તારી મોટપ કરીને તને બોલાવે, પ્રભુ ! ભગવાનઆત્મા...! આ..હા..હા...! એ અશુચિ – મેલથી ભિન્ન છે. ભગવાનઆત્મા...! એ પુણ્ય–પાપ છે (એ) અજીવ છે, જડ છે. એમાં

ચૈતન્યપણાનો અભાવ છે. એનાથી ભગવાનઆત્મા જુદો છે, અને દુઃખ જે છે (તે) દુઃખનું કારણ આત્મા – વસ્તુસ્વભાવ નથી. તેમ દુઃખનું કાર્ય નથી. એ તો ચિદાનંદમૂર્તિ અંદર ધ્રુવ છે, ભગવાન ! ત્યાં જા ને ! તારા ઘરમાં જા ને ! આહા..હા...!

'વચનામૃત'માંથી બેનનું તો એક ફેરી કહ્યું હતું સમકિતદૃષ્ટિ રાગમાં આવે છે ત્યારે સમકિતીને એવું લાગ છે કે, 'અરે...રે...! અમે પરદેશમાં ક્યાં જઈ ચડ્યા !' આ..હા...! વંચાવ્યું હતું ને ? 'વચનામૃત'માં ! આ..હા..હા...! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ ! એ કહે છે કે, પુણ્યના પરિણામ પણ આવી જાય, તો એને એમ થાય છે કે, 'અરે..રે...! અમે પરદેશમાં ક્યાં આવી પડ્યાં ! અમારો પરિવાર આ નહિ.' આ પરિવાર નહિ. રૂપિયા તો ક્યાંય રહી ગયા તમારા !

અહીં કહે છે, પ્રભુ ! તને 'ભગવાન' તરીકે બોલાવે. આહા..હા...! હાલરડાં ગાય છે તારાં ! આ..હા..હા...! એની મા કહે, 'મારો દીકરો ડાહ્યો અને પાટલે બેસીને નાહ્યો ને...' એવું ગાય છે ને ? 'મામાને ઘેર ગયો હતો ને ગુંજામાં ફલાણું ભરીને લાવ્યો ને...' એ ગાય છે. સાંભળ્યું હોય, આપણે ક્યાં કાંઈ કર્યું છે ! અહીં ત્રણલોકનો નાથ ! ચૈતન્યને આમ હાલરડું નાખે છે, ભગવાન ! 'તું ત્રણલોકનો નાથ થઈને ક્યાં રખડ્યો ? શું છે તને આ ? અરે...રે ! તને શરમ નથી આવતી ?' આહા...! એમ કહે છે, 'તને લાજપ નથી આવતી (કે) તું કોણ છો ?' આ..હા..હા...! એક કરોડપતિ કે અબજપતિ આદમી હોય, એનો છોકરો વ્યભિચારે ચડી ગયો હોય, ત્યારે ઘરમાંથી માલ પણ લઈ જાય, ત્યારે એનો બાપ કહે, 'બેટા ! આપણું ઘર આ નહિ ખમે ! તું વ્યભિચારે ચડી ગયો !' અને આ શું કહેવાય તમારા આ, પૈસાના ભરેલાં...?

મુમુક્ષુ :– પટારા... પટારા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પટારા... પટારા ! સંસારના નામ ઓછા થઈ



જાય છે, આ ધર્મના નામ યાદ આવે (છે). પટારા ભર્યા હોય છે (પિતાજી કહે છે) 'બેટા ! પટારામાંથી તું લઈ જાય એ આ ઘર નહિ ખમે !' એમ ત્રણલોકના નાથ એમ કહે છે કે, 'તું બહારચલો, (હવે) ચલો, પ્રભુ ! આ તારું ઘર હવે નહિ ખમે !' આ..હા..હા...! એ ઘરમાં નહિ શોભે ! આ..હા..હા..!

ધર્મધ્યાનનો એક બોલ આવ્યો છે – 'દ્રવ્યસંગ્રહ'માં ! ધર્મધ્યાન છે ને ? એના ચાર બોલ છે ને ? આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય – એ 'દ્રવ્યસંગ્રહ'માં છે. 'દ્રવ્યસંગ્રહ' છે ને ? તમારે તો અહીં હશે. બધા જોયાં છે ને ! અમારે ત્યાં તો બતાવવા બધા તૈયાર રાખ્યા હોય. એ 'દ્રવ્યસંગ્રહ'માં ધર્મધ્યાનની વ્યાખ્યા કરતાં, 'અવાયવિચય' નામનો એક અધિકાર છે, એ 'અવાયવિચય'માં ધર્મધ્યાનનો વિચાર કરનારો જીવ ધર્મી–સમકિતી–જ્ઞાની એવો વિચાર કરે છે આહા..હા..હા...! 'અરે...! હું પૂર્ણાનંદને પામી જાઉં અને બધા ભગવાન થાઓ !' એમ ત્યાં ભાવના ભાવે છે. 'દ્રવ્યસંગ્રહ'માં ધર્મધ્યાનનો બીજો બોલ છે. સમજાય છે કાંઈ ? અહીં તો પુસ્તક નથી – મારે ત્યાં તો ચિહ્ન કરેલું હોય ને ! એમાં છે, 'દ્રવ્યસંગ્રહ'માં ! અહીં તો હજારો શાસ્ત્રો જોયાં છે ને ! 'દ્રવ્યસંગ્રહ' છે. છે ? નથી ? ઠીક ! 'દ્રવ્યસંગ્રહ' લાવે ત્યારે જો જો તો ખરા ! ત્યાં ધર્મધ્યાનના એક અવાય(વિચય) ભેદનો વિચાર કર્યો છે. ધર્મધ્યાન કરનારો અવાયમાં એવો વિચાર કરે છે, આ..હા..હા...! 'હું પૂર્ણાનંદની પ્રાપ્તિને પામું ! હું તો ઠીક પણ બધા આત્માઓ ભગવાન થઈ જાઓ !' આ..હા..હા...! મારા બધા સગાંવહાલાં છે, (બધા) આત્માઓ મારા સાધર્મી જીવ છે. અંદર દ્રવ્યસ્વરૂપ જે છે ઇ તો મારા સાધર્મી છે ! એની પર્યાયમાં ભૂલ છે. દ્રવ્યસ્વભાવ – સાધર્મી એટલે મારા ભગવાન ! તમે બધા ભગવાન થઈ જાઓ !' એવી ભાવના ધર્મી ભાવે છે. સમજાણું કાંઈ ?

એમ અહીંયાં (કહે છે) ગુણભેદ કાઢી નાખીને, આ..હા..હા..હા...! અભેદ દૃષ્ટિ કરાવીને સમકિતદૃષ્ટિ કેમ થાય, એ કરાવ્યું છે. વિશેષ કહેવાશે....



## પ્રવચન-૮, ગાથા – ૧૪

'સમયસાર' ગાથા–ચૌદ. શુદ્ધનય કોને કહે છે ? એનો અધિકાર છે. શુદ્ધનયનો અર્થ – આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ, જ્ઞાનપ્રકાશનો સ્વભાવ, એકરૂપ જે સામાન્ય છે, તેને અહીંયાં 'શુદ્ધનય' કહે છે અને તેની દૃષ્ટિને 'સમ્યગ્દર્શન' કહે છે. આ વિષય સમ્યગ્દર્શનનો છે. ઘણું ઝીણું છે, ભાઈ ! ઉપર ટપકે આ પકડાય એવું નથી. આ તો ઊંડાણમાં જઈને – ભોંયતળિયામાં જઈને જેમ તપાસે, એમ અંતર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય (છે તેના ઊંડાણમાં જઈને તપાસે તો હાથ આવે).

આ પાંચ બોલ આવ્યા. એક તો બદ્ધસ્પૃષ્ટ છે – દેખાય છે, છતાં તેની દૃષ્ટિ છોડી, અંદર અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય છે તેને જોવો. આ..હા..હા...! અનેરી–અનેરી ગતિ દેખાય છે તેને ન જોતાં અનન્ય સ્વરૂપ અંદર પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! એને જોવો, જાણવો અને માનવો ! એનું નામ અહીંયાં 'સમ્યગ્દર્શન' અથવા 'શુદ્ધનય' કહેવામાં આવે છે. પર્યાયના ભેદો દેખાય છે, ઓછી–વત્તી અવસ્થાઓ છે, પણ તેનું લક્ષ છોડીને, એકરૂપ ચૈતન્ય જે અંદર છે એને જોવો, જાણવો અને માનવો એને અહીંયાં 'સમ્યગ્દર્શન' અને 'શુદ્ધનય' કહે છે. પછી ગુણ–ગુણીના ભેદ (તેનું પણ લક્ષ છોડી દેવું). આ ચાર (બોલ) આવી ગયા છે. બહુ આકરી વાત છે !

ભગવાનઆત્મા સામાન્ય એકરૂપ સ્વરૂપ છે એમાં ગુણી–ગુણનો

ભેદ પણ વિકલ્પનું – રાગનું કારણ છે, એ સમ્યગ્દર્શનનું કારણ નથી. આહા..હા...! ક્યાં જઈને જાવું ? દેહ છોડીને આત્મા ક્યાંક જશે (તે) ક્યે ઠેકાણે જશે, બાપુ ? એ આત્માનો કાંઈ નાશ થાય એવો નથી. અંતરમાં આત્માના ગુણ ને ગુણીના ભેદનો પણ વિચાર છોડી... આહા..હા..હા...! અંદર એકરૂપ ચૈતન્યની દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એનું નામ અહીંયાં ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન કહે છે. આહા..હા...! આવી ઝીણી વાત છે ! ચાર બોલ આવી ગયા છે, ચાર બોલ આવી ગયા છે, આજે પાંચમો બોલ છે. પાંચમો, જુઓ ! પાંચમો છે નીચે ?

**'જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્તે છે...'** પાંચમો બોલ છે. બદ્ધસ્પૃષ્ટનો નિષેધ કર્યો, ચારગતિનો નિષેધ કર્યો, પર્યાયના ભેદનો નિષેધ કર્યો, ગુણના ભેદનો નિષેધ કર્યો. ચાર બોલ આવી ગયા છે, ભાઈ ! (હવે) પાંચમો બોલ ! આ તો મૂળ ચીજ છે. પાંચમામાં (એમ કહે છે કે) **'જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે...'** એટલે શું ? પાણી ઊનું થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે પણ તેમાં અગ્નિનું નિમિત્ત છે. **'...એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ...'** (અર્થાત્) ઉષ્ણતા સાથે પાણીનું સહિતપણું જોતાં તે ભૂતાર્થ છે. **'...તપ્તપણારૂપ – અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે – સત્યાર્થ છે,...'** ઇ શું કહ્યું ? જળ તો નિર્મળ (હોય) તેને જળ કહીએ. પણ અગ્નિના નિમિત્તે ઉષ્ણતા (થાય) છે એ ઉષ્ણતા એની પર્યાયમાં પોતાથી (થાય) છે પણ નિમિત્ત અગ્નિ છે. એ ઉષ્ણતાને ગૌણ કરી દઈને; એ ઉષ્ણતા ભૂતાર્થ છે છતાં તેને ગૌણ કરીને એકલું શીતળ... શીતળ... શીતળ... જળ જોવું ! એને યથાર્થ જળના જોનાર કહેવામાં આવે છે. છે ? **'...તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** (અર્થાત્) એ પાણીને અગ્નિના નિમિત્તની ઉષ્ણતાથી જોઈએ



તો (ઉષ્ણપણું) છે, પણ જળના સ્વભાવની સમીપ જઈને જોતાં, જળનો સ્વભાવ ઠંડો છે. એ ઠંડા સ્વભાવથી જોતાં ઉષ્ણતા સાથે સંયુક્તપણું જૂઠું છે. એ અગ્નિના નિમિત્તથી ઉષ્ણતા જે દેખાય છે, એ જળના સ્વભાવની સમીપ (જઈને) જોતાં તે ઉષ્ણતા જૂઠી છે. ઉષ્ણતા એ કોઈ ચીજ અંદરમાં છે નહિ. આ તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત !

**'એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે...'** આ..હા...! પાણીને જેમ અગ્નિનું નિમિત્ત છે અને ઉષ્ણતા દેખાય છે, એમ આત્મામાં કર્મનું નિમિત્ત છે અને અંદર દુઃખરૂપી દશા, સંકલ્પ–વિકલ્પનું સંયુક્તપણું દેખાય છે. કર્મ નિમિત્ત છે અને એની સાથે સંયુક્ત નામ પુણ્ય અને પાપ, હરખ અને શોક એવું સંયુક્તપણું, આત્માને (દેખાય છે). પાણીમાં જેમ ઉષ્ણપણું દેખાય છે એમ આત્મામાં એ સંયુક્ત નામ વિકારના સહિતપણું દેખાય છે. એ અપેક્ષાએ ભલે હો, પણ દૃષ્ટિનો વિષય કરતાં, આહા...! છે ને ? **'એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ...'** બહુ ઝીણું, ભાઈ ! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! એને મોહ સાથેનું સંયુક્તપણું, વર્તમાનમાં રાગ અને દ્વેષની અપેક્ષાએ છે. તોપણ જે પોતે એક જ્ઞાનસ્વરૂપ છે, પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે, તે જ્ઞાનરૂપથી એક જીવસ્વભાવને જોતાં... આહા..હા...! એ સંયુક્ત નામ વિકારનું સંયુક્તપણું ન જોતાં, સંયુક્તપણું વ્યવહારે પર્યાયમાં છે, પણ જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, જેને ધર્મની પહેલી દશા પ્રગટ કરવી છે, એણે એ મોહનું સંયુક્તપણું ન જોતાં, આત્માના ચૈતન્યના સ્વભાવને જોવો. આ..હા..હા...! છે ? આત્મા જ્ઞાનરૂપ જે છે એવા જીવસ્વભાવની સમીપ જોતાં – અનુભવ કરતાં એ સંયુક્તપણું જૂઠું છે. શું કીધું ઇ ?

જળમાં જેમ ઉષ્ણતા છે એ શીતળસ્વભાવની અપેક્ષાએ જૂઠી છે. એમ આત્મામાં મોહના નિમિત્તથી રાગ–દ્વેષ અને મિથ્યા ભ્રાંતિ આદિ જણાય, વિકારનું સંયુક્તપણું જણાય, તે વ્યવહારથી, વર્તમાનથી પર્યાયથી

છે. પણ જેમ જળનો સ્વભાવ જોતાં ઉષ્ણતા નથી એમ ભગવાનઆત્માનો જ્ઞાનસ્વભાવ જોતાં, એ તો જાણનાર–દેખનાર પ્રભુ છે, એવો જાણવા–દેખવાનો સ્વભાવ જોતાં, મોહનું સંયુક્તપણું એટલે રાગ–દ્વેષ અને દુઃખનું સહિતપણું તે બધું જૂઠું છે. આહા..હા...! આવી વાત છે ! આ ધર્મની ઝીણી વાત છે.

ચૌદમી ગાથા આખી સમ્યગ્દર્શનની (ગાથા) છે. સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. સાચી શ્રદ્ધા એટલે એકલી કહેવામાત્ર, એમ નહિ. આત્માનો નિજસ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવો બોધસ્વભાવ જોતાં, આત્માનો બોધ જોતાં, બોધ નામ જ્ઞાન જોતાં, તે મોહ(નું) સંયુક્તપણું (જૂઠું છે). દૃષ્ટિની અપેક્ષાએ આત્માને જોતાં મોહ(નું) સંયુક્તપણું – રાગપણું જૂઠું છે. આવી વાત છે ! આહા..હા...! સમ્યગ્દર્શન એને કહીએ, પ્રભુ ! ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થાય છે. બહારની આ બધી વાતું છે એમાં એ શુભભાવ હોય, પણ એ મોહનું સંયુક્તપણું છે. આ..હા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

(અહીંયાં) એ કહે છે કે, મોહનું સંયુક્તપણું અનાદિથી છે. વર્તમાન પર્યાયમાં એની દૃષ્ટિ હોવાથી તે રાગ અને દ્વેષ અને મોહને જ ભાળે છે, પણ તેને ન જોતાં, મોહના સંયુક્તપણારહિત બોધ–જ્ઞાનસ્વભાવ જોતાં, તે મોહનું સંયુક્તપણું જૂઠું છે. એટલે કે મોહરહિત આત્માને જોતાં, શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરતાં, એને આનંદનું વેદન આવતાં, મોહનું સંયુક્તપણું – દુઃખપણું તે જૂઠું છે. આત્માના આનંદ(નો) અનુભવ આવતાં (મોહનું સંયુક્તપણું જૂઠું છે). જ્ઞાનસ્વભાવ સાથે આનંદ છે. ભાષા 'બોધ' શબ્દે જ્ઞાન લીધું છે, (પણ) જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ છે. એ આ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદને જોતાં, રાગ જે દુઃખરૂપ દશા છે, તે જૂઠી છે. આહા..હા...! આ આટલે બધે પહોંચાડવું ! માર્ગ તો આવો છે ભાઈ, ભગવાન ! બહારની વાતું બધી ગમે તેટલી હો.



શુભભાવને પણ અહીંયાં મોહમાં નાખ્યો છે. શુભભાવ ! એ પણ મોહ(ના) સંયુક્તપણામાં નાખ્યો છે. એ મોહ(થી) સંયુક્ત નામ શુભ રાગને જોવો તો પર્યાયમાં શુભ (રાગ) છે પણ એ કોઈ વસ્તુસ્વરૂપ નથી. આહા..હા...! એ કંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. શુદ્ધનય, જે પૂર્ણાનંદના નાથને જણાવે, એ શુદ્ધનયની દૃષ્ટિએ એ શુભભાવ – મોહનું સંયુક્તપણું, શુભભાવનું સહિતપણું નથી. અરે...! અરે...! આહા..હા...! શુભભાવનું સહિતપણું, એની દૃષ્ટિએ જોતાં, વર્તમાન દૃષ્ટિએ – પર્યાય દૃષ્ટિએ, મિથ્યાદૃષ્ટિએ (જોતાં) દેખાય છે. આ..હા..હા...! પણ તેનો સ્વભાવ જોતાં ભગવાનઆત્મા આનંદમૂર્તિ પ્રભુ !! ઓ..હો...! (તેની દૃષ્ટિએ જોતાં મોહનું સંયુક્તપણું જૂઠું છે). શુદ્ધનય કહ્યું છે ને આને ? આ શુદ્ધનય કેમ કહેવાય એની વ્યાખ્યા છે ને ? મથાળું ઇ છે. મથાળું ઇ છે ને ? શુદ્ધનય કોને કહેવી ? મથાળું ઇ છે. આહા..હા..! ઘણી–ઘણી ધીરજની વાતું છે, પ્રભુ ! આ ચીજ કોઈ બહારથી ધમાધમ કરવાથી મળી જાય (એવું નથી). આહા...!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવનું ફરમાન છે કે, શુભભાવ સહિત આત્માને જો, તો મોહ સહિત તેં (આત્માને) જોયો. તેં આત્માને ન જોયો. સમજાય છે કાંઈ ? શુભભાવની ક્રિયા ઉપર જો તારી દૃષ્ટિ હોય તો મોહ સંયુક્તપણે તેં આત્માને જોયો, દુઃખવાળો તેં જોયો. પણ અંતરદૃષ્ટિ(થી) જોતાં એ દુઃખના સંયુક્તપણાનો અભાવ છે. અંતર આનંદમૂર્તિ છે. આ..હા..હા..હા...! આ પાંચમો બોલ છે. ચાર બોલ (પહેલા) આવ્યા હતા.

એ જ્ઞાનરૂપ છે એવા જીવસ્વભાવની સમીપ જોતાં... આ..હા..હા..! છે ? એ '**...અભૂતાર્થ છે...**' (જ્ઞાનસ્વભાવની) સમીપ જઈને અનુભવ કરતાં (એ અભૂતાર્થ છે). આહા..હા...! આ તો ભવના અભાવની વાત છે, પ્રભુ ! જન્મ–મરણરહિત કેમ થાય ? અહીં તો એની વાત છે,

પ્રભુ ! બહારની વાતના બધા ભભકા, એ મસાણનાં હાડકાં જેમ તેજ મારે, એમ આ બધા બહારના વૈભવ – હાડકાં તેજ મારે છે !

'કુંદકુંદઆચાર્યે' જ્યારે ('સમયસાર'ની) શરૂઆત કરી, ત્યારે એમ કહ્યું (કે) 'હું મારા નિજ વૈભવથી આ 'સમયસાર' કહીશ !' પાંચમી ગાથા ! 'મારા નિજ વૈભવથી 'સમયસાર' કહીશ !' નિજ વૈભવ શું વળી ? નિજ વૈભવ (એટલે) જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા એ જેનો નિજ વૈભવ છે. એ વૈભવ છે, નિજ વૈભવ એ છે. જગતનો વૈભવ આ ધૂડ–પૈસા, મકાન ને મોટરું ને દાગીના ને લૂગડાં ને આખા શરીરમાં ઠાઠ પહેરેલા... આહા..હા..હા...! એ બધા મસાણનાં હાડકાંમાં ફાસફૂસ જેમ દેખાય એવું એ ફાસફૂસ છે ! આ..હા..હા...! ભગવાનઆત્મા જ્ઞાન(સ્વભાવની) સમીપે જઈને જોતાં એ મોહ અને રાગનો અનુભવ – સંયોગ જૂઠો છે. આહા..હા..હા...!

મુમુક્ષુ :– ધર્મપ્રાપ્તિની આ કળા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આ જ કળા છે ! ધર્મ પામવાની, પ્રભુ આ રીત છે. બીજા ભલે બીજા રસ્તા બતાવતા હોય, (એમાં) એ છેતરાઈ જશે, બાપા...! આવો ભવ મળ્યો (એમાં નહિ કરે તો) એ ક્યાં જશે ? દેહ તો છૂટી જવાનો છે. દેહની મુદત તો અમુક (સમયની) છે, તે મુદત તો એક સમય પણ ફરે એવી નથી. લાખ વૈદ્ય આવે અને એના ઇંજેકશન લગાવે. જે સમયે (જે) ક્ષેત્રે, (જે) નિમિત્તે દેહ છૂટવાનો તે છૂટ્યે છૂટકો છે. પ્રભુ ચાલ્યો જશે અહીંથી. આ..હા..હા....! ઇ ક્યાં જશે, પ્રભુ ? એ તો નિત્ય રહેનાર છે. જેની દૃષ્ટિ રાગ અને પુણ્ય અને મોહ ઉપર છે, એ નરક અને નિગોદ અને એકેન્દ્રિયના ભવમાં જશે. આહા..હા...! ઝીણી વાત છે, ભગવાન ! આહા..હા...!

જ્ઞાનસ્વરૂપ ભગવાન ! જ્ઞાતા–દૃષ્ટા ચૈતન્ય હીરલો ! હીરાને જેમ પાસા હોય, એમ પ્રભુમાં અનંત ગુણના પાસા ભર્યાં છે, પણ એ અનંત



ગુણના ભેદને પણ ન જોતાં. આ..હા..હા...! એકલો આત્મા અંતરમાં જોતાં, એના સમીપ જોતાં એ રાગનું સહિતપણું તે જૂઠું છે. આહા..હા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! મારગડા જુદા, બાપા ! દુનિયાની સાથે મેળ ન ખાય, તેથી જૂઠું લાગે, એકાંત લાગે, પણ મારગ તો આ છે ! આહા..હા...! એ પાંચ બોલ થયા (હવે) એનો ભાવાર્થ ! ભાવાર્થ છે ને ?

**'આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :'** પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે **(૧) 'અનાદિ કાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે.'** આ પહેલો બોલ – અબદ્ધસ્પૃષ્ટ. **'(૨) કર્મના નિમિત્તથી થતા...'** મનુષ્ય, નારકી આદિ ગતિ દેખાય છે. ગતિ છે – મનુષ્ય ગતિ, નરક ગતિ, તિર્યંચ ગતિ, દેવ ગતિ (છે). એ કર્મના નિમિત્તના સંગ(થી) જોતાં તે ગતિ છે. આહા..હા...! છે ? **'...નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે.'** એટલે શું ? એ એક વાર નારકીપણે થાય, એક વાર કીડો થાય, એક વાર કાગડો થાય, એક વાર હંસલો થાય, એક વાર સિંહ થાય અને એક વાર વાઘ થાય. આ..હા..હા...! આવી ગતિના ભિન્ન–ભિન્ન અવતારો, વર્તમાન પર્યાયદૃષ્ટિથી જોતાં, તે છે. એ ગતિ છે. પછી કાઢી નાખશે.

**'(૩) શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ...'** એ એમ જરી ઝીણી વાત છે ! જ્ઞાનની પર્યાયમાં અનંતગુણી પર્યાય ખીલે કે ઓછી ખીલે એ બધા પર્યાયના ભેદો છે. 'અવિભાગ પ્રતિચ્છેદ' એટલે ? ઝીણી વાત છે, જ્ઞાનની જે પર્યાય છે, એની એટલી તાકાત છે કે, એના અવિભાગ (એટલે) જેના ભાગ ન પડે એવા અંશ જો ગણો, તો એ જ્ઞાનની પર્યાયના અંશો અનંત છે. એ ઝીણી વાત છે ! જ્ઞાનની એક સમયની પર્યાયમાં, એ પર્યાય અનંતને જાણે છે માટે તે પર્યાયમાં અવિભાગ નામ ભાગ ન પડે એવા પ્રતિચ્છેદ–અંશો જોવો, તો અનંત છે. પર્યાયદૃષ્ટિથી જોવો તો

એ અનંત અંશો છે. છે ? '...**એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય–નિયત એકરૂપ દેખાતો નથી.**' આહા..હા...! 'એ વસ્તુનો સ્વભાવ છે' એમ કીધું ! શું કીધું ? પર્યાયમાં અનંત પ્રતિચ્છેદ અવિભાગ અંશો દેખાય છે એ વસ્તુનો – પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો ! એનો કોઈ ખોટી રીતે નિષેધ કરે, એમ પણ નહિ. એ પર્યાયમાં એ ભાગ છે. 'છે' કીધું ? '**શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે.**' પર્યાયમાં વધે અને ઘટે એવું થયા જ કરે છે. એ વસ્તુનો સ્વભાવ છે. '...**તેથી તે નિત્ય–નિયત એકરૂપ દેખાતો નથી.**'

'**(૪) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...**' જ્ઞાન, દર્શન આદિ ગુણોના ભેદથી અનેક દેખાય છે. આહા...! અને '**(૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે.**' આહા..હા...! જગતની (જે) સુખની અને દુઃખની એવી કલ્પના પણ પર્યાયમાં છે. આહા..હા...! પણ એ કંઈ ચીજ નથી. જગતમાં સુખની કલ્પના (એટલે) આ પૈસામાં–ધૂડમાં, શરીરમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં સુખ છે એવી કલ્પના છે, ઇ 'છે' ! પ્રતિકૂળતામાં દ્વેષનું દુઃખ છે, એ દુઃખ પણ 'છે'. પણ એ પર્યાયમાં છે, ત્રિકાળી વસ્તુમાં છે નહિ. એ શુદ્ધનયનો વિષય નહિ. આહા..હા...!

'**આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...**' 'અશુદ્ધદ્રવ્યાર્થિક' કેમ કહ્યું ? કે, દ્રવ્ય પોતે પર્યાયમાં પરિણમે છે. તેથી અશુદ્ધદ્રવ્યાર્થિક કીધું. ઝીણી વાત છે ! છે પાંચ પર્યાય, પણ 'અશુદ્ધદ્રવ્યાર્થિક' કીધું. કેમ ? (કેમકે) એ દ્રવ્ય પોતે પર્યાયપણે પરિણમે છે, એથી અહીંયાં અશુદ્ધદ્રવ્યાર્થિક કીધું છે. ત્રિકાળી શુદ્ધદ્રવ્યાર્થિક છે એ તો નિર્મળ છે અને આ અશુદ્ધ પર્યાય છે. 'અશુદ્ધદ્રવ્યાર્થિક' (અર્થાત્) દ્રવ્ય એટલે વસ્તુ. અશુદ્ધ એટલે મલિન. એને જોતાં વ્યવહારનયનો વિષય છે, એ પાંચ ભાવો છે. છે (અંદર) ? '...**એ દૃષ્ટિ (અપેક્ષાથી) જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ**



**આત્માનો એક સ્વભાવ...**' આહા..હા..હા...! '...**આ નયથી ગ્રહણ નથી થતો,...**' એ વ્યવહારનય – પર્યાયનય – વર્તમાન અવસ્થાને જોનારું જ્ઞાન (તેનાથી) જોતાં તે વસ્તુનો સ્વભાવ જોઈ શકાતો નથી. આહા..હા...! તેથી તે પાંચ બોલો વસ્તુના સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ જૂઠાં છે. આ..હા..હા..હા...!

બહારની વાત તો જૂઠી છે, બાહ્ય પદાર્થ તો બહાર રહી ગયા, પણ એની પર્યાયમાં આવા પાંચ પ્રકાર છે, એની વાત છે. શરીર, વાણી, મન, કર્મ એ આત્મામાં – આત્માના પર્યાયમાં નથી. શું કીધું ઇ ? આ શરીર, વાણી, મન, પૈસો, સ્ત્રી, કુટુંબ એ આત્માની પર્યાયમાં પણ નથી. આત્માના દ્રવ્ય–ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં એ ચીજ નથી. આહા..હા...! એની પર્યાયમાં હોય તો આ પાંચ બોલ છે. બદ્ધસ્પૃષ્ટ, ગતિ, પર્યાયની અનેકતા, ગુણભેદ અને મોહ સંયુક્તપણું, એ એની પર્યાય – અવસ્થામાં દેખાય છે. એની અવસ્થામાં બાયડી, કુટુંબ, છોકરાં, પૈસો એ એની પર્યાયમાં પણ નથી. આહા..હા...! શું કીધું ? સમજાય છે કાંઈ ?

આ શરીર છે એ આત્માની પર્યાયમાં નથી. આ વાણી છે એ આત્માની દશામાં નથી. દ્રવ્ય–ગુણમાં તો નથી, એનો પ્રશ્ન અહીં છે નહિ. આ તો આ શરીર અને આઠ કર્મ જે છે એ પણ આત્માની એક સમયની પર્યાયમાં નથી. કર્મના નિમિત્તે (થતા) રાગ, દ્વેષ અને મોહ એની પર્યાયમાં છે (પણ) કર્મ નથી. આહા..હા..હા...! આવી ઝીણી વાતું છે ! 'આફ્રિકા'–'નાઈરોબી'માં વળી આ !

મુમુક્ષુ :-- અહો ભાગ્ય અમારાં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા...! વાત સાચી ! આવી વાત કાને પડવી પણ અત્યારે મુશ્કેલ થઈ પડ્યું છે. ત્યાં હિન્દુસ્તાનામાં મુશ્કેલ થઈ પડ્યું છે તો પરદેશમાં તો...! (શું વાત કરવી) ?

અહીં કહે છે કે, એ અશુદ્ધદ્રવ્યાર્થિકનયે પાંચ બોલ (છે). કર્મનો સંબંધ, નારકી, દેવ આદિ ગતિ, જ્ઞાનની પર્યાયની હિનાધિકતા, ગુણભેદ અને મોહથી સંયુક્ત રાગ–દ્વેષ અને દુઃખ, એ પર્યાયદૃષ્ટિએ અશુદ્ધદ્રવ્યાર્થિક(નયથી) જોઈએ (તો એ બધું છે). એને વ્યવહારનય કહીએ. અશુદ્ધદ્રવ્યાર્થિક કહો કે વ્યવહાર કહો કે પર્યાયદૃષ્ટિ કહો, ત્રણે એક છે. આહા..હા ! અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયથી (એ બધો) વિષય છે. એ રીતે જોવામાં આવે તો સર્વ સત્યાર્થ છે. **'...પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહા..હા...! વ્યવહારનયથી આત્માનો એક સ્વભાવ – એકરૂપ (સ્વરૂપ) જે સમ્યગ્દર્શનનો વિષય (છે) એ આ નય – વ્યવહારનયથી પકડાતો નથી, વ્યવહારનયથી તે જણાય એવો નથી. આ..હા..હા...!

કહે છે કે, પુણ્ય અને પાપની ક્રિયાના પરિણામથી આત્મા જણાય એવો નથી. આહા..હા...! શુભ અને અશુભરૂપના અસંખ્ય પ્રકારના ભાવ છે. એ પર્યાયનો વ્યવહારનો વિષય છે, એનાથી આત્મા જણાય એવો નથી. આ..હા..હા...! જ્ઞાનનો ઉઘાડ અગિયાર અંગ અને નવ પૂર્વનો હોય એનાથી પણ આત્મા જણાય એવો નથી, એમ કહે છે. આ..હા..હા...! એ તો એની વર્તમાન અવસ્થામાં છે. ત્રિકાળ વસ્તુ જોતાં એ પર્યાયની દૃષ્ટિ જૂઠી છે. આહા..હા..હા...! અગિયાર–અગિયાર અંગના જ્ઞાન અને ચામડાં ઉતરડીને ખાર છાંટે અને ક્રોધ ન કરે, એવી ક્રિયા પણ અનંતવાર કરી છે. એ બધી રાગની ક્રિયા – મોહની ક્રિયા છે. એને જોતાં તે છે. એ અશુદ્ધદ્રવ્યાર્થિક(રૂપ) વ્યવહારનય(થી) જોતાં (છે). અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર કેમ કીધો ? (કેમકે) દ્રવ્ય પોતે પર્યાયરૂપે પરિણમ્યું છે માટે અશુદ્ધદ્રવ્યાર્થિક કીધું. એથી એને વ્યવહારનય કીધો અને એ નયથી જોતાં આત્માનો એક સ્વભાવ ગ્રહણ નહિ થાય, સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા...!



આ પાંચને જોતાં સમ્યગ્દર્શન નહિ થાય. શુભરાગને જોતાં સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા...! ભગવાનની ભક્તિ આદિના રાગને જોતાં સમ્યગ્દર્શન નહિ થાય. આ..હા..હા...! (શુભભાવ) હોય છે. નબળાઈને લઈને, એ અશુભથી બચવા શુભભાવ આવે પણ એનાથી આત્મા જણાય એવો નથી. આહા...! છે ? **'...આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહા...! ઝીણી વાત છે ! એ પાંચ ભાવ જે કહ્યા, એ વડે કરીને આત્માનું સમ્યગ્દર્શન થઈ શકતું નથી. એ વડે આત્મા જાણવામાં આવી શકતો નથી.

**'...અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય ?'** આહા..હા...! છે ? આત્માનો એકરૂપ ત્રિકાળ સ્વભાવ એને જાણ્યા વિના યથાર્થ આત્માનું જ્ઞાન કેમ થાય ? ભેદથી – ગુણભેદથી અને મોહના રાગ–શુભરાગથી જોતાં સમકિત થાય નહિ. આહા..હા...! છે ?

મુમુક્ષુ :– અનુપમ વાત છે ! મીઠી મધુરી વાત છે ! આ વાત તો બહુ અપૂર્વ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો આવી છે, બાપુ !

મુમુક્ષુ :– ગુરુજી, વાત તો બરાબર છે પણ હવે આ ઉદય(નું શું કરવું) ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યાં ઓલામાં (બહારમાં) રસ પડ્યો છે તે ફેરવી નાખવો. એ તો હાથની વાત છે ને બાપા ! સંસારનો રસ પણ પોતે કર્યો છે ને ! તો એ રસ પોતે કર્યો (તો) ઇ ફેરવી (પણ) શકે અને એ વિના એનો કોઈ ઉપાય નથી. લાખ ઉપાય બીજા કરે, અનંત ઉપાય કરે, પણ આ પાંચ પ્રકારથી આત્મા જાણ્યો જાય એવો નથી. આહા..હા...! એમાં શુભભાવ આવ્યો હોં ! મોહ સંયુક્તપણું આવ્યું ને ?

મુમુક્ષુ :– દૃષ્ટિ ફેરવી નાખવી ?

સમાધાન :– ત્યાં દૃષ્ટિ છે ત્યાં સુધી અહીં (સ્વરૂપને) જોઈ નહિ શકે. આહા..હા...! આવી વાત છે !

મુમુક્ષુ :– દૃષ્ટિ ફેરવવાનું અમારાથી હજારો માઈલ દૂર છે !

સમાધાન :– વાત આ એક જ છે ! દૃષ્ટિ ફેરવવાનો ઉપાય આ એક જ છે. બીજો એકે ઉપાય છે નહિ. પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી, વ્યવહાર છોડીને નિશ્ચય કરવો, ભેદ છોડીને અભેદ જોવો, રાગ છોડીને સ્વભાવને જોવો, આ વિના એનો બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા...! એ વિના તો ચારગતિ પડી છે. બાપા...! ચોરાશીના અવતાર પડ્યા છે, આહા...!

એ અવતારની વાતું શાસ્ત્ર કરે (છે કે), એકેન્દ્રિય ને પૃથ્વી ને પાણી ને અગ્નિ ને વાયુ ને વનસ્પતિ(માં ગયો), ઇ કંદમૂળમાં અવતર્યો ! બટાટામાં ડુંગળીમાં, લસણમાં એ અનંતવાર અવતર્યો ! એને અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન રહી ગયું, બાકી મહા દુઃખ છે ! મહા દુઃખી !! નારકી કરતાં એ (વધારે) દુઃખી છે. નારકીને તો હજી ક્ષયોપશમ ભાવ છે અને પ્રતિકૂળ સંયોગો છે તેનું દુઃખ છે અને નિગોદના જીવને પ્રતિકૂળ સંયોગ છે નહિ. એની પર્યાયમાં પ્રતિકૂળ(તા) છે (અર્થાત્) પર્યાયમાં હીણી દશા કરી નાખી છે, આહા..હા...! મિથ્યાદૃષ્ટિપણે, જીવને બરાબર જાણ્યો નહિ, એથી એવી સ્થિતિમાં ઊપજી ગયો કે એને બીજા જીવો 'જીવ' માને (નહિ). એવી સ્થિતિમાં ઊપજી ગયો (કે, એને કોઈ) 'જીવ' માને નહિ ! (એમ કહે કે) 'આ જીવ ! લસણમાં અનંત જીવ ! ડુંગળીમાં અનંત જીવ !' કેમ ન માને ? (કેમકે) એણે પોતે પોતાના આત્માને માન્યો નહોતો ! સમજાય છે કાંઈ ?

એ બીજી ભાષાથી અમે સંપ્રદાયમાં કહેતાં. આ વાત સંપ્રદાયમાં કરતાં ૫૦ વર્ષ પહેલાં – ૬૦ વર્ષ પહેલાં ! આ દિક્ષાને તો સડસઠ વર્ષ થયાં. 'જે આત્માને આળ આપે છે' – એવો પાઠ છે. જે આત્માને



રાગવાળો માને છે, પરનો કર્તા માને છે, પરથી મને લાભ થશે એમ માને છે, એ આત્માને આળ આપે છે ! આળ આપે છે એનું પરિણામ (એ આવશે કે) એવી સ્થિતિમાં એ જવાનો કે બીજા એને 'જીવ' માની શકશે નહિ, એમાં જવાનો. આ શબ્દ છે. આમ વાસ્તવમાં તો (સંવત) ૭૪ની સાલથી હજારો માણસોમાં વ્યાખ્યાન ચાલે છે ! ૭૪થી ! ૬૨ વર્ષ થયાં ! હજારો માણસોમાં વ્યાખ્યાન (ચાલે), ત્યાંય તે માણસોના ટોળાં ગામડામાંય આવે ! 'કાનજીસ્વામી આવે છે વ્યાખ્યાન સાંભળો ! સાંભળો !' માણસો(ના) ટોળાં આવતા... ટોળાં ! પણ વાત અમારી આ હતી કે, આત્મામાં જે રાગ આદિ થાય છે, 'એ હું છું' એમ માનનાર આત્માને આળ આપે છે. અભ્યાખ્યાન આપે છે. આળ આપે એટલે કે 'આ નહિ !' એમ આળ આપે છે. આળ નથી કહેતાં ? કહે છે ને ? આપણે ગુજરાતીમાં કહે છે. આળ શું કહે છે ?

મુમુક્ષુ :– આરોપ... આરોપ !

પૂજ્ય ગુરુદેવશ્રી : આરોપ કહો ! આપણે કાઠિયાવાડી ભાષામાં આરોપ આપે છે (એમ કહે છે). જે રીતે છે, તેનાથી વિપરીત માન્યતા હોવાથી તે આત્માને આળ – જૂઠો આરોપ આપે છે. એટલે 'હું નથી,' એમ માનનારાઓ એવે ઠેકાણે જવાના કે બીજા જીવો એને 'જીવ' માની શકશે નહિ. એ પોતે પોતાના જીવને માની શક્યો નથી, તેથી એવી સ્થિતિમાં ઉત્પન્ન થવાના કે બીજા જીવો એને જીવ નહિ માની શકે આહા..હા...! એને તો ખબર નથી પણ બીજા જીવ (પણ) – આ લસણમાં અનંતા જીવ, કોણ માને ? ડુંગળીની એક કટકીમાં અનંતા જીવ, કોણ માને ? ભલે એ જૈનમાં જન્મ્યા હોય અને એને લઈને વ્યવહારે 'હા' પાડે પણ અંદર પરમાર્થે અનંત આત્માઓ છે. એક–એક આત્મા અનંતગુણનો પિંડ છે. એક–એક આત્માને તેજસ અને કાર્મણ શરીર છે, એક–એક આત્મામાં અનંત આનંદ ભર્યો છે. એ લસણ અને ડુંગળીમાં

એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ અને એક જીવમાં અનંત આનંદ ભર્યો છે. આ..હા..હા...! કોણ માને ?

મુમુક્ષુ :– લસણ અત્યાર સુધી ખાધું છે અને હમણાં બે વર્ષ પહેલાં બટેટાં છોડ્યા હતાં. આજે પ્રતિજ્ઞા કરું છું કે આજથી લસણ ન ખાવું !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો બાપુ, સાધારણ જ વાત છે ને ! એ તો કરવાની જ હોય ને ! કંદમૂળ(માં) અનંતા જીવ (છે) ! લસણ, ડુંગળી એ ઓલા શું કહેવાય ? 'શક્કરિયાં' ! 'શક્કરિયાં' કહેવાય ને ? 'શંક્કરકંદ' ! એક–એક કટકીમાં અસંખ્ય શરીર અને અનંત જીવ ! એ ખોરાક જૈનને હોય નહિ (એ) ખોરાક છોડી દેવો જોઈએ. સમજાય છે કાંઈ ? આહા..હા...!

અહીં કહે છે જેણે આત્માને આળ આપ્યા છે એટલે ખોટો આરોપ આપ્યો છે કે, 'હું તો રાગી છું, હું તો પરનો કર્તા છું, પરનું ભલું–બૂરું કરી શકું છું' એવું જે જ્ઞાનસ્વરૂપમાં નથી, (છતાં) એવો જેણે આત્માને આળ આપ્યો, એ રીતે અવતરશે કે, બીજા જીવો એને 'જીવ' માનશે, એ સ્થિતિમાં નહિ રહે ! નિગોદમાં જીવ છે એ કોણ માને, બાપા ? આહા..હા...! એવી સ્થિતિ કરીને ત્યાં ગયો છે ! અને બાકી તો અનંતા જીવ અનાદિના ભ્રાંતિમાં પડ્યા છે.

અહીં કહે છે, '**...એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય ? આ કારણે બીજા નયને – તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને...**' પાંચ પ્રકારથી (આત્માને) જોવો એ વ્યવહારનય છે અને અશુદ્ધદ્રવ્યાર્થિક(નય) છે. એની વિરુદ્ધનો શુદ્ધદ્રવ્યાર્થિક(નય) છે. શુદ્ધદ્રવ્ય એટલે આત્મા. એને જોવાના નયથી '**...ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર...**' આ..હા..હા..હા...! એક જાણનાર–દેખનાર 'ચૈતન્યસૂર્ય' ! 'ચૈતન્યચંદ્ર' ! અંદર શીતળ... શીતળ... શીતળ... શીતળ... પ્રકાશનો શીતળમય પ્રભુ ! એ અસાધારણ જેનો જ્ઞાયકસ્વભાવ છે. એ



'**...જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...**' સર્વ પરદ્રવ્યોથી ભિન્ન કરી. શરીર, કર્મ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ આદિથી જુદો.

'**...સર્વ પર્યાયોમાં એકાકાર,...**' (અર્થાત્) ગમે એટલી અવસ્થા હો પણ વસ્તુ તો અંદર એકાકાર પડી છે. જેને ત્રણેકાળમાં આવરણ નથી, એવી એ વસ્તુ અંદર પડી છે. ત્રિકાળ સર્વ નિરાવરણ – નિરાવરણપણું એટલે એને આવરણ છે જ નહિ. એવી ચીજ અંદર પડી છે. એ દૃષ્ટિ(એ) જોતાં, '**...જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત,...**' એ પાંચ બોલની વાત કરી, અને '**...વિશેષોથી રહિત...**' (એટલે) ગુણના ભેદથી રહિત '**...અને નૈમિત્તિક...**' એટલે વિકારી '**...ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે...**' આત્માનું સમ્યગ્દર્શન કરતાં – ત્રિકાળી સ્વભાવને જોતાં, એ પાંચ ભાવ તે અભૂતાર્થ નામ જૂઠાં છે. સત્ય એક પ્રભુ ત્રિકાળી પરમાત્મા છે તેની દૃષ્ટિ કરવી તે ભવના અંતનો ઉપાય છે. બાકી ભવના અંતનો બીજો કોઈ ઉપાય છે નહિ, બાપુ ! ભક્તિ હો, સ્તવન હો, સ્તુતિ હો... (એ) હો, પણ એ બધો વિકલ્પ અને રાગ છે, એથી અહીં કહે છે કે, રાગના સહિતપણાને ન જોતાં, રાગરહિત છે (તેમ જો !) પ્રભુ ! તારે ભવનો અંત કરવો હોય તો, ભવનો છેદ કરવો હોય તો... આ..હા..હા...! આ રીતે આત્માને પાંચ ભાવોથી રહિત (જોવામાં આવે તો) અનેકપ્રકારપણું છે તે જૂઠું છે.

હવે, '**અહીં એમ જાણવું...**' આ તો અંદર વિશેષ વાતું છે, ભાવાર્થમાં ઘણી વાતું છે, (એ) સમજવી કઠણ પડશે. પંદરમી ગાથા લઈએ. હવે, ૧૫મી ગાથા ! કારણ દસ દિવસ તો થઈ ગયા ! (અને) આમાં ગાથાઓ તમે ઘણી લખી છે ! એ કાંઈ બધી ચાલશે નહિ. આહા...! હિન્દી છે,

હિન્દી ? લાવોને, હિન્દી હોય તો હિન્દીવાળા થોડું સાંભળે !! આ માલની ગાથા છે હોં ! આ જૈનશાસનની ગાથા છે ! પંદ્રહવીં ગાથામેં ક્યા કહતે હૈં ? પા કલાક હિન્દી સુનો !

`जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।'

**'જો યહ અબદ્ધસ્પૃષ્ટ,..'** છે, જો ચૌદહવીં (ગાથામેં) કહનેમેં આયા થા, વહ **'...અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ઔર સંયુક્ત ઐસે પાંચ ભાવસ્વરૂપ...'** (બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવસે) ભિન્ન અનુભૂતિ હૈ. (ઇન) પાંચ ભાવોંસે ભિન્ન આત્માકી અનુભૂતિ હૈ. પાંચ ભાવ, આત્મા કી અનુભૂતિ નહિ. **'...આત્માકી અનુભૂતિ હૈ વહ નિશ્ચયસે સમસ્ત જિનશાસનકી અનુભૂતિ હૈ,...'** આ..હા..હા...! ક્યા કહતે હૈં ? પાંચ બોલ કે ભેદ સે રહિત – બદ્ધસ્પૃષ્ટસે રહિત, નરકગતિ આદિ સે રહિત, પર્યાય કે ભેદ સે રહિત, ગુણભેદસે રહિત ઔર મોહ સહિત રાગભાવસે રહિત, ઐસે આત્માકો દેખનેસે... હૈ..? **'...આત્માકી અનુભૂતિ હૈ વહ નિશ્ચયસે સમસ્ત જૈનશાસનકી અનુભૂતિ હૈ,...'** ઉસને જૈનશાસન જાના. ઉસે જૈનશાસન જાનનેમેં આયા. જિસને ઇન પાંચ ભાવસે રહિત, જો ચૌદહવીં ગાથામેં (પાંચ) બોલ કહે થે ઉન પાંચ બોલસે રહિત અંદર આત્મસ્વભાવ (હૈ), ઉસકા અનુભવ કરના વહ જૈનશાસન હૈ, યે પૂરા સાર આયા.

આહા..હા...! 'જૈનશાસન' ઇસકો કહતે હૈં કિ, આત્મા કો અંદર પાંચ બોલસે રહિત દેખના, ઉસકા નામ 'જૈનશાસન' હૈ. જૈનશાસન કોઈ સંપ્રદાય નહિ, જૈનશાસન કોઈ પંથ–વાડા નહિ. જૈનશાસન વીતરાગસ્વરૂપ આત્મા હૈ. યહ વીતરાગસ્વરૂપ જો આત્મા હૈ ઉસકો પાંચ ભાવસે રહિત દેખના, ઉસ અનુભૂતિકો જૈનશાસન કહેનેમેં આતા હૈ. આહા..હા...! ઉસે 'જૈનધર્મ' કહેનેમેં આતા હૈ, ઉસે વીતરાગી ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માકા



કહા હુઆ 'ધર્મ' કહનેમેં આતા હૈ. આહા...! દૂસરા કોઈ ધર્મ હૈ નહીં. આહા...! હૈ (ટીકામેં) ? **'...વહ નિશ્ચયસે સમસ્ત જિનશાસનકી અનુભૂતિ હૈ,...'** આ..હા..હા...!

ચાર અનુયોગ, બારહ અંગ – ઇન સબમેં યહ સાર હૈ ! સારે બારહ અંગ કે અંદર જો કહનેમેં આયા હો, તાત્પર્ય જો કહેનેમેં આયા હો. તો (યહ હૈ કિ) પુણ્ય–પાપ ઔર પાંચ ભેદ જો કહે, ઉસસે રહિત આત્માકો જાનના – અનુભવના વહ જૈનશાસન (હૈ). જૈનશાસન કોઈ સંપ્રદાય નહિ. વસ્તુકી અનુભૂતિ (વહ જિનશાસન હૈ). વસ્તુ વીતરાગસ્વરૂપ હૈ. આત્મા ઔર ઉસકા મૂલ સ્વરૂપ વીતરાગસ્વભાવ હૈ. ઉસકી અનુભૂતિ ભી વીતરાગ પર્યાય હૈ. ઉસ વીતરાગપર્યાયકો યહાં 'જૈનશાસન' કહનેમેં આયા હૈ.

પૈસા તો ઇસમેં કોઈ કામ આવે ઐસા નહીં હૈ. રાગ મંદ કરો તો શુભ(ભાવ) – પુણ્ય હૈ, ધર્મ નહિ. યહાં તો સ્પષ્ટ બાત હૈ.

મુમુક્ષુ :– ખર્ચ કરે તો પુણ્ય હૈ, ધર્મ નહિ !

સમાધાન :– ધર્મ કરે તો પુણ્ય નહિ (બંધતા). ધર્મ કરે તો આનંદ આવે, ધર્મ કરે તો અતીન્દ્રિય (આનંદ આયે). આત્મા અતીન્દ્રિયસ્વરૂપ હૈ. ઇસ અતીન્દ્રિયસ્વરૂપ પર જો દૃષ્ટિ પડે તો ઉસકો અતીન્દ્રિય આનંદ આયે. ઉસકો રાગ નહિ (હોતા). રાગ જૈનશાસન હૈ નહીં. જૈનશાસન વીતરાગશાસન હૈ. જૈનશાસન વીતરાગશાસન હૈ ! તો જિસમેંસે વીતરાગપર્યાય ઉત્પન્ન હો વહ જૈનશાસન હૈ.

વીતરાગ પર્યાય કૈસે ઉત્પન્ન હો ? તો યે પાંચ બોલસે રહિત અંતર અખંડાનંદ આત્મા ! દેખો ના આયા ના ? **'...અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ઔર અસંયુક્ત ઐસે પાંચ ભાવસ્વરૂપ આત્માકી અનુભૂતિ હૈ વહ નિશ્ચયસે સમસ્ત જિનશાસનકી અનુભૂતિ હૈ, ક્યોંકિ શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હી હૈ.'** થોડી સૂક્ષ્મ બાત હૈ. ક્યા કહતે હૈં ?

કિ, આત્મા જ્ઞાયકસ્વરૂપ હૈ. યે પાંચ બોલ જો કહે – બદ્ધસ્પૃષ્ટત્વ, નરકગતિ આદિ પર્યાય કે ભેદ, ગુણ કે ભેદ ઔર મોહ કા રાગ, ઇન પાંચ (ભાવસે) રહિત આત્મા દેખના, વહ નિશ્ચય સે જૈનશાસન હૈ ઔર વહ જિનશાસન શ્રુતજ્ઞાન હૈ. જૈનશાસન શ્રુતજ્ઞાન હૈ ! ભાવશ્રુતજ્ઞાન હૈ ! શાસ્ત્રકે પન્ને પઢે, વહ (શ્રુતજ્ઞાન) નહીં. અંદરમેં રાગસે રહિત ચૈતન્યમૂર્તિકા અનુભવ કરના ઉસકા નામ 'ભાવશ્રુતજ્ઞાન' કહનેમેં આતા હૈ. ઉસકા નામ 'ભાવશ્રુત' કહેનેમેં આતા હૈ ઔર ભાવશ્રુતજ્ઞાન જૈનશાસન (હૈ). યહાં કેવળજ્ઞાનકી બાત નહીં હૈ. સમજમેં આયા ? હૈ ?

'**...શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હી હૈ.**' અનુભૂતિ શ્રુતજ્ઞાન હૈ ઔર સ્વયં આત્મા હી હૈ. '**ઇસલિયે જ્ઞાનકી અનુભૂતિ હી આત્માકી અનુભૂતિ હૈ.**' ચૌદહવીં ગાથામેં સમ્યગ્દર્શનકા અધિકાર થા, યહ 'સમ્યગ્જ્ઞાન'કા અધિકાર હૈ. સમ્યગ્દર્શન સહિતકા સમ્યગ્જ્ઞાન ! પરંતુ સમ્યગ્જ્ઞાન કિસકો કહના ? કિ, આત્મા જો જ્ઞાનસ્વરૂપ હૈ, વહ પાંચ બોલ જો ચૌદહવીં (ગાથામેં) કહે થે, ઉસસે રહિત – અસંયુક્ત હૈ. આહા..હા...! શુભરાગ કે ભાવ રહિત હૈ, ઐસે આત્મા કો દેખના, ઐસે આત્માકા અનુભવ કરના, ઉસકો જૈનશાસન ઉસકો શ્રુતજ્ઞાન (કહતે હૈં) (ઔર) શ્રુતજ્ઞાન (સ્વયં) આત્મા (હૈ). યહાં શ્રુતજ્ઞાનકો 'આત્મા' કહા ! હૈ તો શ્રુતજ્ઞાન પર્યાય. પરંતુ વહ રાગ (આત્મા) નહિ (હૈ, યહ બતાને કો શ્રુતજ્ઞાનકો આત્મા કહા). અંતરમેં ભાવકા શ્રુતજ્ઞાન હુઆ, યે શાસ્ત્રકા યા શબ્દકા નહિ, (પરંતુ) ભાવશ્રુતજ્ઞાન ! અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદ હૈ, ઐસા ભાવશ્રુતજ્ઞાન હુઆ, વહ ભાવશ્રુતજ્ઞાન જૈનશાસન હૈ. આ..હા..હા...!

મુમુક્ષુ :– આત્માકો જ્ઞેય બનાનેવાલા ભાવશ્રુતજ્ઞાન ?

સમાધાન :– ભાવશ્રુત આત્માકો ધ્યેય બનાકર પ્રગટ હુઆ હૈ. આત્માકો ધ્યેય બનાકર પ્રગટ હુઆ હૈ, 'બનાના' યહ તો સાધન (હુઆ). યહાં તો ધ્યેય બનાકર પ્રગટ હુઆ હૈ. ક્યા કહા ? કિ, આત્મા જો



અંદર પાંચ ભાવોંસે ભિન્ન હૈ ઐસા જ્ઞાન હોતા હૈ, વહ તો ધ્યેય હોકર જ્ઞાન હો ગયા. વહ ભાવશ્રુત જ્ઞાન હુઆ. ભાવશ્રુત, દ્રવ્યશ્રુત નહિ, વાણી કા જ્ઞાન નહિ, ગ્યારહ અંગ કા જ્ઞાન નહિ, વહ ભાવશ્રુત (જ્ઞાન) જો હૈ, વહ આત્મા હૈ. ભાવશ્રુત હૈ વહ જૈનશાસન હૈ ઔર ભાવશ્રુત હૈ વહ આત્મા હૈ. આહા..હા...! સમજમેં આયા ? દ્રવ્યશ્રુત હૈ વહ આત્મા નહિ. અકેલા શાસ્ત્રકા જ્ઞાન વહ આત્મા નહિ. આ..હા..હા..!

ભગવાનઆત્મા ! ચિદાનંદ પ્રભુ ! આનંદ ઔર જ્ઞાનકી મૂર્તિ ! ઉસકા જ્ઞાન (હુઆ) ઉસે 'શ્રુતજ્ઞાન' કહતે હૈં. યહ શ્રુતજ્ઞાન અરૂપી આનંદ કે સાથમેં હૈ. ઇસ શ્રુતજ્ઞાનકે સાથ આનંદ આયા હૈ. દ્રવ્યશ્રુતમેં આનંદ નહિ – ગ્યારહ અંગકા અભ્યાસ કરે ઉસમેં આનંદ નહિ. આનંદ (તો) જહાં ભાવશ્રુત(જ્ઞાન) હુઆ.. આ..હા...! શુભરાગસે રહિત હુઆ, (વહાં આનંદ હૈ). કોઈ ઐસા કહતે હૈં કિ, 'શુભરાગ કરતે–કરતે આ ભાવશ્રુતજ્ઞાન હોગા ! શુભરાગ કરતે–(કરતે) અંદર નિશ્ચય સમ્યક્ હોગા !' યે સબ બાત જૂઠી હૈ, સમજમેં આયા ? હિન્દી ભાષા – સાદી ભાષા હૈ, ગુજરાતીને સમજાય એવું છે. બહુ હિન્દીવાળા જેવી ભાષા નથી. અહીં તો સાદી ભાષા છે, કારણ કે (એ) કાંઈ શીખ્યા નથી. આહા..હા...!

નિશ્ચયસે શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હૈ. ઐસા કહા ના ? પાંચ બોલસે રહિત ત્રિકાળી જ્ઞાયકભાવ જાનનેમેં આયા વહ શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન (હૈ). કેવળજ્ઞાન નહિ ! કેવળજ્ઞાન તો જૈનશાસન કા પૂરા ફલ હૈ ! યહાં તો જૈનશાસન (કી બાત હૈ). શ્રુતજ્ઞાન હૈ વહી જૈનશાસન હૈ. ભાવશ્રુતજ્ઞાન હૈ વહ જૈનશાસન હૈ. ભાવશ્રુતજ્ઞાન રાગ બિનાકી નિર્મળ પર્યાય હૈ. ઇસ પર્યાયકો યહાં 'જૈનશાસન' કહનેમેં આયા હૈ. આહા...! સમજમેં આયા ? ધર્મ હૈ યહ પર્યાય હૈ. ધર્મ હૈ યહ પર્યાય હૈ ઔર ધર્મી દ્રવ્ય–વસ્તુ હૈ. ઇસ દ્રવ્યકા ધ્યેય કરકે જો પર્યાયધર્મ (પ્રગટ) હુઆ,

ઉસ પર્યાયકો યહાં 'જૈનશાસન' કહા. શ્રુતજ્ઞાનકો જૈનશાસન કહા. આ..હા..હા...! પકડાય છે ?

'**...નિશ્ચયસે સમસ્ત જિનશાસન...**' દેખો ! ચારોં અનુયોગ – કરણાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ ઔર કથાનુયોગ આદિ સમસ્ત અનુયોગ કા સાર (યહ હૈ). 'સમસ્ત જિનશાસન' કહા. શબ્દ હૈ ? સારા જિનશાસન ! ચારોં અનુયોગમેં યહ કહનેમેં આયા હૈ. આહા..હા...!

મુમુક્ષુ :– સમસ્ત જિનશાસનમાં દ્રવ્યશ્રુત લેવું ?

સમાધાન :– દ્રવ્યશ્રુત નહિ, ભાવશ્રુત ! દ્રવ્યશ્રુત નહિ. ભાવશ્રુત (છે) એ જૈનશાસન છે. દ્રવ્યશ્રુત તો નિમિત્ત છે. દ્રવ્યશ્રુત તો નિમિત્ત છે. નિમિત્તનો અંદર અભાવ છે. ભાવશ્રુતજ્ઞાનમાં દ્રવ્યશ્રુતનો અભાવ છે. એ વસ્તુ નહિ. દ્રવ્યશ્રુત તો અભવિ ભી કરતે હૈં. અભવી જીવ હૈ વહ ભી દ્રવ્યશ્રુત તો કરતે હૈં, અનંતબાર કિયા.

ભાવશ્રુત (અર્થાત્) જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! ઉસ જ્ઞાનકા જ્ઞાન, આત્માકા જ્ઞાન, આત્માકા અનુભવ, આત્માકી અનુભૂતિ, આત્માકા આનંદ, વીતરાગીપર્યાય, આત્મા વીતરાગસ્વરૂપ (હૈ) ઉસકે આશ્રયસે જો વીતરાગી પર્યાય હુઈ, વહ ભાવશ્રુતજ્ઞાન (હૈ). (વહ) જૈનશાસન (હૈ). (વહ) સમસ્ત જૈનશાસન કા સાર (હૈ) ! આહા..હા..હા...! હૈ અંદર ? '**સમસ્ત જિનશાસન**' શબ્દ પડા હૈ. '**સમસ્ત જિનશાસ** !' ચરણાનુયોગમેં ઐસા કહા હૈ, ફલાણામેં ઐસા કહા હૈ, ચરણાનુયોગમેં વ્યવહારનય સે લાભ હોતા હૈ (ઐસા) કહા (હૈ) – વહ સબ હૈ હી નહીં. વહ બાત યહાં હૈ હી નહિ. (યહાં તો) સમસ્ત જિનશાસન ! આ..હા..હા..હા...! ચારોં અનુયોગમેં – કરણાનુયોગ, ચરણાનુયોગ, કથાનુયોગ, દ્રવ્યાનુયોગ – ચારોંમેં સમસ્ત જિનશાસનકી અનુભૂતિ (યહી એક સાર હૈ) આહા..હા...!

'**...શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હી હૈ. ઇસલિયે જ્ઞાનકી અનુભૂતિ...**' આહા..હા..! અંતર્મુખ હોકર આત્માકા આનંદ ઔર જ્ઞાનકા અનુભવ



(હોના) વહ અનુભૂતિ આત્માકી અનુભૂતિ હૈ. વહ આત્માકી અનુભૂતિ હૈ. રાગકા અનુભવ, આત્માકી અનુભૂતિ નહિ. વીતરાગશાસન હૈ, તો આત્માકી અનુભૂતિ વીતરાગભાવ હૈ. આત્મા વીતરાગસ્વભાવ હૈ ! આત્મા વીતરાગસ્વભાવ હૈ ઔર ચારોં અનુયોગોં કા સાર વીતરાગભાવ હૈ. 'પંચાસ્તિકાય'કી ૧૭૨ ગાથામેં ચારોં અનુયોગોં કા સાર વીતરાગભાવ કહા હૈ. વીતરાગતા કબ હોતી હૈ ? કિ, આત્મા વીતરાગસ્વરૂપ હૈ, ઉસકા આશ્રય કરતે હૈં (તબ) વીતરાગપર્યાય ઉત્પન્ન હોતી હૈ. ઇસ કારણ સે વીતરાગપર્યાયકો જિનશાસન કહા, રાગ કો નહિ. આહા...! આયે બીચમેં, રાગ હો, પરંતુ વહ જિનશાસન નહિ. આહા..હા...! ઐસી બાત હૈ ! શ્રુતજ્ઞાન આત્મા હૈ – ઉસમેં થોડી સૂક્ષ્મ બાત હૈ, વહ વિશેષ કહેંગે...

❄ ❄ ❄

હવે, આ અર્થરૂપ ગાથા કહે છે :–

जो परसदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.

ગાથાર્થ :- (यः) જે પુરુષ (आत्मानम्) આત્માને (अबद्धस्पृष्टम्) અબદ્ધસ્પૃષ્ટ, (अनन्यम्) અનન્ય, (अविशेषम्) અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) (पश्यति) દેખે છે તે (सर्वम् जिनशासनं) સર્વ જિનશાસનને (पश्यति) દેખે છે, – કે જે જિનશાસન (अपदेशसान्तमध्यं) બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ટીકા :– જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :

જેમ – અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ–વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે. એવી રીતે – અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય–લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ

**એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.**

## પ્રવચન–૯, ગાથા – ૧૫

ચૌદમી (ગાથામાં) સમ્યગ્દર્શનનો અધિકાર હતો. આ સમ્યગ્જ્ઞાનનો (અધિકાર) છે. બન્ને એક જ વાત છે. (ચૌદમીમાં) દર્શનનો હતો, આમાં (પંદરમીમાં) જ્ઞાનનો (છે). વાત આમાં જરી ઝીણી આવશે.

**ટીકા :– 'જે આ અબદ્ધસ્પૃષ્ટ,...'** આત્મા છે (તે) રાગ અને કર્મના પરમાણુથી બંધાયેલ નથી, એવો એ આત્મા અંદર મુક્તસ્વરૂપ છે. એ એક પહેલો બોલ – અબદ્ધસ્પૃષ્ટ ! '**...અનન્ય,...**' (એટલે) અનેરી–અનેરી ગતિ એમાં નથી. નારકી ને મનુષ્ય ને એવી ગતિ એમાં નથી. અનન્ય છે, એ તો આનંદરૂપ અનન્ય સ્વરૂપ છે. અનેરા–અનેરા સ્વરૂપ નથી. અનન્ય સ્વરૂપ છે. '**...નિયત,...**' (એટલે) નિશ્ચય સ્વરૂપ છે. એકરૂપ ત્રિકાળ જ્ઞાયક, પર્યાયના ભેદ વિનાનો અંદર નિશ્ચય સ્વરૂપ (છે). નિયત એટલે નિશ્ચયસ્વરૂપ છે '**...અવિશેષ,...**' (એટલે) એ ગુણભેદ વિનાનો અભેદ છે. આ ઝીણી વાત છે ! એમાં ગુણભેદ પણ નથી. વિશેષપણું



નથી, સામાન્યપણું છે. એકરૂપ ત્રિકાળ તે સામાન્ય (છે) એને અહીં 'અવિશેષ' કહે છે. અને '**...અસંયુક્ત...**' મોહ સહિત રાગ આદિ છે એનાથી રહિત છે. મોહના સંયુક્તથી રહિત છે. એનું સ્વરૂપ જ એવું છે. '**...એવા પાંચ ભાવોસ્વરૂપ...**' શબ્દ 'પાંચ ભાવ' છે, (પણ) છે એક સમયમાં સાથે ! શું કહ્યું ? આ પાંચ ભાવ કીધા, પણ પાંચ ભાવ ક્રમે–ક્રમે છે, એમ નહિ. એક જ સમયમાં પાંચે ભાવસ્વરૂપ છે. આહા...હા...! આ પાંચ ભાવસ્વરૂપની વ્યાખ્યા ! ફરીને (લેવાનું) કહ્યું હતું ને ? કાંઈક નવું આવવું જોઈએ ને ! આહા...હા...!

ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ દ્રવ્ય છે. અનેરી–અનેરી જેમાં દશાઓ નથી, (એવો) એ તો અનન્યસ્વરૂપ જ છે. નિશ્ચય સ્વરૂપ છે અને વિશેષપણું જેમાં નથી. ગુણનો ભેદ (નથી). (એટલે) ગુણી આત્મા અને જ્ઞાન–ગુણ, એવો વિશેષ પણ જેમાં નથી (એવો) એ સામાન્ય છે અને અસંયુક્ત (એટલે) રાગ અને દ્વેષ આદિ દુઃખની દશાના સંયુક્તથી – સહિતથી રહિત છે. દુઃખની દશાની સહિતથી રહિત છે, આ..હા..હા...! એવા પાંચ ભાવોસ્વરૂપ – શબ્દ 'પાંચ ભાવ' છે પણ પાંચ ભાવ એક સમયમાં છે. શું કહ્યું ? અબદ્ધસ્પૃષ્ટ એ એક સમયમાં, બીજા સમયમાં અનન્ય અને ત્રીજામાં નિયત અને ચોથામાં અવિશેષ અને પાંચમામાં અસંયુક્ત – એમ નથી. આ તો સમજાવવું છે એટલે પાંચ પ્રકાર સમજાવ્યા, પણ એક સમયમાં પાંચે ભાવનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? હજી તો સમ્યગ્જ્ઞાન – ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા છે ! પાંચમા અને છઠ્ઠા (ગુણસ્થાનના) ચારિત્રની વાત તો ક્યાંય આઘી રહી ગઈ !!

આત્મા પાંચ ભાવોસ્વરૂપ એકરૂપ (છે). પાંચ ભાવોસ્વરૂપ એકરૂપ '**...આત્માની અનુભૂતિ...**' એવો અંદર આત્માનો અનુભવ. આહા..હા...! જેવો આત્મા આ સામાન્ય કહ્યો, અબદ્ધસ્પૃષ્ટ એટલે મુક્ત, સામાન્ય,

એનું લક્ષ કરતાં જે અનુભવ થાય, આનંદનો સ્વાદ આવે અને ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય, તેને અહીંયાં 'અનુભૂતિ' કહેવામાં આવે છે. સમજાય છે ? ભાષા તો સાદી છે પણ ભાવ જરી આકરા છે ! આ ગામમાં આવું ક્યાંથી ! આ..હા..હા...!

એ પાંચ ભાવસ્વરૂપ ભગવાન એકરૂપ છે. મુક્ત કહો તો તે, અનન્ય કહો તો તે, નિયત કહો તો તે, વિશેષ રહિત સામાન્ય કહો તો તે, મોહના સંયુક્ત રહિત કહો તો તે ! (કોઈકે કહ્યું હતું કે) આ ફરીને લેવું. કાલ લેવાઈ ગયું છે, આ હિન્દીમાં લેવાઈ ગયું હતું.

આહા...હા...! આવા આત્માની અનુભૂતિ, અનંતકાળમાં એક સમય પણ જેણે એવા આત્માની અનુભૂતિ કરી નથી. પરિભ્રમણમાં એણે 'આત્મા એકરૂપ છે' એવું જ્ઞાન જ કોઈ દી' કર્યું નથી. બાકી સાધુ પણ અનંતવાર થયો, બહાર(નો) ત્યાગી પણ અનંતવાર થયો, પણ આ પાંચ ભાવસ્વરૂપ એકરૂપ એનો અનુભવ, અભેદનો અનુભવ, પર્યાય વિનાની સામાન્ય જે વસ્તુ ત્રિકાળ છે, એવા સામાન્યનો અનુભવ (કોઈ દિવસ કર્યો નથી). અનુભવ પર્યાય છે, પણ અનુભવ સામાન્યનો છે. સામાન્યનો કહેવામાં આવે છે. નહિતર સામાન્ય ધ્રુવ છે એને કાંઈ અનુભવાતું નથી. પણ સામાન્ય ઉપર દૃષ્ટિ હોવાથી 'સામાન્યનો અનુભવ છે' તેમ કહેવામાં આવે છે. આ..હા..હા...! છે ?

'**...તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' જૈનશાસન કોઈ સંપ્રદાય નથી, કોઈ પક્ષ નથી, પંથ નથી, વસ્તુ છે. વસ્તુ–આત્મા વીતરાગમૂર્તિ છે, આ પાંચ ભાવસ્વરૂપ એકરૂપનો જે અનુભવ, એ તો વસ્તુ થઈ, કોઈ સંપ્રદાય નહિ. એ વસ્તુ એવી છે એનો અંદર અનુભવ થવો, તે જૈનશાસનની અનુભૂતિ છે. કહો સમજાય છે કાંઈ ? આ..હા..હા..હા...! આવી ઝીણી વાત ! હજી થોડી ઝીણી આવશે !! આ પાંચ ભાવસ્વરૂપ એકરૂપ(ને) અંતર્મુખ (થઈને) જોતાં તેને પાંચ ભાવનો



ભેદ પણ જ્યાં નથી, એવો એકરૂપ, તેની અનુભૂતિ –એનો અનુભવ એ જૈનશાસનનો અનુભવ છે, એ જૈનશાસન છે. પર્યાય હોં ! અનુભૂતિની પર્યાય તેને જૈનશાસન કીધું છે.

મુમુક્ષુ :-- આમાં તો સંપ્રદાયના ભેદો ટળી જાય એવી વાત લખી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સંપ્રદાયની વાત અહીં છે જ નહિ. અહીં તો આ પાંચ ભાવના ભેદ પણ નથી ! આહા...હા...! અહીં તો તત્ત્વની વાત છે, પ્રભુ ! આ..હા...હા...! આ બધી ગાથા તો તમે લીધી છે ને !

મુમુક્ષુ :– ગાથા સારી છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગાથા સારી છે, આહા...હા...!

(અહીં) કહે છે, પ્રભુ ! ત્રણ લોકનો નાથ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ ! જેના ઇન્દ્રો તળિયા ચાટે ! ઇન્દ્રો સાંભળતી (વખતે) એની સભામાં ગલુડિયાં – જેમ બચ્ચાં હોય તેમ બેસે ! આમ... બેસે ! અને સાંભળે. પ્રભુ બિરાજે છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, એની આ વાણી છે. આહા...હા...! અંદર બધા ભગવાન છે ! એ ભગવાનનો અનુભવ આ અબદ્ધસ્પૃષ્ટ તરીકે હોય તો ભગવાન છે. બદ્ધસ્પૃષ્ટ તરીકે દેખે તો એ ભગવાનનું સ્વરૂપ નથી, આ..હા...હા...!

આ પાંચ (ભાવસ્વરૂપ આત્માનો) અનુભવ તે નિશ્ચયથી સમસ્ત – આખા જૈનશાસનની અનુભૂતિ છે. આખું જૈનદર્શન, વીતરાગ માર્ગ, ચાર અનુયોગોનો સાર વીતરાગતા, એ આખું – સમસ્ત જૈનશાસન (એ) આ આત્માની અનુભૂતિ તે સમસ્ત જૈનશાસન છે, એટલે કે વીતરાગતા છે. જૈનશાસન એટલે વીતરાગતા છે. આહા..હા...! આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે, હોં ! ત્યાં જે જ્ઞાન થયું છે એ વીતરાગીજ્ઞાન છે. ભાષા સાદી છે, એ તો થોડું–થોડું સમજાય એવું (છે).

મુમુક્ષુ :-- સમજમાં આવી રહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :-- આવી રહ્યું (છે). આવી રહ્યું (છે). હળવે... ધીમેથી લોકોનો ઉત્સાહ છે ને ! પ્રેમ છે ! સાંભળો પ્રભુ ! આ વાત તો અંદરની છે, પ્રભુ ! આ..હા..હા...!

નિશ્ચયથી સમસ્ત જૈનશાસન (કહ્યું, તો) સમસ્તમાં શું આવ્યું ? ચારેય અનુયોગોનો સાર આ છે. ચારેય અનુયોગમાં કથન આ છે. અબદ્ધસ્પૃષ્ટ એવો ભગવાનઆત્મા ! એ નાસ્તિથી વાત કરી છે, અસ્તિથી કહીએ તો મુક્તસ્વરૂપ પ્રભુ (છે). અબદ્ધ (એટલે) 'બદ્ધ નહિ' એમ નાસ્તિથી વાત કરી. અસ્તિથી કહીએ તો અંદર મુક્તસ્વરૂપ ભગવાન છે. દ્રવ્ય જે છે એ મુક્તસ્વરૂપ સકળ નિરાવરણ છે – ત્રિકાળ નિરાવરણ છે. આહા..હા..હા...! એવું જે દ્રવ્ય એટલે વસ્તુ, અત્યારે એક સમયની પર્યાયની વાત નહિ, એ વસ્તુનો અનુભવ થવો તે પર્યાય (છે). એ અનુભવ તે પર્યાય (છે અને) તે સમસ્ત જૈનશાસનની અનુભૂતિ છે. સામાન્ય વસ્તુ તે જૈનશાસન નહિ, એનો અનુભવ તે જૈનશાસન છે. કેમકે વીતરાગતા તે જૈનશાસન છે. આહા..હા..હા...! સમજાય એવું છે બાપુ, હોં ! ભગવાન ! બહેનો – દીકરીઓને પણ સમજાય એવું છે. બહેનો–દીકરીઓ–માતાઓ ! આ તો ભગવાન આત્માની વાતું છે, બાપા ! આહા..હા...! બધા ભગવાન તરીકે છે ! બેનો–દીકરીઓ હોય, માતા હોય, મોટા હોય કે છોકરાં હોય કે બાળક હોય (બધા ભગવાન છે !) આ..હા..હા...!

પ્રભુ એમ કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ ને ! આહા...હા...! તું અંદર મુક્તસ્વરૂપ છો ! આહા..હા...! સામાન્ય સ્વરૂપ છો ! સામાન્ય એટલે ભેદ વિનાનો, નિયત (એટલે) નિશ્ચયસ્વરૂપ છો, ગુણભેદ વિનાનો જે તારો સ્વભાવ છે, મોહના રાગના સંયુક્તથી રહિત તારું સ્વરૂપ છે, તેની અનુભૂતિ તે સમસ્ત જૈનશાસન (છે). આખા જૈનશાસનનો સાર (આ છે) અને અનુભૂતિ તે જૈનશાસન છે. હવે આમાં ક્યાં સંપ્રદાયની



વાત રહી ? આવી વાત છે, ભગવાન ! આહા..હા...! પંદરમી ગાથા એવી છે ! અલૌકિક વાત છે ! આહા...!

'**...કારણ કે...**' હવે કારણ આપે છે કે, '**...શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' કેમકે એ શ્રુતજ્ઞાન થયું, શું (કહ્યું) ? આત્મા ત્રિકાળ મુક્તસ્વરૂપ છે, નિયત–નિશ્ચય છે, મોહના સંયુક્ત રહિત છે, એવો જે અનુભવ, એ શ્રુતજ્ઞાન છે. એ અનુભવ શ્રુતજ્ઞાન છે. (ચૌદમી ગાથામાં) સમ્યગ્દર્શન કહ્યું હતું. અહીંયાં એ શ્રુતજ્ઞાન છે (એમ કહે છે). ધીમેથી સમજાય એવું છે.

કરવાનું તો આ છે, બાપુ ! દેહ છૂટી જશે અને ચાલ્યો જશે (પછી) ક્યાં જશે ? બાપુ, આ જો નહિ સમજે, સમ્યગ્જ્ઞાનનો દોરો જો નહિ પોરવે (તો) ધાગા વિનાની સોય ખોવાઈ જશે. સોયમાં સૂતરનો દોરો નહિ પોરવ્યો હોય તો એ ખોવાઈ જશે. એમ સમ્યગ્જ્ઞાન વિના જો આત્મા હશે (તો) પ્રભુ ચોરાશીમાં ખોવાઈ જશે ! ક્યાં અવતરશે એનો મેળ નહિ રહે. પણ જો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પોરવ્યો હશે, આ આવું સ્વરૂપ છે એવા યથાર્થ જ્ઞાનનો દોરો (પોરવ્યો) હશે, તો એને રખડપટ્ટી નહિ રહે. એની એક–બે ભવમાં મુક્તિ થઈ જશે. આહા...હા...!

શ્રુતજ્ઞાન લીધું, જોયું આમાં ? એ જૈનશાસનની અનુભૂતિ શ્રુતજ્ઞાન લીધું ! સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચૌદમી (ગાથામાં) ગઈ. આ જૈનશાસનનો અનુભવ એ શ્રુતજ્ઞાન છે – ભાવશ્રુતજ્ઞાન છે. દ્રવ્યશ્રુતની વાણી, શબ્દને સાંભળ્યું હોય અને એનું જ્ઞાન, એ નહિ. શાસ્ત્ર વાંચ્યાં હોય, ભણ્યો હોય, સાંભળ્યાં હોય, સાંભળીને અંદર લક્ષ થયું હોય, એ પણ અહીં નહિ. અહીંયાં તો ભગવાનઆત્મા...! આ...હા...હા...! મુક્તસ્વરૂપે બિરાજે છે, પ્રભુ ! એમ પરમાત્માનો પોકાર છે. જો મુક્તસ્વરૂપ ન હોય તો મુક્તસ્વરૂપ થશે ક્યાંથી ? મુક્તિની દશા જે છે – મોક્ષદશા, મુક્તસ્વરૂપ જો ન હોય તો એ મુક્તદશા થશે ક્યાંથી ? કાંઈ ઉપરથી આવે છે ?

સમજાય છે કાંઈ ? આ બીજી વાતું છે ! આહા..હા...! શું પ્રભુ વાત કરે છે ? કહે છે કે, '**...કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' જૈનશાસન (જેને) કહ્યું એ શ્રુતજ્ઞાન છે અને એ શ્રુતજ્ઞાન છે તે આત્મા છે. ભાવશ્રુતજ્ઞાન (એટલે) અંદર (આત્માનું) વેદન થયું તે જૈનશાસન છે, તે શ્રુતજ્ઞાન છે અને તે શ્રુતજ્ઞાન તે આત્મા છે. છે ? લખાણ છે એની અંદર ! આહા...! ઉકેલ કરવો જરીક ઝીણી વાત છે, પ્રભુ !

આ..હા...! તારી મોટપની વાતું કરતાં ભગવાન પણ કહે (છે કે),

**'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**જે સ્વરૂપ સર્વેજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો...'**

જે અનુભવના વેદનની વાત (છે) એ વાણી દ્વારા કેટલી આવે ? સજ્જનની વાત શત્રુ દ્વારા કેટલી કરાય ? સજ્જનની વાત શત્રુ દ્વારા કેટલી કરાય ? આ વાણી છે એ તો ચૈતન્યથી વિરુદ્ધ છે ! આ..હા..હા...! એ વાણી દ્વારા પ્રભુ ! તારી ચૈતન્યની જાત શું છે ? (અને) કેટલી (છે, એ) કેમ કહેવાય ? 'શ્રીમદ્' કહે છે...

**'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો...'**

એક અપેક્ષાએ, હોં ! બાકી પૂરું કહ્યું છે. બીજા ઠેકાણે પૂરું કહ્યું છે.

**'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?'**

જે સ્વરૂપ સર્વજ્ઞ(ની) વાણીમાં પણ પૂરું ન આવી શકે ! કેમકે વાણી જડ અને પ્રભુ ચૈતન્ય, એ ચૈતન્યની વાતું જડ દ્વારા કહેવી, એ કેટલી આવે ? તે સર્વજ્ઞ પણ પૂરું ન કહે તો અન્ય વાણી તે શું કહે ?

**'અનુભવમાત્ર રહ્યું તે જ્ઞાન જો.'**

આત્મા આનંદસ્વરૂપ, સામાન્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ અને મુક્તસ્વરૂપ,



તેની સન્મુખ થતાં જે અનુભવ થાય, તે શ્રુતજ્ઞાન છે, એ ભાવશ્રુતજ્ઞાન છે, એ અરૂપી ભાવશ્રુતજ્ઞાન છે. જેમાં દ્રવ્યશ્રુતની પણ અપેક્ષા છે નહિ. આ..હા..હા...! ગાથા બહુ ઊંચી છે ! છે ? એ '**...શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' શ્રુતજ્ઞાનની પર્યાયને અહીંયાં આત્મા કહ્યો ! કેમ ? (કેમકે) બદ્ધસ્પૃષ્ટ આદિ જે રાગ આદિ ભાવ હતા, એ અનાત્મા છે. આ..હા..હા...! અરે...! જ્ઞાનની અનેક પ્રકારની અનિયત પર્યાયને પણ અહીંયાં અનાત્મા કહ્યો છે ! આહા...હા...! નિયતસ્વરૂપ જે ત્રિકાળ જ્ઞાયકભાવ, એકલો ચૈતન્યનો રસકંદ, જ્ઞાનનું પૂર અંદર પૂરું ભર્યું છે, તેનો અનુભવ તે શ્રુતજ્ઞાન છે અને તે શ્રુતજ્ઞાન જૈનશાસન છે અને જૈનશાસન તે શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન તે આત્મા છે. આ..હા..હા...! છે ? એ '**..શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' એમ ભાષા (છે). સ્વયં એ આત્મા જ છે. આ..હા..હા...!

જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! એનો અનુભવ કરવો, એ જૈનશાસન છે, જૈનધર્મ છે, જૈનમાર્ગ છે, ત્રણલોકના નાથનો મોક્ષનો પંથ તે છે. એને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે અને તેને આત્મા કહેવામાં આવે છે. એ શ્રુતજ્ઞાન છે તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આ..હા...હા...! આ કાલનું ફરીને લીધું !

મુમુક્ષુ :– બહુ સારું આવ્યું ! કાલ હિન્દીમાં થયું હતું ને, અમને સમજાય નહિ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ ન હોય. ન સમજાય એવું (ન) હોય ! શેઠ કહે કે, અમને ગુજરાતી બરાબર સમજાય નહિ ! (અને) તમે કહો કે, હિન્દી સમજાય નહિ ! ભાષા તો સાદી છે ને, પ્રભુ ! હિન્દી હોય કે ગુજરાતી, ભાષા સાદી છે. અહીં કોઈ મોટા પંડિતાઈ અને મોટા વ્યાકરણ ને M.A. અને LL.B.(ના) પૂંછડા નથી, આહા...હા...!

પ્રભુ ! અંદર તારું સ્વરૂપ જ ભગવાન (છે) ! કહ્યું હતું ને એક

(વાર) ? પ્રભુ ! આપે બધું જોયું, સર્વ જ્ઞાન(માં) આપે જોયું એમાં અમારા આત્માને, તમે આવો નિર્મળ જોયો છે. સમજાણું ? આહા...હા...! પહેલો શબ્દ શું રહી ગયો ? ભૂલી ગયા !

મુમુક્ષુ :– પ્રભુ તુમ જાણગ રીતિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા ! પ્રભુ તુમ જાણગ રીતિ ! 'પ્રભુ તુમ જાણગ રીતિ,' પ્રભુને એમ કહે છે.

'પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ'

નિજ સત્તાએ શુદ્ધ...' પ્રભુ ! હે જિનેશ્વરદેવ, વીતરાગ ! આપના કેવળજ્ઞાનમાં તમે અમને 'નિજ સત્તાએ શુદ્ધ', અમારી સત્તા–હોવાપણું તે વીતરાગપણું છે. તેને તમે આત્મા જોવો છો ! સમજાય છે કાંઈ ? આ..હા..હા...! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ ! જેના સો ઇન્દ્રો તળિયાં ચાટે અને કુત્તીના બચ્ચાંની જેમ જેને સાંભળવા બેસે ! આ..હા..હા...! એ પ્રભુને કહે છે, નાથ ! 'પ્રભુ તુમ જાણગ રીતિ,' હે નાથ ! તારા જ્ઞાનની જાણવાની પદ્ધતિ 'સહુ જગ દેખતા' ત્રણકાળ ત્રણલોક આપ દેખો છો. એમાં અમને (કેવા) દેખો છો ? અમને તમે (કેવા) દેખો છો ? આ..હા..હા...! અમને શરીરવાળા અને રાગવાળા આપ નથી દેખતાં ! આ..હા..હા...! 'નિજ સત્તાએ શુદ્ધ' નિજ સત્તા – હોવાપણે અબદ્ધસ્પૃષ્ટ છે, એવો અમારા આત્માને હે નાથ ! તમે જોવો છો ! તમે જેવો જોવો છો એ અમે જોઈએ તો (એ) જૈનશાસન છે. આહા..હા..હા...!

અંદરમાં તમે જે જોઓ છો, નાથ ! અમારા આત્માની સત્તાનું હોવાપણું, આત્માનું સત્ત નામ સત્ત્વ, ત્રિકાળી વસ્તુ (શુદ્ધ હોવાપણે જોઈ છે). વસ્તુ છે તેમાં અનંતગુણો વસેલા છે, રહેલાં છે માટે 'વસ્તુ' કહીએ. આ મકાનનું વાસ્તુ લે છે ને... વાસ્તુ ! એ કાંઈ પીપળાને ઝાડે વાસ્તુ લે (છે) ? મકાન હોય ત્યાં વાસ્તુ હોય. એમ અહીંયાં વસ્તુમાં અનંત ગુણ વસેલા (છે) – આ વાસ્તુ છે ! અનંત... અનંત... ગુણો જેમાં વસેલા



(છે) એવી આ પ્રભુ વસ્તુ છે. નાથ ! અમારી ચીજને આપ શુદ્ધ ભાળો છો. અમારી નિજ સત્તા, એ તમારી જેવી સત્તા છે એવી અમારી સત્તા તમે જુઓ છો. હવે અમે અમારી સત્તા તમે જુઓ છો એવી જોઈએ ત્યારે તમારી સાથે ભેગા થઈ જઈએ. આ..હા..હા...!

આ..હા..હા...! આ તો અંદરની લક્ષ્મીની વાત છે, બાપુ ! આહા...હા...! પ્રભુ ! ગાંડા કહો, પાગલ કહો, ગમે તે કહો ! (આખી) દુનિયાને અમે જાણીએ છીએ ! પણ આ ચીજ છે એ કોઈ અલૌકિક છે ! અરે..રે...! એણે અનંત ભવમાં, અનંત પરિભ્રમણના કાળમાં દુઃખ વેઠ્યાં. પણ આ પ્રભુ અંદર મુક્તસ્વરૂપ છે અને તેનો અનુભવ, શ્રુતજ્ઞાન અને જૈનધર્મ છે, એ વાત એણે લક્ષમાં લીધી નથી, પ્રભુ ! આહા...હા...! સમજાય છે કાંઈ ?

**'(...શ્રુતજ્ઞાન પોતે) આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.'** જુઓ ! કહ્યું ? કે, ત્રિકાળીનું જે જ્ઞાન થયું – શુદ્ધ, અબદ્ધ, મુક્તસ્વરૂપનું જ્ઞાન થયું, એ જ્ઞાન જ આત્મા છે અને તે જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ છે. પર્યાયમાં જ્ઞાનનો અનુભવ છે તે જ આત્માનો અનુભવ છે, આ..હા..હા...!

અરે...! રીત પકડે તો ખરો ! જાણે તો ખરા ! એની રીત જાણ્યા વિના એ શી રીતે પ્રયત્ન કરશે ? શું આનો માર્ગ છે ? આહા...! પહેલા એક વાર દાખલો નહોતો આપ્યો ? શિરો કરવા જાય તો પહેલા લોટ ઘીમાં શેકાય. શિરો કહે છે, તમારે ક્યા કહતે હૈં ?

મુમુક્ષુ :– હલવા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– હલવા ! એ ઘીમાં લોટ શેકાય પછી સાકર અને ગોળનું પાણી નખાય ત્યારે એ શિરો થાય. પણ કોઈ એવી ડાહીની દીકરી નીકળી (એને એમ થયું કે) 'સાકર અને ગોળનું પાણી પાછળથી નાખવું પડે છે ને તો ગોળના પાણીમાં પહેલો લોટ શેકો ! પછી નાખો

ઘી !' ત્રણે જાશે તારા ! લૂપરી પણ નહિ થાય !! શિરો તો નહિ થાય પણ લૂપરી પણ નહિ થાય !! એમ જે આ વિધિ છે, એથી બીજી રીતે કરીશ તો તારા ચાર ગતિમાં પરિભ્રમણ મટશે નહિ. માર્ગ આ છે ! શિરો થવાની રીત – પહેલાં ઘીમાં લોટને શેકવો, એમ છે. એમ મોક્ષનો માર્ગ – પહેલાં આત્માના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરવા એ છે. આહા..હા...!

કહે છે, એ '**...જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' પર્યાય હોં ! દ્રવ્યને અવલંબીને જ્ઞાનનો જે પર્યાય અનુભવ્યો, મુક્તસ્વરૂપને લક્ષે જે જ્ઞાનનો અનુભવ થયો, તે જ્ઞાન તે આત્મા છે અને (તે) આત્મા તે જૈનશાસન છે. આ જૈનશાસન તે શ્રુતજ્ઞાન છે. અહીં એમ લેવું છે. ભાવશ્રુતજ્ઞાન તે આત્મા છે એમ અહીં લેવું છે. આહા..હા...! છે ?

'**પરંતુ હવે...**' જરી ધ્યાન વધારે રાખશો, ભાઈ ! આવું હોવા છતાં કેમ પ્રગટ થતો નથી ? અને કેમ પ્રગટ થાય છે ? (તે કહે છે). '**...સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...**' એ શું કહે છે ? ત્રિકાળી જ્ઞાયકભાવ જે સામાન્ય છે, ત્રિકાળી જ્ઞાયકભાવ જે સામાન્ય છે એનો આવિર્ભાવ એટલે પ્રગટવું. એ ત્રિકાળી છે એને પ્રગટવું કે ન પ્રગટવું તો છે નહિ, પણ અહીંયાં જે ત્રિકાળી વસ્તુ છે તેનો અનુભવ થાય, તેથી તેને જ્ઞાયકનો અનુભવ થયો, એમ કહેવામાં આવે (છે).

એ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ, એટલે ? જે જ્ઞાન સામાન્ય ત્રિકાળી ધ્રુવ છે, જેમાં મતિ–શ્રુત અને અવધિ આદિના ભેદો પણ નથી, અંદર એકલો જ્ઞાનમૂર્તિ પ્રભુ ધ્રુવ છે, એ જ્ઞાનનો જે અનુભવ, એ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ. એ જ્ઞાન સામાન્ય એટલે ત્રિકાળ (સ્વરૂપ) એની દૃષ્ટિ થતાં, તે સામાન્ય જ્ઞાનનો પર્યાયમાં અનુભવ થવો, તે સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ. આહા...હા...! સામાન્યનો આવિર્ભાવ થતો નથી. સામાન્ય તો ત્રિકાળ જ રહે છે. સમજાય છે કાંઈ ? પણ સામાન્ય તરફનું લક્ષ



કરીને જે અનુભવ થયો, તેને સામાન્ય જ્ઞાન કહેવામાં આવે છે.

ફરીને ! સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ – સામાન્ય એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ, જે અબદ્ધસ્પૃષ્ટ આદિ (પાંચ ભાવસ્વરૂપ) કહ્યો, એની દૃષ્ટિ આપતાં, એ છે તો ત્રિકાળી પ્રગટ સ્વરૂપ જ, પણ એણે અનુભવ કર્યો ત્યારે તેને પ્રગટ દેખવામાં આવ્યો, તેથી તેને જ્ઞાયકભાવ પ્રગટ થયો, આવિર્ભાવ થયો, બહાર આવ્યો, ખ્યાલમાં આવ્યો, એમ કહેવામાં આવે છે. છે ? આહા..હા...!

ફરીને ! સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ એટલે (શું) ? ત્રિકાળી જ્ઞાયકભાવ જે અબદ્ધસ્પૃષ્ટ, મુક્ત કહ્યો, તેનો અનુભવ, તે સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ (છે). જે સામાન્ય જ્ઞાન પ્રગટમાં – ખ્યાલમાં નહોતું ત્યારે એને તિરોભૂત કહેવામાં આવતું. એ જ્ઞાયક છે એ આવિર્ભાવ અને તિરોભૂત થતો નથી. જ્ઞાયક જે ત્રિકાળી છે એનો કાંઈ આવિર્ભાવ અને તિરોભાવ થતો (નથી), ઇ તો છે ઇ છે. પણ જ્ઞાયકભાવનો – સામાન્ય જ્ઞાનનો જે અનુભવ કર્યો, ત્રિકાળી જ્ઞાન ઉપર દૃષ્ટિ આપતાં જે અનુભવ થયો, એ સામાન્યનો આવિર્ભાવ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

ફરીને ! સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ એટલે કે પહેલાં જે અબદ્ધસ્પૃષ્ટ સામાન્ય કહ્યો, ગુણભેદ વિનાનો જે સામાન્ય કહ્યો, એ વસ્તુ છે ત્રિકાળી દ્રવ્ય... ત્રિકાળી દ્રવ્ય ! એ દ્રવ્યનો અનુભવ એ સામાન્યનો આવિર્ભાવ નામ સામાન્ય પ્રગટ્યું એમ કહેવામાં (આવે છે). સામાન્ય તો સામાન્ય જ છે. સામાન્ય બહારમાં આવે (તો) એ તો વિશેષ થઈ ગયું. પણ અહીં સામાન્ય ઉપર દૃષ્ટિ આપતાં જે આવિર્ભાવ થયો, અનુભવ થયો માટે સામાન્યનો આવિર્ભાવ કહેવામાં આવ્યો.

મુમુક્ષુ :– પર્યાયમાં આવિર્ભાવ થયો ?

સમાધાન :– પર્યાયમાં દૃષ્ટિ(માં) આવ્યો એટલે સામાન્યનો

આવિર્ભાવ – સામાન્ય પ્રગટ્યું, એમ કહેવામાં આવે છે. આહા...હા...! છે ને સામે લખાણ પડ્યું છે કે નહિ ? સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું એટલે કે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ, તેની દૃષ્ટિ આપતાં, તે જ્ઞાયકભાવ જણાણો તેથી તે જ્ઞાયકભાવ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. આહા...હા...! છે ?

આ ગાથા ઝીણી છે, પ્રભુ ! પંદરમી ગાથા તમે બધાએ લખેલી છે ! ત્યાં સોનગઢ એક પાનું આવ્યું હતું કે આવું–આવું વાંચવું. પંદરમાં તો આ છે ! આહા...હા...! અહીં પંદર વલુ નથી હોં ! અહીં સોળ વલુ છે ! પંદરમી ગાથામાં સોળ વલાની વાત છે ! સોળ વલુ એટલે ? ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ છે... છે... છે... છે... છે... છે... છે.... જેમાં પર્યાયનો પણ ભેદ નથી, એવો જે ભગવાન જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવભાવ, એનું લક્ષ કરતાં જ્ઞાનમાં અનુભવમાં જે આવે, તેથી તે સામાન્ય પ્રગટ્યું છે, સામાન્યનો આવિર્ભાવ થયો છે, એમ કહેવામાં આવે છે. આ..હા..હા...! આ એક બોલ જ આકરો છે !

મુમુક્ષુ :– બહુ સરસ ! અલૌકિક સરસ વાત !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા...હા...! બાપુ ! એ વાત કાને સાંભળવા પડે એ ભાગ્યવાન છે ! એવી આ તો ત્રણલોકના નાથની વાણી છે !! જિનેશ્વદેવ સર્વજ્ઞ ભગવાન ! એના મુખમાંથી દિવ્યધ્વનિ નીકળી. આ ‘કુંદકુંદઆચાર્ય’ ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યાં હતાં, સંત હતાં, અનુભવી હતાં, ચારિત્રવંત હતાં, છતાં ત્યાં આઠ દી’ રહીને, જ્ઞાનની નિર્મળતા ઘણી પ્રગટ થઈ (પછી ત્યાંથી) આવીને આ શાસ્ત્ર બનાવ્યું, આહા...! મૂળ ગાથા તો એની છે ને ! અને એ ગાથાની આ ટીકા, એના પછી – એક હજાર વર્ષ પછી ‘અમૃતચંદ્ર આચાર્ય’ થયા. એમણે આ ટીકા બનાવી. જેમ તીર્થંકરના ભાવની ગણધર રચના કરે, એમ



‘કુંદકુંદઆચાર્ય’ના ભાવની ‘અમૃતચંદ્ર આચાર્યે’ રચના કરી છે !

મુમુક્ષુ :– ઉસકા રહસ્ય તો આપ ખોલ રહે હૈં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– માર્ગ તો એમાં આ રહ્યો છે ને, પ્રભુ ! **‘આ તો અંદર પૂર્વનું હતું ઇ આવ્યું !!’** આ..હા..હા...! આ તો કોઈ પાસેથી સાંભળેલું નહોતું. કોઈ પાસે હતું નહિ તો કોને સાંભળે ? આ..હા..હા...! **‘પણ અંદરથી જ આવ્યું** !’ કાલે રાતે કહ્યું નહોતું ? **‘શિવરમણી રમનાર તુ, તું હિ દેવનો દેવ.’** એ અવાજ (સંવત) ’૬૪ની સાલમાં આવ્યો, અઢાર વર્ષની ઉંમરે ! દુકાન ઉપર ! પિતાજી ગુજરી ગયેલા અને દુકાન ચલાવવામાં હું જ દુકાન ચલાવતો. એમાં એક વાર રામલીલા આવેલી... રામલીલા ! આ રામલીલા નથી થાતી ? ‘રામ’ અને ‘લક્ષ્મણ’ની મોટી લીલા કરતાં (એ) જોવાં ગયેલાં હતાં. બ્રહ્મણનાં દીકરાઓ પણ માળા એવું ભજવે...! ‘રામ’, ‘સીતા’ અને ‘લક્ષ્મણ’, ઓ..હો..હો...હો...! ગામનો એક મંદિરનો બાવો હતો, એ બાવાએ પણ એની આરતી ઉતારી ! પેલા ભેખની ! બ્રાહ્મણનાં છોકરાં ‘રામ’ અને (‘લક્ષ્મણ’) એની આરતી ઉતારી ! એટલો રસ હતો ! એ રસમાં મને અંદરથી રસ આવી ગયો ! હું તો વેપારી ! અહીંયાં કવિ (કવિતા) કોણ જાણતાં હતાં ! પણ છ કડી કોણ જાણે કેમ બની ગઈ ! અડધી કડી યાદ રહી ગઈ, બાકી બધી ચોપડીમાં રહી ગઈ. **અંદરથી એવું પહેલેથી આવ્યું – ‘હે આત્મા ! શિવરમણી રમનાર તું’** તારી પરિણતિ તો શિવરમણીની છે. આ સ્ત્રી ન હોય ! ‘તું હી દેવનો દેવ છો’ એ સમજાણું નહોતું. આ શું કહે છે ? **અંદરથી આવ્યું – તું દેવનો દેવ છો ! પછી તો વળી ‘બેન’ તરફથી (ખુલાસો મળી ગયો).**

અહીં કહે છે, આહા...હા...! **‘સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ** !’ આ શબ્દમાં બહુ ગૂઢપણું છે ! એક ચૈતન્યમૂર્તિ ભગવાન અંદરમાં બિરાજે છે. ધ્રુવસ્વરૂપ... ધ્રુવસ્વરૂપ... એનો અનુભવ (તેને) ધ્રુવનો આવિર્ભાવ

કહેવામાં આવે છે. ધ્રુવનો આવિર્ભાવ થતો નથી. ધ્રુવ તો ધ્રુવરૂપે રહે છે, પણ ધ્રુવ તરફની દૃષ્ટિ થતાં, જે આનંદનો સ્વાદ આવ્યો, એને સામાન્યનું પ્રગટપણું કહેવામાં આવે છે. સામાન્યમાં જે અતીન્દ્રિય આનંદ ભર્યો છે, ત્રિકાળીમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે, (જ્ઞાન) એની સન્મુખ થયું ત્યાં જે આનંદ પ્રગટ્યો, તેથી તે સામાન્યનો આવિર્ભાવ (એટલે કે) દ્રવ્ય જાણે પ્રગટ્યું, એમ કહેવામાં આવે છે. સામાન્ય એટલે દ્રવ્ય (અને) આવિર્ભાવ એટલે પ્રગટ્યું, આહા...હા...! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે. બહુ એવી કોઈ ગૂઢ નથી. આ સંસ્કૃત નહિ, વ્યાકરણ નહિ અહીંયાં તો સાદી ભાષા (છે), આ..હા..હા...!

અંદર એકરૂપ વસ્તુ છે. બદ્ધસ્પૃષ્ટ રહિત જે પાંચ બોલ કહ્યા, એ પાંચ બોલરૂપ એકસ્વરૂપ, તેની દૃષ્ટિ થતાં એ જ્ઞાયકનું શ્રુતજ્ઞાનમાં ભાન થયું તો એ જ્ઞાયકભાવ પ્રગટ્યો, એ સામાન્ય ભાવ આવિર્ભાવ – પ્રગટ્યો, એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ?

સામાન્ય જ્ઞાનનો... સામાન્ય જ્ઞાન એટલે ત્રિકાળી ! સામાન્ય જ્ઞાન એટલે ત્રિકાળી (જ્ઞાયકભાવનો) આવિર્ભાવ એટલે પ્રગટપણું (થયું) (એટલે) પર્યાયમાં ખ્યાલમાં આવ્યું. અંતર્મુખ જોતાં, અંદર પૂર્ણાનંદના નાથને જોતાં... આ..હા..હા..! બધેથી દૃષ્ટિ હટાવી, સંયોગથી દૃષ્ટિ હટાવી, નિમિત્તથી હટાવી, રાગથી હટાવી, પર્યાયબુદ્ધિમાંથી પણ દૃષ્ટિ હટાવી અને સામાન્ય ઉપર જ્યાં દૃષ્ટિ ગઈ, ત્યારે એ સામાન્ય આવિર્ભાવ થયો. ત્યારે એ સામાન્ય છે એ પર્યાયમાં ખ્યાલમાં આવ્યો. ખ્યાલમાં આવ્યો એ આવિર્ભાવ થયો. જે ખ્યાલમાં નહોતો એ સામાન્ય ખ્યાલમાં આવ્યો, એ 'સામાન્યનો આવિર્ભાવ થયો' એમ કહેવામાં આવ્યું. આહા...હા...!

મુમુક્ષુ :– દૃષ્ટિમેં સામાન્ય ખ્યાલમેં આયા ઉસકા મતલબ આવિર્ભાવ હુઆ ?

સમાધાન :– સામાન્ય(નો) તો કાંઈ આવિર્ભાવ થતો નથી. સામાન્ય



તો ત્રિકાળ નિરાવરણ જ છે. પણ સામાન્યનું જ્યાં લક્ષ થયું અને દૃષ્ટિ થઈ, ત્યાં આનંદનો સ્વાદ આવ્યો અને શ્રુતજ્ઞાન પ્રગટ્યું, (તેને) સામાન્યનો આવિર્ભાવ કહેવામાં આવે છે, સામાન્ય પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. આવિર્ભાવ એટલે પ્રગટ્યું. આહા..હા..હા...!

આવી વાત, 'આફ્રિકા'માં ! ઝીણી વાત છે, ભગવાન ! ઝીણું પણ આવવા દ્યો, કહેતાં હતાંને રાતે ? આ આજે ઝીણું આવ્યું !

મુમુક્ષુ :– આ તો હથેળીમાં આત્મા બતાવ્યો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– હથેળીમાં આત્મા છે ! વાત સાચી, બાપા ! આ..હા..હા...!

પ્રભુ ! પ્રભુનો પોકાર છે કે, પ્રભુ ! તારી પ્રભુતાથી ભરેલું પૂર્ણ તત્ત્વ છે. એની તને દૃષ્ટિ થાય અને ભાવશ્રુતજ્ઞાન થાય ત્યારે તે સામાન્ય ભાવ છે એ પ્રગટ્યો, ખ્યાલમાં આવ્યો, પર્યાય અનુભવમાં આવી એટલે અહીંયાં સામાન્ય(નો) આવિર્ભાવ થયો, એમ કહેવામાં આવે છે.

આ..હા..હા...! અમૃતવાણી છે ભગવાનની ! આ તો અમૃત રેડાય છે !! આહા...! આ..હા..હા...! 'શ્રીમદ્' એક (વાર) કહેતાં હતાં,

**'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.**
**રે ગુણવંતા રે જ્ઞાની, અમૃત વરસ્યાં રે પંચમકાળમાં !**
**હે ગુણવંતા એ જ્ઞાની, એ અમૃત વરસ્યાં રે પંચમકાળમાં !!'**

આ..હા...હા...! આવી ચીજ છે !

સામાન્ય જ્ઞાન એટલે ત્રિકાળી, તેનો આવિર્ભાવ એટલે પર્યાયમાં પ્રગટ થયો. એની સામું જોતાં, ધ્રુવની નજરું કરતાં, ધ્રુવના નિધાનને નજરમાં લેતાં, એ સામાન્ય પ્રગટ થયો એટલે ખ્યાલમાં આવ્યો. ખ્યાલમાં આવ્યો એને સામાન્ય પ્રગટ થયો, એમ કહેવામાં આવે છે. ભાષા જરી સાદી છે પણ ભાવ બહુ ઊંડો છે ! આ..હા...હા...!

અરે..રે...! એણે આત્માનું કોઈ દી' કર્યું નથી ! બહારની પંચાત આડે નવરો થાતો નથી. અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે, એને જોવા માટે, એને અડવા–સ્પર્શવા માટે, એની સન્મુખ થવા માટે ફુરસદ લેતો નથી અને રખડવાના માર્ગમાં ફુરસદ લઈને પડ્યો છે, માળો ! આહા...હા...! પછી ભલે અબજોપતિ હોય કે કરોડપતિ ધૂડ હોય ! પતિ તો એને કહીએ – કરોડપતિ એ જડનો પતિ. તેને 'પતિ' કહીએ. કરોડપતિ અને અબજપતિ ! – 'ભેંસનો ધણી પાડો' (કહેવાય) એમ આ કરોડપતિ એ કરોડનો ધણી – જડનો ધણી કહેવાય. આ..હા..હા...! અહીં તો અંદરથી આત્માનો ધણી થયો ! આહા...હા...!

ભગવાન સામાન્ય સ્વરૂપ જે છે એનું આવિર્ભાવ થવું. આહા...! '**...અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...**' એટલે ? જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોથી જ્ઞાન ભંગ પડતું – જ્ઞાનની પર્યાયમાં બીજા જ્ઞેયોને જાણતાં ભંગ પડતું, તેનું ઢંકાઈ (જવું તેને 'તિરોભાવ' કહે છે). ફરીને ! છે ? વિશેષ એટલે (જ્ઞેયાકાર) જ્ઞાનનો તિરોભાવ, એટલે ? જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયો(ને) જાણીને, જ્ઞાન જાણે જ્ઞેયરૂપ છે, એમ થઈ જતું, તે જ્ઞેયાકાર મટીને જ્ઞાનાકાર જ્ઞાન થયું, સમજાય છે કાંઈ ? એટલે કે સામાન્યનો આવિર્ભાવ થયો અને જ્ઞેયાકારે જે જ્ઞાન થાતું, એ પરાધીન હતું, તે તિરોભૂત થઈ ગયું. આ..હા..હા...!

ફરીને લઈએ ! વિશેષ જ્ઞાનનો તિરોભાવ – આચ્છાદન. એટલે ? કે, જ્ઞાનની પર્યાયમાં ભેદરૂપે જે અનુભવ હતો અને બીજા જ્ઞેયો છે તે બીજા જ્ઞેયોના આકારે જ્ઞાન પરિણમતું, એ પરાધીન હતું. બીજા જ્ઞેયને જાણવા પરિણમતું જ્ઞાન તે પરાધીન હતું. એ જ્ઞેયાકાર (જ્ઞાન) તિરોભૂત થઈ ગયું. સામાન્ય જ્ઞાન(નો) જ્યાં આવિર્ભાવ થયો તો જ્ઞાનની પર્યાયમાં પરના જ્ઞેયાકારરૂપે થતું તે જ્ઞાન ઢંકાઈ ગયું, એ જ્ઞાન નાશ થઈ ગયું. આ..હા..હા...!



ફરીને ! આમાં તો ફરી–ફરીને લે તો કાંઈ પુનરક્તિ(દોષ) લાગતો નથી ! આહા...હા...! સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ અને વિશેષ જ્ઞાનનો તિરોભાવ. એટલે કે જ્ઞાનની પર્યાય સ્વ જ્ઞેયને ન જાણતાં, જે જ્ઞાનની પર્યાય પરના જ્ઞેયાકારે પરિણમીને રોકાઈ ગઈ હતી, એ આ સામાન્ય જ્ઞાન ઉપર દૃષ્ટિ પડતાં (જે) જ્ઞેયાકારે જ્ઞાન થતું (હતું) તે તિરોભાવ – ઢંકાઈ ગયું. સમજાણું કાંઈ ? ભાષા તો સાદી (છે) પણ ભાવ તો ઝીણા છે ને, બાપા ! આહા..હા..હા...! બે શબ્દમાં તો આટલું ભર્યું છે ! સામાન્યનો આવિર્ભાવ અને વિશેષનો તિરોભાવ ! આહા..હા...!

ભગવાનઆત્મા ! સામાન્ય નામ ત્રિકાળી સ્વરૂપ જે છે, તેની દૃષ્ટિ થતાં, ભાવશ્રુતજ્ઞાન થતાં, તે સામાન્યનો આવિર્ભાવ કહેવામાં આવ્યો. આવિર્ભાવ એટલે સામાન્ય પ્રગટ્યું, એમ કહેવામાં આવ્યું. (પ્રગટી) તો પર્યાય, પણ સામાન્યનું લક્ષ કરીને (પ્રગટી) માટે આ સામાન્ય પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. એ વખતે વિશેષ જ્ઞાનની પર્યાયમાં અનંત જ્ઞેયાકારે થઈને જ્ઞાન ખંડ–ખંડ થતું, જ્ઞેયાકારે થઈને જ્ઞાન ખંડ–ખંડ થતું તે તિરોભૂત થઈ ગયું, તે ઢંકાઈ ગયું. આ..હા...હા...! જરી ઝીણું છે ! આ ગાથા જ એવી છે ને, પ્રભુ ! પંદરમી ગાથા તમે જ લખી છે કે, આ વાંચવી ! આહા..હા...!

વિશેષ જ્ઞેયાકાર – પોતાને ભૂલી અને પોતાની જ્ઞાનપર્યાય જે છે તે પરજ્ઞેયના આકારે પરિણમતી હતી. પોતાના જ્ઞાન આકાર(ને) ભૂલીને પરજ્ઞેય આકારે જ્ઞાનની પરિણતિ થતી હતી. પરને જાણવું (એમાં જ્ઞાન) રોકાઈ જતું, એ કાંઈ જ્ઞાન નથી. પરનું જાણવું (એમાં) પરનું જાણવામાં જાણે છે તો પોતાની પર્યાય, પરને જાણતો નથી, પર પર તરફના લક્ષવાળું જ્ઞાન, એ પર જ્ઞેયાકારે થયેલું જ્ઞાન, તે સામાન્ય જ્ઞાન પ્રગટ થતાં, તે જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય ઢંકાઈ ગઈ, આચ્છાદન થઈ ગઈ, રોકાઈ ગઈ. આહા...હા...! આવી વાતું છે !

આ..હા..હા...! આ તો પ્રભુ તારા ઘરની વાત છે ને ! તારા ઘરની વાતું કરે છે, બાપા ! તને ઘરે લઈ જવા માગે છે, પર ઘરમાં ફર્યા કરે છો ! આહા..હા...! હિન્દીમાં કંઈ આવે છે ને ? 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા !' અને (બીજુ) નથી આવતું ?

મુમુક્ષુ :– હમ તો કબહુ ન નિજ ઘર આયે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, 'હમ તો કબહુ ન નિજ ઘર આયે !' હિન્દીમાં આવે છે.

'હમ તો કબહુ ન નિજ ઘર આયે,
પર ઘર ભમત અનેક નામ ધરાયે...'

'પર ઘર ભમત' (અર્થાત્) જ્ઞાનપર્યાય એની, છતાં એ જ્ઞાનપર્યાયમાં જ્ઞેયના આકારને જોવા રોકાઈ ગયો ! 'પર ઘર ભમત અનેક નામ ધરાયે, હમ તો કબહુ ન નિજ ઘર આયે.' આહા...! સામાન્ય ઉપર દૃષ્ટિ પડતાં નિજ ઘરમાં આવ્યો અને જ્ઞેયાકાર જે પર ઘર હતું એને છોડી દીધું. આહા...હા...!

આવો માર્ગ છે, પ્રભુ ! ધીમેથી વિચારવા જેવો છે, પ્રભુ ! ધીમેથી આ કરવા જેવું છે, બાપુ ! બાકી તો દેહ ચાલ્યો જશે, દેહ તો નાશ થઈ જશે આ તો મસાણની રાખ છે. મસાણની રાખ તે આવડી નહિ થાય, થોડી (થાશે) પવન આવ્યો અને ઊડી જશે. આ..હા..હા...! 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત' આ રેત... રેત ! રેત રખડે છે ને ? એમ આ રજકણ (રખડશે).

**'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત,**
**પછી નરતન પામીશ ક્યાં ? ચેત, ચેત નર ચેત...'**

આ 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' ધૂડ જેમ રખડે એમ આ રખડશે (અને) ઊડી જશે. 'પછી નર તન પામી ક્યાં ? ચેત, ચેત, નર ચેત...' 'આમાં જો ! આમાં આવ, હવે બહારમાં બધે રોકાઈને



પડ્યો છો ! મરી ગયો છે !' (એમ) કહે છે. આહા...!

વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનનો તિરોભાવ. એ જ્ઞાનનો તિરોભાવ એટલે જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેયાકાર જે થાતું, તે ઢંકાઈ ગયું, તે આચ્છાદન થઈ ગયું, (તેનું) લક્ષ છૂટી ગયું. જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેયાકાર (જણાતુ હતું) તે લક્ષ છૂટી ગયું. જ્ઞાનની પર્યાયમાં સામાન્ય લક્ષમાં આવ્યું એટલે સામાન્ય પ્રગટ થયું અને જ્ઞેયાકાર ઢંકાઈ ગયું. આહા..હા..હા...! સમજાય છે ? ભાષા તો સાદી છે. બેનો–દીકરીઓને પણ સમજાય એવું છે. અમારે તો આત્મા છે ને ! ભગવાન ! અમે તો આત્મા જોઈએ છીએ, અંદર બધા આત્મા છે ને ! આહા..હા...! આ..હા...! સામાન્યનો આવિર્ભાવ અને વિશેષનો તિરોભાવમાં આવો અર્થ છે.

ત્રિકાળી ભગવાન છે, અબદ્ધસ્પૃષ્ટ જે પાંચ ભાવસ્વરૂપ કહ્યો, એનું લક્ષ થતાં, તે સામાન્ય પ્રગટ્યું એમ કહેવામાં (આવે છે). અનુભવમાં આવ્યું એટલે પ્રગટ્યું એમ કહેવામાં આવ્યું. અને તે અનુભવમાં આવતાં જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેય આકાર થઈને (જ્ઞાન) પરાધીન થઈને રોકાઈ જતું એ જ્ઞેયાકાર ત્યાં નાશ થઈ ગયું. જ્ઞાનાકાર જ્ઞાન થતાં જ્ઞેયાકારનો નાશ થઈ ગયો. આહા..હા..! ગાથા તો એવી ઊંચી છે, બાપુ ! કાને પડવાને માટે ભાગ્ય જોઈએ છે ! આહા...હા...! હજી તો આ બે લીટીમાં આ બધું...! આહા..હા...!

સામાન્ય જ્ઞાન એટલે ત્રિકાળી વસ્તુ, તેનો આવિર્ભાવ એટલે કે તેનું ભાન થવું. એ તો છે ઇ છે. ૩૨૦ ગાથામાં તો એમ કહ્યું છે, સકળ નિરાવરણ...! ૩૨૦ ગાથા ! સંસ્કૃત છે. 'જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મ દ્રવ્ય, તે જ હું છું.' આ સંસ્કૃતનું છે, એમાં આ લખેલું પડ્યું છે પણ એ પાનું જુદું છે. આહા...હા...!

અહીંયાં કહે છે, વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ તો સકળ નિરાવરણ

છે. વસ્તુ પ્રગટે છે અને વસ્તુ આચ્છાદન થાય છે, એમ નથી. શું કહ્યું એ ? જે દ્રવ્ય છે ત્રિકાળી ભગવાન ! જે દ્રવ્યને આવરણ છે અને દ્રવ્યનું નિરાવરણ છે, એવું છે જ નહિ. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે. આવ્યું ને ? 'સકળ નિરાવરણ !' ત્રિકાળ નિરાવણ. પણ પર્યાયમાં રાગનો સંબંધ છે તેથી આવરણવાળું કહેવામાં આવે છે. એ અહીં કહે છે, એ દૃષ્ટિ જેણે છોડી દીધી છે, પરમાં રોકાતાં જ્ઞેયાકાર જ્ઞાનને છોડી દીધું છે અને જ્ઞાયક ત્રિકાળી છે ત્યાં દૃષ્ટિ લગાવી છે. તેને ભાવશ્રુતજ્ઞાન થયું છે, ઇ ભાવશ્રુતજ્ઞાન (થતાં) તે આત્મા સામાન્ય પ્રગટ થયો તેમ કહેવામાં આવે છે. આહા..હા...!

આવો ઉપદેશ હવે...! સાધારણને જાડી વાતું જોઈતી હોય, બાપુ ! માર્ગ તો આ છે. બાલ અને ગોપાલ ! ૧૭--૧૮ ગાથામાં આવશે. 'આબાળગોપાળ !' બાળકથી માંડીને વૃદ્ધ બધાને માટે આ પાત્રતા અને લાયકાત છે. ત્યાં ૧૭–૧૮ ગાથામાં તો ત્યાં સુધી આવશે, આબાળગોપાળ – બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધાને જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે. ૧૭–૧૮ ગાથામાં એવું આવશે.

એ જ્ઞાનની પર્યાયમાં બધાને આત્મા જણાય છે ! પણ એ નજર કરતો નથી. નજર પર્યાય અને રાગમાં રાખે છે. તેથી અંદર દેખાવા છતાં જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, તેથી જ્ઞાનની પર્યાય સ્વને જાણ્યા વિના રહે જ નહિ. તે જ્ઞાનપર્યાય સ્વને – આત્માને જાણતાં છતાં પર્યાયલક્ષીવાળો, રાગલક્ષીવાળો તેની તરફ નજર (કરતો) નથી. એ અંતરની નજર કરતો નથી. અંતર નજર કરતો નથી માટે જ્ઞેયાકાર જ્ઞાન(માં) રહીને રખડી મરે છે ! આહા...હા...!

વિશેષ કહેવાશે...

❄ ❄ ❄



## પ્રવચન–૧૦, ગાથા – ૧૫

(આ પંદરમી) ગાથા જરી ઝીણી છે પણ મૂળ વસ્તુ છે. જૈનધર્મ કોઈ વાડો નથી, પક્ષ નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે.

આપણે અહીં સુધી આવ્યું. સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ અને જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ. શું કહ્યું ? આત્મા જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે, એની પર્યાયમાં એ જ્ઞાનનો અનુભવ થવો, એ જ્ઞાનાકાર (જ્ઞાન) સામાન્ય આવિર્ભાવ નામ જ્ઞાન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન ! એનો અનુભવ કરતાં પર્યાયમાં જ્ઞાન અને આનંદ આવે એને અહીંયાં જ્ઞાનનો અનુભવ, એને જૈનશાસન, એને અનુભૂતિ કહેવામાં આવે છે. છે ? ત્યાં સુધી આવ્યું છે ને ?

**'...જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** શું કહે છે ? ચૈતન્યસ્વરૂપ ભગવાન ! એ જ્ઞાન અને આનંદમૂર્તિ છે. એના તરફનું લક્ષ કરીને આત્માનો અનુભવ કરવામાં આવે ત્યારે તે પ્રસિદ્ધ (થાય છે). આત્મા પ્રસિદ્ધ થાય છે કે, હું શુદ્ધ, ચૈતન્ય અને આનંદ છું, એમ જ્ઞાનની સન્મુખ (થઈને) અનુભવ કરતાં આત્માની પ્રસિદ્ધિ થાય છે. એ આત્માની પ્રસિદ્ધિ તે જ્ઞાન છે, તે આનંદ છે, તે જૈનશાસન છે, તે અનુભૂતિ છે, એ સમ્યગ્દર્શન છે, એ ધર્મની પ્રથમમાં પ્રથમ શરૂઆત છે. આહા...હા...!

આવું **'...જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...'** શું કહ્યું ઇ ? આત્મા ચૈતન્યસ્વરૂપ દ્રવ્ય છે, એના તરફનો અનુભવ કરતાં પર્યાયમાં

સામાન્યપણું એટલે જ્ઞેયોના આકારના ભેદથી ખંડ થાય છે, તે ખંડ ન થતાં, જ્ઞાનાકારનો જ્ઞાનસ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય, તેને જ્ઞાનનો અનુભવ, તેને જૈનશાસન, તેને સમકિત અને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા...હા...! આટલું બધું....! છે ને ? '**...ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...**' જ્ઞાનમાત્રનો અનુભવ કરતાં, સંયોગી ચીજથી લક્ષ છોડી અને અંદર દયા. દાન કે વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ તેનું પણ લક્ષ છોડી, એક સમયની પર્યાયને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ તરફ ઝુકાવતાં, પર્યાયમાં સામાન્ય જ્ઞાન એટલે કે પર જ્ઞેયના આકારનો મિશ્રભાવ ન આવતાં, એકલો જ્ઞાનનો ભાવ આવે, એને અહીંયાં સામાન્ય જ્ઞાન કહે છે. આહા...હા....! એ સામાન્ય જ્ઞાનનો અનુભવ આવવો એનું નામ જૈનશાસન, જૈનધર્મ, અનુભૂતિ અને મોક્ષમાર્ગની શરૂઆત ત્યારથી થાય છે. સમજાય છે ? ઝીણી વાત છે ! આહા..હા...!

આવું હોવા છતાં, છે તો આવું કે, ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા ! ધ્રુવસ્વભાવ, તેનો આશ્રય લઈને, અનુભવમાં જે આનંદ આવ્યો અને અનુભવમાં એ જ્ઞાનનું જ્ઞાન થયું, એને અહીં સામાન્ય જ્ઞાન કહે છે. તે જ્ઞાનને જૈનશાસન અને ધર્મ કહે છે. કહો ! આવી વાત છે ! કાને પડવી મુશ્કેલ પડે ! આહા...હા...! આ જૈનધર્મ ! જૈનધર્મ કોઈ બહાર પક્ષમાં નથી.

અંતરમાં વીતરાગઆત્મા, વીતરાગસ્વરૂપથી ભરેલો ભગવાનઆત્મા છે ! એને જ્ઞેય – શરીર, વાણી, મન, રાગ, પરપદાર્થ, પરવસ્તુના આકારે ન થવા દેતાં, પરવસ્તુ જે જ્ઞેય છે તેને આકારે જ્ઞાનને ન થવા દેતાં... આહા...હા...! જ્ઞાનને જ્ઞાનના આકારે થવામાં જે જ્ઞાનનો અનુભવ થાય. તેને અહીં જૈનધર્મ અને જૈનશાસન કહે છે. ભાષા પણ આકરી ! માર્ગ એવો છે, પ્રભુ !

અંતર તત્ત્વ ભગવાન સચ્ચિદાનંદ ! સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે.



સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. એ જ્ઞાન અને આનંદથી ભરેલો દરિયો છે ! આહા...હા...! એને અનુભવતા (ધર્મ થાય છે). પર જ્ઞેય જાણીને જે જ્ઞાન ત્યાં રોકાતું હતું, રાગમાં જાણીને, પુણ્યમાં જાણીને, શરીર. વાણી, લક્ષ્મી આદિ પરમાં જ્ઞેયાકારરૂપે જ્ઞાન રોકાતું હતું, તે અધર્મ હતો. આ..હા..હા...! શું કીધું ઇ ? જ્ઞાનની વર્તમાન દશા પોતા સિવાઈના પર જ્ઞેયાકારમાં જ્ઞાન રોકાતું હતું, તે જ્ઞાનની પર્યાયને 'અધર્મ' કહેવામાં આવે છે. આહા..હા...! આ ગાથા તો ઊંચી છે ! જૈનધર્મ આખો કોને કહેવો ? (તે કહે છે). આહા...!

પુણ્ય અને પાપના પરિણામ, એ રાગ છે, એ કાંઈ જૈનધર્મ નથી. આવે (ખરો) વચ્ચે, પણ હેય તરીકે – છોડવા તરીકે વચ્ચે આવે. બેનના (વચનામૃતમાં) દાખલો આવ્યો હતોને ? એક મુસાફર(ને) જે નગરમાં જાવું છે તેના લક્ષે (આગળ વધતા) રસ્તામાં બીજા નગરો આવે, પણ એ નગરને છોડતો જાય અને જે નગરમાં જાવું છે, તે લક્ષમાં (આગળ વધીને) ત્યાં ચાલ્યો જાય. એમ ધર્મી, પોતાનું લક્ષ જે આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેમાં વચમાં શુભ–અશુભ રાગ આદિ આવે, એને છોડતો જાય અને અંતર જ્ઞાનસ્વરૂપમાં રમે, એને અહીં 'જૈનશાસન' કહે છે. આ..હા..હા...!

આવું હોવા છતાં, છે ? '**...તોપણ...**' એમ કીધું ને ? આમ હોવા છતાં, '**...તોપણ જેઓ અજ્ઞાની છે,...**' જેનું લક્ષ આત્મા ઉપર નથી અને પુણ્ય–પાપ, દયા–દાન અને બહાર(ની) સંયોગી ચીજ ઉપર જેનું લક્ષ છે એને આવો અનુભવમાં આવતો હોવા છતાં (તે અનુભવી શકતો નથી). '**...જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' આહા..હા....! છે પુસ્તક ? (અજ્ઞાની) જ્ઞેયમાં આસક્ત છે. શરીરમાં, વાણીમાં, પાપના પરિણામમાં કે પુણ્યના પરિણામમાં (એ આસક્ત છે). એ (બધું) જ્ઞાનમાં પર જ્ઞેય છે (અને) એ પર જ્ઞેયમાં જે આસક્ત છે તેને આત્મા અનુભવમાં

આવતો નથી. આત્મા અનુભવમાં (કેમ આવતો નથી ?) જૈનશાસન તરીકે પર્યાય વીતરાગી કેમ થતી નથી ? (કારણ કે) એ જ્ઞાનની વર્તમાન દશામાં પોતાના જ્ઞાયકભાવ સિવાય પર જ્ઞેયાકારને અંદર જ્ઞેયમાં રાખતા, પુણ્ય અને પાપના પરિણામ જ્ઞેયાકારરૂપે રાખતા, ત્યાં રોકાયેલો છે તેથી તેને જ્ઞાનસ્વભાવ અનુભવમાં આવતો નથી. સમજાય છે કાંઈ ? આ..હા..હા...!

મુમુક્ષુ :– પુણ્યના પરિણામ પર જ્ઞેય છે ?

સમાધાન :– પરદેશમાં જાય છે – પરમાં જાય છે. પરિણામ પોતાના છે, ઇ જ્ઞાન પર્યાય (પોતાની છે) છતાં જ્ઞેયાકાર પરમાં જાય છે. ત્યાં રોકાઈ જાય છે એથી અંદરમાં જઈ શકતો નથી. આ..હા..હા..! સમજાય છે ? ઝીણી વાત છે, ભાઈ ! ગાથા જ એવી છે. આહા...! તમારી લખેલી છે ! છે ને એમાં ?

આ..હા...! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! ચૈતન્યની ઝળહળ જ્યોત ! 'સ્વયં જ્યોતિ સુખધામ' ચૈતન્ય જ્યોતિ સ્વયં – પોતાથી છે અને એ આનંદનું ક્ષેત્ર છે – સુખનું ધામ છે. તેના તરફની દૃષ્ટિ ન કરતાં (પર જ્ઞેયમાં રોકાઈ જાય છે). એ (સ્વરૂપની) દૃષ્ટિ કરવી અને અનુભવ થવો એ સામાન્ય જ્ઞાન કહેવાય છે. એ પર્યાયમાં (પરજ્ઞેયોની) ભેળસેળ ન (થાય) અને (માત્ર) જ્ઞાતાનું (થાય) એને સામાન્ય જ્ઞાન કહે છે. આહા...હા...! પણ તે જ્ઞાતાનું જ્ઞાન (નહિ કરતાં) જ્ઞેયાકાર – પરમાં રોકાઈ જાય છે – લક્ષ્મીમાં, બાયડીમાં, કુટુંબમાં, પાપમાં અને પુણ્યમાં (રોકાઈ જાય છે). એ પુણ્ય–પાપના પરિણામ જ્ઞેય છે, એ જ્ઞાનનો સ્વભાવ નથી. એ આત્માનું સ્વરૂપ નથી. (જે) સ્વરૂપ નથી તેમાં (રોકાતાં), જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર એટલે પર જ્ઞેયાકાર થઈને રોકાતાં, તેને આ છતી ચીજ અંદર છે તે અનુભવમાં આવતી નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? કેમ અનુભવમાં નથી આવતી ? એનું કારણ કહ્યું.

છતી ચીજ અંદર પડી છે, જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ ! પરમેશ્વરસ્વરૂપ



જ એનું છે ! આ..હા...હા...! ભગવત્ સ્વરૂપ છે ! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. એ ખ્યાલમાં કેમ નથી આવતો ? (તે પહેલા કહ્યું હવે) ખ્યાલમાં કેમ આવ્યો ? કે, તે પરનું લક્ષ છોડીને સ્વના અનુભવમાં આવ્યો ત્યારે તે આત્માનો ખ્યાલ પર્યાયમાં આવ્યો, એને સામાન્ય જ્ઞાન, તેને ધર્મ, તેને જૈનશાસન, તેને અનુભૂતિ કહેવામાં આવે છે. આહા..હા...! આવી વાત છે !

આવું હોવા છતાં, છે ને ? '**...તોપણ જેઓ અજ્ઞાની છે,...**' આ..હા..હા...! '**...જ્ઞેયોમાં આસક્ત છે...**' આ..હા..હા...! શું કહે છે ? અંદર દયા, દાન અને વ્રતના વિકલ્પ ઊઠે એમાં પણ જે જ્ઞાન આસક્ત છે એ જ્ઞેય છે, એ જ્ઞાન નથી. પુણ્યના – દયા, દાન, વ્રતના પરિણામ ઊઠે એ કાંઈ જ્ઞાન નથી, એ જ્ઞેય છે. એ જ્ઞેયાકારમાં જ્ઞાન રોકાતાં અધર્મની દશા પ્રગટ થાય છે. આહા...હા...! આવી વાત સાંભળવી, મળવી, ભાગ્ય વિના મળે એવું નથી ! એવી એ ચીજ છે !! આ...હા...હા...!

બે વાત કરી કે, આવો ભગવાન જ્ઞાનસ્વરૂપ ! તેનો અનુભવ કરતાં – પર્યાયમાં જ્ઞાનનું જ્ઞાન થતાં, પર્યાયમાં આત્મદ્રવ્યનું જ્ઞાન થતાં, તે વીતરાગી પર્યાય (પ્રગટ) થતાં તેને જૈનશાસન, સમકિત અને અનુભૂતિ કહી. એવું હોવા છતાં, અજ્ઞાની તે જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ કરતાં, જ્ઞાનની વર્તમાન દશાને, રાગ આદિ પુણ્ય આદિ પરવસ્તુ જે જ્ઞેય છે તે જ્ઞેયાકારમાં રોકીને અધર્મને ઉત્પન્ન કરે છે. આહા..હા...! આવી વાત છે ! છે ને ? લખ્યું છે ને અંદર ?

આવો હોવા છતાં, આ..હા..હા...! ચૈતન્ય દળ ! અંદર આનંદનું દળ પડ્યું છે ! અહીં પરદેશમાં તો નહિ હોય (પણ) પહેલાં દળના લાડુ થતા, 'દળના લાડુ' ! જેમ 'મેસૂબ' થતાં ને ? એમ એક દળના લાડુ થતાં, દળના ! દળ, દળ ! કહેવાય. 'દળના લાડુ' કહેતાં. અમારે તો બધો – એકેએક અનુભવ થઈ ગયો હોયને ! ઘણી નાની ઉંમરથી

(આ જ કર્યું છે). કોઈ કામકાજ – કાંઈ બીજું કર્યું નહિ, એક દુકાન પાંચ વર્ષ (ચલાવી) બાકી ઇ સિવાય કાંઈ કર્યું નથી ! શાસ્ત્ર... શાસ્ત્ર અને શાસ્ત્ર !

મુમુક્ષુ :– ગુરુદેવ, દળના લાડુ આપ અમને જમાડી રહ્યાં છો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો એવી છે, ભગવાન ! આહા...હા...!

ભગવાનઆત્મા ! આને કાંઈ પુનરક્તિ લાગતી નથી. એવો ચૈતન્યસ્વભાવથી ભરેલો, તેને પરના લક્ષમાંથી છોડી, જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેયનું જ્ઞાન થતાં, એ અટકેલું જ્ઞાન તેને છોડી, અને જે જ્ઞાનની પર્યાય સામાન્યમાં જાય છે, સામાન્ય એટલે જ્ઞેયાકારના જ્ઞાન વિનાનું જ્ઞાનનું જ્ઞાન તેને સામાન્ય જ્ઞાન કહે છે – તે સામાન્ય જ્ઞાન તે જૈનધર્મ અને સમકિત છે. આહા...હા...! શબ્દો યાદ રહેવા મુશ્કેલ પડે ! માર્ગ આવો (છે) ભગવાન ! આહા...હા...!

આવું હોવા છતાં (અર્થાત્) એવો ચૈતન્ય ભગવાન બિરાજમાન હોવા છતાં, તેની તરફનું લક્ષ કરતાં અનુભવ થાય એવો હોવા છતાં (એમ કહેવું છે). તે સામાન્ય ત્રિકાળ ઉપર લક્ષ કરીને, સામાન્ય એટલે પર જ્ઞેયના આકારના ભાવને છોડી, એ જ્ઞાનાકાર જે જ્ઞાન થયું, તે સામાન્ય જ્ઞાન છે. સામાન્યજ્ઞાન એટલે આનંદ છે. એ સામાન્ય જ્ઞાનમાં શાંતિ અને અનુભૂતિ છે. એવો એનો સ્વભાવ 'છે' ! આવુ હોવા છતાં પણ, એમ છે ને ? '**...તોપણ...**' એમ કહ્યું છે. આમ સ્થિતિ હોવા છતાં પણ, આહા..હા..હા...! '**...અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' આ..હા..! ગજબ કામ કર્યું છે ! એ દયા, દાન, વ્રતના શુભભાવ, જ્ઞાનમાં પર જ્ઞેય છે. જ્ઞાનમાં જ્ઞાન સ્વજ્ઞેય છે અને એ જ્ઞાનમાં – આત્મામાં રાગ–પુણ્યના (ભાવ) એ પર જ્ઞેય છે. પર જ્ઞેયના આકારે રહેતું – અટકતું જ્ઞાન એ આત્માને અનુભવ કરી શકતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?



જ્ઞાનની દશામાં, જેનું જે જ્ઞાન છે તેના તરફ ન વળતાં, જેનું એ જ્ઞાન છે તેમાં ન ઢળતાં, એ પર્યાય જેનું જ્ઞાન જેમાં નથી એવા જે જ્ઞેયો એટલે પુણ્ય–પાપ, દયા–દાન, કામ–ક્રોધ અને એના ફળ તરીકે આ ધૂડ આદિ પૈસા આદિ ધૂડ... આહા...હા...! એ જ્ઞેયાકારે (અજ્ઞાની પરિણમે છે). એ જ્ઞેય છે, જ્ઞાનમાં પર (તરીકે) જાણવાલાયક (છે). સ્વજ્ઞેય તો પોતે છે પણ સ્વજ્ઞેયનું જ્ઞાન છોડી, પર જ્ઞેયના આકારના જ્ઞાનમાં રોકાતો અજ્ઞાની, એને આત્માનું જ્ઞાન થતું નથી. આ..હા..હા...! છે ? '**...અજ્ઞાની છે, જ્ઞેયોમાં (આસક્ત છે)...**' આ..હા..હા...! શરીર મારું, વાણી મારી, મન મારું, પૈસા મારાં, એ તો વળી ક્યાંય ધૂડમાં આઘું ગયું, પણ અંદર પુણ્ય અને પાપના વિકલ્પ મારા (એમ માને છે, પણ) એ પર જ્ઞેય છે, એ સ્વજ્ઞેય નહિ. પોતાના જ્ઞાનમાં જાણવાલાયક સ્વજ્ઞેય આત્મા (છે) અને એ છોડીને જ્ઞાનમાં જાણવાલાયક નથી, તેને જાણીને (તેમાં) રોકાતાં તેને જ્ઞાનનો – આત્માનો અનુભવ થતો નથી. સમજાય છે કાંઈ ? આવી અપૂર્વ વાત છે ! આહા...!

'**તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :–**' હવે કહે છે કે એનો દૃષ્ટાંત દઈએ છીએ. તમને એકદમ ન સમજાય તો એનો અમે દાખલો દઈએ છીએ. દૃષ્ટાંતથી સમજો ! દૃષ્ટાંત બતાવીએ છીએ કે :–

'**જેમ–અનેક તરેહનાં શાક...**' દૂધી, ઘીસોડા વગેરે અનેક તરેહનાં શાક, '**...શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ...**' એ શાકમાં મીઠું છે ને ? એ શાક દ્વારા મીઠાનો સ્વાદ જેને આવે છે, એમ જેને જ્ઞેયને આકારે જ્ઞાન(નો) અનુભવ આવે છે, તે મિથ્યા છે. આહા...હા...!

એક વાર 'શ્રીમદ્ રાજચંદ્ર' 'રાણપર' પાસે એક ગામ છે ત્યાં આવેલા અને મુમુક્ષુ પણ ભેગાં થયાં હતાં. (એક વખત) વાટકામાં આમ દૂધીનું શાક પડ્યું... ખાવા વખતે આપેને ? આમ શાક જોયું ત્યાં બોલ્યા કે, 'આ શાકમાં મીઠું ઘણું છે !' 'પણ સાહેબ, તમે જોયું ? ચાખ્યા

વિના ?' (ત્યારે એમણે કહ્યું) 'જુઓ ! દૂધીનું શાક પાણીમાં બફાય ત્યારે અંદર એના રેસા ટૂટે નહિ. પાણીમાં દૂધી શેકાય તેમાં એના રેસા ટૂટે નહિ. રેસા ! પણ અંદર મીઠું વધારે પડી જાય તો એ દૂધીના કટકાના રેસા આમ ફેલાઈ જાય, કટકા થઈ જાય. દેખ ! એ મીઠું વધારે પડી ગયું છે તો આ દૂધીના શાકના અંદર રેસા ટૂટી ગયા છે.' વગર (ચાખ્યે કહી દીધું). સમજાય છે કાંઈ આમાં ? રેસા નથી (હોતા) ? આ દૂધી, આખી દૂધી હોય છે ને ? એના રેસા સરખા હોય છે. તે (અમસ્તા) પાણીમાં શાક રાંધે (તો) એના રેસા ન ટૂટે. થોડું મીઠું નાખ્યું હોયને (તો રેસા ન તૂટે). પણ ઘણું મીઠું નાખે ત્યારે એ દૂધીના કટકાના રેસા ટૂટી જાય. આમ કટકા થઈ જાય, ભિન્ન–ભિન્ન થઈ જાય, એમ 'શ્રીમદ્દે' જોઈને કહ્યું કે, 'આ શાકમાં મીઠું (વધારે) છે ! કેમકે આ દૂધીના રેસા ટૂટી ગયા છે, જો ! દૂધીના કટકાના રેસા ટૂટી ગયા છે.' એમ આ આત્મા, એનું જ્ઞાન પર જ્ઞેયમાં જાય છે ત્યારે તેના જ્ઞાનનો રસ ટૂટી જાય છે. આહા..હા...!

સમજાય છે ? 'સમજાય છે' તો અમારું વિસામાનું વાક્ય છે. એક (વાક્ય બોલ્યા પછી) બીજા વાક્યનો વિસામો (હોય છે ને) ? તો અહીં 'સમજાય છે ?' ઇ વિસામો છે, અને 'સમજે ઇ વિસામો છે !' બાકી સમજ્યા વિનાના બધા અવિસામા – દુઃખ છે. આહા...હા...!

કહે છે કે, આમ તો ખીચડીમાં મીઠું નાખે છે. અત્યારે તો કેટલેક ઠેકાણે ચોખામાં પણ મીઠું નાખે છે. ખીચડી રાંધી હોય અને એને જોઈએ તેટલું મીઠું નાખ્યું હોય, છતાં કોઈક ઘરમાં બે–ચાર–પાંચ બૈરા હોય, એમાં કોઈ બૈરાને ખબર ન હોય કે આમાં મીઠું નાખેલું છે. તો વળી બીજી બાઈ પણ એમાં થોડુંક મીઠું નાખે ! આમ બનેલું છે ! આ બનેલું અને આ બધું જોયેલું છે, બે–ચાર બૈરામાં જેણે નાખેલું હોય એણે કીધેલું ન હોય, એટલે (બીજી) જાણે કે આમાં, ખીચડીમાં મીઠું નથી, લાવ,



હું બીજું નાખું ! ઇ બીજું મીઠું નાખે ત્યાં ખીચડી ધૂધવા જેવી થઈ જાય ! અને એમાં વેવાઈને જમવાનું કીધું હોય ! સત્તાપ્રિય વેવાઈ હોય, સત્તાપ્રિય વેવાઈ ! વેવાઈ સામાન્ય હોય છે અને સત્તાપ્રિય – અભિમાની વેવાઈ હોય છે. એને જ્યાં ઇ પીરસે ત્યાં એને (એમ થાય કે) 'આ ! આવું આ શાક !' ત્યાં એનો ઘરનો ધણી કહે, 'કોણે રાંધ્યું આ ?' તો (પેલી) બાઈઓ કહે, 'બોલશો નહિ, અત્યારે પિત્તો ફાટ્યો છે ! આપણે કહેશું કે આ ફલાણા બે–જણાથી ભૂલથી નખાઈ ગયું છે !' એ એમ આ જ્ઞાનની પર્યાયમાં જેને જ્ઞાયકસ્વરૂપની – એકાકારની ખબર નથી તે પર જ્ઞેયોમાં એકાકાર થઈને; જેમ શાકને ખારું કરી નાખ્યું, એમ જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર કરી નાખી. પરના જ્ઞેયાકારે એટલે પર જે આ ચીજ જણાય છે તે તરફના લક્ષમાં જ જ્ઞાનને રોક્યું. સમજાય છે ? ભાષા તો સાદી છે, ભગવાન ! આહા...હા...!

ભગવાન ! તારી વાત છે ને, નાથ ! તારા અંતરની વાત છે ને, પ્રભુ ! આ..હા..હા...! એ ભગવાન (છે) છતાં કેમ હાથ આવતો નથી (તો કહે છે કે) તેના તરફનું લક્ષ નથી પણ તેની પર્યાયમાં જ્ઞેય જે પૈસા, આબરૂ, કીર્તિ, લક્ષ્મી, શરીર, પુણ્ય અને પાપના પરિણામ, તેના ઉપર લક્ષ જતાં તે જ્ઞેયાકાર એટલે જે જાણવાયોગ્ય ચીજ છે તેને આકારે જ્ઞાન થઈ જાય છે અને એને આકારે જ્ઞાન થતાં જ્ઞાનસ્વભાવનો આકાર છૂટી જાય છે. તેથી તે જ્ઞેયાકાર જ્ઞાન તે અજ્ઞાન છે. આહા...હા...! આવી વાતું છે, બાપુ ! આહા...હા...!

ભગવાનઆત્મા સ્વજ્ઞેય છે. તેની વર્તમાન જ્ઞાનદશાને સ્વજ્ઞેયમાં વાળતાં, પરના જ્ઞેયાકારની જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી દઈ, અંતર જ્ઞાનસ્વભાવમાં આવતાં એને જ્ઞાનનો જે અનુભવ થાય, એ સામાન્યનો અનુભવ (છે). એટલે જ્ઞેયના આકાર વિનાનો, એકલા જ્ઞાનના આકારનો અનુભવ, તે સામાન્યનો અનુભવ (છે). તેને જૈનધર્મ કહે છે.

આ..હા..હા...! કઈ જાતનો આ ઉપદેશ !

આ ગાથા એવી છે ! ત્યાં તો અમારે હજારો વાર વંચાઈ ગઈ છે ! વ્યાખ્યાનમાં તો અઢાર વાર વંચાઈ ગઈ છે અને ખાનગી તો (સંવત) '૭૮થી વંચાય છે ! '૭૮ની સાલ(માં આ પહેલીવાર) મળ્યું. '૭૮ના ફાગણ મહિનામાં મળ્યું. આહા..હા...! અને વાંચ્યું... અને અંદરથી એકદમ **ૐ** ની ધ્વનિ આવી !! આ તો '૭૮ની વાત છે. પહેલેથી જે આનો ખ્યાલ ન કરે, એને ઇ શું ચીજ છે ? એના ખ્યાલમાં આવતી નથી.

અંદર ભગવાનઆત્મા ! ચૈતન્ય જ્યોત ! 'સ્વયં જ્યોતિ સુખધામ' સ્વયં જ્યોતિ પોતાથી પોતે છે. એનો કોઈ કર્તા નથી. એને રહેવાને, ટકવાને કોઈ પરની અપેક્ષા નથી. એવું જે ટકતું તત્ત્વ એટલે કે ધ્રુવતત્ત્વ, તેનું લક્ષ કરીને જે પર્યાયમાં આનંદ અને જ્ઞાનનો અનુભવ થાય, તેને સામાન્ય અનુભવ કહેવામાં આવે છે. એમાં જ્ઞેયાકારના જ્ઞાનનો અભાવ રહે છે. આ..હા..હા...! પણ જેને એની ખબર નથી તે અજ્ઞાની, જેમ શાકમાં મીઠું નાખતાં, શાકનો સ્વાદ ન લેતાં, ઇ શાક દ્વારા મીઠાનો સ્વાદ લે છે. શાક દ્વારા મીઠાનો (સ્વાદ) લે છે. એકલો મીઠાનો સ્વાદ જુદો નથી લેતો. શાકમાં ખારપ છે તેનો જુદો સ્વાદ નથી લેતો, પણ શાક દ્વારા લે છે. છે ? '**...અનેક તરેહનાં શાક આદિ ભોજન...**' અહીંયાં રોટલામાંય મીઠું નાખે છે ને ! કેટલેક ઠેકાણે તો અત્યારે રોટલીમાંય નાખે છે. કોઈ ચોખામાંય નાખે છે, એવું થઈ ગયું છે. નહિ તો ખીચડીમાં નાખતાં, ઇ તો ખબર છે. પણ કેટલેક ઠેકાણે ચોખામાંય નાખે. અહીં તો (બધાનો) અનુભવ છે ને ! એટલે ચોખામાંય કોઈ વળી જરીક મીઠું નાખે. 'ભોજન' શબ્દ પડ્યો છે ને ? ભોજન એટલે ચોખા, રોટલા, રોટલી, દાળ, ભાત વગેરે. એ '**...ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ...**' એટલે ? એકલો મીઠાનો સ્વાદ આવવો જોઈએ એ ઢંકાઈ ગયો અને શાકના સ્વાદ દ્વારા મીઠાનો સ્વાદ આવ્યો. એટલે મીઠું ઢંકાઈ



ગયું. આહા..હા...! આવી વાત છે !

એ '**...ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ...**' (અર્થાત્) એકલો મીઠાંનો સ્વાદ જુદો આવવો જોઈએ એ ઢંકાઈ ગયો (અને) શાક દ્વારા ખારપ દેખાણી. 'દૂધી ખારી છે, આ ઘીસોડા ખારા છે. આ ઘીસોડાનું શાક ખારું છે !' એમ ઇ બોલે છે. પણ ખારું તો મીઠું છે, શાક કાંઈ ખારું થયું નથી. શાક તો શાક છે અને મીઠું તે મીઠું (છે) – બે ચીજ જુદી છે. આ..હા..હા..હા...! આવો દાખલો તો સાધારણ લોકોને ઘરે અનુભવમાં આવતો હોય. એવો તો આ દાખલો છે.

એ લવણનો તિરોભાવ (એટલે) શાક દ્વારા એકલાં મીઠાંનો સ્વાદ (લેતા) તેને મીઠાંના સ્વાદનું (ઢંકાઈ) જવું અને શાકના સ્વાદમાં મીઠું દેખાય. '**...અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું...**' એટલે ? શાક દ્વારા, રોટલી દ્વારા મીઠાનો સ્વાદ (આવવો). એ '**...વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ– વિશેષરૂપ)...**' (અર્થાત્) દૂધી ખારી, રોટલી ખારી, રોટલો ખારો... એમ ઇ માને છે. પણ ખારું મીઠું છે ઇ એને જુદું દેખાતું નથી. આહા...હા...! છે ? '**...(ભેદરૂપ–વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને...**' 'શ્રીમદ્' તો ખાધા પહેલાં આમ કહી દીધું. 'દેખ ! દૂધીના શાકના રેસા તૂટી ગયા છે. એમાં મીઠું વધારે પડી ગયું છે. જુઓ !' 'પણ સાહેબ, આપે ચાખ્યું નથી ને ?' 'પણ દેખ ! જોને !' એ તો જ્ઞાની હતાંને ! એ ક્યાંય ગૃદ્ધી નહોતા ! હતાં સંસારમાં, છતાં સમકિતી હતાં ! શાકને જોતાં જ કીધું કે, 'શાકમાં મીઠું વધારે છે. ચાખી જો !' (ચાખીને જોયું તો ખબર પડી કે) 'હા છે, મીઠું વધારે ! આપે જોયા વિના (કહ્યું) ?' 'દેખાય છે કે નહિ ? જુઓ ! મીઠું વધારે પડી ગયું છે તે રેસા ટૂટી ગયા છે !' એમ આ

જ્ઞાનમાં – જ્ઞાનની પર્યાયમાં એકલા જ્ઞેયાકારને જાણતાં જ્ઞાનનો સ્વભાવ ટૂટી ગયો છે. જ્ઞાનનો સ્વભાવ તેને દૃષ્ટિમાં આવતો નથી. આ..હા..હા...! આવી વાતું છે ! 'નાઈરોબી'માં આવી વાતું !

મુમુક્ષુ :– અમારા ભાગ્ય ! અહોભાગ્ય !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી ! વસ્તુ આવી છે, બાપા ! આહા..હા...!

મુમુક્ષુ :– તીર્થંકર સમાન વાણી છે, તીર્થંકર સમાન !

પૂજ્ય ગુરુદેવશ્રી :– તીર્થંકરની જ આ વાણી છે ! વીતરાગની જ આ વાણી છે !! ત્રિલોકનાથ 'સીમંધર ભગવાન' બિરાજે છે. એની પાસે 'કુંદકુંદઆચાર્ય' ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે અને અર્થ કરનાર ટીકાકાર ભલે ભગવાન પાસે નહોતા ગયા, પણ આ (અંદરના નિજ) ભગવાન પાસે ગયા હતા તે એ ભગવાનનો આશય સમજી ગયા ! આ..હા..હા...!

અહીં કહે છે... વિશેષ લવણનો આવિર્ભાવ. શું કીધું ? એકલું મીઠું સ્વાદમાં જુદું આવવું જોઈએ, એ ન આવતાં, એ મીઠાનો સ્વાદ શાક દ્વારા આવે છે, ત્યાં એ મીઠાના સ્વાદનો તિરોભાવ થઈ ગયો. (એટલે કે) એકલો મીઠાનો સ્વાદ તે ઢંકાઈ ગયો અને શાકનો સ્વાદ આવિર્ભાવ થયો. એકલા શાક દ્વારા જ મીઠું અનુભવમાં આવ્યું, જુદું (મીઠું) અનુભવમાં આવ્યું નહિ. આ તો દૃષ્ટાંત છે હોં ! આહા...હા...! **'...અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નતી;...'** (અર્થાત્) અજ્ઞાનીને એકલા મીઠાનો સ્વાદ જુદો આવતો નથી. કેમકે ઇ શાક અને રોટલી કે ચોખા કે ખીચડી, એમાં ગૃદ્ધિ થયેલો (છે, તેથી) એને મીઠાનો જુદો સ્વાદ આવતો નથી.

(હવે કહે છે) **'...પરમાર્થથી જોવામાં આવે...'** કહે છે કે, ભલે શાક



દ્વારા એ મીઠું એણે ખારું જોયું (પણ) ખરેખર જોવો તો **'...વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું...'** (એટલે) શાક દ્વારા જે અનુભવમાં આવતું એ જ પોતે સામાન્ય (લવણનો) અનુભવ છે. પણ એને ભેદની ખબર પડતી નથી. શાકના ગૃદ્ધિને મીઠું, લવણ, ખાર ભિન્ન છે એની ખબર પડતી નથી. **'...વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે.'** (અર્થાત્) શાક દ્વારા જે (ખારાપણું) આવતું હતું, એ જ એકલું મીઠું – મીઠા દ્વારા (ખારાપણું) આવે તો એ લવણ તો ઇ નું ઇ છે. પણ (પહેલાં) શાક દ્વારા આવતું (હતું) અને એ જ (મીઠાને) જ્યારે શાક દ્વારા (અનુભવમાં લેવો) છોડી દઈને, પરમાર્થે જ્યાં એકલા મીઠાને જોવે, તો ઇ ખારું મીઠું જુદું પડે છે. શાક તો જુદું રહી જાય છે, કાંઈ દૂધી ખારી નથી, ઘીસોડા ખારાં નથી, રીંગણા ખારા નથી. આહા...! શું કહેવાય (તમારે) ? તમારા નામેય ભૂલી જવાય છે !

મુમુક્ષુ :– ગલકા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગલકા છે, (પેલી) પાતળી નહિ નાની ?

મુમુક્ષુ :– ગુવાર !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગુવાર... ગુવાર ! ગુવાર આવે છે ને ? નામ તમારા ભૂલી જઈએ છીએ ! આ ધર્મના નામ આડે ઓલા (નામ) યાદ રહેતા નથી. એ ગુવાર ખારો લાગે છે. (ખરેખર) ગુવાર ખારો નથી, ખારું તો મીઠું છે. પણ અજ્ઞાનીને ગુવાર દ્વારા મીઠાના અનુભવનો સ્વાદ આવે છે. પણ જે ગુવાર દ્વારા મીઠાનો સ્વાદ આવે છે, તે જ મીઠું, મીઠાને કારણે સ્વાદ(માં) આવે તો એનો (એકલું મીઠું) ભિન્ન પડી જાય છે. એમાં શાક દ્વારા જે મીઠાનો સ્વાદ છે તે જ સ્વાદ પરમાર્થે પોતાનો – મીઠાનો સ્વાદ છે, શાકનો નથી, એ તો એને ભ્રમ થઈ જાય છે. સમજાય છે ? આ દાખલો તો સાદો આવ્યો છે. આહા...!

**'એવી રીતે – અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે...'** હવે શું કહે છે ? જુઓ ! 'એવી રીતે' (એટલે પહેલા જે દાખલો આપ્યો હતો તેવી રીતે) **'...અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ...'** (અર્થાત્) રોટલી અને શાક દ્વારા જેમ મીઠું (અનુભવમાં) આવતું હતું, એમ આને જ્ઞેય દ્વારા જ્ઞાન જાણવામાં આવે છે. અજ્ઞાનીને જ્ઞેય એટલે જાણવાયોગ્ય પદાર્થ દ્વારા જ્ઞાનનો અનુભવ આવે છે, પણ જ્ઞાન દ્વારા જ્ઞાનનો અનુભવ નથી આવતો. આહા..હા...હા...! જેમ શાક દ્વારા મીઠાનો સ્વાદ આવે છે પણ એકલો મીઠાનો સ્વાદ એને જુદો આવતો નથી. એમ અજ્ઞાની જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય દ્વારા જ્ઞાન જાણે છે, પણ જ્ઞેય વિનાનું જ્ઞાન જુદું છે, તેને એ જાણતો નથી. આહા..હા...!

આવી ચીજ ઝીણી પડે. (પણ) માર્ગ તો એવો છે, ભાઈ ! અત્યારે તો બહારમાં લોકોને વ્યવહારમાં ચડાવી દીધા છે, તે એમાંથી એ નવરો થાતો નથી. અંદર શું ચીજ છે ? જેને શોધવાથી ભગવાન મળે ! આ..હા..હા.. ! 'ધૂડધોયા'... 'ધૂડધોયા' હોય છે ને ? (એ) સોનીના ઘર પાસે (ધૂડ) ધોવે તો એમાંથી સોનાનો કણ જુદો દેખે. એમાં ચાર પ્રકાર હોય છે. ધૂડધોયા હોય છે ને ? (એ) સોનીની દુકાન પાસે ધૂડ જોવે ! એમાં ચાર પ્રકાર હોય છે. એક ધૂડ છે, (તેમાં) એક બંગડીનો ભૂકો–બટકો–કટકો અંદર હોય છે. આ બંગડીઓ હોય છે ને ? એ પણ ભેગો ઝીણો, પીળો દેખાય. એક પિત્તળનો પીળો કટકો ઝીણો દેખાય અને એક સોનાનો પીળો (કટકો) ઝીણો દેખાય. ધૂડધોયાને ચાર દેખાય. અમે તો નજરે બધું જોયેલું ! સોનીની દુકાનમાં નાની ઉંમરનો છોકરો કરતો હોયને, (એને પૂછ્યું હતું) 'શું કરો છો તમે ?' (તો કહે) 'જુઓ ! આ અમે જુદું પાડીએ છીએ !' એક તો ધૂડ હોય, એક તો આ બંગડી ફૂટી ગઈ હોય ને એનો એ ધૂડમાં ઝીણો ભૂકો હોય. એ પણ પીળો દેખાય અને એક પિત્તળની કટકી હોય ઇ પીળી દેખાય, એક સોનાની



કટકી હોય ઇ પીળી દેખાય પણ ઇ સોનું ઉપાડી લે. જેનું વજન છે, તોલ છે ઇ આ છે. બંગડીનો કટકો એવડો હતો છતાં એવો તોલ નથી, પિત્તળનો કટકો એવડો હોય છતાં એનો તોલ એવડો નથી, ધૂડમાં એવો તોલ નથી. સોનાનો કટકો ઝીણો (હોય પણ) એનો તોલ વધારે હોય છે. એ વધારે હોય છે તેથી તેને ઉપાડી લે છે. સમજાય છે આમાં કાંઈ ? આહા...હા...!

એમ આ આત્માને જોનારો, શરીરના સંયોગનું લક્ષ છોડી દે છે, આહા..હા...! રાગનું લક્ષ છોડી દે છે, એકલી પર્યાય ઉપરનું લક્ષ છોડી દે છે, એકલો ત્રિકાળી જ્ઞાયકભાવ છે ત્યાં દૃષ્ટિ આપે છે. એ ચોથો બોલ છે. આહા...હા...! સમજાય છે કાંઈ આમાં ? ઝીણી વાત છે ! આ ગાથા જ એવી છે ! આહા...હા...!

મુમુક્ષુ :– સમજનારે ઝીણો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંતરની વસ્તુ અરૂપી છે ને ! ભગવાન અરૂપી છે, એ પુણ્ય અને પાપના વિકલ્પથી પણ પકડાય એવો નથી. એ શુભ ક્રિયાકાંડના જે રાગ ભાવ (આવે) એનાથી તે પકડાય એવો નથી. કેમકે એ તો જ્ઞેય–પરવસ્તુ છે. જ્ઞેયાકારમાં જ્ઞાનને રોકતાં જ્ઞાન હણાઈ જાય છે. એકલા જ્ઞેયાકારમાં જ્ઞાનને રોકતાં જ્ઞાનનો અનુભવ રહેતો નથી. એકલા જ્ઞેયાકાર જ્ઞાનનો અનુભવ તે અજ્ઞાન છે.

એમાં જ્ઞેયાકારના જ્ઞાનનું લક્ષ છોડી દઈ, આહા..હા..હા...! છે ? **'એવી રીતે – અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ...'** ઇ શું કહ્યું ? કે, અનેક જ્ઞેયો, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શરીર, વાણી, મન, લક્ષ્મી, દીકરા, મકાન, આબરૂ એ બધા જ્ઞેયાકારમાં જ્ઞાન રોકાતાં... જુઓ ! છે ? **'...જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી...'** (એટલે) જે જણાવાયોગ્ય જુદી ચીજ છે તેમાં જ્ઞાન મિશ્રપણે થઈ ગયું છે. મારી ચીજ જુદી છે

એવી એને ખબર નથી. આહા..હા..હા...! અધિકાર એવો છે જરી ! **'...જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યનો તિરોભાવ...'** એને જે એકલું જ્ઞાન છે તેનો પર્યાયમાં અનુભવ આવતો નથી. એને આ જે જ્ઞેય છે તેનો અનુભવ આવે છે. સમજાય છે કાંઈ આમાં ? આહા...હા...!

સ્વજ્ઞાન સિવાય જેટલા પર જ્ઞેયો છે, ચાહે તો દયા–દાન, કામ–ક્રોધ અને આ શરીર, વાણી, મન, બાયડી, છોકરાં, કુટુંબ, વેપાર, ધંધો એ બધા જ્ઞેયો જ્ઞાનમાં ભિન્ન છે, છતાં તે જ્ઞેયાકાર(માં) જ્ઞાન રોકાતાં, જ્ઞાન ત્યાં રોકાતાં, એકલા જ્ઞાનનો સ્વાદ એને જુદો આવતો નથી. આ..હા..હા...! વાત તો બહુ ટૂંકી છે. તિરોભાવ (એટલે) એકલું જ્ઞાન છે ઇ ઢંકાઈ જાય છે. જ્ઞેયાકારમાં જ્ઞાનને રોકતાં, જેમ શાકને આડે મીઠાને જોતાં મીઠાનો ભાવ તિરોભૂત–ઢંકાઈ જાય છે, એમ ભગવાનઆત્મા જ્ઞાનની પર્યાયમાં પર જ્ઞેયાકારનું જ્ઞાન થતાં સામાન્ય જ્ઞાન ઢંકાઈ જાય છે. મૂળ જ્ઞાન તેના ધ્યાનમાં આવતું નથી. આ..હા..હા...! આવી ગાથા છે ભાઈ આ ! એકલા ચૈતન્યના સામાન્ય સ્વભાવને અનુભવવો એને અહીં 'જૈનશાસન' કહે છે. પુણ્ય–પાપ, રાગ અને પર જ્ઞેયાકારને છોડી દઈને, એકલો જ્ઞાનસ્વભાવ એવો આત્મા, એને અનુભવવો, એ વીતરાગીદશા, તે જૈનશાસન, તે ધર્મ, તે અનુભૂતિ છે. આહા..હા...!

શબ્દો બધા એવા આકરા છે ! બીજું ગોખાઈ ગયું છે એમાં આ ગોખવા જાય તો હજી આકરું પડે ! આખો અભ્યાસ જ બીજો થઈ ગયો છે ! ઓ..હો...! છ–સાત કલાક ઊંઘમાં જાય, છ–સાત કલાક વેપારના પાપમાં જાય, બે–ચાર કલાક બાયડી અને છોકરાંને રાજી રાખવામાં જાય, એકાદ કલાક કાંઈક સાંભળવા જાય તો આ વાત પાછી મળે નહિ (એટલે) એને સમજાય નહિ. (બીજી) વાત મળે – આમ કરવું... આમ કરવું... પૂજા કરવી.... ભક્તિ કરવી... વ્રત કરો... આ કરો... ! આહા...હા...!



અહીં કહે છે કે, એ બધો પૂજા. ભક્તિ, વ્રત આદિનો વિકલ્પ–રાગ છે તેના લક્ષે જે જ્ઞાન રહે તેમાં સામાન્ય જ્ઞાન ઢંકાઈ જાય છે. એકલું જ્ઞાન જુદું છે તેનો અનુભવ રહેતો નથી, એ જ્ઞેયનો અનુભવ થતાં જ્ઞેયાકારે જ્ઞાન પરિણમતાં, જ્ઞેયાકારથી છૂટું જ્ઞાન એને અનુભવમાં આવતું નથી. કહો, આ તો સમજાય છે કે નહિ ? છે ? સામાન્યનો તિરોભાવ અને વિશેષનો આવિર્ભાવ (અર્થાત્) એ જ્ઞેયાકારથી એનું જ્ઞાન જણાય છે (એટલે કે) આનું જ્ઞાન કરું છું, આનું જ્ઞાન કરું છું, આનું જ્ઞાન કરું છું. રાગનું જ્ઞાન કરું છું, પુણ્યનું જ્ઞાન કરું છું, પાપનું જ્ઞાન કરું છું, કાપડનું (જ્ઞાન કરું છું) ! આ કાપડના ધંધા હોય છે ને ? આનું કરું, આ કાપડ આવા રંગનું અને આ કાપડ આવું ! એ જ્ઞાનમાં એકલું જ્ઞેય (આવે છે), જ્ઞેયમાં જ્ઞાન રોકાઈ ગયું છે. આહા...હા...! આવી વાતું છે ! વિશેષનો આવિર્ભાવ, આહા...હા...! એ જ્ઞેયાકાર જ્ઞાન જ જણાય છે. વિશેષ એટલે એ સામાન્ય જ્ઞાન જે જ્ઞેયાકાર વિનાનું ભિન્ન છે તેની દૃષ્ટિ એને પડતી નથી. તેથી તેને આત્મા અનુભવમાં આવતો નથી. તેથી તેને સમ્યગ્દર્શન અને અનુભવ થતો નથી. આહા..હા..હા...!

અરે...! આવી વાત સાંભળતા આકરી પડે ! એમાં એને અંદરમાં ઉતારવી ! (એને માટે) પુરુષાર્થ જોઈએ. બાપુ ! ભગવાન ! અનંતો પુરુષાર્થ જોઈએ છે ! આહા...! અગિયારમી ગાથામાં (આવે) છે કે, એવા ઉપદેશનું તત્ત્વ વિરલ છે. કોઈ કોઈ ઠેકાણે છે. બાકીનો બીજો ઉપદેશ તો ઘરે–ઘરે છે. પણ આત્માનો રાગથી ભિન્ન (અનુભવ) અને જ્ઞાનાકારની વાત–ઉપદેશ વિરલ – ક્યાંક છે. આ અગિયારમી ગાથામાં આવ્યું હતું. અગિયારમી ગાથા આપણે વાંચીને, એમાં આવ્યું હતું.

અહીં એ કહે છે, જ્ઞેયાકારને આકારે જ્ઞાન થયું તે સામાન્ય જ્ઞાનનો તિરોભાવ (થયો). (એટલે) એકલો જ્ઞાનનો અનુભવ થવો એ ઢંકાઈ ગયું

અને વિશેષ જ્ઞાનનો આવિર્ભાવ (એટલે) એ જ્ઞેયાકારે જ્ઞાન અનુભવમાં આવતાં, '...**(વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાની તે અજ્ઞાની,...**' હવે આ (જીવ) છે તે તો અજ્ઞાની છે. '...**જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ...**' શું કીધું ઇ ? અન્ય જ્ઞેયાકારથી થતું જ્ઞાન તેને રોકીને '...**સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ...**' (અર્થાત્) એકલા જ્ઞાનનો અનુભવ અને વિશેષ (જ્ઞેયાકાર જ્ઞાનનું) ઢંકાઈ જવું, તે '...**એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી;...**' અજ્ઞાનીને જ્ઞેયાકારમાં રોકાતાં, એકલો આત્મા ભગવાન ! એનો સ્વાદ એને આવતો નથી. શાકની મીઠાશમાં રોકાતાં એકલા મીઠાનો સ્વાદ એને આવતો નથી. એમ આત્મા જ્ઞેયાકારમાં રોકાતાં એકલા જ્ઞાનનો સ્વાદ એને આવતો નથી. આહા...હા...! આવો ધર્મ ! માર્ગ એવો છે, બાપુ ! ભગવત્ તારું સ્વરૂપ જ જુદું છે. આહા..હા...!

કહે છે, એને અનુભવમાં આવતો નથી. શું નથી આવતું અનુભવ(માં) ? જ્ઞાન-આત્માને પર જ્ઞેયના આકારમાં રોકતાં તેનાથી જુદો એને અનુભવમાં આવતો નથી. એ એક જ જોઈ રહ્યો છે – 'આ રાગ છે ને આ પુણ્ય છે ને આ પાપ છે. આ પુણ્યથી પૈસા મળ્યા ને આનાથી આમ થયું, આને રાંકાઈ મળી અને આ દરિદ્ર થયા ને અમે શેઠી છીએ !' આહા..હા...! એ (રીતે) જ્ઞાન જ્ઞેયાકારમાં રોકાતાં તેને જુદું જ્ઞાન એટલે આત્મા, તેનો સ્વાદ અનુભવમાં આવતો નથી, પણ ઝેરનો સ્વાદ આવે છે. એ જ્ઞેયકૃત જે જ્ઞેયાકાર થયેલું જ્ઞાન (છે) એ રાગવાળું – ઝેરવાળું જ્ઞાન છે. એ ઝેરનો અનુભવ અજ્ઞાનીને આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ ગાથા જ એવી છે !

'...**વળી પરમાર્થથી વિચારીએ તો...**' જે જ્ઞાન જ્ઞેયાકાર દ્વારા જાણવામાં આવતું (હતું). '...**તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' જ્ઞાન તો એનું એ છે. જ્ઞેયાકારમાં જે જ્ઞાન રોકાતું



હતું, તે જ્ઞાન આ બાજુ જોતાં, તે જ જ્ઞાન પરથી જુદું પડી જાય છે. જે જ્ઞેયાકારથી જ્ઞાન જાણવામાં આવતું, તે જ જ્ઞાન જ્ઞાનાકારથી જાણવામાં આવે તો, જ્ઞાન તો તે જ છે. આહા...હા....! ઝીણી ભાષા બહુ ! એકલો ન્યાયનો વિષય છે ને ! એકલો સિદ્ધાંત ! સંતો ! મુનિઓ અંતરની વાતું કરતાં, એને દૃષ્ટાંત દઈને પણ સરળ કરી નાખ્યું છે, છતાં સમજવું, અભ્યાસ ન હોય એને સમજવું કઠણ પડી જાય છે. આહા...!

કહે છે કે, '**વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં છે. તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' (અર્થાત્) એ જ્ઞાનને જ્ઞેયાકારથી જોતાં જ્ઞેય આકાર અનુભવ હતો, પણ એને છોડીને આમ (પોતાને) જોવે તો જ્ઞાનનો અનુભવ થાય, જ્ઞાન તો ઇનું ઇ છે. એ જ્ઞાનની વર્તમાન પર્યાય જ્ઞેયાકારમાં રોકાતાં જ્ઞાન ત્યાં દેખાય છે. પણ તે જ જ્ઞાનને આમ (અંતર્મુખ થઈને) જોઈએ તો જ્ઞાનનો આવિર્ભાવ – પ્રગટ દેખાય છે અને જ્ઞેયાકાર(જ્ઞાન) તિરોભૂત થઈ જાય છે, ઢંકાઈ જાય છે. જ્ઞેયાકાર જ્ઞાન ત્યાં લક્ષમાં રહેતું નથી. આજે બહુ ઝીણું આવ્યું, બાપુ ! વાત તો આવી છે !

મુમુક્ષુ :-- માલ-માલકી બાત હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– મુદ્દાની વાત (છે) પણ જીવે દરકાર કરી નથી ! અનંતકાળ બહારની મોટપ અને બહારની મહિમામાં રોકાઈ (ગયો છે). જે જ્ઞાન પર દ્વારા અનુભવમાં આવે છે, તે જ્ઞાન પોતાનો સ્વભાવ છે. તે જ જ્ઞાન જ્ઞાનથી અનુભવમાં આવે છે. અહીં (અંતર્મુખ) નજર કરે તો જ્ઞાન અનુભવમાં આવે. પરમાં નજર કરે તો જ્ઞેયકૃત અનુભવમાં આવે છે. જ્ઞેયના આકારવાળાં જ્ઞાનને પરમાર્થથી જોઈએ તો જ્ઞાન છે, એનું જ્ઞાન જુદું છે. જ્ઞેયાકાર (રૂપે) તે જ્ઞાન થયું નથી. આ..હા...હા...! આકરો વિષય આવ્યો !

'...**જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન**

**સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' આહા...હા...! જે પર જ્ઞેયો છે – રાગ, પુણ્ય, દયા, દાન, એને આકારે જે જ્ઞાન જણાય છે તે જ જ્ઞાન સ્વભાવ તરફ જોવો તો તો જ્ઞાનનો જ અનુભવ આવે છે. જ્ઞેયકૃત અનુભવ ત્યાં ઢંકાઈ જાય છે. આહા..હા...! સામે ગાથા(ના) શબ્દ પડ્યા છે.

મુમુક્ષુ :- પઢનેવાલે તો આપ હૈં, ઉસકા રહસ્ય ખોલનેવાલે તો આપ હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝીણી વાત છે, બાપુ ! આહા..હા...! '**...તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**'

'**અલુબ્ધ જ્ઞાનીઓને...**' (અર્થાત્) (જેઓ) પર જ્ઞેય છે તેમાં લુબ્ધ નથી. આ આત્મા – સ્વભાવ છે તેના ઉપર જેનો પ્રેમ અને રુચિ છે અને એના સિવાયના પર જ્ઞેયોમાં જેની લુબ્ધ(તા) નથી, જેમાં રતિ નથી, આસક્તિ નથી, એકત્વ નથી. '**...તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' આહા...! '**અલુબ્ધ જ્ઞાનીઓને...**' (અર્થાત્ જેઓ) જ્ઞેયાકાર જ્ઞાનમાં લુબ્ધ નથી તેને જ્ઞાન જ્ઞાનમાં અનુભવમાં આવે છે. આહા..હા...! લુબ્ધ અજ્ઞાનીને એ જ્ઞાન જ્ઞેયકૃત દ્વારા અનુભવમાં આવે છે, જ્ઞાન તો એ જ છે.

જુઓ ! એક વાત એવી છે કે, આ ત્રિકાળ જ્ઞાન છે ને, તેની વર્તમાન પર્યાય છે ને – અવસ્થા ! એમાં આ જે (પર) જણાય છે, એ જણાતું નથી, જ્ઞાનની પર્યાય જણાય છે. કારણ કે જ્ઞાનની પર્યાય અહીં જ્ઞાનમાં છે અને જે જ્ઞેયો જણાય છે તે જુદાં છે. તેથી તે જ્ઞેયોનું જે જ્ઞાન થાય છે એ (ખરેખર તો) જ્ઞાનનું જ્ઞાન થાય છે. શું કીધું ઇ ? જે આ કપડાં ને લૂગડાં ને દાગીના ને ઢીકણાં ને ફીકણાં ને બાયડી ને છોકરાં ને... એનું જે આમ જ્ઞાન થાય છે, તે જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં પોતાથી પોતાનું થાય છે, એનું નહિ. એના સંબંધીનું જ્ઞાન પોતાને, પોતાથી, પોતા વડે, પોતામાં થાય છે, પણ અજ્ઞાનીને એમ લાગે છે કે, એ વસ્તુ છે તેથી મને જ્ઞાન થાય છે. પણ એ વસ્તુમાં આ જ્ઞાન ક્યાં છે ? આહા...! પર વસ્તુમાં આ જ્ઞાન નથી, છતાં એને એમ લાગે છે કે, 'આ પર વસ્તુ દેખું છું ને તેથી જ જણાય છે. તેથી મને જ્ઞાન થાય છે. ગોળ છે (તેને) જાણું છું માટે ગોળને લઈને ગળપણનું જ્ઞાન થાય છે.' પણ અહીં પર્યાયમાં ગળપણનું (જે) જ્ઞાન (થયું, તે) ગોળની અપેક્ષા વિના (થયું છે). પોતાને કારણે થવાનો (જ્ઞાનનો) સ્વભાવ છે તેને અજ્ઞાની ભૂલી જાય છે. આ..હા..હા...! આજે આખો કલાક ઝીણો આવ્યો !



(અજ્ઞાની એમ માને કે) આ પૈસાના સ્વાદ આવ્યા ! (પૈસાના) સ્વાદ આવતાં હશે ? ધૂડના સ્વાદ આવતા નથી. પણ 'એ મારાં છે' એવી મમતાનો એને સ્વાદ આવે છે. એ મમતાના સ્વાદમાં, જે જ્ઞાનનો સ્વાદ અનુભવમાં આવે (છે) તે જ જ્ઞાન, મમતા વિનાનું જ્ઞાન અનુભવે તો એકલું જ્ઞાન અનુભવમાં આવે છે. મમતા દ્વારા જ્ઞાન જણાય છે, તે જ જ્ઞાનને જ્ઞાન દ્વારા જાણે, તો મમતા વિનાનું જ્ઞાન, જ્ઞાન જાણે છે. આહા...હા...! યાદ રાખવું મુશ્કેલ પડે ! આવી વાત છે, પ્રભુ ! બહુ ઝીણું નથી, દૃષ્ટાંત આપીને સ્થૂળ કરી નાખ્યું છે. દૃષ્ટાંત આપીને તો સ્થૂળ કરી નાખ્યું છે.

શાક દ્વારા જેમ ખાર જણાય એમ આ જ્ઞાન જ્ઞેય દ્વારા જણાય (તે) મિથ્યાજ્ઞાન છે. જ્ઞાન જ્ઞેય દ્વારા ન જણાતા જ્ઞાન, જ્ઞાન દ્વારા જણાય (તે સમ્યક્જ્ઞાન છે). જ્ઞાન જ્ઞેયને જાણે છે, એ જ્ઞેય છે માટે એ જાણે છે એમ નહિ. એ જ્ઞેયને જાણવામાં જ્ઞાનની પર્યાયને પોતાનું સ્વપરપ્રકાશક સામર્થ્ય છે. માટે જ્ઞેય જુદું છે, તેને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ તે જ્ઞેયને જાણવાના જ્ઞાનમાં પોતાની શક્તિથી સ્વ–પરને જાણે છે. એ જ્ઞેયની અપેક્ષા વિના (જાણે છે) તે જ્ઞાનની પર્યાય સામાન્ય છે, જેને પરની અપેક્ષા છે નહિ. જે જ્ઞાનની પર્યાયમાં પરની અપેક્ષા આવી

જાય તે વિશેષ છે, એ અજ્ઞાન છે, પરમાં લુબ્ધ છે. અર..ર..ર...! આવું આકરું પડે !

**'...તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી,...'** (એટલે) મીઠાની ગાંગડી **'...અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...'** અન્યદ્રવ્યના સંયોગનો (એટલે) શાકને દૂર કરી **'...કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં...'** આવે (અર્થાત્) એકલા મીઠાનો સ્વાદ લેવામાં આવે તો **'...સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે...'** એ દૃષ્ટાંત (થયો). **'...તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...'** આ..હા...હા...! જ્ઞાનપ્રભુ ! પર તરફનું લક્ષ છે તેને છેદ કરી, કાઢી નાખી અને એકલા જ્ઞાનમાં જ્ઞાનને જોવે તો તેને જ્ઞાનનો, આનંદનો સ્વાદ આવે. જ્ઞેયને જોઈને સ્વાદ આવે છે એ રાગનો – ઝેરનો સ્વાદ છે. જ્ઞેયને જોઈને જે સ્વાદ દેખાય છે (કે) 'આ તો બહુ મઝા પડી (એ તો ઝેરનો સ્વાદ છે).'

❁ ❁ ❁

હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છે :–

जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન–અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.
જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

ગાથાર્થ :– (यथा नाम) જેમ (कः अपि) કોઈ (अर्थार्थिकः पुरुषः) ધનનો અર્થી પુરુષ (राजानं) રાજાને (ज्ञात्वा) જાણીને (श्रद्धाति) શ્રદ્ધા કરે છે, (ततः पुनः) ત્યાર બાદ (तं प्रयत्नेन अनुचरति) તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે, (एवं हि) એવી જ રીતે (मोक्षकामेन) મોક્ષની ઇચ્છાવાળાએ (जीवराजः) જીવરૂપી રાજાને (ज्ञातव्यः) જાણવો, (पुनः च) પછી (तथा एव) એ રીતે જ (श्रद्धातव्यः) તેનું શ્રદ્ધાન કરવું (तु च) અને ત્યાર બાદ (स एव अनुचरितव्यः) તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.

ટીકા :– નિશ્ચયથી જેમ કોઈ ધન–અર્થી પુરુષ બહુ ઉદ્યમથી

પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે' અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે; તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે 'આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે' અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું – અનુભવ વડે તેમાં લીન થવું; કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી).

(તે વાત વિશેષ સમજાવે છે :–) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે. આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.

પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી. આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.

ભાવાર્થ :– સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન–જ્ઞાન–ચારિત્રથી જ છે, બીજી રીતે નથી. કારણ કે :– પહેલાં તો આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું. ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય; વિના જાણ્યે શ્રદ્ધાન કોનું ? પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર થાય. – એ પ્રમાણે સિદ્ધિ છે. પણ જો જાણે જ નહિ, તો શ્રદ્ધાન પણ ન થઈ શકે; તો સ્થિરતા શામાં કરે ? તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.

## પ્રવચન-૧૧, ગાથા – ૧૭–૧૮

આ 'સમયસાર', ૧૭–૧૮ ગાથા ! આજ હિન્દીમેં ચલતી હૈ. પહલે ઉપર (લિખા) હૈ ? **'અબ, ઇસી પ્રયોજનકો દો ગાથાઓંમેં દૃષ્ટાંતપૂર્વક કહતે હૈં :–'** ક્યા કહતે હૈં ? કિ, યહ આત્મા જો હૈ, ઉસમેં નિશ્ચય દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર (હૈ), વહ ભી ભેદ ઔર વ્યવહાર હૈ. એક આત્માકા સેવન કરના, યહ નિશ્ચય ઔર યથાર્થ હૈ. સોલહવીં ગાથામેં યહ કહા. (અબ) ઇસી બાતકે પ્રયોજનકો ઇન (દો ગાથાઓંમેં) કહતે હૈં. સોલહવીં ગાથા(મેં યહ કહા) :–

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।**

નિશ્ચય સ્વભાવકે આશ્રયસે ઉત્પન્ન હુઆ (ઐસા) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર – વ્યવહાર હૈ. તીન ભેદ હુઆ ના ? (ઇસલિયે) વ્યવહાર (કહા) હૈ. તીન (ભેદસે) રહિત એક(રૂપ) ચૈતન્યમૂર્તિકા સેવન કરના, ચૈતન્યમૂર્તિકા અનુભવ કરના – વહ નિશ્ચય એક હૈ. યહ પ્રયોજન (અબ) ૧૭–૧૮ ગાથામેં કહતે હૈં. (વહાં) કહા ના ? **'અબ, ઇસી પ્રયોજનકો...'** **'ઇસી પ્રયોજનકો'** માને આત્માકા સેવન કરના, શ્રદ્ધા–જ્ઞાન કરના. આત્માકા (સેવન) કરના (યાની) શ્રદ્ધા–જ્ઞાન ઐસે ભેદ ભી



નહીં. આત્માકા અનુભવ કરના. **'...ઇસી પ્રયોજનકો દો ગાથાઓંમેં દૃષ્ટાંતપૂર્વક કહતે હૈં.'**

**जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।**
**तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।**
**एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।**
**अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।**
**'ज्यों पुरुष कोई नृपतिको भी, जानकर श्रद्धा करे।**
**फिर यत्न से धन अर्थ वो, अनुचरण राजाका करै।।१७।।**
**जीवराजको यों जानना, फिर श्रद्धना इस रीतिसे।**
**उसका ही करना अनुचरण, फिर मोक्ष अर्थी यत्नसे।।१८।।'**

ટીકા :– પ્રથમ દૃષ્ટાંત દેતે હૈં. **'નિશ્ચયસે જૈસે કોઈ ધનકા અર્થી...'** 'ધનકા અર્થી' (કહા હૈ). ધનકા અર્થી ન હો ઉસકી યહાં બાત નહીં (હૈ). જિસકો ધન ચાહિયે ઔર ધનકી જિસકો લાલસા હૈ, ઐસા **'...ધનકા અર્થી પુરુષ બહુત ઉદ્યમસે પહલે તો રાજાકો જાને...'** (વહાં) રાજાકી બાત લી હૈ. સેઠકી બાત નહીં લી હૈ. કોઈ કરોડપતિ યા અબજપતિ સેઠ હો, ઉસકી સેવા કરે – ઐસે નહીં લિયા હૈ. રાજાકી સેવા કરે (ઐસા કહા). જૈસે ધનકા અર્થી (પુરુષ) રાજાકી સેવા કરે. પહલે તો રાજાકો જાને કિ, 'યહ રાજા હૈ' ઉસકે લક્ષણસે, ઉસકે પુણ્યસે, ઉસકે પહેરવેશસે, ઉસકી ૠદ્ધિસે – યહ રાજા હૈ ઐસા જાને. **'...કિ યહ રાજા હૈ, ફિર ઉસીકા શ્રદ્ધાન કરે...'** પહલે યહ રાજા હૈ, ઉસે જાને. કૌન (ઐસા જાને) ? (કિ), ધનકા અર્થી ! જો ધનકા અર્થી નહીં હૈ, ઉસકો કોઈ રાજાકી, સેઠિયાકી યા દેવકી દરકાર નહીં હૈ. જો લક્ષ્મીકા અર્થી હૈ, વહ પ્રથમ રાજાકો જાને. (વહાં) રાજા લિયા હૈ – કોઈ કરોડપતિ,

અરબપતિ બનિયેકો–સેઠકો નહીં લિયા હૈ. ક્યોંકિ રાજાકે પાસ કાયમ લક્ષ્મી હોતી હૈ ઔર રાજાકે પાસ પૂર્વ પુણ્યકે કારણસે અબજો રૂપયે તો (ઐસે હી) આતે હૈં. ઇસલિયે રાજા લિયા હૈ.

(કહતે હૈં) '**...રાજાકો જાને કિ યહ રાજા હૈ, ફિર ઉસીકા શ્રદ્ધાન કરે...**' જાનનેકે બાદ શ્રદ્ધાન કરે. (પહલે) શ્રદ્ધાન કરે (ફિર) જાને, ઐસા નહીં (લિયા હૈ). પહલે ઉસકે ચિહ્નસે 'યહ રાજા હૈ' ઐસા જાને, બાદમેં ઉસકી શ્રદ્ધા કરે '**...કિ યહ અવશ્ય રાજા હી હૈ...**' ઉસકે ચિહ્નસે, ઉસકી ઋદ્ધિસે, ઉસકે પહેરવેશસે, ઉસકે પુણ્યસે, ઉસકે બાહરકે શરીરકી ઋદ્ધિકો દેખકર – 'યહ રાજા હૈ' ઐસા જાનકર ઉસકી શ્રદ્ધા (કરે). (ઉસકી શ્રદ્ધા) જાનકર કરે. વજન 'પહલે જાનકર' યહાં હૈ. 'યહ રાજા હી હૈ' – (ઐસા) નક્કી કરે કિ, યહાં રાજા હી હૈ. 'રાજ્યતે ઇતિ શોભ્યતે ઇતિ રાજા.'

'**...ઇસકી સેવા કરનેસે અવશ્ય ધનકી પ્રાપ્તિ હોગી...**' (ઇસ) રાજાકી સેવા કરનેસે જરૂર ઇસકે પાસ સે લક્ષ્મી મિલેગી. (વૈસે તો) લક્ષ્મી પુણ્યસે મિલતી હૈ, પરંતુ યહાં તો દૃષ્ટાંત હૈ. રાજા હી લક્ષ્મી દે સકતા હૈ ના ? વહ તો પૂર્વકે પુણ્ય હો તો લક્ષ્મી આતી હૈ. પુણ્યસે (ભલે) આતી હૈ, પરંતુ પૈસા હૈ યહ તો પાપ હૈ, ક્યોંકિ ભગવાનને ઉસકો પરિગ્રહમેં ગિના હૈ. પૂર્વકે પુણ્યસે મિલે (જરૂર) પરંતુ (જો) ચીજ મિલી હૈ, વહ પાપ હૈ – પરિગ્રહ હૈ. ઇસ રાજાકે પાસ પરિગ્રહ બહુત હૈ, યહ જાનકર (ઉસકી) સેવા કરનેસે અવશ્ય ધનકી પ્રાપ્તિ હોગી. ઉસકી સેવા કરનેસે, ઉસકે પાસ લક્ષ્મી બહુત હૈ, તો સેવા કરનેસે મુઝે લક્ષ્મી મિલેગી.

'**...ફિર ઉસીકા અનુચરણ કરે...**' પહલે જ્ઞાન હુઆ, શ્રદ્ધા હુઈ ફિર અનુચરણ કરે. દૃષ્ટાંતમેં અભી પહલે જ્ઞાન લિયા હૈ, (ફિર) શ્રદ્ધા (લી હૈ), આહા..હા...! '**...સેવા કરે, આજ્ઞામેં રહે, ઉસે પ્રસન્ન કરે;...**' લક્ષ્મી લેનેકે લિયે રાજાકો પ્રસન્ન કરે. યહ તો દૃષ્ટાંત હૈ, આહા..હા...!



'**ઇસીપ્રકાર મોક્ષાર્થી...**' જૈસે (દૃષ્ટાંતમેં) વહ ધનકા અર્થી રાજાકો જાને, શ્રદ્ધા કરે ઔર સેવા કરે (ઐસા લિયા થા), ઐસે (સિદ્ધાંતમેં) મોક્ષાર્થી (લિયા હૈ). યહ શર્ત ! (મોક્ષાર્થી યાની) જિસકો અનંત આનંદકા લાભ–ઐસા મોક્ષ (ચાહિયે). અતીન્દ્રિય અનંત આનંદકી પ્રાપ્તિકા નામ મોક્ષ. ઇસ અતીન્દ્રિય આનંદકી પ્રાપ્તિકા જો અર્થી હૈ (વહ મોક્ષાર્થી હૈ). સંસારકા અર્થી – દુઃખકા અર્થી, વહ નહીં (લિયા). (યહાં તો) જિસે સંસારકે કોઈ ભી કામકી ઇચ્છા નહીં (હૈ), (પરંતુ) એક મોક્ષકી હી ઇચ્છા હૈ (ઐસા મોક્ષાર્થી લિયા હૈ). મુઝે પરમ અતીન્દ્રિય આનંદ મિલે – ઐસી (જિસે) આશા હૈ, ઐસા મોક્ષાર્થી (હોતા હૈ). મોક્ષાર્થી(પનેકી) યહ શર્ત (હૈ). દુઃખસે મુક્ત હોના ઔર આનંદકી પ્રાપ્તિ હોના (વહ મોક્ષ હૈ). દુઃખસે મુક્ત હોના યહ નાસ્તિસે હૈ ઔર આનંદકી પ્રાપ્તિ અસ્તિસે હૈ. (ઇસલિયે) જિસકો અતીન્દ્રિય આનંદકી પ્રાપ્તિકી ઇચ્છા હૈ (વહ મોક્ષાર્થી હૈ). યહ શર્ત ! ધર્મ પાનેવાલેકે લિયે યહ પ્રથમ શર્ત (હૈ) – મોક્ષાર્થી ! આ..હા..હા...!

મોક્ષ નામ સર્વથા દુઃખસે મુક્ત હોના ઔર પૂર્ણ આનંદકા લાભ હોના વહ મોક્ષ (હૈ). (ઐસે) '**...મોક્ષાર્થી પુરુષકો પહલે તો આત્માકો જાનના ચાહિયે,...**' દેખો ! આ..હા..હા...! ક્યા શબ્દ લિયા (હૈ) ? '**...મોક્ષાર્થી પુરુષકો પહલે તો આત્માકો જાનના ચાહિયે,...**' ઐસા કુછ નહીં લિયા કિ, દેવ-ગુરુ-શાસ્ત્રકો જાનના યા શાસ્ત્રવાંચન કરના યા ઐસા સુનના – યહ બાત લી નહીં. યે સબ વ્યવહાર ન લિયા. પહલે ક્યા કરના ? ઇસમેં (યે સબ) નહીં લિયા. સીધી બાત કરના (યાની) પહલે તો આત્માકો જાનના ચાહિયે, ઓ..હો..હો...!

અંદર ભગવાનઆત્મા કૈસા હૈ ? ઉસકો મોક્ષાર્થી (બનકર) પહલે જાનના ચાહિયે. નવ તત્ત્વકો જાનના યા દેવ, ગુરુ, શાસ્ત્રકો જાનના –

ઐસી બાત લી નહીં. પહલે યહ કરના, ઐસા લિયા હૈ. પહલે આત્માકા હી જ્ઞાન કરના, ઐસે લિયા હૈ. સમજમેં આયા ? દૂસરી ચીજ ઉસકે પાસ હૈ, યહ બાત યહાં નહીં (કહી). આત્મા ક્યા હૈ ? બાહરમેં દેવ, ગુરુકો સુનું, (ઉનકી) સેવા કરું – તો (આત્મા) મિલે, યહ પ્રશ્ન યહાં નહીં હૈ. ક્યોંકિ ઐસી બાત હૈ હી નહીં. 'મૈં ભગવાનકી ભક્તિ કરું, યાત્રા કરું, શાસ્ત્રકા વાંચન કરું તો આત્મા મિલેગા', યહ બાત હૈ હી નહીં. પહલે સે યહ શર્ત લી હૈ.

મુમુક્ષુ :– તો ફિર મંદિરોંકી ક્યા જરૂરત હૈ ?

સમાધાન :– મંદિરોંકા ભી પ્રશ્ન યહાં હૈ નહીં, વહ તો ઉસકે કારણસે હોતા હૈ. (ઉસે બનાનેકા) શુભભાવ હો તો ઉસકી બાત યહાં હૈ નહીં. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! ૧૭–૧૮ (ગાથા) લેનેકો કહા થા ના ? ૧૭–૧૮ (ગાથા) હિન્દીમેં લેનેકો આપને કહા થા !

(કોઈ ઐસા કહે કિ) યહ મંદિર (બનાતે હૈં, વહ ક્યા હૈ ?) વહ તો (ઐસા) શુભભાવ હો તબ બનનેકી ચીજ બનતી હૈ. (ઐસા) શુભભાવ કરે તો મંદિર બનતા હૈ, ઐસા હૈ નહીં. મંદિરકે એક–એક પરમાણુકી ઉસ–ઉસ કાલમેં ઉસકી જો પર્યાય હોનેવાલી હૈ, (વહ) ઉસસે હોતી હૈ. દૂસરા મંદિર કરાનેવાલા (ઐસા) માને કિ, મેરેસે મંદિર હોતા હૈ – (તો) યહ બાત પૂર્ણ – સોલહ આના જૂઠી હૈ, આહા..હા...!

જો (જીવ) મોક્ષકા કામી હૈ (યાની) અનંત આનંદરૂપી મોક્ષ (જિસે ચાહિયે વહ મોક્ષાર્થી હૈ). 'નિયમસાર'મેં લિયા હૈ કિ, મોક્ષ ક્યા હૈ ? (કિ), અનંત અતીન્દ્રિય આનંદકા લાભ, યહ મોક્ષ (હૈ). ઐસા 'નિયમસાર'મેં લિયા હૈ. ક્યા કહા ?

મોક્ષકા અર્થ ક્યા ? (કિ), અનંત અતીન્દ્રિય આનંદકા લાભ લેના, યહ મોક્ષ (હૈ). સંસારમેં તો સબ દુઃખ (હૈ). પૈસા મિલા, સ્ત્રી–કુટુંબ મિલા, યે સબ દુઃખ (હૈ). સંસાર(મેં) દુઃખ (હી હૈ), આહા..હા...! ઉસકી



બાત તો યહાં હૈ નહીં. પરંતુ પહલે તો દેવ, ગુરુ, શાસ્ત્રકી સેવા કરના, (ઉનકી) દેશના સુનના; દૂસરે ઠિકાને (ઐસા) આયે કિ, પહલે દેશના હોતી હૈ, પરંતુ યહાં યહ બાત લી નહીં, (ક્યોંકિ) યહ વ્યવહાર હૈ. આહા..હા...!

યહાં તો પ્રથમમેં પ્રથમ (યહ કહા કિ), આત્માકો જાનના ચાહિયે. આ..હા..હા...! નિમિત્તકો જાનના ચાહિયે યહ ભી નહીં લિયા, રાગકો જાનના યહ ભી નહીં લિયા, ઉસકી એક સમયકી પર્યાયકો જાનના યહ ભી નહીં લિયા, આહા..હા...! સમજમેં આયા ? સીધી આત્મદ્રવ્યકો (જાનનેકી) બાત લી હૈ. પહલે આત્માકો જાનના ! આત્મદ્રવ્યકો જાનના. ગુણ–ગુણીકે ભેદકો ભી પહલે નહીં (જાનના), આહા..હા...! પર્યાયકો ભી નહીં, રાગકો તો નહીં (ઔર) નિમિત્તકો (ભી) નહીં, આહા..હા...! પહલે હી...! મોક્ષાર્થીપુરુષકો પહલે તો...! જૈસે ધનકા અર્થી પહલે રાજાકો જાને, ઐસે આત્માર્થી (મોક્ષાર્થી) પહલે આત્માકો જાને, આહા..હા...!

(પહલે આત્માકો જાને) તો યહ સબ વ્યવહાર કહાં જાયેગા ? (તો કહતે હૈં) ઉસકે કારણ સે ઉસ સમયમેં હોતા હૈ તો હો, ઉસ પર ઉસકા (મોક્ષાર્થીકા) લક્ષ નહીં (હૈ). બાહરકી ચીજ તો ઉસ સમય ક્રમબદ્ધ(પર્યાયમેં) આનેવાલી હોતી હૈ તો હોતી હૈ, ઉસકા લક્ષ કરાયા નહીં. આ..હા..હા...!

તો યહ મંદિર બનવાયા, યહ ક્યા હૈ ? (મંદિર બનાનેમેં) લાખો (રૂપયે) ક્યા કરોડ–પાંચ કરોડ (રૂપયે) ડાલ દે, તો ક્યા (હુઆ) ? વહ તો પર ચીજ હૈ ! ઉસમેં તો રાગકી મંદતા – શુભભાવ હોતા હૈ. યહ શુભભાવ ધર્મ નહીં (હૈ) ઔર શુભભાવ ધર્મકા કારણ ભી નહીં (હૈ).

પહલે યહ શબ્દ લિયા હૈ. હૈ અંદર ? મોક્ષાર્થીકો...! જૈસે ધનકા અર્થી રાજાકો જાને, જાનનેકે બાદ શ્રદ્ધા કરે, ફિર અનુચરણ કરે; વૈસે પહલે મોક્ષાર્થીકો... આ..હા..હા...! પહલે આત્માકો જાનના. આહા..હા..હા...!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ઔર ચૈતન્યઘન, વિજ્ઞાનઘન પ્રભુ આત્મા એકરૂપ હૈ. વિજ્ઞાનઘન (હૈ) ઐસા ભેદ ભી નહીં કરના. એકરૂપ ચૈતન્ય હૈ, આ..હા..હા...! સૂક્ષ્મ બાત હૈ ! પહલે જિસકો ધર્મી કહના હો અર્થાત્ ધર્મ જિસકો કરના હો અર્થાત્ મોક્ષકી ભાવના હો ઉસકો પહલે મેં પહલે આત્માકો જાનના. નવ તત્ત્વોંકો જાનના, ઐસા ભી કહા નહીં. દેવ–ગુરુ–શાસ્ત્રકો પહલે જાનના, યે કહા નહીં. વહ બાત તો અંતરમેં પહલે સાધારણ આ જાતી હૈ. વહ કોઈ ચીજ નહીં. ઉસસે કોઈ આત્માકા જ્ઞાન હો જાતા હૈ, ઐસા નહીં (હૈ). આ..હા..હા...!

મુમુક્ષુ :– સીધેસીધું હાથમાં આવી જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સીધું આવી જાય છે, એ વાત છે. વાત એ કહે છે. દૂસરા વ્યવહાર હૈ ઉસસે પ્રાપ્ત હોતા હી નહીં, ઇસલિયે તો પહલે યહ શબ્દ લિયા હૈ. વ્યવહાર આતા હૈ તો વ્યવહાર સે આત્માકા જ્ઞાન હોતા હૈ (ઐસા નહીં હૈ). લાખ મંદિર બનાયા, પુસ્તકો લાખ–કરોડ બનાયા, 'સોનગઢ'સે ૨૨ લાખ (પુસ્તક છપે) હૈં. દૂસરી જગહસે આઠ લાખ (છપે) હૈં. યે પુસ્તક બનાયા તો આત્મા જાનનેમેં આતા હૈ, ઐસી બાત નહીં લી હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! આહા...!

પહલેમેં પહલે...! શર્ત યે (હૈ) – જો મોક્ષકા અર્થી હોતા હૈ તો – યહ શર્ત ! રાગકા અર્થી હો, પુણ્યકા અર્થી હો, માનકા અર્થી હો – વહ તો ધર્મકી શરૂઆતમેં ભી આતા નહીં, વહ ધર્મ પાનેકે લાયક નહીં. આહા..હા...! સમજમેં આયા ? લક્ષ્મીકા અર્થી હો, આબરૂકા અર્થી હો, મોટપકા અર્થી હો (અર્થાત્) દૂસરેસે જ્યાદા હમકો મોટપ (માન) મિલેગા – યે કોઈ શર્ત યહાં હૈ નહીં – યે સબ સંસાર હૈ, આહા..હા...!

મોક્ષાર્થીકો (માને) જિસકો આત્માકે અનંત આનંદકા લાભ લેના હૈ, ઐસી પ્રયોજનભૂત ચીજકો જિસકો લેના હો, ઉસકો પહલે... પહલે તો રાજાકો (જીવરાજાકો) જાનના. ઇસ શબ્દમેં બહુત ગંભીરતા હૈ !



પહલેમેં પહલે ભગવાનઆત્માકો જાન ! ઐસે લિયા હૈ. સમકિત બાદમેં. જાનને કે બાદ શ્રદ્ધા (હોતી હૈ). જો ચીજ જાનનેમેં આયી નહીં ઉસકી ક્યા શ્રદ્ધા કરના ? ગધેકા સીંગ, ખરગોશકા સીંગ હૈ નહીં તો જાનનેમેં આતા નહીં, તો પ્રતીતિ કિસકી ? વૈસે પહલે આત્મા ક્યા હૈ ? (વહ) ઉસકે જાનનેમેં આતા નહીં તો પ્રતીતિ કિસકી ? આહા..હા...!

પહલેમેં પહલે આત્માકો જાનના ચાહિયે. શબ્દ ઐસે લિયા હૈ. પહલેમેં પહલે આત્માકો જાનના ચાહિયે, આહા..હા...! સંસારકી સબ જિજ્ઞાસા, સંસારકા સબ પ્રયોજનકા ભાવ છોડકર (આત્માકો જાનના), આહા..હા...! મૈંને ઇતની લક્ષ્મી દી તો ઉસસે મુઝે કુછ ધર્મ હોગા, મૈં સમકિત સન્મુખ હો જાઉંગા, યે બાત હૈ નહીં. મંદિરમેં ૨૫ લાખ ખર્ચ કિયે તો હમ કુછ ધર્મકી સન્મુખ હોંગે, યે બાત હૈ નહીં. કઠિન બાત હૈ ભગવાન !

મુમુક્ષુ :– યહ પહલે ક્યોં નહીં કહા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉસમેં પહલે આતા હી નહીં, ઇસલિયે નહીં કહા. ઉસસે આત્માકા જ્ઞાન હોતા નહીં, ઇસલિયે યહ (આત્માકો જાનનેકા પહલે) કહા હૈ. આહા..હા..હા...!

પહલે શુભ(ભાવ) કરો – દયા, દાન, વ્રત કરો તો શુદ્ધ ધર્મ હોગા ઐસી બાત હૈ નહીં. પહલે રાગકી મંદતાકા (ભાવ) – દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન આદિ વિશેષ કરો તો આગે બઢેંગે, યે બાત યહાં હૈ નહીં. યહાં તો સીધા ભગવાનઆત્મા...! પૂર્ણાનંદકા નાથ ! (હૈ, ઉસકો પહલે જાનના). (જો) મોક્ષકા અર્થી હૈ, ઉસકો પહલેમેં પહલે સીધા આત્માકો જાનના.

આત્માકા દર્શન, જ્ઞાન, ચારિત્ર ઐસા ભેદકો જાનના, ઐસા ભી કહા નહીં. સોલહવીં ગાથામેં કહા હૈ ઉસકા અર્થ યહાં હૈ. સોલહવીં ગાથામેં કહા થા – '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**

' સાધુકો–મુનિરાજકો હમેશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકા સેવન કરના. ઐસા સોલહવીં ગાથામેં પહલે પદમેં કહા. બાદમેં કહા વહ તીનોં આત્મા હૈ, તીન ભેદ નહીં. આહા..હા...! '**णिच्छयदो अप्पाणं**' વહી પ્રયોજન યહાં ૧૭--૧૮ ગાથામેં સિદ્ધ કિયા હૈ. એક આત્મા...! આ..હા..હા...! પૂર્ણાનંદકા નાથ, શુદ્ધ ચિદ્‌બિંબ, ધ્રુવ, સામાન્ય, એક અતીન્દ્રિય પ્રભુકી અનંતી શક્તિયોંકા પિંડ, ઐસા આત્મા...! ઐસા ગુણકા પિંડ, ઐસા ભી નહીં. યહ તો સમજાનેમેં (ભેદ) આતા હૈ. સીધા આત્માકો જાનના...! આ..હા..હા...! ગજબ બાત હૈ, ભાઈ !

સામાન્ય મનુષ્યકો તો (ઐસા લગે કિ) પહલે યે કરેં, યે કરેં, યે કરેં... બાદમેં યહ મિલેગા, ઐસા કુછ હૈ નહીં.

મુમુક્ષુ :– જૈસે ગાંવ બીચમેં આતા હૈ વૈસે યહ ભી બીચમેં આતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આયે, આયે... (લેકિન) ઉસકો છોડના. વહ તો પહલે કહા ન ? દોપહરકો કહા થા, જહાં જાના હૈ વહ લક્ષમેં (રહતા) હૈ (ઔર) બીચમેં નગર આતે હૈં ઉસકો છોડ દેતા હૈ. યહાં (તો) બીચકી બાત હી નહીં, છોડ (દેતે) હૈં વહ બાત હી નહીં. જિસ નગરમેં જાના હૈ ઔર બીચમેં છોડના હૈ વહ ભી બાત યહાં નહીં, આ..હા..હા...! પરકો છોડ દેના યહ ભી વ્યવહાર હૈ, રાગકો છોડના વહ ભી વ્યવહાર હૈ. રાગકા નાશ કરના વહ ભી નામ(માત્ર) કથન હૈ. આત્મા(કે આશ્રયસે) રાગકા નાશ કરના યહ ભી નામ(માત્ર) કથન હૈ. પરમાર્થસે આત્મા રાગકા નાશકર્તા હૈ નહીં. આત્મા તો આનંદસ્વરૂપમેં (સ્થિર) હોતા હૈ તો રાગકી ઉત્પત્તિ હોતી નહીં, તો રાગકા નાશ કિયા ઐસા નામમાત્ર કથનસે કહનેમેં આયા હૈ, આહા..હા...! યહ ૩૪વીં ગાથામેં આયા હૈ.

યહાં કહતે હૈં, '**...(મોક્ષાર્થી) પુરુષકો પહલે,...**' 'પુરુષ'કો (માને)



આત્માકો. 'મોક્ષાર્થી પુરુષ' યાની 'આદમી' હી ઐસા કુછ નહીં. 'મોક્ષાર્થી પુરુષ' નામ આત્મા. (ચાહે તો) સ્ત્રીકા આત્મા હો (યા) નપુંસકકા આત્મા હો. નરકમેં નીચે જો નારકી હૈં (વહાં) તો અકેલે નપુંસક હી હૈં. માંસ, દારૂ–શરાબ (જો) પીતે હૈં ઉન સબકા દેહ છોડકર (રહનેકા) સ્થાન નરક હૈ. કોઈ માને યા ન માને ઇસસે કોઈ વસ્તુ(સ્થિતિ) પલટ નહીં જાતી. (કોઈ ઐસા કહે કિ) 'બસ ! અભી યે કરો, ફિર કુછ નહીં હૈ.' 'કુછ હૈ નહીં' (કહતા હૈ લેકિન વહાં) તેરા દુઃખ હૈ, મરકર દુઃખ (ભોગનેકો) નરકમેં જાયેગા. માંસ આદિ (ખાકર) નરકમેં જાયેગા યે બાત તો યહાં કહી નહીં, વૈસે હી પુણ્ય કરકે સ્વર્ગમેં જાયેગા યે બાત ભી યહાં કહી નહીં. યહાં તો જિસકો આત્માકે મોક્ષકી ઇચ્છા હૈ (ઉસકી બાત હૈ), આહા..હા...!

ગૃહસ્થાશ્રમમેં હો, બાલક હો,... ઇસમેં 'આબાલ–ગોપાલ' આયેગા ! આયેગા ઇસમેં. 'આબાલ–ગોપાલ' (યાની) બાલકસે લેકર વૃદ્ધ સબકો પહલેમેં પહલે કરનેકે લાયક હો તો... મોક્ષાર્થીજીવકો પહલે આત્મા જાનના. આત્માકી પર્યાયકો જાનના યહ ભી નહીં કહા, વ્યવહાર જાનો યહ ભી નહીં કહા, નિમિત્તકો જાનો યહ ભી નહીં કહા ! આહા..હા...! ઉસમેં હૈ કી નહીં ? હિન્દી તો સરલ ભાષા હૈ, બહુત સરલ હૈ ! (હમકો) ઐસી કોઈ આપ લોગોંકી હિન્દી આતી નહીં.

આહા..હા...! પહલે તો આત્માકો જાનના. હિન્દીમેં પહલે યહ આયા હૈ ! આહા..હા...! (મંદિરમેં) પૈસે ખર્ચ કિયે ઇસલિયે ધર્મ હોગા, કરીબ હોગા કરીબ ! ઐસા નહીં હૈ. લાખ ક્યા કરોડ (રૂપયે) ડાલે નહીં, ઉસમેં કુછ રાગકી મંદતા હો તો પુણ્ય હૈ, યે બાત યહાં હૈ નહીં. યહાં તો 'મોક્ષાર્થી'...! (બસ, ઉસકી હી બાત હૈ). આહા..હા...!

'શ્રીમદ્'મેં આતા હૈ ના ? માત્ર મોક્ષકા કામ હૈ. 'માત્ર મોક્ષ અભિલાષ' ! હૈ, (ઐસા) શબ્દ હૈ. 'આત્મસિદ્ધિ'મેં (આતા હૈ). 'માત્ર

મોક્ષ અભિલાષ' ! 'માત્ર' મોક્ષ અભિલાષ !! 'માત્ર' (યાની) આત્માકે સિવા કોઈ ચીજ કી અભિલાષા નહીં. એક હી મોક્ષ ! મેરી આનંદકી દશા ! મેરે અતીન્દ્રિય આનંદકી પૂર્ણ દશા મુઝે ચાહિયે ! ઇસકે સિવા કોઈ ચાહના હૈ નહીં. ઐસી મોક્ષકી અભિલાષ હૈ ઉસ જીવકો પહલેમેં પહલે '**...આત્માકો જાનના ચાહિયે,...**' આ..હા..હા...! નવ તત્ત્વકો ભી જાનના કહા નહીં, ભગવાન અરિહંતકો જાનના (યા) પંચ પરમેષ્ઠીકો જાનના યે ભી કહા નહીં, ક્યોંકિ વહ તો અનંતબાર જાના હૈ ઔર અનંતબાર વ્યવહાર આ ગયા હૈ. યહ આયા નહીં – પ્રથમ આત્મા ક્યા ચીજ હૈ, વહ આયા નહીં. આહા..હા...!

'**...પહલે તો આત્માકો જાનના,...**' (ઇસમેં) બહુત ગંભીરતા ભરી હૈ ! બહુત ગંભીરતા...! એક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એકરૂપ ! દો ભી નહીં (અર્થાત્) ગુણી–આત્મા ઔર જ્ઞાન–દર્શન ગુણ, ઐસા ભેદ ભી નહીં. આહા..હા...! સીધા આત્માકો જાનના. પંચમ આરાકે સંત પંચમ આરાકે શ્રોતાકો યહ બાત કહતે હૈં ! કોઈ ઐસા કહે કિ, 'ઐસી બાત તો ચૌથે આરેમેં ચલે !' (તો) યહ બાત ક્યા હૈ ? (એક) હજાર વર્ષ પહલે ('અમૃતચંદ્રાચાર્ય') મુનિ હુએ, દો હજાર વર્ષ પહલે 'કુંદકુંદાચાર્ય' હુએ વહ ભી પંચમ આરામેં ! તો પંચમ આરાકે સંત પંચમ આરાકે શ્રોતાકો પહલે યહાંસે બાત કરતે હૈં ! સમજમેં આયા ? (ઐસા નહીં કહા હૈ કિ), 'પહલે તુમ ઐસા કરો, પહલે ઐસા કરો, બાદમેં ઐસા કરો ઔર દાન કરો, (પહલે રાગકી) મંદતા કરો, બાદમેં યહ હોગા !' (યહાં તો) પંચમ આરાકે સંત પંચમ આરાકે શ્રોતાકો (પહલેમેં પહલે આત્માકો જાનના, ઐસા કહતે હૈં !). ('મહાવીર') ભગવાનકે (નિર્વાણ કે ૬૦૦) વર્ષ બાદ 'કુંદકુંદાચાર્ય' હુએ, બાદમેં (એક) હજાર વર્ષકે બાદ 'અમૃતચંદ્રાચાર્ય' હુએ. આહા..હા...! 'કુંદકુંદાચાર્ય' તો છેસૌ સાલ (બાદ) ગયે (થે), અભી સે દો હજાર વર્ષ પહલે ગયે થે લેકિન



ભગવાનકે (નિર્વાણ) બાદ છેસૌ સાલ (બાદ ગયે). યહાં સે દો હજાર વર્ષ પહલે. યહાં સે એક હજાર વર્ષ પહલે 'અમૃતચંદ્રાચાર્ય' (હુએ). દોનોંને બાત યહ કહી હૈ ! સબ બાત છોડકર...! આ..હા..હા...! 'ભગવાનકી પૂજા કરો, હમેશા સેવા કરો તો તુજે લાભ હોગા !' (ઐસી) કોઈ બાત હૈ નહીં. આહા..હા...! (કોઈ ઐસા કહે કિ) 'પહલે તુમ સુનાઓ કિ આત્મા ક્યા હૈ, બાદમેં હમ જાન સકતે હૈં ન ?' યહ બાત ભી યહાં હૈ નહીં. સમજમેં આયા ?

શ્રોતા :– ભારે કઠણ પડે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભારે કઠણ પડે ? દુનિયામેં કુછ કઠિન પડતા નહીં. દેશકો છોડકર, માં–બાપ, કુટુંબ, રિશ્તેદાર આદિકો (છોડકર) પરદેસમેં રખડતા હૈ, વહ કઠિન પડતા નહીં ! કુટુંબકો વહાં છોડકર યહાં રખડતા હૈ ! કિતને હજારોં માઈલ દૂર (યહાં રખડતા હૈ) ! યહ બાત ઉસકો કભી રુચિ હી નહીં. અંતરમેં ઉસકી દરકાર (કભી) કી હી નહીં. જિસકી દરકાર કરની ચાહિયે ઉસકી દરકાર કી નહીં. જિસકી જરૂરત નહીં ઉસકી દરકાર સારા દિન કી – ધંધા–વ્યાપાર, સ્ત્રી, પુત્ર, કુટુંબ, ધન, વ્યાજ પૈદા કિયા, ઇતને પૈસે હુએ ! આહા..હા...! કરોડોં રૂપયેકા મંદિર બનાયા ઇસલિયે ધર્મસે નજદીક હોગા ઔર સમ્યગ્દર્શન પાનેકે લાયક હોગા, ઐસી બાત યહાં હૈ નહીં.

શ્રોતા :– ઐસા ઉપદેશ પહલે દિયા હોતા તો યહ મંદિર બનવાતે નહીં ના !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કૌન બનવાતા હૈ ? વહ તો શુભભાવ હો (ઔર) બનનેકે લાયક હૈ ઉસ સમય બનેગા. ઇસ શુભભાવસે મંદિર બનેગા યહ બાત હૈ નહીં. મંદિર તો પરમાણુકી રચના હૈ. આત્માકો બિલકૂલ લાભ નહીં. વહ પરમાણુ–રજકણ જો હૈ, (વહ) અનંત પરમાણુકા પિંડ (હૈ). જૈસે યહ અંગુલી હૈ વહ અનંત પરમાણુકા પિંડ હૈ. યહ

(કોઈ) એક ચીજ નહીં હૈ, યહ એક ચીજ નહીં હૈ, યહ તો અનંત રજકણકા પિંડ હૈ. ઉસકો શાસ્ત્રભાષામેં 'સ્કંધ' કહતે હૈં, 'સ્કંધ' ! (એક સે) અધિક પરમાણુ મિલે ઉસકો શાસ્ત્રમેં 'સ્કંધ' કહા હૈ, તો યહ સ્કંધ હૈ, એક ચીજ નહીં. ઉસકા ટુકડા કરતે... કરતે... કરતે... આખીરકા છોટેમેં છોટા Point રહે ઉસકો 'પરમાણુ' કહતે હૈં. ઉસ પરમાણુમેં ભી ઉસ સમયમેં ઉસકી અપની અવસ્થા હોનેકા કાલ હૈ તો પરમાણુકી અવસ્થા હોતી હૈ. દૂસરે પરમાણુકે કારણસે અવસ્થા હોતી હૈ, યે (બાત) ભી નહીં (હૈ). તો દૂસરે આદમીસે મંદિર હોતા હૈ યહ (બાત) ભી નહીં (હૈ). ભારી કામ, ભાઈ ! ઐસી બાત હૈ, પ્રભુ ! આહા..હા...!

શ્રોતા :– સામું દેખાય છે તોપણ નહિ ?

સમાધાન :– જે નથી દેખાતું એ આ છે ! દેખ્યું નથી એ આ છે અને બાકી બધું દેખ્યું છે ! બાકી બધી બહારમાં ધૂડ દેખી છે ! રાજા અનંતબાર હુઆ હૈ, અબજોંકી મહિનેકી કમાઈ (હો) ઐસા રાજા અનંતબાર હુઆ હૈ ! ઔર સૌ બાર માંગે ઔર એક કવલ (ખાના) મિલે ઐસા ભિખારી અનંતબાર હુઆ હૈ ! ઔર કરોડોં રૂપિયેકા મંદિર ભી અનંતબાર બનાયા હૈ. પૂર્વમેં અનંતબાર બનાયા હૈ ! વહ કોઈ ચીજ નહીં. આહા..હા...! ગજબ બાત હૈ, ભાઈ ! હિન્દીમેં આયા ઉસમેં (ભી) પહલે યહ આયા !

'પ્રથમમેં પ્રથમ આત્માકો જાનના ચાહિયે' યહ શબ્દ લિયા હૈ. સંવર, નિર્જરાકો જાનના યા મોક્ષાર્થીકો મોક્ષ જાનના, ઐસે પહલે નહીં લિયા. ક્યા કહા ? મોક્ષાર્થીકો મોક્ષકો જાનના ઐસે નહીં લિયા. સમજમેં આયા ? મોક્ષાર્થીકો આત્મા જાનના, ઐસે લિયા હૈ. મોક્ષાર્થીકો મોક્ષ ક્યા હૈ ? યહ પહલે જાનનેમેં લિયા નહીં. ક્યોંકિ મોક્ષ હૈ, યહ પર્યાય હૈ. મોક્ષ પર્યાય હૈ, સિદ્ધકી પર્યાય હૈ. મોક્ષાર્થીકો – મોક્ષકી પર્યાયકે પ્રયોજનવાનકો મોક્ષકી પર્યાય જાનના, ઐસા નહીં કહા. આહા..હા...! ઉસે સંવર,



નિર્જરાકો પહલે જાનના, યહ ભી નહીં કહા. આહા..હા...! ઐસી બાત હૈ, પ્રભુ ! ઉસમેં યહ પરદેશ–અનાર્ય દેશ ! ઉસમેં ઐસી બાતેં !! બાત તો ઐસી હૈ, પ્રભુ ! અંતરકી દરકાર કભી કી હી નહીં. ચાર ગતિમેં રખડતે–રખડતે નરક ઔર નિગોદકે અનંત ભવ કિયે તો ભી આત્માકા કુછ (કલ્યાણ) હુઆ નહીં.

યહાં તો કહતે હૈં, પહલેમેં પહલે '**...આત્માકો જાનના ચાહિયે...**' ઐસે લિયા હૈ.

શ્રોતા :– તૈયાર શિષ્યકો લિયા હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– જો પાત્રજીવ હૈ, જો મોક્ષકા અર્થી હૈ ઉસકો લિયા હૈ. જો કુછ પુણ્યકા અર્થી, વિષયકા અર્થી, માનકા અર્થી, આબરૂકા અર્થી, ધૂલકા અર્થી (યાની) યે પૈસે–કરોડ–દો કરોડ હોતે હૈં, ઉસકા અર્થી (હો), યહ બાત યહાં લી નહીં. વહ લાયક નહીં હૈ ! આ..હા..હા...! મોક્ષકા અર્થી...! મોક્ષકે અર્થીકો મોક્ષ જાનના, ઐસે ભી લીયા નહીં, આહા..હા...! હૈ ના અંદર દેખો ! '**...મોક્ષાર્થી પુરુષકો પહલે...**' ઐસે શબ્દ પડે હૈં. મોક્ષાર્થીકો પહલે મોક્ષકો જાનના, ઐસે યહાં પહલે લિયા નહીં. તો (ફિર) પુણ્ય કરના, યહ કરના, ઉસસે આત્મા (પ્રાપ્ત) હોતા હૈ, યહ પ્રશ્ન યહાં હૈ હી નહીં. ભગવાનઆત્માકા જ્ઞાન કિસી ભી પરકી અપેક્ષા રખે બિના હોતા હૈ. રાગકી ઇતની મંદતા કી ઔર બાદમેં આત્માકા જ્ઞાન હોતા હૈ, ઐસી અપેક્ષા આત્માકો જાનનેમેં હૈ નહીં, આહા..હા...! ગજબ બાત હૈ !

સેઠિયા હો તો લાખ, દો લાખ, પાંચ લાખ, પચીસ લાખ ખર્ચ કરે તો માનો (ક્યા કર દિયા !) દૂસરે લોગ ઉસે 'ધર્મધુરંધર'કા બિરૂદ દે ! 'ધર્મ– ધુરંધર' ! યહાં તો ધ્યેય આત્મા જો હૈ, આહા..હા...! પહલેમેં પહલે...! ગજબ બાત હૈ ! મોક્ષાર્થીકો પહલે મોક્ષ જાનના, યહ ભી નહીં લિયા. તો ફિર સંવર, નિર્જરા, પુણ્યકો (જાનના) ઔર મંદિર બનાના,

પહલે યહ બનવાના ઔર બાદમેં આત્માકો જાનના, યહ બાત તો લી હી નહીં, આહા..હા...! સીધા માર્ગ યહી હૈ ! જિસે (ધર્મ કરના હો ઉસે) સીધા ઇસ આત્માકો જાનના ! સીધા...! ઇસકો જાનનેમેં પરકી કોઈ અપેક્ષા હૈ નહીં. ઇસલિયે ભગવાનકે યહ વચન હૈ ! (ઔર) મુનિરાજ જગતકે પાસ યહ જાહિર કરતે હૈં ! દુનિયાને રુચે ન રુચે, સમાજ સમતોલ રહે ન રહે, (નગ્ન મુનિકો કિસીકા બંધન નહીં). 'નાગા બાદશાહથી આઘા' ! ઉનકો કોઈ પરવાહ નહીં કિ, યહ બાત કિસીકો નહીં રુચે ઔર વિરોધ કરેગા (તો) ? (વહ) ઉસકે પાસ રહા ! વિરોધ કરનેવાલા કોઈ હૈ નહીં, આહા..હા...!

મોક્ષાર્થીકો...! ગજબ બાત કહી હૈ ના ! આ..હા..હા...! મોક્ષકે અર્થીકો મોક્ષકો જાનના, ઐસે નહીં કહા. ક્યોંકિ મોક્ષ હૈ વહ પર્યાય હૈ, પર્યાય હૈ વહ ભેખ હૈ, પર્યાય હૈ યહ આત્માકા એક ભેખ હૈ – 'સમયસાર'મેં આયા હૈ. સંવર, નિર્જરા ભી એક ભેખ હૈ (ઔર) મોક્ષ ભી એક ભેખ હૈ, વસ્તુ નહિ. યે તો પર્યાયકા એક ભેખ હૈ, આહા..હા...! લેકિન જો એક (માત્ર) મોક્ષકી પર્યાય ચાહતા હૈ ઉસકો સીધા... (આત્માકો જાનના). આહા..હા...! પરકી અપેક્ષા છોડકર, ઐસા કરું તો ઐસા મિલેગા, ઐસી અપેક્ષા છોડકર (સીધા આત્માકો જાનના).

તીનલોકકા નાથ જિનેશ્વરદેવ ! ઉનકી દિવ્યધ્વનિમેં યહ આયા ! ઉસે સંત...! પંચમ આરાકે સંત ! સીધે ભગવાનકે પાસ ગયે થે, વહાંસે આકર 'આડતિયા' હોકર યહ બાત કરતે હૈં ! 'ભગવાન ઐસા કહતે હૈં ! વહ હમ કહતે હૈં !' ઐસા કહતે હૈં. આહા..હા...!

શ્રોતા :– દેશના સુનનેસે હોતા હૈ ના ?

સમાધાન :– દેશના સુનનેકી યહાં ગિનતી નહીં હૈ ! (ક્યોંકિ) દેશના અનંતબાર સુની ઔર અંદર ગયા નહીં. દેશના અનંતબાર સુની હૈ !



શ્રોતા :– યહ દેશના અલગ પ્રકારકી હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અલગ પ્રકારકી હૈ ! દેશના આતી હૈ, પરંતુ દેશના આયી ઇસલિયે પ્રાપ્ત હો જાયે, ઐસે નહીં. ઇસલિયે યહ શબ્દ લિયે હૈં. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ ! આજ તો તેરહવા દિન હુઆ ! અબ ઇતના સૂક્ષ્મ આયા ! આહા...! ઉસે ક્રમબદ્ધ હોગા ઇસલિયે આત્માકો જાનના, ઐસે શબ્દ ભી લિયે નહીં. ક્રમબદ્ધ હોનેવાલા હૈ ઇસલિયે નહીં (પરંતુ) આત્માકો જાન, ઉસમેં વહ ક્રમબદ્ધ હૈ વહ બાત આ જાયેગી ! આહા..હા...! ક્યોંકિ ક્રમબદ્ધમેં અકર્તાપના બતાયા હૈ. આત્મા રાગકા ઔર પર્યાયકા અકર્તા હૈ, સીધા આત્મા આત્માકા (કર્તા) હૈ, તો સીધી આત્માકી બાત લી હૈ, આહા..હા...! વહાં તો અકર્તા બતાયા હૈ ના ? ક્રમબદ્ધમેં તો અકર્તા બતાયા હૈ. પર્યાયકા ભી અકર્તા ! તો વહ બાત યહાં લી નહીં, આ..હા..હા...! યહાં તો પર્યાયમેં સીધા આત્માકો જાનના ! જાનનેમેં આતા હૈ પર્યાયમેં, પરંતુ પર્યાયમેં જાનના – આત્મા ! પર્યાય(મેં) પર્યાયકો જાનના, ઐસા ભી કહા નહીં. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ !

સારી દુનિયાકો જાનતે હૈં ! (હમ તો) બહુત ઘુમે હૈં, હિન્દી(ભાષી પ્રાંતમેં) તો કલકત્તા, જયપુર, દિલ્લી સબ જગહ જાકર આયે હૈં. સબ જગહ વ્યાખ્યાન દિયે હૈં. બડે–બડે શહર, અહમદાબાદ આદિ સબ જગહ ગયે હૈં. બાપૂ ! યહ માર્ગ કોઈ અલગ હૈ ! આહા..હા...!

અભી (તો) ઐસી બાત આનેસે ઉસે ઐસા લગે કિ, 'યહ બાત તો બહુ કઠિન હૈ, ઇસલિયે કુછ દૂસરા ચાહિયે.' તો કહતે હૈં કિ, વહ આત્માકો પ્રાપ્ત કરનેકે લિયે લાયક નહીં હૈ. આહા..હા...!

શ્રોતા :– બાત બહુત સૂક્ષ્મ હૈ, થોડી સ્થૂલ નહીં હો સકતી ?

સમાધાન :– સૂક્ષ્મ કહાં (હૈ) ? ઉસકે ખુદકે ઘરકી (બાત હૈ) ! ઉસે સૂક્ષ્મ કહેં યા સ્થૂલ કહેં ? ઉસકે ઘરકી બાત હૈ, ઘરકે અંદર

હૈ. આત્મા ઘરકે અંદર મહા પ્રભુ પડા હૈ ! આહા..હા...! એક ઘંટા પૂજા ઔર ભક્તિ કર લી, ઇસલિયે કલ્યાણ હો જાયેગા (ઐસા અગર માનતા હૈ તો) ધૂલમેં ભી નહીં હોગા !! (કિસીકો) પૂછા થા કિ, 'કુછ કરતે હો ?' (તો કહા કિ) 'હમ એક ઘંટા ભગવાનકી પૂજા કરતે હૈં !' ઉસ એક ઘંટે (પૂજા કરનેસે) કુછ હોનેવાલા નહીં, ઐસા કહતે હૈં. ઉસમેં કુછ ગતિ બદલ જાયે, ઐસા હૈ નહીં, આ..હા..હા...!

યહાં તો કહતે હૈં કિ, પહલેમેં પહલે... નાથ ! આત્મરાજા ! (દૃષ્ટાંતમેં) જૈસે સીધા રાજાકો જાને, ઐસા કહા. ઉસમેં ઐસા નહીં કહા કિ, 'બનિયેકો જાને યા બ્રાહ્મનકો જાને યા ફલાનેકો જાને !' (બલ્કિ સીધા) રાજાકો જાને ! 'રાજ્યતે ઇતિ શોભતે ઇતિ રાજા' ! આહા..હા...! ઉસકે દીદાર દિખે, શરીરમેં પુણ્ય દિખે, ઉસકે આભૂષણ, ગહને, કપડે દેખકર લગે કિ, 'યહ તો રાજા હૈ.' ઐસે સીધા જિસને રાજાકો દેખા હો, ઉસ રાજાકો જાનકર ઉસકી શ્રદ્ધા કરકે, લક્ષ્મીકા અર્થી જો હૈ... લોભી...! ધનકા અર્થી જો લોભી...! વહ રાજાકી સેવા કરે, ઐસા કહા.

ઇસ પ્રકાર મોક્ષકા અર્થી આત્મા ! વહ આત્મરાજાકી સેવા કરે ! ઐસા કહા હૈ. આત્માકા સીધા સેવન કરના, ઐસા કહા ! ઐસા કહા નહીં કિ, કોઈ ગરીબકી સેવા કરના, ઉસકી સેવા કરે, ઐસા કહા નહીં. રાજાકે સિવા કોઈ સેઠિયાકી સેવા કરના, ઐસા ભી યહાં કહા નહીં. ક્યોંકિ રાજાકે પાસ લક્ષ્મી ઇતની હોતી હૈ,... ઇસ સમયમેં અભી તો રાજા સાધારણ હો ગયે હૈં, (બાકી તો) પહલેકે જો રાજા હોતે થે, ઉસકી કરોડોકી, અબજોકી કમાઈ એક દિનકી હોતી હૈ ! તો પૈસા યાની ધૂલ (હૈ) ઉસકે પાસ ! ઐસે રાજાકો સીધા જાનના, ઐસા કહા. કોઈ ફલાણાકો જાને, ઐસા કહા નહીં. ધનકે અર્થીકો રાજાકો જાનના, ઐસા કહા, યહ તો દૃષ્ટાંત હુઆ.

ઇસ પ્રકાર મોક્ષાર્થીકો,...! આ..હા..હા...! ગજબ બાત હૈ, પ્રભુ !



આ..હા..હા...! પ્રથમમેં પ્રથમ '**...આત્માકો જાનના ચાહિયે,...**' શબ્દ યહ પડે હૈં. કૌન યહ કહતે હૈં ? મુનિ ! કિસકો કહતે હૈં ? પંચમ આરાકે શ્રોતાકો ! કોઈ ઐસા કહે કિ, 'ઐસી બાત તો ચૌથે આરામેં ચલે અથવા ઐસી બાત તો મુનિકે લિયે હોતી હૈ ! યહ 'સમયસાર' મુનિકે લિયે હૈં !' ઐસા કોઈ કહતા હૈ તો ઉસકી સબ બાત ઉડા દી ! (કોઈ કહે કિ) 'સમયસાર' હૈ યહ તો મુનિકે લિયે હૈં ! ચૌથે આરાકી બાત હૈ !' યહ (બાત તો) પંચમ આરાકે સાધુ પંચમ આરાકે શ્રોતાકો – મોક્ષઅર્થી હો ઉસે, પંચમ આરાકે મુનિ, (પંચમ આરાકે) શ્રોતાકો ઐસા કહતે હૈં !! પહલે આત્માકો જાન ! (લેકિન) 'પ્રભુ ! ઇતની સારી બાત !' ઇતની સારી કોઈ બાત નહીં હૈ ! પ્રભુ અંદર ભગવાન બિરાજતા હૈ ! સત્‌ચિદાનંદ પ્રભુ ! અનંત પરમેશ્વર ! અનંત ગુણકા પરમેશ્વર ! ૩૮વીં ગાથામેં કહા. ૩૮વીં ગાથામેં વહ (બાત આયી). ૩૮ ગાથા...! 'અપને પરમેશ્વરકો ભૂલ ગયા !' સબેરે દાતુન કરતે સમય સોના નિકાલકર હાથમેં (રખા થા વહ) ભૂલ ગયા ! કહાં હૈ ? સોના કહાં હૈ ? યે રહા ! ઓહ ! યે રહા ! ઐસે આત્મા તો અંદર હૈ પરંતુ રાગકી એકતાબુદ્ધિમેં ભૂલ ગયા. દયા, દાન, પૂજા, ભક્તિકા રાગ – ઇસ રાગકી એકતામેં આત્માકો ભૂલ ગયા. આહા..હા...! ઇસ આત્માકો પ્રથમ જાનના ચાહિયે. ઐસે કહા હૈ, પ્રથમ જાનના ચાહિયે. મોક્ષાર્થીકો પ્રથમ આત્મા જાનના ચાહિયે, આ..હા..હા...! પંચમ આરામેં ઐસે કઠિન કાલમેં પ્રભુ ! પહલે ઐસે કરના, યહ આપકી બાત બહુત કઠિન પડતી હૈ. કઠિન પડે યા નહીં પડે, પ્રભુ ! માર્ગ તો યહ હૈ. કોઈ પરકી અપેક્ષાસે આત્મા જાનનેમેં આયે ઔર અનુભવ–સમ્યગ્દર્શન હો, ઐસી ચીજ હૈ નહીં.

કોઈ પુણ્ય–દાન કિયા, ભક્તિ કિયા, ઐસા કિયા, પચાસ લાખ ખર્ચ કર દિયા, કરોડ ખર્ચ કર દિયે, બનિયા ઇતને સારે તો ખર્ચ કરે નહીં ! લેકિન કદાચિત્ કરોડ – દો કરોડ ખર્ચ કર દિયા તો ઉસસે

કુછ ધર્મ (હો જાયે ઐસા નહીં હૈ). ઔર (કોઈ) ઐસા લોભી હો (તો કહે કિ) 'એક તખતી હમારી લગા દો કિ, હમને ઇસ મકાનમેં પાંચ કરોડ દિયે હૈં ! હમારી તખતી લગાઓ !' તખતી લગાનેમેં તસ્દી લેતે હૈં !! તસ્દી યાની મેહનત. અપની તખતી લગાનેમેં મેહનત કરતે હૈં કિ, 'મૈંને દસ લાખ, પચાસ લાખ દિયા હૈ (તો) મેરા નામ ઉસમેં લિખો !' ઉસમેં તીન–ચાર નામ લિખે ! ફલાણાકે વતી યે ફલાણા દેનેવાલા ! સહી ફલાણેકી !! સબ દેખા હૈ ન હમને તો ! આહા..હા...! યહાં યહ બાત નહીં હૈ, નાથ !

શ્રોતા :– પૈસે દિયે હૈં તો લિખાતે હૈં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– (લેકિન) આત્મામેં ક્યા આયા ? બહુત મેહનત કરે, જિસકો દિયે હો વહ નહીં (લિખે) તો મિત્રોંકો કહે કિ, 'મેરા નામ લિખના ! દો–પાંચ આદમીકો બાત કરો !' ઐસા મિત્રોંકો કહે !! ઐસા કહકર તસ્દી–મેહનત કરે ! તસ્દી–મેહનત કરકે તખતી લગાવે. વહ રખડનેકી તસ્દી હૈ. યહાં તો અલગ બાત હૈ, આહા..હા...!

યહાં તો પ્રભુ, પરમાત્મા (વહ ફરમાતે હૈં). 'કુંદકુંદાચાર્ય' કહે (ઐસા) કહો યા 'અમૃતચંદ્રાચાર્ય' કહે (ઐસા) કહો યા પરમાત્મા કહે (ઐસા) કહો, સબ એક હી હૈ. ક્યોંકિ આત્મામેં પંચ પરમેષ્ઠી હોનેકી લાયકાત હૈ. પંચ પરમેષ્ઠી (હોનેકી) લાયકાત ભરી હૈ. આત્મામેં પંચ પરમેષ્ઠી યાની અરિહંત, સિદ્ધ હોનેકી લાયકાત પડી હૈ. ઇસકો જાનો ! આહા..હા...! હૈ (પાઠમેં) ? '**...ઔર ફિર ઉસીકા શ્રદ્ધાન કરના...**' (પહલે) જાનના બાદમેં શ્રદ્ધાન કરના (ઐસા કહતે હૈં). જો જાનનેમેં આયા નહીં ઉસકી શ્રદ્ધા કૈસી ? જ્ઞાનમેં વહ ચીજ આયી નહીં ઔર (કહે કિ) ઉસકી શ્રદ્ધા કરો ! ખરગોશકે સીંગ નહીં હૈ (ઔર કહે કિ) શ્રદ્ધા કરો ! પરંતુ જાનનેમેં આયા નહીં (તો) શ્રદ્ધા કૈસે કરે ? સીંગ હૈ નહીં (તો) જાનનેમેં આયા નહીં. વૈસે જો ચીજ જાનનેમેં આયી નહીં ઉસકી શ્રદ્ધા



કૈસી ? સમજમેં આયા ? પહલે જાનના ચાહિયે '**...ઔર ફિર...**' (શ્રદ્ધા કરની), ઐસે લિયા હૈ.

'**...ઔર ફિર ઉસીકા...**' 'ઉસીકા' નામ આત્મા જાના ઉસકા. ઉસીકા નામ આત્માકા. '**...શ્રદ્ધાન કરના ચાહિયે...**' ઉસકી શ્રદ્ધા કરની ચાહિયે, આહા..હા...! જાનનેવાલેકી શ્રદ્ધા કરના. જાનનેવાલા જાનનેમેં આયા... જાનનેવાલા જાનનેમેં આયા ઇસ જાનનેવાલેકી શ્રદ્ધા કરના. જો જાનનેમેં આયા હૈ ઉસકી શ્રદ્ધા કરના. જો ચીજ જાનનેમેં આયી નહીં ઉસકા કૈસે વિશ્વાસ આયે ? કિસકા વિશ્વાસ કરના ? આહા..હા...!

યહાં કહા કિ, '**...ઔર ફિર...**' ઐસા જાનકર ફિર '**...ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિયે...**' ફિર નામ અકેલા જાનના (ઐસે) નહીં રહના (બલ્કિ) જાનકર શ્રદ્ધા કરના. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ હૈ, ઐસા જાનકર ઉસકી શ્રદ્ધા કરના. જાનના ફિર શ્રદ્ધાન કરના. 'તત્ત્વાર્થસૂત્ર'મેં તો પહલે સમ્યગ્દર્શન લિયા હૈ. 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' વહાં સમ્યગ્દર્શનકી પ્રધાનતા લેકર જ્ઞાન બાદમેં લિયા હૈ. યહાં (વહ કહતે હૈં કિ) જો ચીજ જાનનેમેં નહીં આયી ઉસકી શ્રદ્ધા કૈસે હો ? જ્ઞાનમેં આત્મા ક્યા હૈ ? પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ (હૈ), ઐસે જ્ઞાનમેં આયા નહીં, જ્ઞાનમેં જાના નહીં, જ્ઞાનમેં જ્ઞેય હુઆ નહીં, ઉસકી શ્રદ્ધા કૈસી ? જિસ જ્ઞાનમેં વહ જ્ઞેય આયા નહીં (અર્થાત્) પરજ્ઞેય છોડકર સ્વજ્ઞેય આયા નહીં ઔર સ્વજ્ઞેય (જ્ઞાનમેં) આયે બિના ઉસકી શ્રદ્ધા કૈસી ? કિસકી શ્રદ્ધા કી ? સમજમેં આયા ? આહા...!

'**...ફિર ઉસીકા...**' 'ફિર' શબ્દ લિયા હૈ ના ? જાનના ફિર શ્રદ્ધા કરના, ઐસે 'ફિર' લિયા હૈ. આત્મા અતીન્દ્રિય આનંદકા કંદ પ્રભુ ! શુદ્ધઘન, વિજ્ઞાન પિંડ ઐસા અંદર જ્ઞાન (હુઆ), અનુભવ હુઆ, સ્વજ્ઞેયકા જ્ઞાન હુઆ (ઔર) પરજ્ઞેયકા જ્ઞાન છૂટ ગયા તબ ફિર ઉસકી શ્રદ્ધા કરના. જો ચીજ જ્ઞાનમેં આયી હૈ ઉસકી શ્રદ્ધા કરના, આ..હા..હા...!

હિન્દી ભી સાદી ભાષા હૈ. બહનોં–બેટિયોંકો ભી સમજમેં આયે ઐસા હૈ. બાત બહુત અચ્છી આયી હૈ ! આહા..હા...!

**'...આત્માકો જાનના ચાહિયે, ઔર ફિર...'** 'ફિર'મેં (ઐસા કહના હૈ કિ) જાના હુઆ (હૈ) ઉસકી શ્રદ્ધા કરના (કિ), 'જ્ઞાયકસ્વરૂપ આનંદમૂર્તિ મૈં હૂં.' યહ મૈં હૂં. યહ ભી વિકલ્પ હૈ. જાનનેમેં જો આયા કિ, પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય ઐસા હૈ, ઉસકી પ્રતીત કરના – યહ સમકિત હૈ. જાનનેમેં આયી ચીજકા ફિર શ્રદ્ધાન કરના ઉસકા નામ સમકિત હૈ, ઐસે યહાં લિયા હૈ. જ્ઞાન પહલે લિયા હૈ ઔર શ્રદ્ધા બાદમેં લી હૈ. 'તત્ત્વાર્થસૂત્ર'મેં સમકિત પહલે લિયા હૈ ઔર જ્ઞાન બાદમેં લિયા હૈ. ક્યોંકિ વહાં તત્ત્વાર્થશ્રદ્ધાનમેં તત્ત્વાર્થ લેના હૈ ના ! નવ (તત્ત્વ) લેના હૈ. વહાં હૈ એકવચન. નવ તત્ત્વકા વચન એકવચનમેં હૈ, બહુવચન નહીં. નવકા એકવચન હૈ. આત્માકો જાનકર આઠ તત્ત્વ જાનનેમેં આયે તો એકવચન હુઆ. એક હી જાનનેમેં આયા. યહાં ભી જાનનેમેં એક હી આયા હૈ. યહાં ભી એક હી આત્મા જાનના **'...ઔર ફિર ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિયે...'** ક્યા (શ્રદ્ધાન કરના ચાહિયે ?) કિ, **'...યહી આત્મા હૈ,...'** જ્ઞાનમેં આયા હૈ કિ, યહી આત્મા હૈ, આહા..હા...! પ્રત્યક્ષ હુઆ હૈ.

આત્મામેં એક 'પ્રકાશ' નામકા ગુણ હૈ. ઇસ ગુણકે કારણ આત્માકો જાનતે હૈં તો પ્રત્યક્ષ હો જાતા હૈ. ક્યા કહા ? પીછે ૪૭ શક્તિ હૈં ના ? ૪૭ શક્તિ ! ઉસમેં બારહવીં 'પ્રકાશશક્તિ' હૈ. જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ ઔર પ્રકાશ, બારહવીં (શક્તિ) હૈ. ૪૭ શક્તિ હૈ (ઉસમેં) બારહવીં શક્તિમેં ઐસા કહા હૈ કિ, આત્મામેં એક પ્રકાશ નામકા ગુણ હૈ કિ, જો ગુણ સ્વસંવેદન પ્રત્યક્ષ હો જાતા હૈ. ધ્યાનકે કાલમેં પ્રત્યક્ષ હોતા હૈ, પરોક્ષ રહતા નહીં. સમ્યગ્દર્શનકે (કાલમેં) જ્ઞાનસે પ્રત્યક્ષ હો જાતા હૈ. સમ્યગ્દર્શનમેં તો પ્રતીતિ હૈ, સમ્યગ્દર્શન કુછ જાનતા નહીં, યહ



તો પ્રતીતિ હૈ. પરંતુ પહલે સારા આત્મા જાનનેમેં આયા (કિ), પૂર્ણાનંદકા નાથ યહ પૂર્ણ હૈ. યહ જાનના ફિર ઉસકી શ્રદ્ધા કરના. ઓ..હો..હો...! **'...કરના ચાહિયે...'** ઐસે લિયા હૈ. **'...ફિર ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિયે...'** કિસકો કહતે હૈં ? પંચમ આરાકે શ્રોતાકો કહતે હૈં. શ્રોતા સાધારણ હૈ ઔર શ્રોતાકો યહ નહીં રુચેગા, ઐસી દરકાર હૈ નહીં.

તેરેમેં કેવલજ્ઞાન લેનેકી તાકત હૈ. એક સમયમેં કેવલજ્ઞાન લેનેકી તાકત હૈ, તો આત્માકો જાનનેકી તાકતકી બાત કરના યહ કોઈ બડી બાત નહીં હૈ. સમજમેં આયા ? આહા..હા...! વહી આત્મા હૈ. **'...શ્રદ્ધાન કરના ચાહિયે કિ 'યહી આત્મા હૈ',...'** રાગરહિત (હૈ) યહ બાત ભી લી નહીં. યહ નાસ્તિસે બાત હૈ. આત્મા રાગરહિત હૈ, પર્યાયરહિત હૈ, ભેદરહિત હૈ, ઐસા નહીં લિયા. (યહાં તો) સીધા આત્મા જાના ઉસકી ફિર શ્રદ્ધા કરની ચાહિયે કિ, **'...યહી આત્મા હૈ,...'** (અર્થાત્) યહ આત્મા ! (ઐસા) જ્ઞાનમેં જાનનેમેં આયા. આહા..હા...! ગુડકા મીઠાપન ખ્યાલમેં આયા (તો) યહ ગુડ હૈ ! ગુડ હૈ ના ગુડ ? ખ્યાલમેં આયા કિ, મીઠાપન હૈ યહ ગુણ હૈ. ઐસે આત્માકે આનંદકા અનુભવ હુઆ તો 'યહ આત્મા હૈ !' ઐસી શ્રદ્ધા જાનનેકે બાદ હોતી હૈ. જાને બિના શ્રદ્ધા હોતી નહીં, આહા..હા...! ઐસી બાત હૈ ! **'...યહી આત્મા હૈ,...'** (ઐસી શ્રદ્ધા હોનેકે બાદ ક્યા કરના ?) શ્રદ્ધામેં ક્યા હોતા હૈ ?

શ્રદ્ધામેં ક્યા હોતા હૈ ? કિ, **'...'ઇસકા આચરણ કરનેસે અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા'...'** ઇસકા આચરણ કરનેસે કર્મોંસે છૂટા જાયેગા, ઐસા શ્રદ્ધામેં આતા હૈ. આચરણ કોઈ શુભભાવ કરેગા, ઐસા નહીં. ઇસકા આચરણ કરનેસે (છૂટા જાયેગા) ઐસા શ્રદ્ધામેં આતા હૈ. સમકિતમેં ઐસા આતા હૈ કિ, ઇસકા આચરણ કરનેસે અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા. ઉસકી વિશેષ બાત આયેગી...

⁂ ⁂ ⁂

## પ્રવચન-૧૨, ગાથા – ૧૭–૧૮

'સમયસાર' ૧૭–૧૮ ગાથા. યહાં તક આયા હૈ. '**...મોક્ષાર્થી પુરુષકો પહલે તો આત્માકો જાનના ચાહિયે,...**' યહ બાત લી હૈ, ભાઈ ! ચાહે જિતને વ્યવહાર આદિ કરે પરંતુ ઉસસે આત્માકી પ્રાપ્તિ નહીં હોતી. આત્માકી પ્રાપ્તિ પરસે નિરપેક્ષ હૈ. ઇસલિયે યહ સીધી બાત લી હૈ. કોઈ વ્યવહાર કરે, યે કરે, ફલાણા કરે, પૂજા–ભક્તિ કરે, દયા–દાન પાલે તો આત્માકા જ્ઞાન હો, ઐસા નહીં હૈ. ઇસલિયે સીધી બાત યહ લી હૈ (કિ), '**...મોક્ષાર્થી પુરુષકો પહલે તો આત્માકો જાનના ચાહિયે,...**'

'**...ઔર ફિર...**' યહ શબ્દ આયા હૈ ના ? સંસ્કૃતમેં '**ततः**' શબ્દ હૈ. અનુભવમેં પ્રતીતિ કરના, ઐસા કહતે હૈં. આત્માકા અનુભવ કરકે 'યહ આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ હૈ' ઐસી પ્રતીતિ કરના – યહ શ્રદ્ધા હૈ. '**...ફિર ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિયે...**' જ્ઞાન બિના શ્રદ્ધા નહીં હોતી. જો ચીજ જૈસી હૈ ઐસી જ્ઞાનમેં આયે બિના ઉસકી શ્રદ્ધા–પ્રતીતિ હોતી નહીં. ઇસલિયે સબસે પહલા કર્તવ્ય હો તો યહ હૈ. આહા..હા...! વ્યવહારકી સબ બાત છોડકર સીધી બાત કી હૈ.

'**...ઔર ફિર ઉસીકા શ્રદ્ધાન કરના ચાહિયે કિ 'યહી આત્મા હૈ, ઇસકા આચરણ કરનેસે અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા'...**' આહા..હા...! યહ આત્મા આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ હૈ ઐસી જ્ઞાનમેં પ્રતીતિ હુઈ તો



ઇસ પ્રતીતિમેં ઐસા આયા... પ્રતીતિમેં ઐસા આયા કિ, ઇસ આત્મામેં આચરણ કરનેસે, આત્માકા આચરણ કરનેસે (અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા). વ્યવહાર આચરણ કરનેસે (છૂટા જાયેગા ઐસા નહીં કહા). (વ્યવહાર આચરણ બીચમેં) આતા હૈ પરંતુ વહ જાનને લાયક હૈ. આદરને લાયક તો (સ્વયંકા આત્મા હૈ). '**...ઇસકા આચરણ કરનેસે અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા...**' આહા..હા...!

ચૈતન્યસ્વરૂપ આનંદકંદ પ્રભુ ! સકલ નિરાવરણ, પૂર્ણ અખંડ ! ઉસકા જ્ઞાન કરકે શ્રદ્ધામેં ઐસા આયા,... શ્રદ્ધામેં ઐસા આયા ! કિ, ઇસ આત્માકા આચરણ કરનેસે કર્મોંસે છૂટા જા સકેગા. દૂસરી કોઈ ક્રિયાકાંડસે કર્મસે છૂટનેકી રીત નહીં હૈ, આહા..હા...! હૈ ? '**...ઇસકા આચરણ કરનેસે અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા...**' (અર્થાત્) આત્મા આનંદસ્વરૂપ (હૈ) ઇસ આનંદ(સ્વરૂપકા) આચરણ કરના. સૂક્ષ્મ બાત હૈ ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા ! ઇસ આનંદકા આચરણ કરના, અતીન્દ્રિય આનંદકા અનુભવ કરના, યહ આત્માકા આચરણ હૈ, આહા..હા...! દેહકી જડ આદિકી ક્રિયા, યહ આત્માકા આચરણ હૈ નહીં. અંદર દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા પરિણામ, યહ ભી આત્માકા આચરણ હૈ નહીં, આહા..હા...! હૈ ? '**...ઇસકા આચરણ કરનેસે અવશ્ય કર્મોંસે છૂટા જા સકેગા' ઔર ફિર...**' (અર્થાત્) ઐસી પ્રતીતિ જ્ઞાનસે હુઈ '**...ઔર ફિર ઉસીકા અનુચરણ કરના ચાહિયે...**'

આત્મા આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકા અનુચરણ કરકે આચરણ કરના ચાહિયે. ઉસકી આવશ્યક ક્રિયા (યહ હૈ કિ) અંતરમેં રહના, ચિદાનંદસ્વરૂપમેં આચરણ કરના વહ ચારિત્ર હૈ. ચારિત્ર કોઈ વ્રત આદિ પરિણામકા નામ ચારિત્ર નહીં હૈ, આહા..હા...! કઠિન બાત આયી !

ઉસકે '**...અનુભવકે દ્વારા ઉસમેં લીન હોના ચાહિયે;...**' ભગવાનઆત્મા ! શુદ્ધ ચૈતન્યઘનકો દૃષ્ટિમેં લેકર ઉસકા આચરણ

(કરના). નિમિત્તકા આચરણ નહીં, રાગકા આચરણ નહીં. ત્રિકાળી જ્ઞાયકકા આચરણ કરનેસે કર્મસે છૂટેગા ઐસી પ્રતીતિ કરકે અંતરમેં અનુભવમેં આચરણ કરના, આહા..હા...! ઐસી બાત હૈ ! યે ચારિત્ર ! ચારિત્ર કોઈ દેહકી ક્રિયા યા વ્રત, નિયમ, તપકી ક્રિયા યે કોઈ ચારિત્ર નહીં.

ચારિત્ર તો જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ ભગવાન ! ઉસકા આચરણ (નામ) અંદરમેં એકાગ્રતા હોના (વહ ચારિત્ર હૈ). યહ આચરણ કરનેસે હી કર્મસે છૂટેગા. ઇસકે સિવાય દૂસરે કોઈ આચરણસે કર્મસે નહીં છૂટેગા. હૈ ? બાદમેં '**...અનુભવકે દ્વારા ઉસમેં લીન હોના ચાહિયે;...**' આહા..હા...! ચૈતન્યકા સમ્યક્જ્ઞાન હુઆ, સમ્યગ્દર્શન હુઆ બાદમેં ઉસીમેં લીન હોના ચાહિયે. અતીન્દ્રિય આત્મામેં લીન હોના ચાહિયે – યહ ચારિત્ર હૈ. આહા..હા...!

'**...ક્યોંકિ સાધ્ય જો નિષ્કર્મ અવસ્થારૂપ...**' સાધ્ય (યાની) યહાં ધ્યેયકી બાત નહીં હૈ. ધ્યેય તો આત્મા ! ધ્યેય તો આત્મા હૈ, પરંતુ સાધ્ય હૈ વહ મોક્ષઅવસ્થા હૈ. દોનોંમેં ફર્ક હૈ. સમજમેં આયા ? ધ્યેય (યાની) યહ તો પહલે કહા કિ, આત્માકો જાનના (ફિર) શ્રદ્ધાન કરના, યહ ધ્યેય હૈ. અબ યહાં (તો યહ કહતે હૈં કિ), ઇસ આત્માકા આચરણ કરનેસે સાધ્ય જો મોક્ષદશા (હૈ વહ) ઉસસે પ્રાપ્ત હોતી હૈ. આત્માકી મોક્ષદશા યહ સાધ્ય (હૈ), ધ્યેય નહીં (ધ્યેય તો આત્મા હૈ). ધ્યેય ઔર સાધ્યમેં પૂર્વ–પશ્ચિમ જિતના બડા અંતર હૈ.

ધ્યેય તો દ્રવ્યસ્વભાવ લેના ઔર સાધ્ય (યાની) ઉસકા આચરણ કરનેસે સાધ્ય (જો) નિષ્કર્મ અવસ્થા – સિદ્ધ અવસ્થા (પ્રગટ હોતી હૈ) યહ સાધ્ય હૈ. હૈ ? આહા..હા...! '**...સાધ્ય જો નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ,...**' આહા..હા...! આત્માકા પૂર્ણ અભેદ(સ્વરૂપ પ્રગટ) હો જાના, યહ સાધ્યકી અવસ્થા – મોક્ષકી અવસ્થા હૈ. હૈ ? '**...સિદ્ધિકી ઇસીપ્રકાર**



**ઉપપત્તિ હૈ,...**' (અર્થાત્) મુક્તિકી ઇસપ્રકારસે ઉત્પત્તિ હૈ. દૂસરે કોઈ પ્રકારસે મુક્તિકી ઉત્પત્તિ હૈ નહીં. ઇસ પ્રકાર પહલે ઉસકા નિર્ણય કરના ચાહિયે. આહા..હા...!

મુક્તિ નામ સિદ્ધદશા – સાધ્ય, ધ્યેય નહીં. ધ્યેય દ્રવ્ય હૈ. પરંતુ પર્યાયમેં સ્વરૂપકા આચરણ કરનેસે સાધ્ય (જો) નિષ્કર્મ અવસ્થા (હૈ વહ) ઉસસે પ્રાપ્ત હોતી હૈ, આહા..હા...! ભાષા બહુત ટૂંકી (હૈ), (લેકિન) ભાવ બહુત ગંભીર હૈ ! આહા..હા...!

'**...નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ ઉસકી સિદ્ધિકી ઇસીપ્રકાર ઉપપત્તિ હૈ...**' ઇસ પ્રકાર મુક્તિકી ઉત્પત્તિ હૈ. મોક્ષકી ઉત્પત્તિ ઐસે પ્રકારસે હૈ. '**...અન્યથા અનુપપત્તિ હૈ.**' અનેકાન્ત કિયા. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ! ઉસકો જાનકર, શ્રદ્ધા કરકે ઉસકા આચરણ કરના, વહ નિષ્કર્મ અવસ્થા (યાની) સિદ્ધિકા કારણ હૈ. નિષ્કર્મ અવસ્થા(રૂપ) સિદ્ધિકા યહ કારણ હૈ, દૂસરા કોઈ કારણ હૈ નહીં.

યે સબ બાહરકા કરતે હૈં ના ? (તો કહતે હૈં કિ) બાહરકા હો, યહ જાનને લાયક હૈ. અંદરમેં આદરને લાયક નહીં, આહા..હા...! પંચ કલ્યાણક મહોત્સવમેં જો કોઈ ક્રિયાકાંડ હોતી હૈ વહ સબ જાનને લાયક હૈ, આદરને લાયક નહીં. નિષ્કર્મ અવસ્થા(રૂપ) સિદ્ધિકી ઉત્પત્તિ આત્માકા આનંદકા આચરણ કરનેસે હોતી હૈ, અન્યથા ઉસકી ઉત્પત્તિ હોતી નહીં.

'**(ઇસી બાતકો વિશેષ સમજાતે હૈં :–)**' વિશેષ સમજાતે હૈં. '**...જબ આત્માકો, અનુભવમેં આનેપર અનેક પર્યાયરૂપ ભેદભાવોંકે સાથ...**' ક્યા કહતે હૈં ? આત્મામેં પર્યાયમેં રાગાદિકે અનેક પ્રકારકે ભેદ દિખતે હૈં. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કામ, ક્રોધ આદિકે ભેદ જો દિખતે હૈં ઇસકે સાથ '**...મિશ્રિતતા હોનેપર...**' (અર્થાત્) પર્યાયમેં વિકારકી મિશ્રિતતા હોનેપર ભી, આહા..હા...! '**...સર્વ પ્રકારસે ભેદજ્ઞાનમેં પ્રવીણતા...**' (અર્થાત્) રાગસે ભિન્ન કરના વહ ભેદજ્ઞાન (હૈ), આહા..હા...!

ક્રિયાકાંડકા રાગ બીચમેં આતા હે પરંતુ ઉસસે ભેદ કરના, આહા..હા...! હે ?

'...**અનુભવમેં આનેપર અનેક પર્યાયરૂપ...**' (અર્થાત્) રાગાદિ અનુભવમેં આતે હૈં, અંદર પર્યાયમેં વિકાર આદિ શુભાશુભ ભાવ આતે હૈં. (ઉન) '...**ભેદભાવોંકે સાથ મિશ્રિતતા હોનેપર ભી...**' (અર્થાત્) પર્યાયમેં આનંદકા ભી અનુભવ ઔર રાગકા ભી અનુભવ (હૈ), ઐસા મિશ્રિતપના અનુભવમેં આતા હૈ ફિર ભી '...**સર્વ પ્રકારસે ભેદજ્ઞાનમેં પ્રવીણતાસે...**' અંદરમેં રાગસે ભિન્ન કરનેકે ભેદજ્ઞાનમેં ચતુરાઈ (યાની) પ્રવીણતા(સે) (યાની) 'વિકલ્પ માત્ર પર હૈ ઔર મૈં નિર્વિકલ્પ આનંદસ્વરૂપ હૂં' – ઐસે ભેદજ્ઞાનમેં પ્રવીણતાસે. આ..હા..હા...! બાત તો ૧૭–૧૮ ગાથા(મેં) યહ હૈ.

'...'**જો યહ અનુભૂતિ હૈ સો હી મૈં હૂં**'...' (અર્થાત્) મૈં તો ઇસ આનંદકા અનુભવ કરનેવાલા, યહ મૈં હૂં. અનુભૂતિમેં સાથમેં જો રાગ આતા હૈ યહ મેરી ચીજ નહીં. ઉસસે ભિન્ન અપના અનુભવ કરના – ભેદજ્ઞાન કરના, યહ આત્માકા આચરણ હૈ. રાગકી ક્રિયા બીચમેં આતી હૈ ઉસકા ભેદજ્ઞાન કરના ઔર આત્માકા અનુચરણ કરના, યહ મુક્તિકા ઉપાય હૈ, આહા..હા...!

'...'**જો યહ અનુભૂતિ હૈ સો હી મૈં હૂં' ઐસે આત્મજ્ઞાનસે પ્રાપ્ત હોતા હુઆ,...**' આહા..હા...! રાગાદિ (મૈં) નહીં, આનંદ ઔર જ્ઞાનમૂર્તિ મૈં આત્મા હૂં, ઐસા આત્માકા અનુભવ (હોના) ઔર રાગકે ભાવસે ભિન્નપના હોનેપર અપને આત્મજ્ઞાનકી પ્રાપ્તિ (કરતા) હુઆ. વહાં આત્મજ્ઞાનકી પ્રાપ્તિ હુઈ, રાગકી નહીં. રાગકા તો (ભેદ)જ્ઞાન કરકે આત્માકી પ્રાપ્તિ–ઉત્પત્તિ હુઈ. આ..હા..હા...! સૂક્ષ્મ બાત હૈ ! હિન્દીમેં તો આજ દૂસરા (દિન) હૈ ના ! કલસે તો ગુજરાતી ચલેગા. સેઠને કહા થા તો દો વ્યાખ્યાન (હિન્દીમેં) આયે. હિન્દી વૈસે બહુત કઠિન નહીં



હૈ. થોડા ધ્યાન રખે તો સમજમેં આતા હૈ.

કહતે હૈં કિ, આત્માકી જ્ઞાનકી પર્યાયમેં રાગાદિકી ક્રિયા મિશ્રિતપને દિખનેપર, રાગસે ભિન્ન આત્મજ્ઞાન કરકે, આત્મજ્ઞાનકા અનુચરણ કરના. બીચમેં રાગ આતા હૈ ઉસકા અનુચરણ નહીં કરના, આહા..હા...! ઐસી બાત હૈ !

'...**ઐસે આત્મજ્ઞાનસે પ્રાપ્ત હોતા હુઆ, ઇસ આત્માકો જૈસા જાના હૈ...**' (અર્થાત્) આત્મા જૈસા હૈ (યાની) શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ અનાકુલ આનંદકા પૂર ઐસા આત્મા હૈ (ઐસા જાના). રાગકે મિશ્રિતપનેકો છોડકર ઐસે આત્માકા જ્ઞાન હુઆ. '...**જૈસા જાના હૈ વૈસા હી હૈ ઇસપ્રકારકી પ્રતીતિ...**' જૈસા આત્માકા જ્ઞાન હુઆ ઉસ પ્રકારકી પ્રતીતિ તબ (હુઈ). આત્માકા જ્ઞાન હુઆ તબ પ્રતીતિ (હુઈ). એકદમ પ્રતીતિ અપનેઆપ (હો જાયે), ઐસા નહીં. જો ચીજ દેખી નહીં ઉસકી પ્રતીતિ ક્યા ? જો ખ્યાલમેં હી આયા નહીં (ઔર કોઈ કહે કિ) વિશ્વાસ કરો ! (લેકિન) કિસકા કરે ? રાગસે ભિન્ન હોકર આત્મા આનંદસ્વરૂપ હૈ, ઐસે ભેદજ્ઞાનમેં આત્મા આયા, ઉસકા આચરણ કરના, આહા..હા...! હૈ ? '...**જૈસા જાના હૈ વૈસા હી હૈ ઇસપ્રકારકી પ્રતીતિ...**'

આહા...! '...**પ્રતીતિ જિસકા લક્ષણ હૈ ઐસા, શ્રદ્ધાન ઉદિત હોતા હૈ...**' ઉસકો સમકિત હોતા હૈ. આહા...! ધર્મકી પહેલી સીઢી, આત્માકી પર્યાયમેં જો રાગાદિ હૈં ઉસકા ભેદ કરકે, આત્માકા જ્ઞાન કરકે પ્રતીતિ કરના તબ સમ્યગ્દર્શન પ્રગટ હોતા હૈ, આ..હા..હા...! ઇતની સારી શર્તે હૈં ! ગાથા બહુત ઊંચી હૈ ! '...**શ્રદ્ધાન ઉદિત હોતા હૈ...**' દેખો ! ભાષા ઐસી લી હૈ. રાગકી–વિકલ્પકી ક્રિયાસે ભિન્ન આત્માકો જાનકર ઉસકી શ્રદ્ધા પ્રગટ હોતી હૈ. '**ઉદિત હોતા હૈ**' નામ શ્રદ્ધાન પ્રગટ હોતા હૈ.

(આગે કહતે હૈં) '...**તબ સમસ્ત અન્યભાવોંકા ભેદ હોનેસે...**'

(અર્થાત્) તબ સબ રાગાદિ–વિકલ્પકી કોઈ ભી જાત (હો); ભગવાનકા સ્મરણ, ભક્તિ, પૂજા, વ્રત આદિ સબકા ભેદ કરના. વહ કોઈ (ભી) ચીજ અપને મોક્ષકે કારણમેં હૈ નહીં. આતા હૈ, હોતા હૈ પરંતુ ઉસકા ભેદ કરકે '**...અન્યભાવોંકા ભેદ હોનેસે...**' દેખો ! આહા..હા...! સૂક્ષ્મ હૈ !

'**...અન્યભાવોંકા ભેદ હોનેસે...**' (અર્થાત્) પુણ્ય–પાપકે વિકલ્પસે આત્માકો ભિન્ન (કરનેસે). '**...અન્યભાવોંકા ભેદ હોનેસે નિઃશંક સ્થિર હોનેમેં...**' શંકા બિના નિઃસંદેહ(રૂપસે) સ્વરૂપમેં સ્થિર હોનેસે. ક્યોંકિ અન્યભાવકા ભેદજ્ઞાન તો હુઆ (ઔર) અન્યભાવસે ભિન્ન ભગવાનમેં સ્થિર હોનેસે. અંતરમેં આત્માકે આનંદમેં સ્થિર હોનેસે. '**...નિઃશંક સ્થિર હોનેમેં સમર્થ હોનેસે...**' ક્યા કામ (હુઆ) ? રાગસે અપના આત્મા ભિન્ન દેખા તો અપનેમેં સ્થિર હોનેકા સામર્થ્ય પ્રગટ હુઆ. રાગસે–વિકલ્પસે અપનેકો ભિન્ન જાના તબ આત્મામેં સ્થિર હોનેકી તાકત પ્રગટ હુઈ.

જબતક રાગકો અપના માનતે હૈં તબતક મિથ્યાદૃષ્ટિમેં અપને સ્વરૂપમેં સ્થિર હોનેકી શક્તિ–સામર્થ્ય પ્રગટ હોતા નહીં, આહા..હા...! માર્ગ યહ હૈ ! બાકી સબ વ્યવહારકી અનેક બાતેં આયે. નિઃશંક સ્થિર હોનેસે ! (અર્થાત્) રાગસે ભિન્ન ભગવાન દેખા તો નિઃશંક આત્મામેં સ્થિર હોનેસે. શંકા નહીં હૈ કિ, યે રાગ ભી કુછ સહાય કરેગા. રાગ–વિકલ્પ આતા હૈ વહ મદદ કરેગા, ઐસી શંકા છૂટ ગઈ. નિઃશંક સ્થિર હોનેસે !

અપને સ્વરૂપમેં – જ્ઞાયક ભગવાન ચિદાનંદમેં નિઃશંક સ્થિર હોનેમેં સમર્થ હોનેસે '**...આત્માકા આચરણ ઉદય હોતા હુઆ...**' યહ આત્માકા આચરણ (ઉદય) હુઆ નામ ચારિત્ર હુઆ, આહા..હા...! યહ આત્માકા આચરણ ! લોગ સદાચરણ કહતે હૈં વહ લૌકિક નીતિકા સદાચરણ હૈ. યહ નિશ્ચય સદાચરણ હૈ. સદાચરણ નામ સત્ય આચરણ. સત્ય આત્મા –



સત્‌ચિદાનંદ પ્રભુ ! ઉસકો રાગસે ભિન્ન કરનેસે અંદરમેં સ્થિર હોનેકી તાકત પ્રગટ હોતી હૈ, આહા..હા...! ઐસી બાત હૈ ! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !

(ઇસ પ્રકાર) '**...આત્માકા આચરણ ઉદય હોતા હુઆ આત્માકો સાધતા હૈ.**' વહ આત્માકો સાધતા હૈ. બાહરકી ક્રિયાકાંડસે આત્માકા કોઈ સાધન હોતા હૈ, ઐસા હૈ નહીં. આહા..હા...!

'**ઐસે સાધ્ય આત્માકી,...**' સાધ્ય નામ મુક્તિદશા ! મોક્ષ – સાધ્ય ! '**ઐસે સાધ્ય આત્માકી સિદ્ધિકી ઇસપ્રકાર ઉપપત્તિ હૈ.**' ઇસપ્રકારસે ઉસકી ઉત્પત્તિ હૈ. મોક્ષકી દશાકી ઇસપ્રકારસે ઉત્પત્તિ હૈ, દૂસરે પ્રકારસે મોક્ષકી ઉત્પત્તિ હૈ નહીં, આહા..હા...! રાગસે ભિન્ન હોકર, આત્મા જ્ઞાન ઔર આનંદસ્વરૂપ હૈ ઐસા જ્ઞાન હોકર પ્રતીતિ હુઈ કિ, ઇસ આત્મામેં આચરણ કરનેસે હી મૈં કર્મસે છૂટુંગા. ફિર આત્માકા અનુચરણ કરના, આત્માકા આચરણ કરના – આત્મઆચરણ ! રાગ–દયા, દાન આદિ આત્માકા આચરણ નહીં, આહા..હા...! ઐસી બાત હૈ ! '**...સિદ્ધિકી ઇસપ્રકાર ઉપપત્તિ હૈ.**' મોક્ષકી પર્યાયકી ઉત્પત્તિ ઇસ વિધિસે હોતી હૈ, દૂસરી વિધિ હૈ નહીં – યહ અનેકાન્ત હૈ. દૂસરી વિધિસે ભી હો (ઔર) આત્માકી વિધિસે ભી હો ઉસકો અનેકાન્ત કહતે હૈં, ઐસા નહીં. વહ તો ફૂદડીવાદ હૈ.

અનેકાન્ત તો યહ કહતા હૈ કિ, આત્માકા સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર ચારિત્ર(સે) અનુકરણ કરનેસે – આત્માકા આચરણ કરનેસે (મોક્ષકી પર્યાયકી ઉત્પત્તિ હોતી હૈ, અન્ય વિધિસે નહીં). સદાચરણ યહ હૈ. સત્ ઐસા આત્મા. સત્ નામ ત્રિકાળ પ્રભુ ! ઉસકા આચરણ કરનેસે મુક્તિકી ઉત્પત્તિ હોતી હૈ, અન્યથા ઉત્પત્તિ હોતી નહીં. આહા...! અબ યહ મુદ્દેકી બાત આયી હૈ, ઇસલિયે થોડી ઉતાવલીસે લે લિયા. વિશેષ (બાત) ઇસમેં હૈ.

શ્રોતા :– આજ હિન્દીમેં ઔર કલ ગુજરાતીમેં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેખો અબ ક્યા હોતા હૈ ! પહલે યહ કહા કિ, આત્માકી સિદ્ધિકી ઉત્પત્તિ ઇસ વિધિસે હોતી હૈ. ઐસા ન હોનેપર દૂસરા આચરણ કરનેસે (અર્થાત્) રાગ – દયા, પૂજા ઔર ભક્તિ આદિકા આચરણ કરનેસે મુક્તિ હોતી હૈ, ઐસા હૈ નહીં. બીચમેં આતા હૈ, રાગ આદિ આતા હૈ, પરન્તુ ઉસકા ભેદ કરનેસે આત્માકા આચરણ હોતા હૈ. ઉસકે સાથ અભેદ(તા) રખકર આત્માકા આચરણ હોતા હૈ ઔર ઉસકો સાથમેં રખકર મુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ, ઐસા હૈ નહીં, આહા..હા...! સમજમેં આયા ?

**'પરન્તુ,...'** (અર્થાત્) ઐસી બાત હો તો ભી, આહા...! ભગવાન તો અંદર બિરાજતે હૈં, ઉસકા જ્ઞાન કરનેસે ઔર પ્રતીતિ કરનેસે ઔર પ્રતીતિમેં ભી ઇસ આત્માકા આચરણ કરનેસે મુક્તિ હોતી હૈ, ઐસી પ્રતીતિ આતી હૈ ફિર આત્માકા આચરણ કરના. દયા, દાન, વ્રત આદિ વ્યવહાર આચરણ હૈ વહ મુક્તિકા કારણ નહીં, વહ બંધકા કારણ હૈ. આહા..હા...! ભજન, સ્તુતિ આદિ સબ રાગકા કારણ હૈ, આહા...! સમજમેં આયા ? ભગવાનકા ભજન ઔર ભક્તિ, ભગવાનકા ગુણગ્રામ કરના, યે સબ વિકલ્પ હૈં. ઉસસે ભેદ કરના યહ આત્માકા આચરણ હૈ. યે સાથમેં રખકર આત્માકા આચરણ હૈ, ઐસા હૈ નહીં. આહા..હા...! અબ યહ બાત થોડી સમજનેકી સૂક્ષ્મ આતી હૈ, સુનો !

ઐસા હોનેપર ભી, ઐસા કહા ના ? **'પરન્તુ...'** ઐસા હૈ ના ? આત્માકા સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત આત્માકા આચરણ હો તો મુક્તિકી ઉત્પત્તિ હોતી હૈ. ઐસા હૈ, **'પરન્તુ...'** ઐસા ક્યોં નહીં હુઆ ? અનાદિકાલસે ઐસા ક્યોં નહીં હુઆ ? યહ **'પરન્તુ'** કહકર કહતે હૈં. સમજમેં આયા ?

**'...ઐસા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** આ..હા..હા...! ઐસા



અનુભૂતિ –આનંદકી અનુભૂતિ(સ્વરૂપ) ! હૈ ? **'...ઐસા અનુભૂતિસ્વરૂપ ભગવાન...'** દેખો ! 'ભગવાન' (કહકર) બુલાયા !! આ..હા..હા...! આત્માકો 'ભગવાન' કહકર બુલાયા ! ૭૨ ગાથામેં ભી 'ભગવાન' કહા હૈ, બહુત ઠિકાને 'ભગવાન' કહા હૈ ! **'...ઐસા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાલગોપાલ સબકે અનુભવમેં સદા સ્વયં હી આને પર ભી,...'** આહા..હા...! અબ ખૂબી થોડી યહાં હૈ !

ઐસા આત્મા સબ પ્રાણીકો અપની જ્ઞાનપર્યાયમેં અનુભવમેં આતા હૈ. ધ્યાન રખના થોડા ! **'...ઐસા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** હૈ ? **'...આબાલગોપાલ...'** આબાલ નામ બાલકસે લેકર વૃદ્ધ... બાલકસે લેકર વૃદ્ધ સબ આત્માકો ઉસકી પર્યાયમેં આત્મા અનુભવમેં આતા હૈ ! ક્યા કહા ? અજ્ઞાનીકો ભી ઉસકી જ્ઞાનકી પર્યાયમેં, પર્યાયકા સ્વપરપ્રકાશક સ્વભાવ હોનેસે (આત્મા અનુભવમેં આતા હૈ). હૈ જ્ઞાનકી પર્યાય ! ભલે અજ્ઞાનીકી હૈ, (યહાં તો) સબકી બાત હૈ. બાલકસે લેકર વૃદ્ધ સબ જીવકો ઐસા અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા (અનુભવમેં આ રહા હૈ). **'...સબકે અનુભવમેં સદા...'** **'સબકે'** ઔર **'સદા'** દો શબ્દ પડે હૈં. ક્યા કહા ? આહા..હા...! ઐસા ભગવાનઆત્મા આનંદકી અનુભૂતિસ્વરૂપ પ્રભુ સબકો – સબ પ્રાણીકો – સબ આત્માકો સદા... આહા..હા...! હૈ ?

**'...સબકે અનુભવમેં સદા સ્વયં હી...'** 'સ્વયં હી' નામ યહ આત્મા જો અનુભૂતિસ્વરૂપ હૈ ઐસા આત્મા સબ પ્રાણીકો પર્યાયમેં અનુભવમેં આતા હૈ, આહા..હા...! ક્યા કહા ? સબ પ્રાણીકો ઐસા અનુભવ આતા હૈ, ઐસા કહતે હૈં ! (જ્ઞાનકી પર્યાયમેં સ્વપરપ્રકાશક) શક્તિ હોનેસે પર્યાય પરકો તો જાનતી હૈ પરંતુ અજ્ઞાનીકી પર્યાય ભી (સ્વકો જાનતી હૈ). સબકો (કહા ઇસમેં) કોઈ બાકી નહીં (રહા), ઉસમેં તો અભવી ભી આ ગયા ! આહા..હા...! અભવી મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયસે પંચેન્દ્રિય અથવા બાલકસે વૃદ્ધ, સબકો અપની પર્યાયમેં ઇસ ભગવાનકા અનુભવ

હોતા હૈ. સબકો સદા સ્વયં – તીન શબ્દ પડે હૈં, આહા...! યહ મુદ્દેકી બાત આયી. ક્યોંકિ આત્માકી પર્યાયકા ઐસા સ્વભાવ હૈ (અર્થાત્) સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ.

જ્ઞાનકી પર્યાયમેં – અજ્ઞાનીકી પર્યાયમેં ભી સબ જીવકો સદા... સદા (કહા) ! ઉસકી જ્ઞાનકી પર્યાય સદા રહતી હૈ. સબ જીવકો જ્ઞાનકી પર્યાય સદા રહતી હૈ. ઇસ પર્યાયમેં સમસ્ત જીવકો સદા સ્વયં આત્મા (અર્થાત્) અપની ચીજ જો હૈ વહ જ્ઞાનકી પર્યાયમેં અનુભવમેં આતી હૈ. ક્યા કહા ?

શ્રોતા :– અનુભૂતિ શબ્દ માને દ્રવ્ય યા પર્યાય ?

સમાધાન :– પર્યાયમેં અનુભવમેં આતા હૈ લેકિન ઉસકી દૃષ્ટિ વહાં નહીં હૈ, ઐસા કહતે હૈં. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! પહલા પૈરાગ્રાફ જલ્દી લિયા ઉસકા કારણ યહ થા કિ, યહ દૂસરા (પૈરાગ્રાફ) એકદમ સમજમેં આવે.

શ્રોતા :– અનુભૂતિકા અર્થ યહાં પર્યાય લેના યા દ્રવ્ય લેના ?

સમાધાન :– પર્યાય... પર્યાયમેં દ્રવ્યકા અનુભવ હૈ. પર્યાયમેં દ્રવ્યકા અનુભવ હૈ ! ક્યોંકિ જ્ઞાનકી પર્યાય હૈ, તો જ્ઞાનકી પર્યાયકા સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ. ઇસ કારણસે સબ જીવકો પર્યાયમેં દ્રવ્યકા અનુભવ હૈ.

શ્રોતા :– અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા...!

પૂજ્ય ગુરુદેવશ્રી :– પૂરા અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા પર્યાયમેં હૈ !

શ્રોતા :– અનુભૂતિ ત્રિકાલ યા વર્તમાન ?

સમાધાન :– ત્રિકાલ ! ત્રિકાલ જો હૈ વહ ઉસકી પર્યાયમેં (અનુભવમેં) આતા હૈ ! આહા..હા...! અનુભૂતિસ્વરૂપ ભગવાન કહા ના ? **'અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા'** ઐસે કહા ના ? (યાની) અનુભવમેં આનેવાલા ભગવાનઆત્મા ! આહા..હા...! આજ સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !



યહ પદ એકદમ લે લિયા. આજ હિન્દીમેં પૂરા હોનેવાલા હૈ ના ? આહા..હા...!

ચૈતન્ય ભગવાન ! અનુભૂતિસ્વરૂપ ભગવાન યહાં તો (કહા હૈ). અનુભૂતિ ભગવાનકો કહતે હૈં. પરંતુ યહ અનુભૂતિસ્વરૂપ ભગવાન પર્યાયમેં જાનનેમેં આતા હૈ. હૈ ? **'...આબાલગોપાલ સબકે અનુભવમેં સદા...'** અનુભૂતિ(સ્વરૂપ) અનુભવમેં સદા **'...સ્વયં હી...'** **'હી'** શબ્દ રખા હૈ. અપની પર્યાયમેં અપના આત્મા હી જાનનેમેં આતા હૈ. આ..હા..હા...! ધીરેસે સમજના ! બાપૂ ! યહ તો ભગવાનકે ઘરકી બાત હૈ ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્માકી યહ દિવ્યધ્વનિ હૈ ! દિવ્યધ્વનિમેં ઐસા આયા. 'ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' ભવ્ય પ્રાણી હોતા હૈ વહ સંશયકા છેદ કર દેતા હૈ. કૈસે ? આહા..હા...! સબ પ્રાણીકો પર્યાયમેં અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમેં સદા (આતા હૈ). યહાં તો પર્યાયમેં અનુભવમેં આતા હૈ (ઐસા કહા હૈ) ! આ..હા..હા...! ક્યા કહા સમજમેં આયા ?

સબ પ્રાણીકો – અજ્ઞાનીકો ભી... આ..હા..હા...! કસાઈજીવકો ભી, અભવી જીવકો ભી... આ..હા..હા...! અનંત સંસારી આત્માકો ભી... આહા..હા...! પર્યાયકી તાકત ઇતની હૈ કિ, જ્ઞાનકી પર્યાયમેં અનુભૂતિસ્વરૂપ ભગવાન સદા સર્વદા સર્વકો સ્વયં અનુભવમેં આતા હૈ, આહા..હા...! ગાથા આપને લિખી હૈ ના ! આહા..હા...! શાંતિસે સુનને જૈસી બાત હૈ, બાપૂ !

ભગવાનઆત્મા ! અનુભૂતિસ્વરૂપ પ્રભુ અંદર હૈ, અનુભવમેં આને લાયક (હૈ). સદા સર્વ જીવકો સ્વયં – જો આત્મા સ્વયં હૈ વહી પર્યાયમેં અનુભવમેં આતા હૈ, આ..હા..હા...! **'સ્વયં હી'** ઐસે કહા હૈ. અકેલા **'સ્વયં'** શબ્દ નહીં લિયા હૈ. સ્વયં હી – અકેલા આત્મા હી પર્યાયમેં

જાનનેમેં આતા હૈ ! આહા..હા...! '**...આને પર ભી...**' અબ લેના હૈ. પર્યાયમેં આત્માકા અનુભવ હોને પર ભી... આહા..હા...! ઉસકી નજર વહાં ગઈ નહીં હૈ. નજર પર્યાયમેં – રાગમેં ફિરતી હૈ. સમજમેં આયા ? આહા..હા...! ૧૭–૧૮ ગાથા અલૌકિક હૈ !! આહા...!

લોગ વ્યાપાર કરતે હૈં ના ? તબ ઐસા કહતે હૈં કિ, રૂપયેમેં કિતની કમાઈ હુઈ ? સત્રહ આને, અઠારહ આને, સવા યા ડેઢ ગુના ? ઐસા કહતે હૈં ના ? હમારે યહાં દુકાન થી વહાં ભી ચલતા થા, બારહ મહીનેમેં રૂપયેમેં અઠારહ આને પૈદા હુએ. બારહ મહીનેમેં વ્યાપારમેં અઠારહ આને (પૈદા) હુએ. હમારે યહાં ભી ઐસા ચલતા થા, યહાં તો કુછ જ્યાદા હી ચલતા હૈ ! યહ તો વતનકી બાત હૈ ના ! 'પાલેજ' તો ગુજરાતકા ગાંવ હૈ ના ! આહા..હા...!

શ્રોતા :– યહાં તો ગાથા ૩૧ ઔર ૩૨ ડબલ હૈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યા આતા હૈ દેખો ! અભી તો ચાર દિન બાકી હૈ ન ! આહા..હા...! ૩૨વીં ગાથા નહીં લી હૈ, ૩૧ ઔર ૩૮ (ગાથા) લી હૈ.

યહાં કહતે હૈં, પ્રભુ ! શાંતિસે સુનને જૈસા હૈ, પ્રભુ ! યહ તો અલૌકિક બાત હૈ ! ઔર કહીં સુનને મિલે નહીં ઐસી બાત હૈ ! આહા..હા...! તીન લોકકા નાથ જિનેશ્વરદેવ મુનિઓંકો સમજાતે થે, વહ મુનિ અપની વાણીસે જગતકો બતાતે હૈં ! સુન તો સહી, પ્રભુ ! તેરી પર્યાયમેં ઇતની તાકત હૈ ! તેરી વર્તમાન જ્ઞાનકી પર્યાય ભલે અલ્પ હૈ તો ભી હમ કહતે હૈં કિ, ઇતની તાકત હૈ કિ, ઉસ પર્યાયમેં દ્રવ્ય હી જાનનેમેં આતા હૈ ! આ..હા..હા..હા...! પર્યાયમેં ભગવાન જાનનેમેં આતા હૈ ! પુત્ર–પુત્રી, પૈસા ઔર રાગ (જાનનેમેં નહીં આતા), ઐસા કહતે હૈં ! આહા..હા...!

ઐસા હોને પર ભી, ઐસા કહા ના ? '**...અનુભવમેં સદા સ્વયં હી આને પર ભી...**' ઐસે લિયા ના ? આ..હા..હા...! ઉસકી દૃષ્ટિ ઉસ ઓર નહીં હૈ. અનાદિસે દૃષ્ટિ પર્યાય ઉપર ઔર રાગ ઉપર હૈ. પર્યાયમેં સારા આત્મા જાનનેકી તાકત હોને પર ભી, પર્યાયમેં સ્વયં અનુભવમેં આતા હૈ, ઐસા હોને પર ભી ઉસકા લક્ષ સ્વભાવ ઉપર નહીં જાનેસે, ઉસકા લક્ષ એક સમયકી અવસ્થા અથવા રાગ ઉપર જાનેસે અનુભવમેં આને પર ભી ઉસકો અનુભવમેં આતા નહીં. સમજમેં આયા ?



ફિરસે, આહા...! જબરી વાત છે, પ્રભુ ! કાનમેં સુનને મિલે વહ ભી ભાગ્યશાલી હો ઉસે મિલે, ઐસા હૈ. ઐસી યહ બાત હૈ, યહ કોઈ સાધારણ હાલી–તોલીકી બાત નહીં હૈ. યહ તો તીનલોકકે નાથ સર્વજ્ઞદેવ પરમાત્મા ! ઉનકી દિવ્યધ્વનિમેં બાત આયી, (ઉસકે) સંતોંને આગમ રચે ઔર દુનિયાકો સમજાયા, આહા..હા...! સમજમેં આયા ?

યહ ભગવાનઆત્મા ! ઉસકી પર્યાયમેં યાની જ્ઞાનકી દશામેં, જ્ઞાનકી દશાકા સ્વભાવ ઐસા હૈ કિ, સારા અનુભૂતિસ્વરૂપ ભગવાન ઉસકી પર્યાયમેં અનુભવમેં આતા હૈ. ઐસે આયા ના ? દેખો ! 'અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા' યહ તો પહલે આત્માકો કહા. બાદમેં 'આબાલગોપાલ' (કહા). આબાલગોપાલ નામ બાલકસે વૃદ્ધ – છોટેસે બડે – બાલક, સ્ત્રી, કન્યા, વૃદ્ધ – સબ ભગવાનઆત્મા હૈં ! અંદરમેં તો ભગવાન પૂર્ણાનંદ હૈ. સબકો... આહા..હા...! '**સબકે**' ઐસા હૈ ના ? 'આબાલગોપાલ'કા અર્થ સમજે ? બાલકસે લેકર વૃદ્ધ સમસ્ત જીવકો ! ઓ..હો..હો...! '**...સબકે અનુભવમેં સદા...**' અનુભવમેં, સબકો ઔર સદા. આહા..હા...! યહાં વજન દિયા હૈ.

સબકો સદા સ્વયં આત્મા... પર્યાયમેં સ્વયં આત્મા હી જાનનેમેં આતા હૈ, ઐસા કહતે હૈં ! આહા..હા...! ઐસા અભી તો સુના ભી ન હો ! આહા..હા...! ભગવાન ! ભગવાન ભગવાનકો કહતે હૈં !! આહા..હા...! પ્રભુ ! તેરી ચીજ તો અનુભૂતિ ભગવાનસ્વરૂપ હૈ ન !

આહા..હા...! લિખા હૈ ના અંદર ? '**અનુભૂતિસ્વરૂપ ભગવાન**' કહા હૈ ! પ્રત્યેકકો (કહા હૈ). પ્રત્યેક આત્મા અંતર અનુભવસ્વરૂપ ભગવાનઆત્મા (હૈ) ! આ..હા..હા...! સબ ભગવાનઆત્મા (હૈં) ! સબ જીવકો સદા સ્વયં અનુભૂતિ(સ્વરૂપ) ભગવાનઆત્મા પર્યાયમેં અનુભવમેં આતા હૈ, આહા..હા...! ઐસી બાતેં પૈસેમેં મિલે ઐસા નહીં હૈ.

શ્રોતા :– નાઈરોબીકે અહોભાગ્ય કિ આપકી વાણી સુનને મિલી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! બાપૂ ! વીતરાગ ત્રિલોકકે નાથ સર્વજ્ઞદેવ બિરાજતે હૈં, ઉનકે પાસસે આયી હુઈ બાત હૈ, આહા..હા...! ભગવાન ભગવાનકો કહતે હૈં ! ભગવાન ભગવાનકો કહતે હૈં, હે ભગવાનઆત્મા ! આ..હા..હા...! પ્રભુ તું તો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા હૈ ના ! આ..હા..હા...! તું રાગ ઔર પુણ્યરૂપ હૈ હી નહીં ના, નાથ ! આહા...! તો દેહકી ક્રિયા, વાણીકી ક્રિયા, વિષયકા સંગ, સ્ત્રીકા સંગ, શરીરકા સંગ – યે ચીજ તો બહુત દૂર રહ ગઈ ! વહ તો તેરેમેં હૈ હી નહીં, આહા..હા...! તેરેમેં રાગાદિ હોનેપર ભી રાગસે ભિન્ન ભગવાન રાગકા જ્ઞાન કરનેવાલી પર્યાય રાગકો જાનતી હૈ, પરંતુ પર્યાયમેં અનુભૂતિસ્વરૂપ ભગવાન જાનનેમેં આતા હૈ. આ..હા..હા...! સમજમેં આયા ?

સબ જીવકો સારા ભગવાન અનુભૂતિ પ્રભુ ! સદા ઉસકી પર્યાયમેં યાની વર્તમાન દશામેં સ્વયં અનુભવમેં આતા હૈ, આ..હા..હા...! ઐસા હોને પર ભી (અર્થાત્) વસ્તુ તો ઐસી હૈ, આહા..હા...! ફિર ભી... આહા..હા...! હૈ ના ? '**...અનાદિ બંધકે વશ,...**' અનાદિસે રાગકે વશ હો ગયા હૈ. ઐસે દેખે તો (અંદરમેં દેખે તો) ભગવાન અનુભવમેં આતા હૈ, પરંતુ ઉસ ઓર લક્ષ નહીં કરકે રાગ, પુણ્ય, દયા–દાન, કામ–ક્રોધકે અનાદિ બંધકે વશ પડા હુઆ, અબંધસ્વરૂપ અનુભવમેં આને પર ભી ઉસ પર દૃષ્ટિ નહીં (હૈ) તો 'મૈં રાગ હૂં' ઐસા માનકર મિથ્યાદૃષ્ટિ



રખડતે હૈં, આહા..હા...! ધીરેસે સમજના ! થોડા કઠિન પડે તો રાતકો પૂછના ! આહા..હા...! એક પંક્તિમેં તો કિતના ભરા હૈ !! આહા..હા...!

શ્રોતા :– બિલકુલ પ્રયોગકી ગાથા હૈ, ગુરુદેવ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રયોગ કરના ! યહી કરના હૈ ! કરના હો તો યહી કરના હૈ, ઇસકે બિના સબ 'એકડા વિનાના મીંડાં' હૈ. આહા..હા...! બાહરકી સબ પ્રવૃત્તિ હોતી હો... હો ઉસકે કારણસે, તેરેમેં તો ઉસ સમયમેં રાગ હોતા હૈ. પરંતુ યહાં તો કહતે હૈં કિ, રાગસે ભિન્ન કરકે આત્માકા અનુભવ કરના. ઐસા અનુભૂતિસ્વરૂપ ભગવાન રાગકે કાલમેં ભી પર્યાયમેં અનુભવમેં તો આતા હૈ, ક્યોંકિ પર્યાયકા સ્વભાવ હી ઐસા હૈ. જ્ઞાનકી પર્યાયકા – અવસ્થાકા વર્તમાનમેં સ્વભાવ ઐસા હૈ કિ, ત્રિકાલીકો અનુભવમેં લેતી હૈ, ઐસા સ્વભાવ હી હૈ. આહા..હા...! સમજમેં આયા ? થોડા સૂક્ષ્મ પડે (લેકિન) સમજનેકી બાત યહ હૈ. મુદ્દેકી રકમ તો યહ હૈ.

કોઈ આદમી કહે ના કિ, 'વ્યાજ તો બહુત ખાયા લેકિન મુદ્દેકી રકમ તો લાઓ !' તો કહે, 'રકમ હૈ નહીં !' અરે...! તબ તો ક્યા હુઆ ? પહલે તો બારા આનામેં (પૈસે બ્યાજ પર) દેતે થે. હમારે વહાં ભી સેઠલોગ થે વે રાજાકો દો–દો લાખ આઠ આનાકે (બ્યાજ પર) દેતે થે. ઇન દિનોંમેં બઢ ગયા. મુઝે તો દૂસરી બાત કહની હૈ. બીસ સાલ તક બ્યાજ ખાયા બાદમેં કહા કિ, 'મુદ્દેકી રકમ લાઓ !' સામનેવાલા કહે 'મુદ્દેકી રકમ હૈ નહીં !' અરે..રે...! અકેલા બ્યાજ ખાકર ક્યા હુઆ, મુદ્દેકી રકમ તો ખલાસ હો ગઈ. આહા..હા...! ઐસે અનાદિસે દયા, દાન, વ્રત, ભક્તિકે પરિણામમેં રુકનેસે મુદ્દેકી રકમ પડી રહી. બ્યાજ ખાયા, રકમ પડી રહી ! આહા..હા...! એક પંક્તિમેં તો બહુત ભરા હૈ.

અનુભૂતિસ્વરૂપ આત્મા આબાલગોપાલ સબ જીવકો (અનુભવમેં આ

રહા હૈ), ઐસા પરમાત્મા કહતે હૈં ! સબકો અનુભવમેં સદા સ્વયં હી, (ઐસે) શબ્દ પડે હૈં. અકેલા 'સ્વયં' શબ્દ નહીં પડા હૈ. સ્વયં હી, ઉસકી જ્ઞાનકી પર્યાયમેં આત્મા હી આતા હૈ. આહા..હા...! સબ આત્માકો પર્યાયમેં સ્વયં ત્રિકાલી અનુભૂતિ(સ્વરૂપ) ભગવાન હી જાનનેમેં આતા હૈ, પરંતુ લક્ષ ઉસ તરફ નહીં. અનુભવમેં આને પર ભી લક્ષ ઉસ તરફ નહીં (હૈ), આ..હા..હા...! હૈ ?

'**...અનાદિ બંધકે વશ...**' (અર્થાત્) અનાદિ રાગ ઔર પુણ્યકે વશ ઉસકો દેખનેમેં રુક ગયા, ઉસકો કરનેમેં રુક ગયા. ભગવાન અનુભૂતિસ્વરૂપ અનુભવમેં આને પર ભી લક્ષ ઉસ તરફ નહીં હોનેસે, રાગકા લક્ષ હોનેસે, રાગકા અનુભવ હોનેસે, જાનનેકી ચીજ જાનનેમેં નહીં આયી, આહા..હા...! જિસકી પર્યાય હૈ... જિસકી પર્યાય હૈ, ઉસમેં પર્યાયવાન જાનનેમેં આતા હૈ (લેકિન) ઉસ પર્યાયને ઉસકો જાનનેમેં નહીં લિયા. જાનનેમેં આતા હૈ ફિર ભી જાનનેમેં નહીં લિયા ઔર જો જિસમેં નહીં ઐસે રાગકો જાનનેમેં રુક ગયા, આહા..હા...! ઐસા સૂક્ષ્મ હૈ, પ્રભુ !

આહા...! 'ભગવાન' (કહકર) તો બુલાતે હૈં ! આહા..હા...! મુનિવરો 'ભગવાનઆત્માઓ' ઐસા કહતે હૈં ! તેરે(મેં) કપડે, શરીર (ઇત્યાદિ) નહીં, તેરેમેં પુણ્ય-પાપ રાગ (હોતા) હૈ વહ ભી તૂ નહીં. તુમ તો ભગવાનઆત્મા હો ના નાથ ! અનુભૂતિમેં આને લાયક હૈ ના ! અરે...! પર્યાયમેં અનુભવ તો હોતા હૈ ના ! આ..હા..હા...!

શ્રોતા :- જામી...!

પૂજ્ય ગુરુદેવશ્રી :- જામી...? પર્યાયમેં અનુભૂતિ હોતી હૈ ના ! આહા..હા...! અનુભૂતિસ્વરૂપ ભગવાન તો હૈ હી ! અનુભૂતિસ્વરૂપ ભગવાન તો હૈ હી પરંતુ તેરી પર્યાયમેં અનુભૂતિસ્વરૂપ ભગવાન (અનુભવમેં) આને પર ભી તેરા લક્ષ ઉસ તરફ હોતા નહીં, તેરા લક્ષ રાગ ઔર બંધકે વશ હો જાતા હૈ. અબંધસ્વરૂપ અનુભવમેં આતા હૈ



ઉસ તરફ દૃષ્ટિ નહીં કરકે બંધસ્વરૂપ રાગમેં તેરા લક્ષ હૈ તો અબંધસ્વરૂપ અનુભવમેં આતા હૈ ઉસકા અનાદર કર દેતે હૈં, આ..હા..હા...! ગજબ બાત હૈ, પ્રભુ !

શ્રોતા :- એક પંક્તિમેં તો કમાલ હો ગઈ !

પૂજ્ય ગુરુદેવશ્રી :- કમાલ હૈ...! કમાલ હૈ...!! ઇસલિયે એક પંક્તિ ઉતાવલીસે લી નહીં. સેઠને કહા થા ન કિ, 'હિન્દીમેં લો !' તો દો ઘંટા (હિન્દીમેં ચલા). હિન્દીમેં યહ સાર આયા ! ભાઈ ! સારમેં સાર આયા હૈ !! આહા..હા...!

આહા..હા...! પાર નહીં તેરે (ગુણોંકા) ! અનંત... અનંત... ગુણકા નાથ જિસમેં અનંત (ગુણકી) સંખ્યા પડી હૈ, ઐસા અનુભૂતિ ભગવાન દ્રવ્ય,... આહા..હા...! સદા સબકો (અનુભવમેં આતા હૈ). ઐસી બડી ચીજ, અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા સદા સર્વકો સ્વયં હી અનુભવમેં આતા હૈ. પર્યાયમેં સ્વયં ભગવાન હૈ વહી અનુભવમેં આતા હૈ. સબકો આતા હૈ ! આહા..હા...! ઐસા હોનેપર ભી '**...અનાદિ બંધકે વશ પર (દ્રવ્યોં) કે સાથ એકત્વકે નિશ્ચયસે...**' આ..હા..હા...! ઉસકો વિકલ્પ-રાગ ઊઠતા હૈ ઉસકે સાથ એકત્વબુદ્ધિ હો ગઈ હૈ.

જ્ઞાનમેં સારી ચીજ અનુભવમેં આને પર ભી રાગમેં એકત્વબુદ્ધિ હો ગઈ હૈ તો અનુભવમેં આતા હૈ (ઉસકે સાથ) અનાદિસે એકત્વબુદ્ધિ છૂટ ગઈ હૈ, આહા..હા...! ઐસા કૈસા ઉપદેશ !? લેકિન ઇસમેં હમેં ક્યા કરના ? યે કરોડો રૂપયેકા બડા ધંધા કરના (યા યે કરના) ? દસ-દસ, બીસ-બીસ લાખકે કપડે ઔર પચાસ લાખકે કપડે (લેના) ! સારા દિન 'ધંધાખોર' (ધંધા કરતા રહતા હૈ) ! 'ધંધાખોર' !

ભગવાનઆત્મા...! કહતે હૈં કિ, તેરી પર્યાયમેં - હથેલીમેં અનુભવમેં આતા હૈ, ઐસા કહતે હૈં ! હથેલીમેં તો ઐસે નજર કરની પડે લેકિન (યહાં તો) તેરી પર્યાયમેં સારા આત્મા અનુભવમેં આતા હૈ !! ભગવાન

સારા અનુભવમેં આતા હૈ. પરંતુ તેરા લક્ષ ઉસ પર નહીં, આહા..હા...! **'...અનાદિ બંધકે વશ પર (દ્રવ્યોં) કે સાથ એકત્વકે નિશ્ચયસે મૂઢ...'** દેખો ! યહાં (મૂઢ) શબ્દ કહા ! આહા...! એક ઓર 'ભગવાન' કહા, એક ઓર 'મૂઢ' કહા ! આહા..હા...! અંતરમેં ભગવાનકો નહીં દેખતે હૈં ઔર રાગકી દશામેં એકત્વબુદ્ધિ હૈ વહ મૂઢપ્રાણી હૈ.

જાનનેકી ચીજ જાનનેમેં આતી હૈ ઉસકી તરફ દૃષ્ટિ નહીં ઔર જો કુછ ઉસકી ચીજ નહીં ઉસકે સાથ એકત્વબુદ્ધિ હોનેસે જ્ઞાન વહાં રુક ગયા હૈ. તેરા જ્ઞાન વહાં રાગમેં રુક ગયા હૈ. ઇસલિયે તેરે જ્ઞાનમેં ભગવાન જાનનેમેં આતા હૈ ફિર ભી રાગમેં રુકનેસે ભગવાન તેરે ખ્યાલમેં નહીં આતા, આહા..હા...! બાત ઐસી હૈ, ભગવાન ! કભી સુની ન હો ઐસી ! બાહરમેં હી બાહરમેં... હો.. હા... હો... હા...! 'ધમાધમ ચલી જ્ઞાનમાર્ગ રહ્યો દૂર' 'ધર્મને નામે ધમાધમ ચલી અને આ રહ્યો દૂર' ! આહા..હા...! મૂઢ ! એક ઓર 'ભગવાન' કહા ઔર એક ઓર 'મૂઢ' કહા !

જિસ પર્યાયમેં ભગવાન દિખનેમેં આતા હૈ ઐસા આત્મા તુમ નહીં જાનતે હો ઔર રાગકે સાથ એકત્વબુદ્ધિ હો ગઈ. બસ ! એક રાગ કિયા તો માનો ઓ..હો..હો...! હમને તો બહુત કિયા ! (ઐસા માનતા હૈ). અભી તો યહાં શુભરાગકી બાત હૈ, અશુભરાગકે સાથ તો એકત્વબુદ્ધિ હૈ વહ તો તીવ્ર હૈ, પરંતુ શુભરાગકે સાથ એકત્વબુદ્ધિ હૈ ઐસે મૂઢકો **'...અજ્ઞાની જનકો 'જો યહ અનુભૂતિ હૈ વહી મૈં હૂં' ઐસા આત્મજ્ઞાન ઉદિત નહીં હોતા...'** અંતરદૃષ્ટિ કરતા નહીં ઔર દિખનેમેં આતા હૈ ફિર ભી (વહાં) દૃષ્ટિ નહીં (હૈ) તો ઉસકો આત્મજ્ઞાન ઉત્પન્ન નહીં હોતા. રાગકી એકતાબુદ્ધિસે અજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, આહા..હા...!

ઐસે (આત્મજ્ઞાનકી) ઉત્પત્તિ નહીં હોનેસે **'...ઉસકે અભાવસે, અજ્ઞાતકા શ્રદ્ધાન ગધેકે સીંગકે શ્રદ્ધાન સમાન હૈ...'** અજ્ઞાનકે કારણ,



જૈસે ગધેકે સીંગ નહીં હૈ તો ઐસી શ્રદ્ધા (નહીં હો સકતી), (વૈસે) આત્મા જાનનેમેં આયા નહીં તો શ્રદ્ધા કૈસી ? આહા..હા...! **'...ગધેકે સીંગકે શ્રદ્ધાન સમાન હૈ ઇસલિયે, શ્રદ્ધાન ભી ઉદિત નહીં હોતા...'** ઐસે જીવકો સમકિત નહીં હોતા, આહા..હા...! **'...તબ સમસ્ત અન્યભાવોંકે ભેદસે આત્મામેં નિઃશંક સ્થિર હોનેકી અસમર્થતાકે કારણ આત્માકા આચરણ ઉદિત ન હોનેસે...'** ઉસકો આત્માકી શ્રદ્ધા નહીં હોતી, આત્માકા જ્ઞાન નહીં હોતા (ઔર) આત્માકા આચરણ નહીં હોતા. **'ઇસપ્રકાર સાધ્ય આત્માકી સિદ્ધિકી અન્યથા અનુપપત્તિ હૈ.'** સાધ્ય આત્મા હૈ ઉસકી સિદ્ધિ ઔર ઉત્પત્તિ નહીં (હોતી). સંસારકી ઉત્પત્તિ હૈ, (સાધ્યકી) સિદ્ધિ નહીં, વિશેષ કહેશે...

❁ ❁ ❁

## પ્રવચન-૧૩, ગાથા – ૧૭–૧૮

'સમયસાર' ૧૭, ૧૮ (ગાથા)નો છેલ્લો પેરાગ્રાફ. હિન્દીમાં ચાલ્યો હતો ને ? (એટલે) બેનો–દીકરીઓ થોડું ઓછું સમજ્યા હોય તો વધારે સ્પષ્ટ (કરવા ગુજરાતીમાં લઈએ).

**'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** આ..હા..હા...! કેવો છે પ્રભુ અંદર ? **'અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા !'** (છે). (અર્થાત્) અનુભવ થઈ શકે એવો એ ભગવાનઆત્મા છે. કાલે હિન્દીમાં ચાલ્યું હતું. આ આત્મા અંદર એવો છે (એમ) સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આવ્યું હતું (અને) સંતોએ તેની રચના કરી, આ ભગવાનઆત્મા ! **'અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા'** એમ કરીને તો બોલાવ્યો છે. આહા..હા...! દરેક આત્માને આમ કરીને કહ્યું (છે). પ્રભુ ! તું તો અનુભૂતિસ્વરૂપ ભગવાન છો ને ! આહા...હા...! **'...આબાળગોપાળ...'** (એટલે) બાળકથી માંડીને વૃદ્ધને **'...સૌને સદાકાળ...'** સ્વયં એટલે **'...પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** આહા..હા...! ગાથાનો અર્થ બહુ ઊંચો છે ! આવી વાત બીજે ક્યાંય આટલામાં નથી.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરની દિવ્યધ્વનિમાં આવ્યું હતું. 'કુંદકુંદઆચાર્ય' ત્યાં ગયા હતા, આઠ દિ' (ત્યાં) રહ્યા હતા. એમાંથી અંતરનો માલ જે માખણ, એ ભગવાન પાસે સાંભળ્યું અને કેટલીક ચર્ચા શ્રુતકેવળીઓ મુનિઓ સાથે કરી, ભગવાનની દિવ્યધ્વનિ તો ટાઈમસર



આવે, આઘીપાછી હોય નહિ, પછી કોઈ શંકા–સમાધાન હોય એ શ્રુતકેવળીઓ પાસે સમાધાન થયું. (ત્યાંથી) આવીને પછી આ રચના કરી. આહા...!

**'...આબાળગોપાળ...'** આબાળ એટલે બાળકથી માંડી અને વૃદ્ધને **'...સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** આહા...હા...! શું કહે છે ? જ્ઞાનની પર્યાયમાં (એટલે) એ વસ્તુ ત્રિકાળ છે (તેનો) જ્ઞાન ગુણ એની વર્તમાન અવસ્થામાં, જે આ જણાય છે, ઇ જણાતું નથી. ખરેખર તો પોતાની પર્યાય જણાય છે. અહીં તો એથી વિશેષ કહે છે. આ (ઉપર કહ્યું તે) તો વ્યવહાર છે. આ બધું જણાય છે, જેની ભૂમિકામાં જણાય છે, જેની સત્તામાં, જેના હોવાપણામાં, 'આ છે' એવું જણાય છે તે જ્ઞાનની પર્યાય છે. એ વસ્તુ એમાં નથી. આહા...હા...! જેના પ્રકાશમાં – સત્તામાં, પર્યાયમાં હોં ! દ્રવ્ય–ગુણની વાત નથી. એ પર્યાયમાં આ બધું જે દેખાય છે એ આ દેખાતું નથી. (પરંતુ) પોતાની પર્યાયની સામર્થ્યતા એને જાણવાના લાયકવાળી છે, તેથી તે પર્યાય જાણતાં પરને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા...!

એવું હોવા છતાં, એ ઉપરાંત પર્યાયમાં દ્રવ્ય જાણવામાં આવતું હોવા છતાં, એમ કહે છે. સમજાય છે કાંઈ ? આહા...હા...! પર્યાયમાં આ જણાય છે (એમ) નહિ, એ તો પર્યાય જણાય છે, કેમકે એ ચીજને તો જ્ઞાનની પર્યાય અડતી નથી. તેમ એ પરચીજમાં જ્ઞાનની વર્તમાન અવસ્થા તન્મય થઈને રહેતી નથી, એ તો ભિન્ન થઈને રહે છે; (માટે) એ પર્યાયમાં આ જણાય છે, એમ કહેવું એ વ્યવહાર છે. પણ એ પર્યાયમાં એ સંબંધીની પોતાની શક્તિ જે છે, જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય (છે) તે જણાય છે. એ તો પર્યાય સુધી વાત રહી, હવે અહીં વિશેષ કહે છે. આહા...હા...! એ પર્યાયમાં આબાળગોપાળ – બધાને સદાયકાળ અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા (અનુભવમાં આવી રહ્યો છે). હવે ઇ

દ્રવ્ય લીધું, (પેલી) પર્યાયની વાત કરી.

ઝીણું પડે, બાપુ ! અહીં આવા પરદેશમાં આ વાત ક્યાંથી આવે ! આહા...હા...! અનાર્ય દેશ ! એમાં આ તો વળી બહારથીયે કેટલાં માણસો આવ્યાં ! ૩૦૦ (માણસ આવ્યું) ! આહા...હા...! આ વાત તો અલૌકિક છે. પ્રભુ ! ભલે તમને એમ લાગે કે, આ શું કહે છે !? પ્રભુ ! ભગવાનની વાણી અંદરમાંથી આવે છે ઇ કહે છે !! આહા...હા...!

પર્યાયમાં પણ આ જણાતું નથી પણ પર્યાય જણાય છે, પણ એ ઉપરાંત અહીંયાં પરમાત્મા એમ ફરમાવે છે કે, પ્રભુ ! તારી પર્યાયની એવી તાકાત છે કે એકલી પરપ્રકાશક (પણે) જાણે છો એટલી તાકાત નહિ. તારી પર્યાયમાં પરને પ્રકાશે છે એ પરને લઈને નહિ. પોતાને લઈને એ પરને પ્રકાશે છે એટલી પર્યાયની સામર્થ્યતા નથી, પણ એ પર્યાયની સામર્થ્યતા દ્રવ્યને પણ જાણે છે એવી સામર્થ્યતા છે ! આ..હા..હા...! કાલે હિન્દી આવ્યું હતું ને ! આ બેનો–દીકરીઓને ત્યારે ન સમજાયું (હોય) તો ફરીને (લઈએ છીએ). એ તો ફરીને આવે તો(પણ) કાંઈ નવું તો આવે જ અંદર ! આહા..હા..!

પ્રભુ ! પ્રભુને કહે છે ! એમ કીધું ને ? જુઓને ! '**અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા !**' એમ કહ્યું. આ...હા...હા...! અનુભવમાં (આવવાને) લાયક, અનુભવ થવા લાયક એવો ભગવાનઆત્મા ! પર્યાયમાં પરપ્રકાશે છે એમ નહિ. કેમકે પર્યાયમાં પર્યાય તન્મય છે, પર્યાય ! પર્યાય પર્યાયમાં તન્મય છે (તેથી) તેને એ જાણે છે એમ કહેવું બરાબર છે, પણ પરને જાણે છે (એમ કહેતાં) એની સાથે તન્મય નથી. તન્મય એટલે તેના સંબંધના જોડાણ નથી માટે પરને જાણવાકાળે પણ પર્યાય પોતાને જ જાણે છે. સમજાય છે કાંઈ ? આ...હા..હા..હા...! એ પર્યાયમાં એ ઉપરાંત (એટલે) પરપ્રકાશક છે એ સ્વતઃ સ્વભાવ છે, એ ઉપરાંત સ્વપ્રકાશક સ્વભાવ છે. સ્વપર–પ્રકાશક સ્વભાવ !



''સ્વપર પ્રકાશક શક્તિ હમારી,
તાતૈં વચન–ભેદ ભ્રમ ભારી.
જ્ઞેય દશા દુવિધા પરગાસી,
નિજરૂપા પરરૂપા ભાસી. ૪૬.

ઝીણું પડે, પ્રભુ ! પણ એક વાર સાંભળ હોં ! આવો વખત નહિ મળે. આ તો કુદરતે આવી પડ્યાં છીએ. અહીં આ પરદેશમાં – અનાર્ય દેશમાં ક્યાં (આવું સાંભળવા મળે). આહા...હા...!

ભગવાનઆત્મા ! એની પર્યાયનું સામર્થ્ય, પરને જાણવાનું નહિ (પણ) પરને – પર સંબંધી જાણવાની પોતાની તાકાત છે, તેને એ જાણે છે. એ ઉપરાંત એ પર્યાયમાં, એ તો પરપ્રકાશકનું સ્વતઃ સામર્થ્ય થયું. પરપ્રકાશકનું સ્વતઃ સામર્થ્ય પર્યાયમાં થયું. પણ એ પર્યાયમાં સ્વતઃ સામર્થ્ય – સ્વદ્રવ્યને જાણવાનું પણ સામર્થ્ય છે. સમજાય છે કાંઈ ? આ..હા..હા...! એ ભગવાનઆત્મા ! આબાળગોપાળ... અહીં તો દ્રવ્ય લીધું ને ? પહેલી વાત તો પર્યાયની કરી. એ વાત તો આવી ગઈ છે પણ અહીં તો હવે દ્રવ્ય લીધું. જે પર્યાયનું સામર્થ્ય પરને જાણતું નથી, પણ પર સંબંધી પોતાની પર્યાયમાં એટલું સામર્થ્ય છે એને એ જાણે છે. આ..હા..હા...! એ પર્યાયમાં એટલી તાકાત (છે કે), પરપ્રકાશની (શક્તિ) પરની અપેક્ષા વિના – પરને જાણવાની તાકાત પરની અપેક્ષા વિના સ્વતઃ પર્યાયમાં જાણવાની તાકાત છે, એ જ પર્યાયમાં સ્વતઃ અનુભૂતિ(સ્વરૂપ) ભગવાનઆત્મા ! આ..હા...હા...! છે ? '**...સૌને...**' (એટલે) બધાને '**...સદાકાળ પોતે...**' (એટલે) પરમાત્મા જ પર્યાયમાં અનુભવમાં આવે છે. આહા...હા..હા...! આ વાત, અલૌકિક વાત છે !

એક ભાઈએ લખ્યું છે ને ? એક ક્ષુલ્લક થોડુંક સાંભળવા આવતાં હતાં. બુદ્ધિ બહુ ઓછી હતી પણ પ્રેમ બહુ હતો. એ તો ગુજરી ગયા, પછી એણે ટૂંકું ટચ કર્યું હતું. 'પરથી ખસ સ્વમાં વસ, એ ટૂંકું ટચ

તારે માટે બસ !' આહા...હા...! કેમ બેસે...? પરના વલણવાળો અનાદિ(નો) ભાવ જાણે પરને જ જાણું છું ! પર્યાયમાં પણ જાણે પરને જ જાણું છું ! ભગવાન ! વાત તને આકરી પડશે નાથ ! પણ વસ્તુનું સ્વરૂપ પ્રભુ આવું છે. આહા..હા...! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ, એનો સાર આ 'સમયસાર' છે. એમાં આ કહેલું હતું. આ..હા..હા...! અરે...! એક જ ગાથા બસ છે ને ! કાલની વાત આ ફરીને આવી છે. આ ગુજરાતીમાં આવી, (કાલે) હિન્દીમાં હતી. બેનો–દીકરીઓ કોઈ ન સમજ્યું હોય (એટલે આજે ગુજરાતીમાં લીધું). બપોરે બેનો બે–એક વધારે આવે છે. સવારમાં જરીક કામકાજ હોયને (એટલે ન આવે) !!

આહા..હા...! માતાઓ, બેન–દીકરીઓ બધા ભગવાન છે ! અંદર તો ભગવાનસ્વરૂપ છે. આ..હા...હા...! બેને (વચનામૃતમાં) કહ્યું નહિ ? અમે તો બધાને ચૈતન્ય સિદ્ધસ્વરૂપ જોઈએ છીએ. એના આત્માને ગમે તે ઇ માનતો હોય પણ અમે તો અમારી પર્યાયબુદ્ધિ ગઈ છે એથી એને પર્યાયબુદ્ધિવાળા ન જોતાં, એનો ચૈતન્ય સિદ્ધ ભગવાનઆત્મા છે, તેમ તે દેખાય છે. આહા..હા...! એ પણ પર્યાયમાં પરનું જાણવું થાય છે ! પરદ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ભગવાનનું જાણવું (થાય છે) એ પણ પર્યાયમાં (થાય છે). આહા...હા...!

પર્યાય સમજાય છે ? અવસ્થા ! વસ્તુ જે ત્રિકાળ આત્મા છે, (તે) અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ છે. અનાદિથી છે (અને) અનંતકાળ રહેશે. એ વસ્તુની ઉત્પત્તિ નથી તેમ વિનાશ નથી તેમ તેના સ્વભાવના સામર્થ્યથી ખાલી નથી, તેના સ્વભાવના સામર્થ્યથી ખાલી નથી. એવો જે ભગવાનઆત્મા ! શરીરરૂપી દેવળમાં ભગવાન બિરાજે છે. એની પર્યાયમાં પરને જાણવાની અપેક્ષા પણ નથી. પર્યાયમાં પોતાને જાણે છે એમાં પર જણાઈ જાય છે, એમ કહ્યું વ્યવહાર છે. આહા...હા...! અનુભવમાં



સદાકાળ પોતે આવતો હોવા છતાં પણ '**...અનાદિ બંધના વશે...**' શું કહે છે ? છે તો આવો, પણ તેની દૃષ્ટિ રાગના સંબંધમાં જોડાયેલી છે. રાગના સંબંધમાં જોડાણી છે એટલે રાગનો બંધ છે. ભગવાન અબંધસ્વરૂપ છે આહા..હા...! વસ્તુ છે તે અબંધસ્વરૂપ છે. અનુભૂતિ (સ્વરૂપ) ભગવાન(આત્મા) કીધું ને ? પણ પર્યાયમાં રાગ સાથે સંબંધ કરી (લીધો છે). એક સમયની પર્યાય સાથે, રાગ સાથે સંબંધ (કરી લીધો છે). સંબંધ એ બંધ. એ સંબંધના બંધને વશે, આહા...હા...!

'**...અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...**' આહા..હા..! એ રાગને જાણતાં એની એકત્વબુદ્ધિ થાય છે. (તેથી) એને દ્રવ્યસ્વભાવ જાણવામાં આવતો નથી. એની પર્યાયનું સામર્થ્ય – પર્યાયની તાકાત ચૈતન્ય પૂર્ણાનંદને જાણવાની તાકાતથી જ સદાય રહેલી છે. છતાં તે પર્યાયની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતી નથી અને તે પર્યાયની દૃષ્ટિ પર્યાય ઉપર અને રાગ ઉપર હોવાથી એકત્વબુદ્ધિ (થાય છે). આહા...હા...! (તે) '**એકપણના નિશ્ચયથી મૂઢ...**' એકકોર 'ભગવાન' કરીને બોલાવ્યો, આહા...હા...! એકકોર 'મૂઢ' કરીને જણાવ્યું. '**...નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું,'...**' (અર્થાત્) આ જાણવામાં અંદર અનુભૂતિ – જ્ઞાન આવે છે, પર્યાયમાં જાણવામાં જ્ઞાન આવે છે 'તે હું છું,' એમ બુદ્ધિ (અર્થાત્) '**...એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' આહા...હા...!

આત્મજ્ઞાન એટલે આત્મા(નું જ્ઞાન). આત્મજ્ઞાનમાં પર્યાય પણ લીધી નથી. અહીં તો 'આત્મજ્ઞાન' કહ્યું ! સંયોગનું તો જ્ઞાન નહિ, રાગનું તો નહિ, પર્યાયનું પણ નહિ, આત્મજ્ઞાન ! દ્રવ્ય જે ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ છે, પ્રભુ ! (તેનું જ્ઞાન તે આત્મજ્ઞાન). આમાં ભેદ ને વિવાદ અને ઝઘડા ક્યાં છે, પ્રભુ ! આહા..હા..હા..! પરમાત્માસ્વભાવ તરીકે બિરાજમાન (છે), પ્રભુ ! કોની સાથે તને વિવાદ

અને ઝઘડા થાય ? નાથ ! આહા...હા...!

કહે છે કે, રાગની સાથે એકપણાથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' (અર્થાત્) આ જ્ઞાન જણાય છે તે હું છું, એમ ન થતાં, એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. આહા..હા...! જાણનાર જ્ઞાન તે હું છું, એવું આત્મજ્ઞાન (ઉદય થતું નથી). આત્મા એટલે દ્રવ્ય, પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન (એટલે) આત્મજ્ઞાન ઉદય થતું નથી. આહા...હા...! છે ? આ..હા..હા..! **'...અને તેના અભાવને લીધે,...'** જ્ઞાનમાં જાણવામાં આવતો (હોવા) છતાં એ પર્યાયને તેની સન્મુખ કરતો નથી, એથી જાણવામાં આવતો (હોવા) છતાં જાણતો નથી. જાણવામાં આવતો (હોવા) છતાં જાણતો નથી ! આ..હા..હા..!

જરીક ઝીણું પડે, પ્રભુ ! પણ આ વાત કાલે આવી ગઈ હતી. મગજમાં એમ લાગતું કે, બેનો–દીકરીઓ કદાચ કોઈ હિન્દી ન સમજતું હોય તો ફરીને લઉં ! આમાં તો ફરીને લ્યો તોપણ ભગવાનને ભગવાનની વાત છે !! આહા...હા...! ભગવાન અંદર દેહમાં બિરાજમાન છે. કેમ બેસે, પ્રભુ ? આહા...હા...! એક અડદની દાળ હદડી સરખી ન થઈ હોય... 'હદડી સરખી' એટલે (ખબર છે) ? દાળ ચડીને આમ પાણીમાં એકમેક ન થઈ હોય તો ઢીંચણી ઊઠે – કોણે આવું કર્યું ? આવી અડદની દાળ ! મેળ નથી ખાતો !! એવાઓને આ ભગવાન આત્માને સમજાવવો...! આહા...હા...!

ભગવાન તું એવો છો, હોં ! ગમે તે રીતે તું બીજાને એકપણે માન ભલે, પણ તે એકપણે નહિ થાય. એ વસ્તુ ત્રિકાળી છે એ એકપણે નહિ થાય, નાથ ! આ..હા..હા..હા...! તું ભલે માન એકપણે...! આહા..હા...! કો'કનો દીકરો પોતાના દીકરા તરીકે તું માન પણ એ (તારો) નહિ થાય. આહા...હા...! કુંવર ખોળે લે છે ને ? ગોદ...ગોદ ! પછી (કહે) 'અમારો દીકરો !' તોપણ ઇ કાંઈ ખરેખર એનો દીકરો



છે નહિ. એમ તું ગમે તે માન પ્રભુ ! પણ તારું આત્મદ્રવ્ય જે અંદર છે, એને જાણવાની તાકાતવાળું જ્ઞાન છે એનો તો કદી અભાવ નહિ થાય. તારી માન્યતામાં ફેર પડે છે. આહા..હા...!

**'...એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** જે ચીજ જ જાણવામાં આવી નહિ (તો તેની શ્રદ્ધા કેવી રીતે થાય ?) આહા...હા...! હવે આમાં બહારનાં ઝઘડા ક્યાં છે, પ્રભુ ? વ્યવહારના ઝઘડાની (વાતને) મૂકને એકકોર પડતી ! આ અંતર તત્ત્વને નિહાળને ! અંદર ભગવાન છે ! આહા..! કહે છે, **'...નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** જે ચીજ ખ્યાલમાં જ (આવી) નહિ (તેનું શ્રદ્ધાન કેવી રીતે થાય ?) ગધેડાના શિંગડાં નથી, તો (એ ચીજ) ખ્યાલમાં જ આવી નથી એની પ્રતીતિ શી રીતે (થાય) ? જે ચીજ જ્ઞાનમાં – ખ્યાલમાં આવી નહિ, એની પ્રતીતિ શી રીતે (થાય) ? એમ જ્ઞાનમાં આત્મા ખ્યાલમાં ન આવ્યો, એની પ્રતીતિ શી રીતે કરશે ? 'અમે આત્માને માનીએ છીએ' એમ ભલે બોલે, પણ એના જ્ઞાનમાં આત્મા જણાણો નથી, તેથી તેની પ્રતીતિ અને યથાર્થ વિશ્વાસ આવ્યો નથી. આ..હા..હા...! આ તો બધાને – જુવાનિયાઓને સમજાય એવું છે. જુવાન છે ક્યાં, પ્રભુ ? એ જુવાને નથી, વૃદ્ધે નથી, બાળકે નથી, સ્ત્રી નથી, પુરુષ નથી. એ પર્યાય જેટલો પણ નથી ! આ..હા..હા..હા..! મહા સચ્ચિદાનંદ પ્રભુ ! ભગવત્ મૂર્તિ અંદર આનંદનો નાથ ! તેં સાંભળ્યો નથી, પ્રભુ ! તેં... તેના તરફ લક્ષ કર્યું નથી, પ્રભુ ! આહા...હા...!

તેથી તે જાણવાના અભાવને લઈને, **'...નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** આહા...હા...! જે જ્ઞાનની પર્યાયમાં એ જણાયા છતાં જાણતો નથી, એ જાણતો નથી તે જાણ્યા વિનાની શ્રદ્ધા ગધેડાનાં શિંગડાં જેવી છે. ગધેડાનાં શિંગડાં હોય નહિ તો જાણવામાં આવે નહિ, તો શ્રદ્ધા શેની ? એમ ભગવાનઆત્મા જ્ઞાનની

પર્યાયમાં જાણવામાં આવે નહિ, તો એની શ્રદ્ધા શેની ? આહા..હા...!

કહો સમજાય છે ? આવી વાતું છે. આવો ઉપદેશ ! પ્રભુ ! એવો સાંભળવાનો જોગ મળ્યો છે !

મુમુક્ષુ :– લાભની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા..હા...! અમારે ત્યાં તો કાયમ ચાલે છે પણ અહીં તો હવે આવી પડ્યાં છીએ ! પણ આ વાત અંદરથી આવી છે !! આહા..હા...! આહા...હા...! તમારો આગ્રહ હતો ને !

મુમુક્ષુ :– નાઈરોબીમાં આપનો ભાવ બહુ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા...હા...! લોકોનો ઉત્સાહ છે, પ્રેમ છે. પ્રભુ ! તારી ઘરની વાત છે, આ કોઈ પરની નથી. ત્રણલોકના નાથે કહેલી વાત છે ! પ્રભુ ! શું કહીએ ? ત્રણલોકના નાથને અમે સાક્ષાત્ સાંભળ્યા છે ! એ સાંભળેલી અંદરની વાત છે એ વાત આવે છે ! આહા..હા...! આ..હા..હા...! પક્ષના વ્યામોહને લઈને ન બેસે પણ પ્રભુ ! પક્ષનો વ્યામોહ છોડી દે !

પર્યાયમાં આવો ભગવાન જણાય છતાં નહિ જાણેલાની શ્રદ્ધા તો ગધેડાનાં શિંગડાં જેવી છે. જે ચીજ જ ખ્યાલમાં આવી નથી, જે વસ્તુ જ જ્ઞાનમાં ખ્યાલમાં આવી નથી ‘એને શ્રદ્ધો !’ પણ શી રીતે શ્રદ્ધે ? એ ચીજ જ ખ્યાલમાં આવી નથી એને શ્રદ્ધવી શી રીતે ? આહા..હા...! એના જ્ઞાનની પર્યાયમાં પર્યાયવાન પ્રભુ, અનુભૂતિસ્વરૂપ ભગવાન જ્ઞાનમાં આવ્યો નથી, એની શ્રદ્ધા શી રીતે કરવી, પ્રભુ ? જ્ઞાનમાં ચીજ આવે કે, આ માખણ છે, કે આ ઘી છે, કે આ દૂધ છે, ઇ ખ્યાલમાં આવે તો તો એનો વિશ્વાસ આવે, પણ ગધેડાનાં શિંગડાં ખ્યાલમાં આવે છે ? ખ્યાલમાં આવતાં નથી તો શ્રદ્ધા શેની ? એમ ભગવાનઆત્મા, જ્ઞાનની પર્યાયમાં એ જાણવામાં ન આવે, ત્રિકાળ વસ્તુ ભગવાન સ્વરૂપ એ દૃષ્ટિમાં ન આવે અને ‘શ્રદ્ધા કરો !’ એમ કહે, એ તો સસલાના શિંગડાંની



શ્રદ્ધા જેવી શ્રદ્ધા છે. આહા..હા..!

આવી વાતું છે, પ્રભુ ! થોડી મોંઘી પડે પણ અહીં તો ૧૫ દી’ તો થયા હવે ! હવે અહીંયાં ૩ દી’ છે, આહા...! આ...હા..હા...! આવી વાત તો ન સાંભળેલી હોય એને આકરી પડે. આહા..! બહારમાં જ રોકાય છે, આખો દિ’ ધંધો–પાણી, પાપ અને આ અને આ !! ભલે ૫--૨૫ લાખ પેદા થતા હોય મહિને ! ધૂડમાં એને કોને પેદા કરવા, પ્રભુ ? આ આત્મા ત્રણલોકનો નાથ હાથ ન આવે ત્યાં સુધી તું રાંકો અને ભિખારી છો ! છતી લક્ષ્મી હાથ ન આવે અને અછતી લક્ષ્મી હાથે આવે, આ બહારની લક્ષ્મી અછતી (છે). એ આત્મામાં નથી. આત્માની પર્યાયમાં નથી, આત્માના દ્રવ્ય–ગુણમાં પણ નથી. આ તો છતી લક્ષ્મી દ્રવ્ય–ગુણમાં છે. દ્રવ્ય એટલે વસ્તુ અને એના ગુણ (એટલે) શક્તિ. એનામાં છતી ચીજ અનુભૂતિ (સ્વરૂપ) ભગવાન છે. એની પર્યાયમાં જો એને ઓળખવામાં ન આવે, તો એની શ્રદ્ધા કેવી ? સસલાનાં શિંગડાં જેવી શ્રદ્ધા છે. અમે આત્માને માનીએ (છીએ) ! એમ ભલે કહે, પણ એ તો ગધેડાનાં શિંગડાં જેવી શ્રદ્ધા છે. આહા...હા...!

કહે છે, પ્રભુ ! અરે...! પરમાત્મા તને ‘પ્રભુ’ કરીને કહે ! અરે...! તને હવે શરમ નથી આવતી નાથ ! આ..હા..હા..હા...! સંતો, ભગવાન તને ‘ભગવાન’ તરીકે કહે ! એ મોટાના કહેણ નાથ ન ફરે ! આહા...! છોકરાનું સગપણ કરવું હોય અને ૫૦--૧૦૦ માણસના માગાં આવ્યાં હોય (તો) મોટા ઘરની કન્યા હોય (એને) પસંદ કરે, ભલે સહેજ કાળી હોય કે સાધારણ હોય ! કારણ કે ૫--૨૫ લાખ લઈને આવશે, એના બાપને એક જ દીકરી છે, દીકરો નથી, કોઈ નથી, એમ જાણીને એને પસંદ કરે. આહા...હા...! (અહીંયાં) કહે છે કે જાણ્યા વિનાની શ્રદ્ધા એ ગધેડાનાં શિંગડાં જેવી છે. આહા..હા..!

મુમુક્ષુ :– ગુરુદેવ ! આપના કહેણ અમે સ્વીકારીએ છીએ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા...હા...! છે (અંદર) ? '**...નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...**' (અર્થાત્) તેને સમકિત થતું નથી. આહા..હા...! નહિ જાણેલાની શ્રદ્ધા ઇ શી રીતે કરશે ? જાણવામાં ચીજ આવતી નથી એની પ્રતીતિ, એનો વિશ્વાસ શી રીતે કરશે ? એટલે તેને શ્રદ્ધા – સમકિત પ્રગટ થતું નથી. એ ચીજ જાણવામાં આવી નથી એ કારણે તેની શ્રદ્ધા – વિશ્વાસ તેને આવતો નથી. આ...હા..હા...! ભાષા તે ભાષા ! સમજાણું ? આહા...હા...!

'**...સમસ્ત અન્યભાવોના ભેદ વડે...**' તેથી કહે છે કે, એક તો જ્ઞાન થયું નહિ – આત્મજ્ઞાન થયું નહિ અને જ્ઞાન વિના શ્રદ્ધા પણ થઈ નહિ, તો હવે કહે (છે) ચારિત્ર પણ થાય નહિ. આહા...! છે ? '**...શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે...**' (અર્થાત્) બધા વિકલ્પના જુદાંપણા વડે, '**...આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે...**' સ્વરૂપમાં નિઃશંકપણે ઠરવું એનું નામ ચારિત્ર, પણ આ શ્રદ્ધા જ જ્યાં થઈ નથી, ચીજ જ (જાણી) નથી (તો) જાણ્યા વિનાની શ્રદ્ધા ખોટી અને શ્રદ્ધા (થયા) વિના તેને અંતરમાં ઠરવામાં નિઃશંકપણું આવતું નથી. નિઃશંકપણે શ્રદ્ધામાં જ્યારે ન આવ્યો તેથી '**નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...**' આત્માનું ચારિત્ર, આત્માનું આચરણ, આત્મઆચરણ (થતું નથી). આહા...હા...! લોકો જે નૈતિક સદાચરણ કહે છે – પરસ્ત્રીનું સેવન ન કરે, શરીરથી બ્રહ્મચર્ય પાળે, રીતસર પાંચ પરણીમાં કંદમૂળ આદિ ન ખાય કે પાંચ પરણીમાં સ્ત્રી આદિનું સેવન ન કરે એ કંઈક નૈતિક જીવન હોય (છે). એ જીવન છે ઇ તો લૌકિક (નૈતિક સદાચરણ) છે, એ કોઈ વાસ્તવિક જીવન નહિ. આહા...હા...! આના આચરણ વિના (એટલે કે) પ્રભુના આચરણ વિના... આહા...હા...! આત્માનું સત્ આચરણ



અંતરમાં (હજી) શ્રદ્ધા થઈ નથી તો આચરણ ક્યાંથી આવે ? શેમાં ઠરવું ? જણાણું નહિ (અને) જણાણું નહિ એની શ્રદ્ધા શી રીતે (થાય) ? અને શ્રદ્ધા વિના ઠરવું શી રીતે ? આહા...હા...! કહો ! તારી વાત છે, પ્રભુ ! સાંભળીને વિચારમાં લેવા જેવી છે, બાપા ! આહા...હા...!

આહા...હા...! '**...નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...**' આત્માનું આચરણ એટલે કે જ્ઞાનસ્વરૂપમાં ઠરવું. જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ ! સહજાત્મસ્વરૂપ, તેમાં ઠરવું તેનું નામ આચરણ, કોઈ ક્રિયાકાંડ અને રાગનું કરવું, એ કાંઈ આચરણ નથી. આનંદનો નાથ પ્રભુ ! જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ ! એનું જ્યારે જ્ઞાન થયું નહિ, તો જ્ઞાન વિના શ્રદ્ધા નહિ, તો શ્રદ્ધા વિના આચરણ ક્યાંથી આવે ? આહા...હા...! થોડી વાત ઘણી કહેવાણી, બાપુ ! '**...અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી.**' લ્યો ! એ આત્માને સાધતો નથી, એ રાગને સાધે છે ! રાગને, પુણ્યને અને પાપને સાધે છે, ભાઈ ! '**આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.**' સાધ્ય જે આત્માની મુક્તિ (તેની ઉત્પત્તિ થતી નથી). ધ્યેય – આત્મા, સાધ્ય – મુક્તિ. એ સાધ્ય(આત્માની) સિદ્ધિની અન્યથા અનુપપત્તિ (છે). આ રીતે તેને સિદ્ધિની ઉત્પત્તિ થતી નથી, કેમકે આત્માનું જ્ઞાન નહિ, જ્ઞાન નહિ (તો) શ્રદ્ધા નહિ, શ્રદ્ધા વિના ચારિત્ર નહિ (અને) ચારિત્ર વિના સિદ્ધિ નહિ. આહા...હા...! કહો ! (આ) ગુજરાતી એટલું થયું !

હવે ૩૧મી ગાથા. ૩૧ છે ને એમાં ? લખેલું છે ને ? ૩૧મી (ગાથા) લખ્યું છે એમાં. શું કહે છે ? કે, તીર્થંકર ભગવાનની સ્તુતિ કરવી, પંચ–પરમેષ્ઠીની સ્તુતિ કરવી, એ તો વિકલ્પ અને રાગ છે. (અહીંયાં) '**હવે, (તીર્થંકર–કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે.**' આહા...હા...! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની, જેના એક સમયમાં ત્રણકાળ

ત્રણલોક પર્યાયને જાણતાં જણાઈ ગયા છે, એવા ભગવાનની સ્તુતિ નિશ્ચયથી કોને કહીએ, તે વાત કહે છે. વ્યવહારથી તો ભલે ભગવાન આવા અને તીર્થંકર આવા (એમ કહે, પણ એ) નિશ્ચયસ્તુતિ (નથી). (અહીંયાં) શબ્દ શું છે ? '**(તીર્થંકર–કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે.**' કહેશે આત્માની (સ્તુતિ) ! શબ્દ આમ છે – ભગવાનની નિશ્ચયસ્તુતિ – સાચી સ્તુતિ કોને કહેવી ? પાઠ એમ છે કે '**(તીર્થંકર–કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે.**' તીર્થંકર અને કેવળી (ની નિશ્ચયસ્તુતિ) એટલે કે આ આત્માની સ્તુતિ તે તીર્થંકર અને કેવળીની સ્તુતિ છે ! આહા...હા...! સમજાય છે કાંઈ ? શબ્દ તો આ છે. '**હવે, (તીર્થંકર–કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય–જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :–**' એટલે ? તીર્થંકર અને સર્વજ્ઞ કે પંચ–પરમેષ્ઠી, તે આ જ્ઞાનની પર્યાયના જ્ઞેય–પરજ્ઞેય છે. એ પરજ્ઞેય અને જ્ઞાનની પર્યાયનો સંકર નામ ખીચડો હતો. આહા...હા...! સંકર એટલે ખીચડો. પરજ્ઞેયને જાણતાં મને જાણું છું – એમ જે વિપરીત દૃષ્ટિ હતી એનું નામ મિથ્યાદૃષ્ટિ.

આમાં પહેલાં તો જ્ઞેય–જ્ઞાયક સંકરદોષ(નો પરિહાર કરશે). આ ઝીણી વાત આવશે, પ્રભુ ! તીર્થંકર, તીર્થંકરની વાણી, તીર્થંકરનું શરીર, તીર્થંકરનો આત્મા (અને) સ્ત્રીનું શરીર, સ્ત્રીનો આત્મા, એમ આખી દુનિયા, એને અહીંયાં 'પર'માં નાખ્યું છે, એને ઇન્દ્રિયમાં નાખ્યું છે. શું કહ્યું ઇ ? તીર્થંકર સાક્ષાત્ કેવળી સાક્ષાત્, પંચ–પરમેષ્ઠી સાક્ષાત્ એ આ આત્માની અપેક્ષાએ ઇન્દ્રિય છે. આત્મા અતીન્દ્રિય છે તો એ બધી ચીજો ઇન્દ્રિય છે, આ..હા..હા..હા...!

તમે નાખી છે ૩૧ ગાથા ! શાંતિથી (સમજવું) બાપુ ! આ તો પ્રભુની વાતું છે ! આ કોઈ આલી–દુઆલીની વાત નથી. છોકરા નાનપણમાં શીખતાંને ? 'ચકલી લાવી ચોખાનો દાણો, ચકલો લાવ્યો મગનો દાણો ને, બેની બની ખીચડી. ખીચડી પછી કુંભારને આપી અને કુંભારે



આપ્યો ઘડુલો અને ઘડુલામાં આપ્યો ખજૂર...!' એવી વાતું પહેલાં નાની ઉંમરમાં આવતી, એવી વાતું નથી આ, પ્રભુ ! આ તો ત્રણલોકના નાથના કાળજાની અંદરની વાતું છે ! આહા...! ઝીણી પડે, પ્રભુ ! અજાણ્યા માણસને એવું લાગે કે, પણ આ શું (વાત) કરે છે ? બાપુ ! તારા ઘરની વાત કરે છે, ભાઈ ! ભગવાન ! તું પૂર્ણાનંદનો નાથ છે, પ્રભુ ! આ..હા..હા...!

તારા સિવાય શરીર, જડ ઇન્દ્રિય (એટલે) આ જડ ઇન્દ્રિય અને ભાવઇન્દ્રિય (એટલે) જે એક-એક વિષયને જાણે એવી ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય – સ્ત્રી, કુટુંબ–પરિવાર, પૈસો–લક્ષ્મી, અરિહંત, અરિહંતની વાણી, એ બધાને અહીંયાં 'ઇન્દ્રિય' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? જડઇન્દ્રિય છે. અંદર ભાવેન્દ્રિય – એક–એક ઇન્દ્રિય એક વિષયને જાણે. આંખ રૂપને જાણે, કાન શબ્દને જાણે, નાક ગંધને જાણે, એવો અંદર જે ભાવેન્દ્રિય(નો) ઉઘાડ છે એ, (જડ) દ્રવ્યેન્દ્રિય બે અને (ત્રીજું) ઇન્દ્રિયનો વિષય – સ્ત્રી, કુટુંબ–પરિવાર, તીર્થંકર અને તીર્થંકરની વાણી, એ બધો ઇન્દ્રિયનો વિષય છે. આ..હા...હા..!

એને અહીંયાં તીર્થંકર–કેવળીની સ્તુતિ ન કહેતાં, ભાષા એવી છે કે, હું તીર્થંકર–કેવળીની સાચી સ્તુતિ કહીશ. સાચી સ્તુતિમાં આવશે આત્મા. આહા...હા...! છે ? '**તેમાં પહેલાં જ્ઞેય–જ્ઞાયક...**' જ્ઞાયક એટલે આત્મા અને જ્ઞેય એટલે પરચીજ. શરીરથી માંડીને ભગવાનની વાણી સુધી, બધા જ્ઞેય (છે). આ જ્ઞાયક અને જ્ઞેય, એનો સંકર(દોષ)... છે ? જ્ઞેય–જ્ઞાયકનો સંકરદોષ, સંકર એટલે બે એક છે, બેનો ખીચડો કરે છે – માને છે, એને 'સંકરદોષ' કહે છે, એને દુઃખની દશા કહે છે. આહા...! સંકરદોષ – દુઃખદશા ! સંકર એટલે સુખ, દોષ એટલે દુઃખ. સુખથી વિપરીત દુઃખદશા. આહા...હા...! ઝીણી વાત છે, પ્રભુ ! આવે... શુભભાવ આવે ! સમકિત થયા પછી પણ, મુનિ થયા પછી પણ; સાચા

સંત, દિગંબર મુનિ, એનેય તે અંદર ત્રણ કષાયનો અભાવ હોવા છતાં તીર્થંકર ભગવાનનું સ્તવન, સ્તુતિ, ભક્તિ(નો) શુભભાવ આવે, પણ એ વાસ્તવિક(સ્તુતિ) નથી, એમ કહે છે. વાસ્તવિક તો આત્માની સ્તુતિ કરવી તે આ તીર્થંકર–કેવળીની સ્તુતિ છે. આહા...હા...!

મુમુક્ષુ :– આવી સાચી વાત બીજે ન મળે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી સાંભળી. સાચી વાત (છે).

મુમુક્ષુ :– ગુરુદેવ બાળ–તીર્થંકરની તો બહુ ભક્તિ થઈ હતી ? લોકો બહુ નાચ્યાં !

સમાધાન :– એ બધો શુભભાવ (છે) ! ઝીણી વાત છે, ભગવાન ! આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! એ ભગવાન સિવાય પરમાં જેટલું લક્ષ જાય તેને ઇન્દ્રિયમાં લક્ષ જાય છે, એમ કહેવામાં આવે છે. એને અતીન્દ્રિય એવો આત્મા તેનું લક્ષ નથી. ધીમેથી સાંભળવું, પ્રભુ ! આ તો વીતરાગના પેટની વાતું છે ! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગ મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. એના સમોસરણમાં ૧૦૦ ઇન્દ્રો આવે છે, વાઘ, સિંહ, નાગ આવે છે. ભગવાનની વાણી ૐ ધ્વનિ નીકળે છે. આવી (શબ્દાત્મક) વાણી એને ન હોય. 'ઓમકાર ધુનિ સુની અર્થ ગણધર વિચારે' ૐ ........ધ્વનિ (નીકળે) હોઠ બંધ કંઠ (હલે નહિ) ! એ વાણીમાં આ આવ્યું હતું. એ વાણીમાં (જે) આવ્યું એની આગમની રચના કરી. એ આગમની રચના 'કુંદકુંદઆચાર્યે' કરી. એમાં આ આવ્યું કે, તીર્થંકર અને કેવળીની નિશ્ચય સ્તુતિ કોને કહીએ ? તીર્થંકર અને કેવળીની સાચી સ્તુતિ કોને કહીએ ? એ હવે અંદર આવશે જુઓ ! ગાથા :–

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।**



નીચે હરિગીત.

**જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

ટીકા :– **'(જે મુનિ...)'** અથવા સમકિતી **'...દ્રવ્યેન્દ્રિયો...'** આ જડ (ઇન્દ્રિયો). **'...ભાવેન્દ્રિયો...'** જે ઇન્દ્રિયથી એક–એક વિષય જણાય એવી અંદર ભાવ ઇન્દ્રિય અને **'...ઇન્દ્રિયોનાં વિષયભૂત પદાર્થો...'** એ દ્રવ્યેન્દ્રિયોના વિષયભૂત પદાર્થો – **'...એ ત્રણેયને પોતાનાથી જુદો કરીને...'** આહા..હા..! જડઇન્દ્રિય, ભાવઇન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય – એમાં ભગવાન અને ભગવાનની વાણી પણ આવી ગઈ ! ગજબ વાત છે, પ્રભુ ! આહા...હા...! નિશ્ચયથી સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન, **'(...ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે).'** તેને અમે અહીં 'જિતેન્દ્રિય' કહીએ છીએ. એકલી ઇન્દ્રિયોને આ જીતીને બેઠો અને શીલ પાળે ને વિષય ન સેવે, એને અમે અહીં જિતેન્દ્રિય કહેતાં નથી. આહા..હા...! છે ?

**'અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે.'** (અર્થાત્) આ આત્મા અને આ જડઇન્દ્રિય, ઇ બેની જુદાઈ જેને અસ્ત થઈ ગઈ છે, બેનું (ભિન્નતાનું) જ્ઞાન જેને આથમી ગયું છે. આહા...! બન્નેનું જુદાં(પણાનું) જ્ઞાન ઊગવું જોઈએ, એને ઠેકાણે એ જ્ઞાન એનું આથમી ગયું છે. આહા...હા...! આ જડઇન્દ્રિય... આ ! **'...શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો...'** આ શરીરના પરિણામને પ્રાપ્ત થયેલી આ ઇન્દ્રિય – એ જડઇન્દ્રિયો. **'અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે. (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી.)'**

**'એવી શરીરપરિણામને પ્રાપ્ત...'** હવે ઇન્દ્રિયથી વ્યાખ્યા કરે છે. ઇન્દ્રિયને જીતવી (એમ કહ્યું તો) એમાં ઇન્દ્રિય ક્યા પ્રકારે (છે) ? કે એક તો જડઇન્દ્રિય છે ? **'...શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો...'** આ દ્રવ્યેન્દ્રિય એટલે આ જડ, કાન, આ આંખ, નાક આ બધા જડના કાણાં છે. આ બધા જડના – શરીરના પરિણામ છે. આ બધી પાંચ ઇન્દ્રિયો જડનું પરિણામ છે, આત્માનું પરિણામ એમાં નથી. આ...હા..હા...! **'...તેમને તો નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી...'** આહા...હા...! એ જડઇન્દ્રિયોને નિર્મળ ભેદજ્ઞાનનો અભ્યાસ (કરી જુદી કરી). જડથી હું જુદો છું, એવો અંદર અભ્યાસ (કર્યો). જડથી જુદો છું એવો આત્માનો અભ્યાસ છે ? **'...ભેદ–અભ્યાસથી પ્રવીણતાથી...'** ભેદવિજ્ઞાનના અભ્યાસની પ્રવીણતા, એકલું ધારણામાં લક્ષમાં લીધું, એમ નહિ. આહા...હા...!

ભેદજ્ઞાનની પ્રવીણતા (એટલે) જડથી જુદો આત્માને જાણવાની જે પ્રવીણતા, એનાથી **'...પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ...'** અંતરમાં અતિ પ્રગટ **'...અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...'** આ..હા..હા..હા..! આવી વાત છે ! ગમે એટલી હળવી (કરીએ) પણ વસ્તુ હળવી કેવી (રીતે) થાય ? અબજ રૂપિયાને ગમે એટલું હળવું કરે તો બે રૂપિયામાં કાંઈ અબજ આવી જાય ? એક કરોડમાં અબજ આવી જાય ? અબજની સંખ્યા તો અબજ જ રહેશે. એમ આત્માની (સ્તુતિ) જે છે, ઇન્દ્રિયથી જીતવું જે રીતે છે, તે રીતે રહેશે. બીજું હળવું કરવા જાશે તો કાંઈ નહિ થાય. આહા...હા...!

**'...અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ...'** અંદર અતિસૂક્ષ્મ ભગવાન પ્રગટ છે. આ જડઇન્દ્રિયથી જુદો અતિસૂક્ષ્મ (છે). આહા...હા..! ઇ શું કહે છે ? એ વિકલ્પથી પણ જાણ્યો જાય એવો નથી. શુભરાગના વિકલ્પથી વૃત્તિથી પણ ભગવાન જાણ્યો જાય એવો નથી. અતિસૂક્ષ્મ (છે) ! જેમ



સાણસે સર્પને પકડે એમ સાણસે મોતીને ન પકડી શકે. એમ આત્માને સ્થૂળ વિકલ્પથી પકડી નહિ શકે. આ..હા...હા...! વિકલ્પ–શુભરાગ દયા–દાન–વ્રત આદિ, એવા વિકલ્પથી ભગવાન નહિ પકડાય. આ..હા..હા..! કેમ ? (કેમકે) અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ પ્રભુ બિરાજે છે. આ...હા...હા...! છે ? **'અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...'** આહા...હા...! એના અવલંબન વડે દ્રવ્યેન્દ્રિયનું લક્ષ છૂટી ગયું. આહા...હા...! ઊંચી વાત નથી, બાપુ ! હજી આ તો સમ્યગ્દર્શનની વાત છે. સમકિત–દર્શન ! સમ્યગ્જ્ઞાન ! શરૂઆતની પ્રથમ ભૂમિકા, એની વાત છે, પ્રભુ ! આહા...!

**'...ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...'** તેના અવલંબનના બળ વડે (એમ કહ્યું છે) ! આ..હા..હા...! **'...સર્વથા પોતાથી જુદી કરી;...'** અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવને પકડીને દ્રવ્યેન્દ્રિયને પોતાના બળ વડે જુદી કરી. આહા...હા...! જુદી કરવાની આ રીત ! દ્રવ્યેન્દ્રિયને ભેદ–અભ્યાસથી (એટલે) ચૈતન્યસ્વભાવના અવલંબન વડે, તેના બળ વડે દ્રવ્યેન્દ્રિયને જુદી કરી આહા...હા...! ઝીણું પડે (પણ) ધીમે... ધીમે... સમજવું, પ્રભુ ! આ વાત તો તારા ઘરની છે ! આહા...હા...! આ તો ક્યાંકથી આવી પડેલી વાત છે ! આહા...હા...! એવી વાત છે, પ્રભુ ! શું કહીએ...? આહા...હા...!

આ જડઇન્દ્રિયને કેમ જીતવી ? એની પહેલી વ્યાખ્યા કરી. આહા...! એ જડઇન્દ્રિય (છે) ઇ શરીરપરિણામને પ્રાપ્ત છે. આ શરીર પરિણામ છે, એ આત્માના પરિણામ નથી. આ શરીરની અવસ્થા છે – આ આંખ, નાક, આ શરીરની અવસ્થા છે. શરીરની અવસ્થાને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય, તેને... આહા...હા...! **'...નિર્મળ ભેદ–અભ્યાસ...'** વિશેષણ આપ્યું ! એકલી ધારણાનો જ અભ્યાસ કરે (કે), જુદો છે, જુદો છે, તો એમ નહિ. આ...હા..હા...! **'...નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત...'** આહા...હા...! અંતરમાં સૂક્ષ્મ... અંતરમાં અતિસૂક્ષ્મ ભગવાન ! એની

પાસે જઈ અને દ્રવ્યેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આહા...હા...! છે ? ઇ તો તમારે છાપેલું છે ને ? 'નિર્મળ ભેદ–અભ્યાસ' અને 'પ્રવીણતા' – બે શબ્દ વાપર્યાં છે. **'નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી'** ધીમેથી... જડઇન્દ્રિયો આ માટી, એનાથી ચૈતન્ય અતિ સૂક્ષ્મ જે દ્રવ્યેન્દ્રિયના અવલંબને જણાય નહિ, જે ભાવેન્દ્રિયના અવલંબને જણાય નહિ, જે ભગવંતની વાણી આદિના અવલંબને જણાય નહિ. આહા...હા...હા...! અંદર એવો અતિસૂક્ષ્મ ભગવાનઆત્મા, એના અવલંબનના બળ વડે. બહારના શુભ વિકલ્પ અને ભગવાનની સ્તુતિ અને એના બળ વડે, એમ કહ્યું નથી. આહા...હા...! ઝીણું છે, બાપુ !

અનંતકાળમાં અનંતવાર સાધુ પણ થયો છે. આ તો જૈન પરમેશ્વર ત્રિલોકનાથની વાણી છે. એવી વાણી બીજે ક્યાંય છે નહિ. સર્વજ્ઞ ત્રિલોકનાથ 'સીમંધરસ્વામી' ભગવાન સાક્ષાત્ સમોસરણમાં બિરાજમાન છે. તેની દિવ્યધ્વનિની આ રચના છે ! દિવ્યધ્વનિ – ઓમકારની આ રચના છે !

ભગવાન આમ કહે છે, પ્રભુ ! તારે જો દ્રવ્યેન્દ્રિયને જીતવી હોય તો, આહા...! આહા...હા...! નિર્મળ ભેદ–અભ્યાસ (કર) ! એકલો રાગથી જુદો... રાગથી જુદો... એમ નહિ. નિર્મળ ભેદજ્ઞાન એટલે રાગ પણ જુદો ! આહા...હા...! ઝીણું તો છે પણ બાપુ ! સત્ય તો આ છે. સત્ય અને પરમાર્થ ચીજ તો આ છે. આહા...! **'...નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત...'** શું ? **'...અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ...'** ભગવાન અંદર મહાસૂક્ષ્મ છે, અરૂપી છે, આ જડઇન્દ્રિય તો રૂપી છે. અંદર ભગવાન અરૂપી અતિસૂક્ષ્મ અંતરંગમાં પડ્યો છે. આહા...હા...! ભગવત્ સ્વરૂપ પરમેશ્વર પરમાત્મસ્વરૂપ અંદર સૂક્ષ્મ છે, આહા...! (એ જડ ઇન્દ્રિયોને) અનુભવથી, **'...સર્વથા પોતાથી જુદી કરી;...'** ચૈતન્યના અભ્યાસના બળ વડે જડઇન્દ્રિયને જુદી કરી – એ જડઇન્દ્રિયનું જીતવું



કહેવામાં આવે છે. આંખો બંધ કરી દઈને આમ રૂપને ન જોવું, કાનમાં ખીલા નાખીને સાંભળવું નહિ, એ કંઈ ઇન્દ્રિયનું જીતવું નથી. સમજાય છે કાંઈ ? અહીંયાં તો જડઇન્દ્રિયને જીતવું એ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવના અવલંબનના બળ(થી) (અને) નિર્મળ અભ્યાસની પ્રવીણતાથી, એના (ચૈતન્યસ્વભાવના) બળ વડે સ્વભાવમાં રહેતા, એને જીતી લીધી. એટલે કે એનાથી જુદો પડ્યો, એનું નામ દ્રવ્યેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આહા...હા...!

**'...સર્વથા પોતાથી જુદી કરી...'** કોઈ એમ કહે, કથંચિત્ જડથી જુદી અને કથંચિત્ એક છે, એમ નથી. 'સર્વથા' શબ્દ પડ્યો છે ને ? સર્વથા જુદી – આ જડ ઇન્દ્રિય અને પ્રભુ અંદર અતિસૂક્ષ્મ ચૈતન્ય સર્વથા જુદાં છે. આ જડઇન્દ્રિય આત્માના સ્વભાવને અનુભવવામાં કંઈ પણ મદદગાર નથી, કંઈ પણ સહાયક નથી. કાને સાંભળ્યું માટે અંદર સમજવામાં આવશે, એમ બિલકુલ નથી. આહા...હા...! આકરી વાત છે ! એ પોતાથી જુદી કરી. **'...એ દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું.'** છે ? એ દ્રવ્યેન્દ્રિયનું જીતવું (થયું). હવે ભાવેન્દ્રિયનું જીતવું શું છે ઇ વિશેષ આવશે...

❁ ❁ ❁

હવે, (તીર્થંકર–કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય–જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :–

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।

જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

ગાથાર્થ :– (यः) જે (इन्द्रियाणि) ઇંદ્રિયોને (जित्वा) જીતીને (ज्ञानस्वभावाधिकं) જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક (आत्मानम्) આત્માને (जानाति) જાણે છે (तं) તેને, (ये निश्चिताः साधवः) જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે (ते) તેઓ, (खलु) ખરેખર (जितेन्द्रियं) જિતેંદ્રિય (भणन्ति) કહે છે.

ટીકા :– (જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો – એ ત્રણેયને પોતાનાથી જાુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.) અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી; એ, દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું. ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇંદ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ, ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. આમ જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો – એ ત્રણેને જીતીને, જ્ઞેય–જ્ઞાયક–સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જાુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે. (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જાુદો જ છે.) કેવો છે તે જ્ઞાનસ્વભાવ ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં તે–રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર, સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્ – એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.

(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો અને જ્ઞાયક પોતે આત્મા – એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી, એક જેવું થતું હતું; ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક–સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)

## પ્રવચન-૧૪, ગાથા – ૩૧

આ 'સમયસાર' ૩૧મી ગાથા ચાલે છે. ઝીણી વાત પડે (પણ) અપૂર્વ વાત છે ! બહારમાં જે આ જડ દ્રવ્યેન્દ્રિય દેખાય છે, એને અખંડ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ કરી અને જીતવી એટલે દૂર કરવી. આહા...! આ તો હજી સમ્યગ્દર્શન – ધર્મની પહેલી સીઢી(ની વાત છે). આ શરીર પરિણામને પ્રાપ્ત જે (દ્રવ્યેન્દ્રિયો) તેમને નિર્મળ ચૈતન્ય–અભ્યાસની પ્રવીણતા (વડે જીતી). આ પ્રશ્ન હતોને તમારો ? ઝીણી વાત છે પ્રભુ ! આ જડ ઇન્દ્રિય – આ માટી છે એને નિર્મળ ચૈતન્ય(ના) ભેદ–અભ્યાસની પ્રવીણતાથી (જુદો કરવો). (એટલે કે) અંદર ભેદ કરવો. આહા...હા...! જડથી જુદો અંદર ચૈતન્ય(સ્વભાવ) છે, એવો અંતરંગમાં અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ... આહા...હા...! જે ત્રિકાળી ધ્રુવ અંતરંગમાં '**...ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા...**' જડ ઇન્દ્રિયને સર્વથા '**...પોતાથી**



**જુદી કરી,...**' આહા...! આ તો શબ્દો છે, આ તો વાચક છે. વાચ્ય તો અંદરના ભાવમાં છે. આહા...હા...!

અંતરંગમાં અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ સત્તા (ધરાવે) છે, તેના અવલંબન(ના) બળ વડે આ જડ ઇન્દ્રિયોને જુદી કરવી. આહા...હા...! આ જડ ઇન્દ્રિયોથી કંઈ પણ કામ થાય એ આત્માથી (થતું નથી). એ જડ પરમાણુની બધી પર્યાય છે. આ હાલવું–ચાલવું, આ બોલવું, આ હાથ હલવા, એ બધી જડ ઇન્દ્રિયોની ક્રિયા છે. આહા...હા...! અંદરથી એને અતિસૂક્ષ્મ જે ચૈતન્યસ્વભાવ (છે), તેના અવલંબનના બળ વડે (અર્થાત્) ચૈતન્યસ્વભાવના આશ્રયના બળ વડે જડઇન્દ્રિયોને જુદી કરવી, એ સમ્યગ્દર્શનનો એક ભાગ છે. અહીં બોલ ત્રણ છે (પણ) ત્રણ(નો) કાંઈ ક્રમ નથી, એકસાથે છે પણ સમજાવવામાં ક્રમ પડ્યો છે. જડઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષય (એમ) સમજાવવામાં ત્રણ પ્રકાર પડ્યા છે. વસ્તુમાં ત્રણ ક્રમ નથી. વાત સમજાય છે ? ઝીણી વાત છે, ભાઈ ! શું કરવું આમાં ? આ બહારની ધમાલ છે એ બધી ક્રિયા તો પરની છે (એમ) કહે છે, આહા...હા...!

અંદર અતિસૂક્ષ્મ પ્રભુ (છે) એને અંતરમાં સૂક્ષ્મપણે પકડી અને એના બળ વડે જડને જુદાં કરે ત્યારે તેને આત્માની સ્તુતિ, એક પ્રકારની આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. એ તીર્થંકર અને કેવળીની સ્તુતિ કહેવામાં આવે છે. આહા...હા...! તીર્થંકર–કેવળી તો પર છે પણ એની નિશ્ચયસ્તુતિ એને કહીએ કે, આ ભગવાન પોતે તીર્થંકર અને કેવળીસ્વરૂપ જ છે ! આહા...હા...! એને પર જડ ઇન્દ્રિયથી, ધીરજથી, ભેદજ્ઞાનના પ્રવીણ અભ્યાસથી, આવ્યું ને ? '**...નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી...**' (જુદો કરવો). ઝીણી વાત છે, ભાઈ ! ભાષા તો ભાષા છે. એનાં વાચ્ય (સ્વરૂપ) જે ભાવ (છે એ) બહુ ઝીણો છે. અનંતકાળથી કર્યું નથી. ચોરાશીના અવતાર(માં) એક પછી એક (ભવમાં) ઘાણીમાં જેમ પીલે

એમ પિલાઈ ગયો છે, પણ આ આત્મા શું ચીજ છે ? જડથી જુદો કઈ રીતે છે ? એ એને લક્ષમાં (આવ્યું નથી). સ્વભાવ(ના) અવલંબન(ના) બળ(નો) કોઈ દી' આધાર લીધો જ નથી. જડનું બળ જ એને ભાસે છે. જાણે આ જડ–ઇન્દ્રિયથી જણાય છે અને આનાથી જણાય છે અને આનાથી જણાય છે. આહા..હા...!

મુમુક્ષુ :– ગુરુદેવ, બતાવનાર નહોતા મળ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી, ભગવાન ! આ વાત જ બાપા જુદી છે. આહા...હા...!

દ્રવ્યેન્દ્રિય (એટલે) આ જડ – આ શરીરપરિણામને પ્રાપ્ત, આ કાન, આંખ, જીભ, નાક અને સ્પર્શ. સ્પર્શ(માં) તો આખું શરીર (આવી જાય). એ બધા શરીરપરિણામને પ્રાપ્ત છે, એ શરીરની પર્યાય છે. એ પાંચ જડઇન્દ્રિય શરીરની દશા છે, આત્માની નહિ. આહા...હા...! એને જો જીતવી હોય અને વાસ્તવિક કેવળી અને તીર્થંકરની સ્તુતિ કરવી હોય તો એણે અંદર નિર્મળ ભેદજ્ઞાનની પ્રવીણ(તાથી) સૂક્ષ્મ – અતિસૂક્ષ્મ ભગવાન (બિરાજે છે) એના અવલંબન(ના) બળ વડે જડઇન્દ્રિયને જુદી કરવી. આ વિધિ છે, ભગવાન ! આહા...હા...!

આકરું પડે ! (પણ) આ કર્યા વિના એના જન્મ–મરણ મટે એવા નથી. લાખ ક્રિયાકાંડ કરે, બહારની ધમાલ ગમે એટલી કરે. પણ અંદરમાં અંતર ચૈતન્ય સૂક્ષ્મ સ્વભાવ (છે) એને પકડ્યા વિના, જડઇન્દ્રિયથી જુદો છે તેમ (જુદો) થયા વિના એના જન્મ–મરણ કોઈ દી' મટે એવાં નથી, આહા...હા...! આ સર્વજ્ઞદેવ જિનેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવ્યા, એ ભગવાનની આ વાણી છે. આ...હા..હા...! આ સિવાય બીજી કોઈ રીતે કરવા જશે (તો) ચોરાશીના અવતારમાં રખડી મરશે. આ...હા...હા...! દ્રવ્યેન્દ્રિય છે એને આ રીતે જીતવી. એ એક પ્રકાર થયો. એક પ્રકાર તો કાલે થયો હતો.



(હવે) બીજો (પ્રકાર).

**'જુદાં જુદાં પોતપોતાના વિષયોમાં...'** શું કહે છે ? ભાવેન્દ્રિય જે છે ભાવેન્દ્રિય ! એ એક–એક જ્ઞાન એક–એક વિષયને જણાવે છે. (અર્થાત્) નાકની અંદર જ્ઞાન(નો) ઉઘાડ (છે) તે એક ગંધને જણાવે. કાનનો જે અંદર ઉઘાડ (છે); આ (જડ) કાન આદિ નહિ (પણ જ્ઞાનનો) ઉઘાડ, એ ઉઘાડ પણ એક શબ્દને જણાવે. આંખનો અંદર જે ઉઘાડ (છે) એ રૂપને જાણાવે. આહા...હા...! સ્પર્શેન્દ્રિયનો જે ઉઘાડ (એટલે) અંદર વિકાસ (છે) તે સ્પર્શને જણાવે. સ્પર્શના આઠ પ્રકાર (છે). (અહીંયાં) કહે છે કે, **'જુદાં જુદાં પોતપોતાના વિષયોમાં...'** આહા...હા...! **'...વ્યાપારપણાથી...'** (અર્થાત્) ભાવેન્દ્રિય જે જ્ઞાનનો ક્ષયોપશમ – જ્ઞાનની અવસ્થા – વર્તમાન ખંડખંડ જ્ઞાન (છે) આહા...હા...! તે એક–એક વિષયો (ને ગ્રહણ કરે છે). **'જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે.'** આ...હા...હા...! જે જ્ઞાનનો ઉઘાડ (એટલે) વર્તમાન પર્યાયમાં વિકાસ છે, તે જ્ઞાનનો ઉઘાડ એક–એક વિષયને ખંડખંડ જ્ઞાન તરીકે જણાવે છે. આહા...હા...! આ બહારમાં ઉપાધિનો પાર ન મળે (અને આ સમજવું !) આ વિષય સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ, એનું આ લખાણ છે !!

ભાવેન્દ્રિય એટલે કે પોતપોતાના વિષયોમાં વ્યાપાર, કાન છે – આ કાન (એટલે) આ જડની વાત નથી (પણ) અંદર જે (જ્ઞાનનો) ઉઘાડ છે એ શબ્દને જ જાણે, આંખમાં જે ઉઘાડ છે એ રૂપને જાણે, આ નાકમાં અંદર ઉઘાડ છે એ ગંધને જાણે. સ્પર્શમાં જે ઉઘાડ છે એ સ્પર્શને જાણે. જિહ્વાઇન્દ્રિયમાં રસનો ઉઘાડ છે એ રસને જાણે. એક–એક ઇન્દ્રિય–ભાવેન્દ્રિય (એટલે કે) જ્ઞાનનો ક્ષયોપશમ – ખંડખંડ જ્ઞાન એક–એક વિષયને જાણે, આહા...હા...!

આવું સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથનું કથન છે ! આહા....! પહેલું તો સાંભળવા મળવું મુશ્કેલ છે ! આ..હા...! ભાગ્ય વિના આ વાત કાને પડે નહિ ! પછી અંદર પ્રયોગ કરવો એ તો અલૌકિક વાતું છે !! આ..હા..હા...! એ વિના એના જન્મ–મરણના છેડા આવવાના નથી. એ કીડા ને કાગડા ને કૂતરા (ને) નરકના ભવો કરી–કરી અનંતકાળ ગાળ્યો ભાઈ... પ્રભુ ! અત્યાર સુધી ભવ વિના રહ્યો નથી. ભવ વિના રહ્યો હોય તો ફરીને ભવ થાય નહિ. શેકેલો ચણો ઊગે નહિ અને સ્વાદ આપે. એમ આત્મા પરથી જુદો પડીને પોતાનું જ્ઞાન કરે, તો આનંદ આપે અને પરથી જુદો અનુભવમાં આવે. આહા...હા...! ઝીણું પડે, વિધિ જ ઝીણી (છે). વિધિ ! આ એની વિધિ છે. આહા...!

**'જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી...'** (એટલે) પોતપોતાનો વિષય એક–એક ઇન્દ્રિય જાણે, **'...જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે.'** શું કીધું ? ભગવાન જ્ઞાનસ્વરૂપ તો અંદર અખંડ છે, પણ ભાવેન્દ્રિય જ્ઞાનને ખંડખંડ જણાવે (છે). ભાવેન્દ્રિયનો વિષય એમ બનાવ્યો કે એ જ્ઞાનને ખંડખંડ જણાવે. (એક–એક) વિષયને જણાવે એમ બતાવતા (એ) ખંડખંડ જ્ઞાનને જણાવે એમ બતાવ્યું. આ...હા..હા..હા...! ધીરેથી... આ તો બાપુ અપૂર્વ વાત છે ! અનંતકાળમાં ધ્યાન આપ્યું નથી. જ્યારે બહારની કાંઈક અગવડતા – સગવડતા મળી (ત્યારે) ગૂંચાઈ ગયો એમાં ! આહા...હા...! ધર્મને નામે પણ, ભગવાન સર્વજ્ઞની વાણી સિવાય બીજી અનેક પ્રકારની વાણી હોય વીતરાગ સિવાય, એ વાણી સાંભળીને ગૂંચાઈને ત્યાં પડ્યો રહ્યો. આહા...હા...! એના ભવના આરા પ્રભુ આવ્યાં નહિ. આહા...હા...!

અહીં કહે છે, **'જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે.'** વિષયોને ખંડખંડ (ગ્રહણ કરે છે) એની વ્યાખ્યા – **'(જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે).'** આહા...હા...!



વિષયને જાણે છે એમ કહેવું વ્યવહાર થઈ ગયો. એથી કહે છે ભાવેન્દ્રિય ખંડખંડ જ્ઞાન જણાવે છે. સમજાય છે ? ધીમેથી સમજાય છે, આ તો વાત એવી છે, ભગવાન ! આ તો ઉતાવળે મોટા ભાષણો આપે અને મોટા હો...હા...હા... (કરે) એ વાતો નથી, બાપુ ! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ મહાવિદેહમાં બિરાજે છે. એના વિરહ પડ્યા ! વાણી રહી ગઈ. એ વાણીના રહસ્યો સમજવાના પણ વિરહ પડી ગયા ! આ..હા...હા...! ભગવાનના તો વિરહ પડ્યા પણ એમની કહેલી વાણીના સમજવાના વિરહ પડ્યા ! આહા...હા...! બહારમાં અનેક પ્રકારમાં રોકાઈને ભવને નિષ્ફળ કરી નાખ્યો ! (મનુષ્ય) જન્મને નહિ જન્મ્યા જેવું કરી નાખ્યું ! (અને) ફરીને ચોરાશીના અવતાર (ચાલુ રહી ગયા), આહા...હા...! અહીં પૈસા–કરોડપતિ – અબજપતિની અહીં કાંઈ કિંમત નથી, આહા...હા...! એ બધા ધૂડના ધણી રખડી મરવાના ! અહીં તો એ વાત છે. અહીં તો આવે રાજા–મહારાજા પણ વ્યાખ્યાનમાં આવે મોટામોટા, તો એ વાત કહીએ, બાપા ! તમે શું કરો છો આ ? અંદર ભગવાન ચૈતન્યસ્વરૂપ છે ને ! એનું ઊઘડેલું ભાવ જ્ઞાન – ભાવેન્દ્રિય ખંડખંડ વિષયને જણાવે. વિષયને જણાવે એટલે ? કે અખંડ જ્ઞાન છે તેને ખંડખંડ રીતે જણાવે, એને અહીંયાં ભાવેન્દ્રિય કહેવામાં આવી છે. આહા...હા...!

**'(જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને...'** કઈ રીતે જીતવી ? એવી ભાવેન્દ્રિયોને કઈ રીતે જીતવી ? (તો કહે છે કે) **'...પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...'** આહા...હા....! (પહેલાંમાં) ફેર હતાં. જડ(દ્રવ્યેન્દ્રિયોને) જીતવામાં અતિસૂક્ષ્મ ચૈતન્ય(સ્વભાવનું) અવલંબન હતું. અહીં ભાવેન્દ્રિયને જીતવામાં (કે જે વિષયોને) ખંડખંડ ગ્રહણ કરે છે (તેને) **'...પ્રતીતિમાં આવતા અખંડ એક...'** આ..હા..હા..હા...! **'...ચૈતન્યશક્તિપણા વડે...'** અંદર અખંડ ચૈતન્યશક્તિ પડી છે એની પ્રતીતિ વડે, અખંડ ચૈતન્યશક્તિની પ્રતીતિ

વડે, આ..હા..હા...! પણ અખંડ ચૈતન્યશક્તિ લક્ષમાં ક્યારે આવે, પ્રભુ ? ! એ (તો કહે છે કે) એ ખંડખંડ જ્ઞાન તરફનું લક્ષ છૂટી જાય, ભાવેન્દ્રિય તરફના વિષયોને જાણવાનું છૂટી જાય (ત્યારે ચૈતન્યશક્તિ લક્ષમાં આવે), ત્યારે અખંડ ચૈતન્યસ્વરૂપની પ્રતીતિ (આવે). **'અખંડ એક ચૈતન્યશક્તિ !'** ભાષા જુઓ ! **'...પ્રતીતિમાં આવતા...'** 'પ્રતીતિ' શબ્દ વાપર્યો છે ખરો ને ! (તો કોની પ્રતીતિ ?) અખંડ એક ચૈતન્યશક્તિ ! 'એક' ચૈતન્યશક્તિ ! એના ભેદ પણ નહિ. મતિ-શ્રુત આદિ પર્યાયના ભેદ પણ નહિ, કારણ એ પણ ખંડખંડ છે. આહા...હા...!

૩૨૦ ગાથામાં કહ્યું છે (કે), ધર્મી સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય આત્માનું અવલંબન અને ધ્યાન કરે છે, એ ખંડખંડ જ્ઞાનનું ધ્યાન કરતા નથી. આ..હા..હા...હા...! સાંભળવું કઠણ પડે ! અખંડ નિરાવરણ આત્મા અંદર પડ્યો છે, ધર્મી તેનો આશ્રય કરે છે. પણ પર્યાયમાં – અવસ્થામાં જે ખંડખંડ જ્ઞાન છે તેનો આશ્રય કરે નહિ. ત્યાં એમ કહ્યું છે.

અહીં એમ કહ્યું, ખંડખંડ જ્ઞાન છે તેને જીતવું હોય તો,... આહા...હા...! **'...પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...'** છે ? 'એક ચૈતન્યશક્તિપણા વડે !' (અર્થાત્) એકરૂપ ચૈતન્યસ્વરૂપ અખંડ અભેદ, ભેદ પણ જેમાં નહિ એવા **'...અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી;...'** આ..હા...હા...! ભાવેન્દ્રિય જે ખંડખંડ જ્ઞાન અથવા એક-એક વિષયને જાણનારું જ્ઞાન (છે) તેનું લક્ષ છોડી દઈને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે એનો અનુભવ કરતાં ભાવેન્દ્રિય જીતી, ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય, ત્યારે એને ધર્મની પહેલી સીઢી કહેવાય. આહા..હા...હા...! આવી વાતું ! આ તો ખીચડો (કરે) ! આયે સાચું અને આયે સાચું અને આયે સાચું ! એવા ખીચડા કરી કરીને મરી ગયો છે અનંતકાળથી ! સર્વજ્ઞ પરમેશ્વરે



જે સત્ જોયું અને જે સત્ કહ્યું તેનું અવલંબન અને આશ્રય કદી લીધો નથી. પોતાના સ્વચ્છંદે સર્વજ્ઞના જ્ઞાનને પણ કલ્પનાથી માન્યું છે. આહા...હા...! ઝીણી વાત છે, ભાઈ !

**'...અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા...'** (એટલે) કથંચિત્ ભાવજ્ઞાન ખંડખંડ(જ્ઞાન) પણ લક્ષમાં છે અને કથંચિત્ અખંડ ચૈતન્ય (પણ) લક્ષમાં છે. એમ નહિ. 'સર્વથા' ખંડખંડ જ્ઞાનને (જુદું કર્યું) આ..હા..હા...! આ ૩૧ ગાથા લખી છે ને ! આ તમારું લખેલું છે ! ભગવાનની વાણી છે પણ 'આ વાંચવું' એ તમારું લખેલું છે.

મુમુક્ષુ :- આ જ સમજવા જેવું છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત સાચી ! આહા..હા...! દોડધામ અને ધમાધમ...! એમાં વળી પાંચ-પચાસ કરોડ અને બે અબજ-પાંચ-પાંચ અબજ રૂપિયા હોય (તો), જુઓ ત્યારે એના ગાંડપણા ! આ..હા..હા...! આ મારું... આ મારું... આ મારું... આ મારું... મેં આ કર્યું ! આહા...હા...! પ્રભુ ! તું કોણ છો ? તું પરનું ક્યાં કરવા ગયો ? પર વસ્તુની પર્યાય – તેની અવસ્થા તેને કાળે થાય, એને ઠેકાણે તું એનો કર્તા થઈને કરવા જા, પ્રભુ ! (એમાં) તારા આત્માની હિંસા થાય છે ! આહા...! એ અહિંસા નથી રહેતી. આહા..હા..હા...! પરનું કરવા જવામાં રાગની ઉત્પત્તિ થતાં, કર્તાપણાનું અભિમાન થતાં, ભગવાનઆત્મા ચૈતન્યસ્વભાવની હિંસા થાય છે. એટલે કે 'એ નહિ' અને 'આ છું', એમ માનીને આત્માનો અનાદર કરે છે અને ખંડખંડ જ્ઞાન અને બહારના કર્તાપણાના અભિમાનમાં ગૂંચાઈ જાય છે. આહા...હા..હા...! ઝીણું છે !

આ, 'પ્રતીતિમાં આવતા' (વાક્યમાં) શબ્દ કેવો લીધો, જોયો ? **'અખંડ એક ચૈતન્યશક્તિ'** એના વડે **'...સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું.'** એનું નામ ભાવેન્દ્રિયને જીતી અને આત્મા તરફ ઢળી ગયો. આહા..હા...હા...! ત્રીજો બોલ.

**'ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે...'** ગ્રાહ્ય (એટલે) જણાવાલાયક અને ગ્રાહક (એટલે) જાણનાર. ગ્રાહ્ય – જણાવાલાયક, ગ્રાહક – જાણનાર. જણાવાલાયક અને જાણનાર (એ) બેના **'ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...'** આ..હા..હા...! શરીર, વાણી, મન, કર્મ, રાગ–દ્વેષ, દેવ–ગુરુ–શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ–પરિવાર, આબરૂ એ બધા પર જ્ઞેયો છે. આહા..હા...! તે જ્ઞાનમાં જણાય છે એવી નિકટતા છે તેથી 'તે મારા છે અને એને જ હું જાણું છું' – એમ જ્ઞાન ત્યાં રોકાયેલું (છે). (એવા) **'ગ્રાહ્યગ્રાહકપણાના સંબંધની નિકટતાને લીધે...'** આહા...હા...! (અર્થાત્) જ્ઞાન છે તે જાણનાર છે – (નામ) ગ્રાહક છે અને બીજી ચીજ તે ગ્રાહ્ય નામ જણાવાલાયક છે. એ બેની અતિ નિકટતાને લઈને (એટલે) જ્ઞાનમાં શરીર જણાય, વાણી જણાય, રાગ જણાય, દેવ જણાય, ગુરુ જણાય, શાસ્ત્ર જણાય, પૈસો જણાય, સ્ત્રી–કુટુંબ (જણાય). આમ નિકટ છે એટલે જ્ઞાનમાં આમ જણાય (છે). આહા...હા...!

(તેથી કહે છે કે) **'ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...'** એક જેવા થઈ ગયેલા દેખાય છે, એક થતાં નથી. રાગ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી, દેવ–ગુરુ અને શાસ્ત્ર તે બધા જ્ઞાનમાં જણાવાની નિકટતાને લઈને, જાણે કે 'એને જ હું જાણું છું અને એ જ મને જણાય છે' એમ ત્યાં રોકાવાથી, આ..હા...હા...! ગજબ વાત છે ! છે ? **'ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે...'** (અર્થાત્) જાણનાર એ જણાવાયોગ્યની નજીકતાને લઈને. જાણનારો આત્મા અને જણાવાયોગ્ય રાગ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ–પરિવાર, પૈસો અને દેવ–ગુરુ–શાસ્ત્ર, (તે) બધા જણાવાયોગ્ય અને જાણનારની નજીકતાને



લઈને, આ..હા...હા...!

**'...એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...'** આહા...હા...! (જાણનાર અને જણાનાર) જાણે પરસ્પર એક જેવા થઈ ગયા હોય **'...એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...'** આહા..હા...! અહીં તો સ્ત્રી, કુટુંબ–પરિવાર અને દેવ–ગુરુ અને શાસ્ત્ર બધાને ભાવેન્દ્રિયમાં ગ્રહવાલાયક કરીને જ્ઞેય બનાવ્યા છે, આહા...હા...! બહુ ઝીણું ! અપૂર્વ વાતું છે, ભાઈ ! આહા...! એ **'...ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો...'** સ્પર્શ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને ઇન્દ્રિયનો વિષય સ્ત્રી, કુટુંબ–પરિવાર, દેવ–ગુરુ–શાસ્ત્ર, 'સ્પર્શ આદિ' (કહેલું) એમાં બધું આવી જાય.

એ **'...સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...'** આહા...હા...! કહે છે કે એ જ્ઞેય (જણાતું) નથી પણ આત્મા જ જણાય છે, પણ એ માને છે કે મારા જ્ઞાનમાં જ્ઞેય જણાય છે. એ રીતે એની પરાધીન દૃષ્ટિને લઈને... આહા...હા...! **'...પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...'** આ..હા..હા...! એ તો જ્ઞાન પોતાને લઈને પોતાથી સ્વયમેવ અનુભવમાં આવે છે. પરપદાર્થ એના જ્ઞાનમાં જણાય એ તો પોતાની જ્ઞાનની શક્તિ – સામર્થ્યને લઈને છે. પરને લઈને જાણવામાં આવે છે, એમ નહિ. આહા...હા...હા...! આવું ઝીણું....!

**'...સ્વયમેવ અનુભવમાં આવતું...'** ચૈતન્યપ્રભુ ! પોતાની મેળાએ અંદર અનુભવમાં આવતો (એવો) પરપદાર્થ – જ્ઞેયની સાથે એકત્વબુદ્ધિથી જાણે એક થઈ ગયો હોય, જ્ઞેય અને જ્ઞાન જાણે એક હોય એમ જાણવામાં આવતા, (હવે) એને (ભિન્ન) જણાવાને માટે એ જુદો છે, એમ કરવું હોય (તો તેણે શું કરવું ?) આહા...હા...! (તો કહે છે કે) **'સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદો કર્યા;...'**

**'અસંગપણું'** (એમ) અહીં ભાષા વાપરી છે ! આ..હા..હા..હા...! શરીર, વાણી, મન તો ઠીક, સ્ત્રી, કુટુંબ–પરિવાર, મકાન, પૈસા – ધૂડ તો ઠીક, પણ દેવ–ગુરુ અને શાસ્ત્રની પણ અસંગ ચીજ ભિન્ન છે. આહા...હા...! એના સંગમાં (જતાં) પણ, સ્વદ્રવ્યમાંથી (ખસીને) પરદ્રવ્યના સંગમાં (જતાં) પણ રાગની ઉત્પત્તિ થતાં બંધનું કારણ થાય છે, આ..હા..હા...!

બહુ ઝીણું ! (પરંતુ) અપૂર્વ વાત છે, બાપુ ! એમાં વળી આ દેશમાં ! અનાર્ય દેશ અને એમાં આ ધમાલ ! એમાં કાંઈક ૫-૨૫ લાખ, કરોડ– ૨ કરોડ, ૫--કરોડ અને બહારની સગવડતા મળે – (તો એમાં ગૂંચાઈ જાય !) આહા...હા...!

એને કહે છે, એ જાણવાયોગ્ય પદાર્થ (છે) (અને) દેવ–ગુરુ–શાસ્ત્ર પણ જાણવાયોગ્ય પદાર્થ (છે) એ જ્ઞેય સાથે (તેણે) એકત્વબુદ્ધિ કરી કે, જાણે એ જ મને જણાય છે ! એમ માનનારો સ્વને (અને) પરને એકત્વબુદ્ધિ કરી (પરિણમન કરે છે). એને જીતવું હોય તો (કહે છે કે) આહા..હા...! **'...સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું...'** (તેના વડે ભિન્ન કરે). આહા...! જેને પરજ્ઞેયના અવલંબનની જરૂર નથી. આ..હા..હા...! જેને દેવ–ગુરુ અને શાસ્ત્ર એવા જે નિમિત્તો, એનું પણ અહીંયાં અવલંબન નથી, આહા...હા...! થોડી ઝીણી વાત છે, આવી વાત છે !

મુમુક્ષુ :– ગુરુદેવ, આ ઝીણી વાત ક્યાં છે ? અમને તો આપ મોક્ષના દરવાજા બતાવો છો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી છે ! આ તો ઊંધામાંથી નીકળવાની વાત છે. પણ આવો માર્ગ, બાપા ! સાંભળવો પણ મુશ્કેલ પડે ! આહા..હા...!

પ્રભુ તો એમ પોકારે છે, સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એમ કહે છે કે, ઇન્દ્રિયોના વિષય(ભૂત) જે પદાર્થો (છે) તેના તરફથી લક્ષ છોડીને અસંગ



એવું ચૈતન્ય (કે) જે ચૈતન્યને કોઈનો સંગ જ નથી; રાગનો સંગ નથી તો પરનો સંગ તો ક્યાં છે ? આહા...હા...! એવા અસંગ ચૈતન્યને દૃષ્ટિમાં લઈ અને જ્ઞેય અને જ્ઞાયક(ની) જે એક(પણાની) માન્યતા (હતી), એક(પણાની) માન્યતાનો સંકરદોષ હતો, જણાવાયોગ્ય અને જાણનારની એકપણાની માન્યતાનો દોષ હતો, એ અસંગ ચૈતન્યનો અનુભવ થતાં તે દોષનો નાશ થાય છે. આહા..હા...! આવી વાત છે ! છે (અંદર) ? **'...સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા;...'** શરીર, વાણી, મન તો જુદાં કર્યાં, રાગ તો જુદાં કર્યાં, પણ ભાવેન્દ્રિયના વિષયથી જણાય એવા પદાર્થો – દેવ–ગુરુ અને વાણીને પણ અસંગ ચૈતન્યના અનુભવથી જુદાં કર્યાં !! આ..હા..હા...!

આવી વાત છે ! છતાં શુભભાવ હોય ત્યારે ભક્તિ, પૂજા(નો ભાવ આવે) પણ એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ, ધર્મનું કારણ નહિ. આહા..હા...! વચ્ચે આડખીલી આવે તેનો તે જાણનારો રહે અને એ જાણનારો તે હું છું. મારા જાણવામાં જ્ઞેયને લઈને જાણું છું, એવું નથી. એ વીતરાગની વાણી અને વીતરાગને લઈને હું જાણું છું, એમ પણ નથી. આ..હા..હા...! આવી વાત છે ! આ ગાથા છે ને એમાં લખેલી છે.

મુમુક્ષુ :- આપ સમજાવી રહ્યાં છો, અમે સમજી રહ્યાં છીએ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પણ કહે છે કે, વ્યવહાર છે ! એ જ આ વાત કરે છે. સમજનાર સમજાવનારને સમજે છે એ પણ જ્ઞેય સાથે એકત્વબુદ્ધિ છે ! આહા..હા...! આકરું છે, પ્રભુ ! આવા દેશમાં આવી વાત....! આહા...! મોટરુંની ધમાધમ ચાલે છે ! કેટલી મોટરું કહે છે ? આ ગામમાં લાખ મોટર છે ! આહા...હા...! આટલાક માણસ અને લાખ મોટર ! આમાં હવે... આત્મા અંદર ક્યાંય રહ્યો ! આહા...હા...!

અહીં તો પ્રભુ એમ કહે છે, એ (ઇન્દ્રિયોના) વિષયભૂત પદાર્થોને;

આત્માનું અસંગપણું (કે, જેને) પર સાથે કોઈ સંગ નથી, એવા અસંગપણાને પકડી અને સંગપણાને એટલે પરપદાર્થ – જ્ઞેય મારા છે એમ માનતો (હતો) અથવા જ્ઞેયથી મને જ્ઞાન થાય એમ માનતો (હતો) એને જુદું કર્યું. એ જ્ઞેય છે માટે મને જ્ઞાન થાય છે, એને પણ જુદું કર્યું ! આહા...હા...! આવી વાત છે ! જ્ઞેયથી મને જ્ઞાન થતું નથી, મારા જ્ઞાનથી મારું જ્ઞાન થાય છે. આહા...હા..હા...!

આવું સાંભળવું મુશ્કેલ પડે ! એ રૂપિયામાં – ધૂડમાં કાંઈ નથી, હોં ! અબજપતિ હોય, ૧૦ અબજ હોય, કરોડ અબજ હોય... અમેરિકામાં તો ઘણાં અબજોપતિ છે અને પછી દુઃખી થયાં હોય બિચારા ! હવે ગોતે છે – કાંઈક શાંતિ જોઈએ, આમાં કાંઈ શાંતિ મળતી નથી ! ૫૦--૫૦ માળ ! મેડીઓ ૫૦--૫૦ની ! અને અબજોપતિ ! કેટલાય અબજોપતિ...!! પણ હવે એમ કહે છે કે, અરે...રે...! આમાં ક્યાંય (શાંતિ મળતી) નથી ? પછી 'હરે કૃષ્ણ...! હરે કૃષ્ણ...!' (કરે છે) ! કેટલાક તો એમ ઊમટી પડ્યાં છે ! પણ 'હરે કૃષ્ણ' અહીં છે ! આહા...! 'કરમ કૃશે સો કૃષ્ણ કહીએ,' અને 'રાગ–દ્વેષ, અજ્ઞાનને હરે તે હરિ કહીએ.' આહા...હા...! એવો હરિ અને કૃષ્ણ તો આ આત્મા છે ! આહા...!

'શ્રીમદ્દે' એમ કહ્યું છે - 'જગતનો એક અધિષ્ઠાત્મા હોવો જોઈએ, એ અધિષ્ઠાન મારા હૃદયમાં છે, એ હરિને હું જોઉં છું.' આ..હા..હા..! એ હરિ એટલે આત્મા. એ જ્ઞેયને પણ હરે છે એટલે કે જ્ઞેય છે માટે મને જ્ઞાન થાય છે એમ નહિ, મારું જ્ઞાન છે માટે મારું જ્ઞાન થાય છે. આ..હા..હા...! વીતરાગની દિવ્યધ્વનિ સાંભળે, તેથી દિવ્યધ્વનિથી અહીં જ્ઞાન થયું, એમ નથી, આહા..હા...! આવી સ્પષ્ટતા કરતાં આકરું પડે !

(કોઈક) કહે છે કે, 'દિવ્યધ્વનિ – નિમિત્તથી નૈમિત્તિક(માં) જ્ઞાન થાય એમ ન માને તે મિથ્યાદૃષ્ટિ છે !' એમ કહે છે. અહીં કહે છે



કે, એ જ્ઞેયથી અહીં જ્ઞાન થાય તો (તેણે) જ્ઞેય અને જ્ઞાયકને એક (કર્યા) ! સંકરદોષ (થયો) (એટલે કે) બેનો ખીચડો કર્યો ! એણે જ્ઞાનને જ્ઞેયથી જુદું પાડ્યું નથી. આ..હા..હા..!

થોડું... થોડું... સમજવું, ભગવાન ! પણ આ સમજ્યે છૂટકો છે, બાપુ ! બાકી કોઈ ઉપાય નથી. આહા...હા...! અહીં તો ઘણું જોયું છે. બાપા ! ૯૦ વર્ષ થયાં અહીં તો ! ૭૨ વર્ષથી તો આ એક જ ધંધો છે ! શાસ્ત્રને વાંચન ને મનન ને ચિંતવન ! અરે...! એ જ અંતરમાં (ચાલ્યા કરે છે) ! ૭૨ વર્ષથી ! પણ આ માર્ગ કોઈ જુદી જાત છે. આહા...! જગતની ચાલતી પ્રવૃત્તિથી આ રીત અને આ પદ્ધતિ કોઈ જુદી જાત છે, પ્રભુ ! આહા..હા...!

(અહીંયાં) કહે છે, '**...એ, ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.**' આ..હા..હા...! અસંગ ભગવાન છે ! એને જ્ઞેયનો સંગ નથી. જાણવાયોગ્ય પદાર્થ જે છે – ચાહે તો સ્ત્રી, કુટુંબ–પરિવાર હો, પૈસો હો કે દેવ–ગુરુ–શાસ્ત્ર અને વાણી હો, એનાથી તો પ્રભુ અસંગ છે. એના સંગે આત્માનું અસંગપણું નભે છે, એમ નથી. આ..હા..હા..! છે ને ? '**...અસંગપણું તે વડે...**' જ્ઞેયને જાણવાયોગ્યને '**...સર્વથા પોતાથી જુદા કર્યાં;...**' આ..હા..હા...હા..! અંદર ચૈતન્ય અસંગ જે પરમાત્મા ત્રિકાળ નિરાવરણ ભગવાન બિરાજે છે, એ વડે કરીને, જાણવાયોગ્ય પદાર્થથી હું જાણું છું, વાણીથી મને જ્ઞાન થાય છે એ વાતને જુદી કરી નાખી. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! વાણી પણ પર – જડ છે. વાણી જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે. એ જ્ઞેયથી જ્ઞાન થાય (એમ માનનારે) જ્ઞાયક અને જ્ઞેયનો સંકરદોષ (કર્યો). (એટલે કે) બેની એકતાના દોષ(રૂપ) મિથ્યાત્વને એ સેવે છે. આ..હા..હા...! આવી વાત છે ! પછી થોડા હો કે ઘણાં હો, બાપુ ! માર્ગ તો આ છે, બાપા !

કોઈ વળી એમ કહે કે, વ્યવહાર કરતાં–કરતાં, મંદ રાગની ક્રિયા

કરતાં–કરતાં અસંગપણું જણાશે ! એ પણ મિથ્યાત્વ છે. આહા..હા...! અહીં તો અસંગપણાને, સંગને લઈને કંઈ પણ લાભ થાય – એ વાતનું મીંડું વાળ્યું છે. સત્સંગથી તો લાભ થાય કે નહિ ? એ ઇશારા જણાય ! લાભ તો પોતે અસંગપણામાં (જાય ત્યારે થાય). ત્યારે સંગથી જે જાણ્યું હતું (તેના ઉપર આરોપ આવે, પરંતુ) એ પણ જુદું છે. મારા સ્વભાવના સંગથી જાણ્યું એ પણ મારા સ્વભાવમાં નથી ! આ..હા..હા...! આવું ઝીણું છે ! પણ ભગવાન છે ને, પ્રભુ ! અંદર એ પરમાત્મા પોતે છે ને ! એને કેમ ન જણાય ? પોતે પોતાને કેમ ન જણાય ? નાથ ! આહા..હા...! 'નાથ' એને કહીએ કે, મળેલી ચીજને રાખે અને અમળેલી ચીજને મેળવે, એને 'નાથ' કહેવામાં આવે છે. એમ મળેલી ચીજ છે એને રાખે અને અમળેલું કેવળજ્ઞાન આદિને મેળવે એને 'નાથ' કહે છે. એ નાથ આત્મા છે ! આહા...હા...! સમજાય છે કાંઈ ? આ..હા..હા...!

બહારના વિકલ્પો હોય છતાં એ વિકલ્પને, જ્ઞેયને અને જ્ઞાનને જુદાંપણું છે. એ જ્ઞેય અને જ્ઞાનનું એકપણું (માનવું) તે સંકરદોષ છે એટલે ખીચડાનો દોષ (છે). ખીચડો કર્યો – બેને ભેગા ભેળવ્યા ! ઘઉં અને કાંકરા બેય ભેગા ભેળવ્યા. આહા...! એમ જ્ઞેય (એટલે) જણાવાયોગ્ય પદાર્થ અને જાણનારો ભગવાન જુદો (છે) એ બન્નેને એક માનવું તે મિથ્યાત્વ છે, એ અનંત સંસારનું કારણ છે. આ...હા..હા...! એનાથી ભિન્ન (પડીને) '**...ઇન્દ્રિયોના વિષયોભૂત પદાર્થોનું જીતવું થયું.**' અસંગપણું તે વડે સર્વથા જુદું કર્યું. છે ? '**...તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.**' ત્રણ બોલ થયાં. દ્રવ્યેન્દ્રિયને જીતવું, ભાવેન્દ્રિયને જીતવું અને જ્ઞેય અને જ્ઞાયકને એક માનતા (હતા) તેને જીતવું. એટલે એ જ્ઞેયને લઈને જ્ઞાન નથી, મારું જ્ઞાન તો મારાથી છે. આહા..હા...! ગાથા જરી ઝીણી આવી છે. વસ્તુ આવી છે !



'સમાધિ–શતક'માં કહે છે, એક 'સમાધિ–શતક' શાસ્ત્ર છે. 'પૂજ્યપાદસ્વામી'નું ! એ પોતે કહે છે, આહા..હા...! 'અરે...! હું બીજાંને સમજાવું છું એવો જે વિકલ્પ છે. ઇ ઘેલછાઈ છે ! એ પાગલપણું છે !' એમ કહે છે. સંતોને ક્યાં જગતની પડી છે ? એ તો સત્યને જાહેર કરે છે. 'પૂજ્યપાદસ્વામી' ! (કહે છે કે) મારી સમાધિ – અંદર શાંતિ છે, એમાંથી (બહાર નીકળતા) 'હું બીજાંને સમજાવું' એવો (જે) વિકલ્પ (તે ઘેલછાઈ છે). અને જે સમજાવું છે એ સામે જડ(ને) તો સમજાવવો નથી, એ તો સમજતાં નથી, સમજનારા (તો) અંદર ચૈતન્ય છે. સમજનારા મારા વિકલ્પથી જુદાં છે, એટલે મારા વિકલ્પથી એ સમજે, એમ નથી. આહા..હા...! ગજબ વાત છે !

જણાવાયોગ્ય પદાર્થથી આત્મા જણાય, આહા..હા...! (કે) સાંભળવાથી આત્માને જણાય એ જ્ઞેય–જ્ઞાયક સંકરદોષ (છે). આહા...હા...! 'સમાધિ શતક'માં તો ત્યાં સુધી લીધું છે કે, સાંભળવું અને સંભળાવવું, એ બન્ને વિકલ્પ – પાગલપણું છે ! અરર...ર...! આવે વચ્ચે... પણ એને પોતાનું માનવું અને હું એને સમજાવી દઉં છું (એ જ્ઞેય–જ્ઞાયક સંકરદોષ છે). 'સમયસાર'માં તો એમ લીધું છે કે, 'હું એને બંધ અને મોક્ષ કરાવું છું,' (એમ માનવું) એ પણ મિથ્યાભ્રાંતિ છે. ૩૨૦ ગાથા ! આ..હા..હા...! આત્મા ઉદયને અને નિર્જરાને, બંધને અને મોક્ષને જાણનાર છે. મોક્ષને કરનાર નથી, બંધને કરનાર નથી. આહા..હા..હા...! એ જ્ઞેયમાં નાખી દીધું છે. અહીં જ્ઞેયજ્ઞાયક સંકરદોષ દૂર કર્યો છે. આ..હા..હા...! સમજાય એટલું સમજવું, બાપુ ! માર્ગ તો આ (છે). વીતરાગ ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ તીર્થંકર બિરાજે છે. આહા...હા...! સવારમાં આ (ભજન) મંડળીવાળાએ ગાયું ને ! વિરહ... વિરહ પડ્યાં...! (ત્યારે) આંખમાંથી આંસુ (આવી) ગયાં ! જરી આંસુ આવી ગયાં ! અરે..રે....! પ્રભુ ! તારો વિરહ પડ્યો ! પણ એ પણ સંગનો વિરહ છે. આ..હા..હા..! સમજાય

છે કાંઈ ?

અસંગ આત્મા છે એને સંગની એકતાબુદ્ધિ તે જ્ઞેયજ્ઞાયક દોષ છે. આ ગાથામાં એ 'સંકરદોષ' છે (એમ કહ્યું). આહા...હા....!

ઝીણું પડે છે, પ્રભુ ! પણ વાત તો જે હોય ઇ આવે, બીજી શું આવે ? એને ગમે એવી હળવી કરીએ પ્રભુ ! તો હળવી શી રીતે થાય ? આહા...! જેની જેટલી કિંમત છે એટલી કિંમતે એ લેવાય તો એ વસ્તુ (લીધી) કહેવાય. એની ઓછી–વત્તી કિંમત કરવા જાય તો ઇ વસ્તુ એણે લીધી નથી. આહા...હા...! વીતરાગનો માર્ગ...! તમે તો ૩૧ ગાથા લખી છે, એ આ વંચાય છે. ત્યાં કાઠિયાવાડમાં તો અમારે કેટલી વાર... સેંકડો વાર વંચાઈ ગયું ! આહ...! અહીં તો આ પહેલું–વહેલું છે.

જ્ઞાયક ચૈતન્ય પ્રભુ ! જે જ્ઞાન અને આનંદનો દરિયો ! એ એમ જાણે કે, મારા જ્ઞાન અને આનંદમાં, જ્ઞેયને કારણે જ્ઞાન અને આનંદ આવે છે, પૈસાને લઈને હું સુખી છું, સ્ત્રીને લઈને હું સુખી છું, બધા મકાનો અબજોના કર્યા છે એને લઈને સુખી છું, એ જ્ઞેય અને જ્ઞાનને એક માનનાર, અસંગ પદાર્થને સંગથી માનનાર, તે મિથ્યાદૃષ્ટિ છે. આ..હા..હા...હા...! છે એમાં ? છે કે નહિ ? જુઓ ! શું કીધું ? **'એ ત્રણેને જીતીને, જ્ઞેયજ્ઞાયક–સંકર નામનો દોષ આવતો હતો...'** જોયું ? શું કહ્યું ? જ્ઞેય અને જ્ઞાન – જ્ઞાયક, એનો સંકર નામનો એટલે એક ખીચડાનો દોષ આવતો હતો, દ્રવ્યેન્દ્રિયથી જાણું છું, ભાવેન્દ્રિયથી જાણું છું, પરના સંગથી હું જાણું છું... આહા...હા...! એ જ્ઞેયજ્ઞાયક સંકર (દોષ છે). 'સંકર' એટલે ખીચડો. સંકર એટલે આ શિવ–સંકર એ નહિ ! 'સંકર' એક દોષ છે, આઠ પ્રકાર(ના) મોટા દોષ છે. આ 'સંકર' નામનો એક દોષ છે. સંકર એટલે ખીચડો ! ખીચડામાં તો હજી બાજરો અને ચોખાનો (બન્નેનો) ખીચડો હોય છે. આવે છે ને, શું (કહેવાય) ?



મુમુક્ષુ :– ખીયરનો ખીચડો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કેવું કહેવાય ? ખીયર...ખીયર ! એમાં ખીચડો કરે છે. મગ અને ચોખા ને બાજરો ભેગો (કરે) એ ખીચડા કરતાં આ તો વળી કાંકરા અને દાણાને ભેગા કરવા, એ ખીચડો અહીં કહે છે ! આહા..હા...! બાજરામાં કાંકરો નાખીને બનાવવું, શું કીધું ઇ ? (મુમુક્ષુ :– સંક્રાંતનો ખીચડો !) ખીચડો... ખીચડો ! આ ગાયને ખવડાવતાં નથી ? એમાં બાજરો, મગ, ચોખા ભેગું કરીને (બનાવે) પણ ઇ ચોખામાં કાંકરા ભેગા કરીને (બનાવે) ? અહીં તો કહે છે કે, જ્ઞાયક જે ભગવાનઆત્મા ! આ..હા..હા...! એમાં જ્ઞેયને ભેગા કરી એને જાણું છું, એને લઈને મારી જાણવાની શક્તિ પ્રગટે છે, એ અસંગને સંગથી પ્રગટે છે એમ માનવું, એ સંકરદોષ – ખીચડો, છે. એ કાંકરા અને દાણા ભેગા કર્યાં છે. આહા..હા..હા..! આવી વાત છે, ભગવાન !

આહા...હા...! અધિકાર જે આવ્યો હોય ઇ વર્ણવાયને ! જે અધિકાર છે આ અત્યારનો નથી, આ તો અનાદિ કાળનો છે. અનાદિ કાળના તીર્થંકરો કહેતા આવે છે. 'કુંદકુંદઆચાર્યે' રચ્યું છે. 'અમૃતચંદ્રઆચાર્યે' ટીકા કરી છે. 'નિયમસાર'માં ટીકા કરી છે – 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ ! (તેમણે) એમ કહ્યું છે કે, 'આની ટીકા કરનાર અમે તે કોણ ? એની ટીકા તો ગણધરથી ચાલી આવે છે !' આહા..હા..હા...! 'નિયમસાર' ! એમાં ગાથા પહેલાં છે. અમે ટીકા કરનાર મંદબુદ્ધિ તે કોણ ? એ 'નિયમસાર'ની ટીકા... આ..હા..હા...! કેટલીક (વાતો) તો 'સમયસાર'થી પણ ચડી જાય એવી વાતો છે એમાં ! (એક મોટા) બ્રહ્મચારી થઈ ગયા (તેમણે) લખ્યું છે, 'સમયસાર' કરતાં પણ 'નિયમસાર'માં કેટલીક વાત કોઈ અલૌકિક છે !! આહા..હા...! એ 'નિયમસાર'ના કર્તા ટીકા કરતાં એમ કહે છે કે, 'આની ટીકા તો તીર્થંકર, ગણધરથી ચાલી આવે છે, અમે તે કોણ કરનાર ?' આહા...હા...હા...! અહીં તો જરી બે ચોપડીનું

જ્ઞાન થાય અને કાંઈ (શાસ્ત્રનું) જ્ઞાન કરે ત્યાં (એમ થઈ જાય) 'અમે આ કર્યું ! અમે તો આ ચોપડી બનાવી, અમે આ પુસ્તક બનાવ્યું !' આહા..હા..હા...! એ પરના અભિમાનમાં ચૈતન્ય પ્રભુ ઢંકાઈ જાય છે.

અહીં એ કહે છે, '**...જ્ઞેયજ્ઞાયક – સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ...**' આહા...! એકલો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ટંકોત્કીર્ણ એટલે શાશ્વત ! જેને કોઈ પરની અપેક્ષા નથી, એવા ટંકોત્કીર્ણ '**...જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા...**' જ્ઞાનસ્વભાવ વડે (એટલે) જાણવાના સ્વભાવ વડે – ચૈતન્યસ્વભાવ – જ્ઞાનસ્વભાવ વડે, '**...સર્વ અન્ય દ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે...**' આ..હા..હા...! આ રીતે જે પોતાના આત્માને દ્રવ્યેન્દ્રિયથી, ભાવેન્દ્રિયથી અને જ્ઞેયજ્ઞાયકના સંકરદોષથી ભિન્ન કરીને અનુભવે છે '**...તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે.**' તે સમકિતી છે, તે જિન છે, તે જિતેન્દ્રિય છે.

જિતેન્દ્રિય એટલે આંખ ફોડી નાખવી (એ જિતેન્દ્રિયપણું નથી). સુરદાસનું આવે છે ને, સુરદાસનું ? સ્ત્રીઓને દેખતાં (વિકાર થતો હતો એટલે) આંખને ફોડી નાખી ! એથી શું થયું ? આહા...હા...! ઇન્દ્રિયના વિષયનો સંગ છોડીને અંદરમાં અસંગ તત્ત્વનો અનુભવ કરવો, એનું નામ જિતેન્દ્રિય – ઇન્દ્રિયને જીતી, એમ કહેવામાં આવે છે. આ..હા..હા...!

'**(જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે).**' '**णाणसहावाधियं मुणदि आदं**' ની વ્યાખ્યા કરી. અધિક એટલે જુદો. પરની કોઈ અપેક્ષા નથી. એવા ચૈતન્યને સમજવામાં પરની કોઈ અપેક્ષા નથી (એવી) નિરપેક્ષ વસ્તુ છે. '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો...**' (અર્થાત્) જગતના બધા પદાર્થથી જુદો રહેતો. 'તરતો' એટલે જુદો રહેતો. વિશ્વ નામ જગતના અનેક પદાર્થ જે છે – દેવ–ગુરુ અને શાસ્ત્રથી માંડીને



બધા ! એ વિશ્વની ઉપર (તરતો). આહા...હા...! '**...(સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્) તેમને જાણતાં છતાં તે–રૂપ નહિ થતો),...**' એ 'ઉપર તરતો' (તેનો અર્થ કર્યો). જ્ઞેયને જાણતાં છતાં જ્ઞેયરૂપ નહિ થતો. એ જ્ઞેયને જાણતો નથી પણ જ્ઞાનને જ્ઞાન જાણે છે. એ જ્ઞાનને જ્ઞાન જાણતું – ઉપર તરતું, જ્ઞેયથી જુદો – વિશ્વથી જુદો પ્રભુ (એવો જ્ઞાનસ્વભાવ છે). આહા..હા...!

'**...પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' પ્રત્યક્ષ ઉદ્યોત છે (અર્થાત્) ચૈતન્ય ભગવાન અંદર પ્રત્યક્ષ છે. એ પરોક્ષ રહે ઇ એનો સ્વભાવ નથી. આહા..હા...! '**...સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર...**' નાશ ન થાય એવો '**...સ્વતઃસિદ્ધ (અને) પરમાર્થસત્ - એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' જોયું ! અહીં 'ભગવાન' લીધો ! અંદરમાં ભગવાન જ્ઞાનસ્વભાવ એવો છે કે, પરના અવલંબન વિના પોતે પોતાથી પોતાને અનુભવે એવો – એવો જ્ઞાનસ્વભાવ ભગવાન છે. આહા..હા..હા...! આત્માને તો 'ભગવાન' કહ્યો હતો. આ તો જ્ઞાનસ્વભાવ ભગવાનઆત્મા છે ! આ..હા..હા...! '**...એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' જ્ઞાનસ્વભાવ એવો સ્વભાવ છે કે, સ્વપરને પોતાની મેળાએ, પરની અપેક્ષા (વિના) અતીન્દ્રિય આનંદમાં રહીને પોતે પોતાના જાણે છે. એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. એને જાણવો એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ જિન અને ધર્મની પહેલી સીઢી છે. વિશેષ કહેશે......

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છે :

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।
હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે ! ૩૮.

ગાથાર્થ :– દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે : (खलु) નિશ્ચયથી (अहम्) હું (एकः) એક છું, (शुद्धः) શુદ્ધ છું, (दर्शनज्ञानमयः) દર્શન–જ્ઞાનમય છું, (सदा अरूपी) સદા અરૂપી છું; (किञ्चित् अपि अन्यत्) કાંઈ પણ અન્ય પરદ્રવ્ય (परमाणुमात्रम् अपि) પરમાણુમાત્ર પણ (मम न अपि अस्ति) મારું નથી એ નિશ્ચય છે.

ટીકા :– જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહા ભાગ્યથી) સમજી, સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને (– તેમાં તન્મય થઈને) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કે : હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે; ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું; નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું; ચિન્માત્ર હોવાથી સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈ ને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને – ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાન–પ્રકાશ મને પ્રગટ થયો છે.

ભાવાર્થ :– આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી

:

જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો, ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી; હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય.

## પ્રવચન-૧૫, ગાથા – ૩૮

('સમયસાર', ૩૮મી ગાથા). **'હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા,...'** ૩૮ (ગાથામાં) શું કહે છે ? શ્રોતાએ જ્યારે ગુરુ પાસે સાંભળ્યું, ત્યારે તેને દર્શન–જ્ઞાન અને ચારિત્ર (પ્રગટ) થયું, એ શું થયું ? એનું સ્વરૂપ એ કેમ પામ્યો ? એની વાત આમાં છે. દર્શનજ્ઞાનસ્વરૂપ પરિણત થયેલા, આહા..હા...! (એટલે) આત્મા(ના) સમ્યગ્દર્શન (અને) ત્રિકાળી ચૈતન્યનું (જ્ઞાનસ્વરૂપ) પરિણમન. દર્શન–જ્ઞાન અને ચારિત્ર – ત્રણપણે પરિણમેલા એવા **'...આત્માને સ્વરૂપનું સંચેતન...'** (અર્થાત્) સ્વરૂપનો અનુભવ કેવો હોય છે, 'સંચેતન' એટલે અનુભવ **'...એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે,...'** ૩૮ ગાથામાં જીવનો અધિકાર પૂરો કરે. ૩૯માંથી અજીવનો અધિકાર ચાલશે. આ જીવ(અધિકાર)ની છેલ્લી ગાથા છે.



**'अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।**
**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।**
'

નીચે હરિગીત.

**'હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે !'** ૩૮.

૩૮ ગાથા જીવ (અધિકારની) છેલ્લી (ગાથા) છે. જીવ સમજે છે ત્યારે એને શું પરિણમન થાય છે ? તે કોનાથી સમજે ? અને પહેલાં કેવો હતો ? (તે કહે છે). (પહેલાં) અપ્રતિબુદ્ધ હતો. જોકે અપ્રતિબુદ્ધ ૨૩ ગાથા(માં) પહેલાં આવી ગયું છે – 'અપ્રતિબુદ્ધને સમજાવે છે' એમ, પણ અહીં શરૂઆતથી (વાત) લીધી છે.

**'જે, અનાદિ મોહરૂપ...'** પાઠમાં તો 'મોહરૂપ' છે પછી એનો અર્થ 'અજ્ઞાનથી' કર્યો છે. સંસ્કૃત ટીકામાં 'મોહ' છે – **'मानादिमोह'** પોતાના સ્વરૂપને ભૂલી અને રાગ અને દ્વેષ આદિ પર ચીજ (છે) એને જે પોતાની માનતો (હતો). એ **'અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...'** ગાંડો–ઘેલો હતો (એમ) કહે છે. આહા..હા...! પોતાની ચીજ (છે, તેને) ભૂલી અને જે (એની) ચીજમાં નથી એવા રાગ અને દ્વેષ અને રાગ–દ્વેષના ફળ આ સંયોગ, એને પોતાના માનતો (થકો) એ ઉન્મત્ત નામ ઘેલો–પાગલ છે. આહા..હા..! છે ? **'...ઉન્મત્તપણાને લીધે...'** આ..હા..હા...! (અર્થાત્) સ્વરૂપની જેને ખબર નથી, ચૈતન્યની જાત શું છે ? અને એમાં શું સંપદા ભરી છે ? એની જેને ખબર નથી, એવો જે અનાદિ મોક્ષને કારણે ઉન્મત્ત એટલે ગાંડો થયેલો, ઘેલો થયેલો, આ..હા..હા...!

કોઈ એમ કહે છે કે, આ 'સમયસાર' તો મુનિને જ સમજાવવા માટે છે. અહીં તો, અહીં સુધી આવ્યું છે. અજ્ઞાની અનાદિનો મોહથી મૂઢ હતો **'...ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** 'અત્યંત

અપ્રતિબુદ્ધ' (કહ્યું છે). (એટલે) બિલકુલ – કંઈ ખબર નહિ, આત્મા શું ? રાગ શું ? પર શું ? એ અનાદિથી પરની સાથે મિશ્રપણાથી ઘેલછાપણે – ગાંડપણે રખડતો હતો, એવા અપ્રતિબુદ્ધને (સમજાવે છે). એવા અપ્રતિબુદ્ધને ! છે ? એકલો અપ્રતિબુદ્ધ (એમ) નહિ. **'અત્યંત અપ્રતિબુદ્ધ'** (કહ્યું છે). એને આ સમજાવે છે. કોઈ એમ કહેતા હતા કે, આ 'સમયસાર' તો મુનિને જ માટે છે.' તો અહીં તો એમ કહે છે કે, અત્યંત અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહા..હા..! અનાદિ અજ્ઞાની – જેને આત્મા શું ચીજ છે ? અને હું શું માનું છું ? એની જેને કાંઈ ખબર નથી એવો **'...અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** અત્યંત અપ્રતિબુદ્ધ હતો એને આ સમજાવ્યું છે. આહા...હા...!

**'...અને વિરક્ત ગુરુથી...'** એટલે શું કહે છે ? જે મિથ્યાત્વ અને રાગ–દ્વેષથી વિરક્ત થયેલા છે તે ગુરુથી સમજાવ્યો છે. અજ્ઞાનીથી પણ નહિ, તેમ ધારેલું જ્ઞાન હોય એનાથી પણ નહિ. આહા..હા..હા...! જાણપણું ધાર્યું હોય એનાથી પણ એ સમજ્યો નથી. વિરક્ત ગુરુ ! (એટલે) જે રાગમાં રક્ત હતો (એનાથી) છૂટીને રાગથી જેને વિરક્તપણું પ્રગટ્યું છે. આહા..હા..! ચૈતન્યમૂર્તિ રાગથી ભિન્ન (છે, એવું) જેને (આત્મજ્ઞાન) પ્રગટ્યું છે એવા વિરક્ત ગુરુથી (સમજાવવામાં આવ્યો). ઘણી ગંભીર ભાષા છે ! સમજાવવામાં વિરક્ત ગુરુ નિમિત્ત હોય છે, એમ સિદ્ધ કરવું છે. અજ્ઞાની નિમિત્ત હોતો નથી. અજ્ઞાનીની દેશના નિમિત્તપણે પણ હોતી નથી. આહા...હા..હા...! વિરક્ત ગુરુ ! બે વાત થઈ. એક – 'અત્યંત અપ્રતિબુદ્ધ હતો' અને એને સમજાવનાર 'વિરક્ત ગુરુ છે'. બે વાત થઈ. આહા...હા...! એની પાસે એ સમજ્યો.

હવે ત્રીજો બોલ, **'...નિરંતર સમજાવવામાં આવતાં...'** વિરક્ત ગુરુ કાંઈ નિવૃત્ત – નવરા નથી કે નિરંતર એને સમજાવે ! પાઠ તો આવો છે, **'નિરંતર સમજાવવામાં આવતાં'** એનો અર્થ એ કે, ગુરુએ એક વાર



એને કહ્યું, બે વાર, પાંચ વાર, દસ વાર કહ્યું, વારંવાર કહ્યું (ત્યાર બાદ) એ વારંવાર ચિંતવનમાં રહ્યો. ગુરુએ કહેલી વાત(ના) નિરંતર ચિંતવનમાં રહ્યો – એને ગુરુ નિરંતર સમજાવે છે, એમ કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :– શિષ્ય ઉપર જવાબદારી આવી ગઈ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જવાબદારી ત્યાં જ છે. એટલી વાત (ખરી) ગુરુ વારંવાર કહેતા હતા, એક વાર નહિ પણ ઘણી વાર કહેતા હતા, પણ નિરંતર નહિ, આટલો ફેર છે. ગુરુ વારંવાર એને સત્‌ની વાત કહેતા હતા. 'બાપુ ! નાથ ! (તું) ચૈતન્યમૂર્તિ આનંદકંદ (છે) ! તારામાં આનંદ ભરેલો છે એવો તું આત્મા છો !' એમ ગુરુએ એકવાર નહિ પણ ઘણીવાર કહેલું, એ તો અંદર આવે છે. પણ અહીં **'નિરંતર સમજાવવામાં આવતાં'** એ શબ્દ છે. એનો અર્થ (એ) કે, સમજનાર, વિચારનાર(ને) નિરંતર તેની ખટક રહ્યા કરતી, ગુરુએ જે કહ્યું કે, 'ભગવાન ! તારો આત્મા અતીન્દ્રિય આનંદકંદ છે. રાગ, વિકલ્પ, શરીર, વાણીથી તદ્દન જુદો છે' – એવું ગુરુએ બે–ચાર વાર કે વારંવાર કહ્યું. પણ આ સમજનાર, નિરંતર સમજાવવામાં આવતાં એટલે નિરંતર સમજમાં આવતાં, (પોતાને) નિરંતર એની ખટક રહ્યા કરતી. સાંભળનારે સાંભળીને આ કાને સાંભળ્યું અને કાઢી નાખ્યું, એક વાર સાંભળીને રાખ્યું, એમ નહિ. આહા..હા....! સમજાય છે કાંઈ ? છેલ્લી ગાથા છે. સાર છે ! ૩૮(મી ગાથા) જીવ (અધિકારની) છેલ્લી ગાથા (છે).

એને નિરંતર સમજાવવામાં આવતાં, આહા..હા..હા...! વિરક્ત ગુરુ નિરંતર નવરા તો હોય નહિ. મુનિને છઠ્ઠું–સાતમું ગુણસ્થાન હોય (એટલે) એ તો ક્ષણમાં સપ્તમ અને ક્ષણમાં છઠ્ઠું આવે. વાણી તો નિરંતર હોય નહિ, પણ સમજનાર(ને) ગુરુએ કહેલી વાત અંદરમાં વારંવાર ખટકમાં રહ્યા કરતી. રાત અને દિવસ, આત્મા જ્ઞાયક... આત્મા જ્ઞાયક... આત્મા જ્ઞાયક... (આ જ ખટકમાં રહેતો). એ જ્ઞાનના રસનો કંદ છે, એમ

અપ્રતિબુદ્ધને ગુરુએ સમજાવતાં, (તેને) પણ વારંવાર સમજમાં આમ ખટક રહેતી. અંદર આત્માની સમજની ખટક વારંવાર રહેતી. એક કલાક સાંભળીને કાઢી નાખ્યું, પછી દુકાનના ૨૩ કલાકમાં ધંધામાં ગૂંચાઈ ગયો, એમ નહિ, એમ કહે છે. આહા..હા..! એને નિરંતર ખટક રહ્યા કરતી.

મુમુક્ષુ :-- ગુરુદેવ ! મારી બા ! મારી બા ! એવી ખટક ?

સમાધાન :– (હા), ઇ...ઇ...! આહા..હા...! હું કોણ છું ? એમ જે ગુરુએ કહેલું તે વારંવાર એને ખટકમાં રહેતું, જુઓ ! આ સમજવાની રીત ! આત્માને પામવાની આ રીત ! અપ્રતિબુદ્ધ હોવા છતાં વિરક્ત ગુરુએ એને ઉપદેશ દીધો (તે) તેને વારંવાર ખટકમાં રહ્યા કર્યું. આહા..હા..હા..! કલાક સાંભળીને ભૂલી ગયો અને પછી ૨૩ કલાક સંસારના કાર્યમાં એકાકાર થઈ ગયો, એવા જીવને સમજવા માટેની લાયકાત નથી, એમ કહે છે. આહા..હા..હા..! થોડા શબ્દમાં ઘણું ભર્યું છે !

'**...નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે...**' આહા..હા...! એટલે '**...(મહા ભાગ્યથી)...**' એટલે કે એની મહા લાયકાતથી, 'ભાગ્ય' શબ્દે કાંઈ કર્મ નહિ. એની લાયકાતથી '**...સમજી,...**' (એ) સમજ્યો ! આહા..હા..હા..! અનાદિનો અપ્રતિબુદ્ધ, અનાદિનો અત્યંત અજ્ઞાની, અત્યંત અજ્ઞાની (હોવા) છતાં ગુરુએ કહેલી વાતની ખટક વારંવાર અંદર અત્યંત વિચારશ્રેણીમાં રાખતાં, અંદરમાંથી જ્ઞાન આવ્યું – સમજણ થઈ. 'અરે...! હું તો આનંદ છું ! હું તો જ્ઞાન છું ! મારી ચીજમાં કોઈ બીજી ચીજ છે નહિ.' આહા...હા...! આ સમ્યગ્દર્શનની એટલે કે જીવની પહેલી સમજવાની રીતની આ રીત છે. આહા...હા...!

સમસ્ત પ્રકારે '**...સાવધાન થઈ...**' સમજીને સાવધાન થયો. આ..હા..હા...! 'હું તો આનંદ છું, જ્ઞાનસ્વરૂપ છું !' એમ અંદર ખટક રહ્યા કરતી, એની સમજણનો અનુભવ થઈ ગયો. સમજાય છે કાંઈ ?



૩૮(મી) ગાથામાં ઘણી ગંભીરતા ભરી છે ! આહા...હા...! એક તો અનાદિનો મોહ અને અત્યંત અપ્રતિબુદ્ધ, એને વિરક્ત ગુરુએ નિરંતર સમજાવ્યું એટલે નિરંતર સમજણ એને સાંભળવામાં આવી, એ વાતની નિરંતર ખટક રહ્યા જ કરી, આહા..હા...! બીજે ક્યાંય પ્રેમ ન કરતાં એને આત્મા પ્રત્યેના પ્રેમનો ઝુકાવ અંદર થઈ ગયો...! આહા..હા..હા...! બહુ સારી ગાથા ! જીવની આ છેલ્લી ગાથા છે, આહા...!

'કોઈ પ્રકારે' સમજ્યો એમ કહીને, કાળલબ્ધિ પણ એની આવી ગઈ છે. એમ બધું કહે છે. ક્રમબદ્ધ પણ આવી ગયું છે. 'કોઈ પ્રકારે'નો અર્થ આ બધો છે. એની કાળલબ્ધિ પણ આવી ગઈ છે. એના ક્રમમાં એ આવવાનો કાળ પણ છે. એટલે કોઈ પ્રકારે સમજીને સાવધાન થયો. જે અત્યંત અપ્રતિબુદ્ધ હતો એ અંતરમાં આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ (છે). તેમાં અત્યંત સાવધાન થયો. આ..હા..હા...! જીવને સમજવાની આ પહેલી કળા અને પહેલી પદ્ધતિ આ છે, પછી બીજી વાત – વ્રત અને ચારિત્ર (એ) બધું પછી, પહેલું આ છે.

(હવે દૃષ્ટાંત આપે છે) '**...સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...**' સવારમાં દાતણ કરતાં, એ કોઈનાં સોનાનાં દાંત આદિ હોય છે ને ? એ કાઢી નાખે અને આમ હાથમાં રાખ્યું હોય અને એકબાજુ હાથમાં દાતણ (હોય). એકબાજુ મૂઠીમાં હાથમાં સોનું રાખ્યું હોય અને એકબાજુ દાતણ કરતો હોય (પછી) ભૂલી ગયો કે સોનું ક્યાં છે ? હતું મૂઠીમાં, રાખેલું મૂઠીમાં ! હતું નજીકમાં અને હતું એની પાસે. આહા...હા...! '**મૂઠીમાં**' એમ ભાષા છે ને ? ક્યાંક કપાટમાં મૂકેલું છે કે એમ નથી રાખ્યું. નહિતર અત્યારે તો કેટલાક દાતણ કરે તો મકાનનું માથે હોયને, શું કહેવાય ઇ ? (મુમુક્ષુ :– ટોડલો !) ટોડલો... ટોડલો ! તમારા તો નામ ભૂલી જવાય છે ! એ ટોડલે મૂકે અને દાતણ કરે. દાતણ કરતાં વખતે એ સોનું હોય એને એકબાજુ

ઉપર ક્યાંક મૂકે, એ અહીં નથી લીધું. અહીં તો મૂઠીમાં રાખ્યું છે. આ..હા..હા...! એક મૂઠીમાં આમ સોનું અને એક હાથે આમ દાતણ કરે છે. આહા..હા...!

**'...મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...'** અમથું આપણે અહીં નથી કહેતાં ? કે, છોકરું કાખમાં (હોય) અને ભૂલી ગયો હોય. છોકરું કાખમાં હોય અને (ગોતે, કે) ક્યાં ગયો ? ક્યાં ગયો ? 'અહીં છે પણ આ રહ્યો !' એમ વાત કરે છે કે નહિ ? છોકરો કાખમાં હોય અને ભૂલી જાય છે. એમ આ મૂઠીમાં રાખેલું સોનું, પોતે રાખેલું પોતે ભૂલી ગયો ! આહા..હા..! છે ? **'મૂઠીમાં રાખેલું'** છે ને ? રાખેલું કોણે ? પોતે ! આહા...! શબ્દમાં ગંભીરતા છે ! પોતે સોનું મૂઠીમાં રાખેલું, એ ભૂલી ગયો હતો. **'...તે ફરી યાદ કરીને...'** ફરીને યાદ કરી, આહા...! અરે....! આ રહ્યું ! આ સોનું અહીં મારા હાથમાં છે ! યાદ કરીને તે સુવર્ણને દેખે.

**'...તે સુવર્ણને દેખે તે ન્યાયે...'** મૂઠીમાં રાખેલા સુવર્ણને ફરીને દેખે તે ન્યાયે. આ ન્યાય ! આ તો દૃષ્ટાંત થયો **'...પોતાના પરમેશ્વર...'** આહા..હા..હા..! પોતાનો પરમેશ્વર પૂર્ણ સામર્થ્યનો ધણી (છે). આ...હા..હા...! જેને સમજવા માટે પરની કોઈ અપેક્ષા નથી, પરની કોઈ મદદની જરૂર નથી. આહા...! એવો પોતાનો પરમેશ્વર – પરમ સામર્થ્યવાળો. કીધું ને ? 'પોતાનો પરમેશ્વર,' એમ કીધું ને ? વીતરાગ સર્વજ્ઞદેવ, એમ નહિ, પોતાનો પરમેશ્વર ! આહા..હા..! પૂર્ણ સામર્થ્યનો ધણી, પૂર્ણ બળનો ધણી, એને ભૂલી ગયો હતો, આહા...હા...!

**'...આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને...'** ભૂલી ગયો હતો તેને જાણીને પોતે ભૂલ્યો હતો અને પોતે જાણ્યું. એમ કહીને એમ કહે છે કે, કર્મે ભુલાવ્યો અને ગુરુએ સમજાવ્યો માટે સમજી ગયો, એમ નહિ. પોતે પોતાથી ભૂલ્યો હતો, પોતે પોતાથી સમજી ગયો છે. આહા...હા...!



એવા શબ્દ અંદર પડ્યા છે.

**'...પોતાના પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને...'** પહેલાં જાણીને વાત લીધી છે. અંદરમાં જાણવામાં આવ્યો અરે...! આ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ રાગ અને વિકલ્પ અને બહારની ચીજથી તો ભિન્ન છે. જેની સત્તામાં પૂર્ણ પરમેશ્વરતા ભરી છે. જેની સત્તામાં રાગ આદિ (અને) પામર જીવનો( પામરતાનો) તો અભાવ છે. રાગ આદિ પામર અથવા પર અજીવ–જીવ, પર જીવ – પર અજીવ એ બધાથી ખાલી છે. આહા...હા...! એવા **'...આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને...'** તેને જાણીને (એમ કહ્યું છે) દેવને, ગુરુને જાણીને – એમ નથી કહ્યું. તેમ શાસ્ત્રને જાણીને એમ પણ કહ્યું નથી. આ..હા..હા...!

મુમુક્ષુ :– ગુરુદેવ ! અમને તો આપની વાણી મળ્યા પછી આ પરિવર્તન થયું એમ લાગે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ સીધું જાણે ત્યારે નિમિત્ત કહેવાય, એમ છે. એ એનાથી (પોતાથી) જાણે ત્યારે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી જણાય છે એવું એનું સ્વરૂપ નથી. કેમ ? (કેમકે) પોતે સામર્થ્યવાળો પરમેશ્વર કહ્યો ને ? પૂર્ણ સામર્થ્યવાળો છે, પૂર્ણ શક્તિવાળો છે. એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા...હા...! એમ કહ્યું ને ? **'...પોતાના પરમેશ્વરને...'** પરમ ઈશ્વર ! આ..હા..હા...! પરમ (એટલે) પૂર્ણ તાકાતનો ધરનાર ભગવાનઆત્મા ! એ પોતે પોતાને ભૂલી ગયો હતો, એ પોતે પોતાને જાણે છે. ગુરુનું સમજવાનું નિમિત્ત આવ્યું. સમજવામાં નિમિત્ત કહ્યું પણ (શિષ્ય) સમજે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે. આહા...!

આમ તો ભગવાનની વાણી સમોસરણમાં અનંતવાર સાંભળી છે. મહાવિદેહક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો છે. અનાદિ કાળથી અનંત ભવ કર્યા. અઢી દ્વીપમાં એક કણ બાકી નથી કે જેમાં અનંતવાર જન્મ્યો ન હોય !

અરે...! અઢી દ્વીપમાં બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રમાં પણ એક કણ બાકી નથી કે જેમાં અનંતવાર તિર્યંચપણે અવતરીને મર્યો ન હોય ! અઢી દ્વીપમાં, એ અઢી દ્વીપ અને બધા ક્ષેત્રમાં અનંતવાર જન્મ્યો અને મર્યો છે. મહાવિદેહક્ષેત્રમાં પણ જ્યાં તીર્થંકરનો કોઈ દી' વિરહ નથી, સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે. એની હાજરીમાં ત્યાં ગયો પણ ત્યાં ધ્યાન આપ્યું નહિ. પોતાનું જ ધ્યાન ન આપ્યું. 'એ આમ કહે છે' આમ કહે છે !' એમ કહીને સાંભળીને ત્યાં રાખ્યું, ત્યાંને ત્યાં રાખ્યું. આહા...હા...! અંતરમાં ઉતારવા માટે જે સાક્ષાત્ (પરિણમન) જોઈએ એ કર્યું નહિ.

તેથી કહે છે પોતાના પરમેશ્વરને જાણીને. આહા...હા...! પોતાના સામર્થ્યવાળા ભગવાન (છે). એ તો ઘણી વાર કહ્યું હતું કે, 'ભગવાનઆત્મા' બધાને કહ્યાં છે. અંદર બધા આત્માઓ ભગવાન સ્વરૂપ જ છે ! પણ પર્યાયમાં ભૂલીને પામર નરક અને નિગોદમાં રખડે છે. એ મિથ્યાત્વને લઈને ! મિથ્યાત્વ એવી ઝીણી ચીજ છે કે, જેને લઈને સાધુ થઈને નવમી ગ્રૈવેયક જાય, છતાં મિથ્યાત્વ ટળે નહિ. અંદર આત્માની જ્ઞાનદશા વિના,

**મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો,**
**પણ આતમ જ્ઞાન બિના, લેશ સુખ ન પાયો.**

આહા...હા...! એનો અર્થ એ થયો કે, પાંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ(ના) વ્યવહાર એ બધા દુઃખ છે. આસ્રવ છે, દુઃખ છે. આવું મુનિવ્રત ધારણ (કરવા) છતાં, આતમ જ્ઞાન બિન સુખ ન પાયો. તેનો અર્થ એ કે એ બધું દુઃખ છે. આહા...હા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભગવાન ! એમાં આવા દેશમાં આવી અંતરની વાતું ! સાંભળવી કઠણ પડે ! આહા..હા...! અનંતવાર શુભભાવની ક્રિયા કરી, મુનિના પંચ મહાવ્રત ધારણી કરી, અનંતવાર નવમી ગ્રૈવેયકના અનંતા પુદ્‌ગલ પરાવર્તન ભવ કર્યાં છે. એક નવમી ગ્રૈવેયક છે. ચૌદ બ્રહ્માંડ



પુરુષના આકારે છે એમાં એને ગ્રીવા-ડોક છે, ત્યાં આગળ અનંતા ભવ કર્યા છે. એ અનંતવાર નગ્ન મુનિ થઈ, ૨૮ મૂળગુણ પાળી, આત્મજ્ઞાન વિના આહા...હા...! એવી ક્રિયાકાંડથી અનંત ભવ કર્યાં. ત્યાંથી નીકળીને મનુષ્ય થાય, ત્યાંથી નીકળી તિર્યંચ થાય, ત્યાંથી નીકળી નરકમાં જાય ! આ..હા..હા...!

અહીં એ કહે છે, પોતાના પરમેશ્વરને જાણી... આહા...હા...! એણે આત્મજ્ઞાન કર્યું. બીજું જ્ઞાન ભલે ન હોય. આહા...! પણ આ આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે, એનું એણે જ્ઞાન કરી, અને '**...તેનું શ્રદ્ધાન કરી,...**' જ્ઞાન કરીને શ્રદ્ધાન (કર્યું). ચીજ શું છે ? એનું જ્ઞાન અંદર થયું ત્યારે શ્રદ્ધા થઈ કે, આ આત્મા પરમેશ્વર છે ! ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ છે ! આ..હા..હા...! નવરો ક્યારે થાય ?

'**...તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને...**' જુઓ ! કેવો લીધો છે ? અત્યંત અપ્રતિબુદ્ધ ! એ સમ્યગ્દર્શન, (જ્ઞાન) ચારિત્રને પામ્યો. એકસાથે ત્રણને પામ્યો એમ કહે છે.

મુમુક્ષુ :- એકસાથ ?

સમાધાન :- એકસાથ ! અત્યંત અપ્રતિબુદ્ધ હતો. અંદર આત્માની તાકાત છે, એક ક્ષણમાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે ! તો (અહીંયાં) કહે છે કે, એ અત્યંત અપ્રતિબુદ્ધ હતો એ પણ જ્ઞાન પામી, શ્રદ્ધા કરી, '**...તેનું આચરણ કરી...**' જોયું ? આચરણ - આત્માનું આચરણ ! આત્મામાં એકાગ્રતાની લીનતા એ આત્માનું આચરણ (છે). પંચ મહાવ્રતની ક્રિયા આદિ એ આત્માનું આચરણ નહિ. આહા...હા...! બાર વ્રત, પંચ મહાવ્રત, ભગવાનની ભક્તિ અને પૂજા એ કાંઈ આત્મઆચરણ નહિ. આ...હા..હા...! આ બધું બહારનું જે ચાલે ઇ બધું ધમાલ-ધમાલ એ કંઈ આત્મઆચરણ નહિ. (ફક્ત) શુભભાવ છે, અશુભથી બચવા એ આવે છે. છે... હોય... પણ એ આત્મઆચરણ નહિ. આત્મઆચરણ

તો પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન શુદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતે (છે) એ શુદ્ધ (સ્વરૂપમાં) લીનતા, એનું નામ આત્મઆચરણ છે. આહા...હા...!

મુમુક્ષુ :-- યે કરના કે નહિ કરના ?

સમાધાન :– શું કરવું ? કરવું કે ન કરવું (એ) નથી, એના કાળે થવાનું હોય તે થાય છે, કરતો નથી. ઝીણી વાત છે ! આ બધું બહારનું જે (થાય) છે (તે) એના ક્રમબદ્ધના કાળમાં એ પરમાણુની પર્યાય એ પ્રકારે થવાની હોય છે (તે) ત્યાં થાય છે. આત્મા તેનો ખરેખર તો સાક્ષી અને જાણનાર છે, કર્તા નથી. આહા...હા...! આવી વાત છે ! લાખો રૂપિયા – કરોડો રૂપિયા ખર્ચે, કરોડો મંદિરો બનાવે એ કાંઈ આત્મઆચરણ નથી. આહા...હા...! અરે...! પંચ મહાવ્રત પાળે એ આત્મઆચરણ નથી. આ..હા...હા...! આત્મઆચરણ તો અંદર રાગથી રહિત વીતરાગ–મૂર્તિ પ્રભુ આત્મા (છે) અંદર એ વીતરાગપણાનું આચરણ રાગ વિનાનું વીતરાગપણાનું અંદર આચરણ (કરે) એને અહીંયાં આત્માનું આચરણ કહેવામાં આવે છે. આહા...હા...!

આ ૩૮મી ગાથા તો એવી છે ! જીવ (અધિકારની) આ છેલ્લી ગાથા છે. જીવ અપ્રતિબુદ્ધ હતો, એ જીવ પૂર્ણ સમજ્યો એનો આ સરવાળો છે. આહા...હા...! (પોતે) સમજી શકે છે, સમજવાની તાકાત છે, પૂર્ણ બળવાન છે. અપ્રતિબુદ્ધ હતો છતાં પૂર્ણ બળવાન છે અને ગુરુએ જ્યાં સમજાવ્યું, ત્યાં પોતે પોતામાં અંદર ઊતરી ગયો ! આ...હા..હા..હા...! અંતર ભગવાન ચૈતન્યની જ્યોત ! ચૈતન્યનો દરિયો ! આનંદનો સાગર ભર્યો છે ! આ..હા..હા...! ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે પહોળો (હોય), પણ ભાવ અંદર અનંત છે ! ભાવ અનંત છે ! અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા... અનંત પ્રભુતા ! એક–એક ગુણમાં અનંતી પ્રભુતા એવા અનંતા ગુણો ! એવો જે આ ભગવાનઆત્મા ! આ..હા..હા...! એમાં કહે છે, આચરણમાં



વીંટાઈ ગયો – એ નિશ્ચયવ્રત (છે). આ પંચ મહાવ્રત આદિ વ્યવહાર વ્રત એ તો વિકલ્પ (છે), પુણ્યબંધનું કારણ (છે). આ નિશ્ચય વ્રત ! સ્વરૂપમાં વીંટાઈ ગયો ! જ્ઞાન અને દર્શન જે થયું એમાં વીંટાઈ ગયો અને એકાકાર થઈ ગયો. આ...હા..હા..!

થોડું ઝીણું છે, ભગવાન ! એમાં આ પરદેશ ! આફ્રિકા તો અનાર્ય દેશ જેવો દેશ ! એમાં આ વાત ! સમજવી કઠણ પડે પણ અનાદર ન કરવો. કઠણ પડે એટલે ‘આવી (વાત) અમારે ન હોય, અમારે તો પહેલું ફલાણું હોય !’ એમ ન કરવું. પહેલું જ આ હોય. આ વિના જન્મ–મરણનો અંત કોઈ દી’ આવવાનો નથી. આહા...હા...! ચોરાશી લાખના અવતાર ! આહા...હા...! ‘એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો નહોતો ?’ આહા...હા...! મોટા માળિયા અને મોટા ૫--૫ કરોડના મકાનો (મૂકીને) સોડ તાણીને સૂતો, સોડ તાણીને સૂતો ! સગાંવહાલાં બધા ટગટગ જોઈ રહ્યાં. અર..ર..ર...! ૨૦ વર્ષનો જુવાન ચાલ્યો જાય છે ! બાયડી બે વર્ષના પરણેતરની હોય, એ ટગટગ જોવે અને ધ્રુસકે–ધ્રુસકે રોવે... એથી શું થાય ? એવી સ્થિતિ અનંતવાર થઈ છે. એક વાર નહિ પણ દરેક પ્રાણીને, સ્ત્રીપણે પણ અનંત અવતાર થયાં, પુરુષપણે અનંતા અવતાર થયાં, હીજડાપણે (અનંતા અવતાર થયાં). હીજડા એટલે આ નપુંસક. નપુંસક (હોય) છે ને ? આમ પુરુષ દેખાય (પણ) હોય અંદર નપુંસક ! આહા...હા...!

એક ગૃહસ્થની દીકરી ગૃહસ્થને ત્યાં પરણાવી. આ વાત બનેલી છે નામ નથી આપતાં. ત્યાં એ છોકરો નીકળ્યો નપુંસક – હીજડો ! આહા...હા...! કેટલા વર્ષનો સંબંધ ! ૨૫--૩૦ વર્ષનો એકબીજાને સંબંધ, એમ ધારીને છોકરાને કન્યા આપી. એ છોકરો નપુંસક નીકળ્યો, હીજડો ! આહા...હા..! જેની ઇન્દ્રિય જરીયે કામ ન કરે ! એવા અવતાર પણ ધારણ કર્યાં, પ્રભુ ! આહા...હા...! એવા અનંતા અવતાર કર્યા છે, પણ

તારો પરમેશ્વર પૂર્ણ સામર્થ્યવાળો છે. આહા...હા...! એને જો ! એની શ્રદ્ધા (કર), એનું આચરણ કરે ! આ..હા...હા...હા...! અહીં તો ૩૮ ગાથાનો સરવાળો ઇ લીધો છે. જીવને સમજાવ્યો તો જીવ સમજીને આચરણ પામી ગયો ! આહા...હા...!

**'...તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને (–તેમાં તન્મય થઈને)...'** અતીન્દ્રિય આનંદ(સ્વરૂપ) ભગવાન ! એમાં તન્મય થઈ... આ..હા..હા...! ધન્ય અવતાર ! જેણે અવતાર સફળ કર્યા ! જેને જન્મ–મરણના અંત આવ્યા ! અહીં એ વાત કરી છે. આહા...! એવા જીવને લીધો છે. એ જીવ પામી ગયો, એમ કહે છે. આહા...હા...! ન પામે એવી તાકાત (નથી). એનામાં પામે એવી તાકાત ભરી છે. ફક્ત એની નજરને આળસે રે એ નયણે ન નીરખ્યાં હરિ ! 'નયણને આળસે રે નીરખ્યાં ન નયણે હરિ' હરિ – આત્મા ! 'પંચાધ્યાયી'માં 'હરિ'નો અર્થ કર્યો છે. પંચાધ્યાયી છે ને ? એમાં 'હરિ'નો અર્થ કર્યો છે. હરિ એટલે અજ્ઞાન અને રાગ–દ્વેષને હરે તે હરિ. એવો ભગવાન આ હરિ છે. પ્રત્યેક આત્મા હરિ છે. આહા...હા..હા...! 'પંચાધ્યાયી'માં છે. અજ્ઞાન અને રાગ–દ્વેષને હરનાર અને જ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરનાર એવો એ પરમેશ્વર તાકાતવાળો છે ! જેને રાગ અને પરની સાથે કાંઈ સંબંધ નથી. આ..હા..હા...! પર જીવ સાથે તો કાંઈ સંબંધ નથી.

એ કહ્યું હતું ને ? આત્મા(માં) પર્યાય (એટલે) જે અવસ્થા છે, દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ છે – દ્રવ્ય અને ગુણ એ ત્રિકાળ છે, પણ વર્તમાન પર્યાય છે – અવસ્થા, એમાં સ્ત્રી, કુટુંબ–પરિવાર, લક્ષ્મી, આબરૂ છે જ નહિ. એ તો એનામાં છે. અહીં ક્યાં હતી ? પર્યાયમાં નથી. એની પર્યાયમાં (પણ) નથી ! આહા...હા...! અને એને મારા માનીને મૂર્ખ ચારગતિમાં રખડી રહ્યો છે. જે એની પર્યાયમાં નથી, એના દ્રવ્ય–ગુણમાં તો નથી – દ્રવ્ય ત્રિકાળી, ગુણ ત્રિકાળી, એમાં તો નથી પણ એની



વર્તમાન દશામાં પૈસો, સ્ત્રી, કુટુંબ–પરિવાર છે નહિ. બરાબર છે ? છોકરાં–(છોકરી) કોઈ નથી પર્યાયમાં ? એની પર્યાયમાં હોય તો રાગ–દ્વેષ અને અજ્ઞાન (છે). મિથ્યાત્વ અને રાગ–દ્વેષ – ત્રણ એની પર્યાયમાં છે. બાકી બીજી કોઈ ચીજ એની પર્યાયમાં નથી. આ..હા...હા...! આવું છે, ભગવાન ! આહા...હા...! પ્રભુ ! એનું દ્રવ્ય તો ત્રિકાળ છે. ગુણ ધ્રુવ ત્રિકાળ છે. વર્તમાન અવસ્થા જે પર્યાય છે, (જે) બદલે છે, એ પર્યાયમાં ત્રણકાળમાં ત્રણલોકમાં સ્ત્રી, કુટુંબ–પરિવાર, પૈસો, લક્ષ્મી, આબરૂ એની પર્યાયમાં નથી. આહા...હા...! એ (ઊંધું) માને છે – એ મિથ્યાત્વ અને રાગ–દ્વેષ એની પર્યાયમાં છે. તો એને મિથ્યાત્વ અને રાગ–દ્વેષ ટાળવાનું છે.

પરનો ત્યાગ અને ગ્રહણ આત્મામાં છે જ નહિ. શું કહ્યું એ ? આત્મામાં અનંત ગુણ છે. એમાં એક એવો ગુણ છે કે 'ત્યાગ–ઉપાદાન શૂન્યત્વ શક્તિ !' પરનો ત્યાગ અને પરનું ગ્રહણ – એનાથી ભગવાન શૂન્ય છે. અજ્ઞાનીનો આત્મા પણ એનાથી શૂન્ય છે ! આ..હા..હા...! કે દી' વિચાર કર્યા છે એણે ! પર વસ્તુ જે છે – સ્ત્રી, કુટુંબ–પરિવાર, આબરૂ, બાયડી, છોકરાં, મકાન, પટારા, દાગીના, કોઈ ચીજ એની પર્યાયમાં છે જ નહિ. એની પર્યાયમાં 'એ મારાં છે, હું એનો છું' – એવો મિથ્યાત્વ અને રાગ–દ્વેષભાવ છે. આહા...હા...! એને અહીંયાં ટાળ્યું છે, એમ કહે છે. પર્યાયમાં જે રાગ–દ્વેષ અને મિથ્યાત્વ હતું, એ દ્રવ્યબુદ્ધિ, જ્ઞાયક(સ્વરૂપની) બુદ્ધિ કરી, એને ટાળ્યાં છે.

એથી, આ..હા..હા...! **'...જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો...'** આહા...હા...! 'સમ્યક્ પ્રકારે' શબ્દ કેમ લીધો છે ? કે, અગિયાર અંગના જાણપણામાં એ વાત એને આવી હતી, પણ અંદરમાં ગયો નહોતો. આહા..હા...! સમજાય છે કાંઈ ? અગિયાર અંગના જ્ઞાન (એટલે) એક અંગમાં ૧૮,૦૦૦ પદ, એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક, એવા એવા

આચારંગ... ડબલ, ઠાણાંગ ડબલ. ડબલ–ડબલ (કરતાં જાવ, એટલે) ૧૮,૦૦૦, ૩૬,૦૦૦, ૭૨,૦૦૦ એમ ડબલ ! એવા અગિયાર અંગના જાણપણા કર્યાં !! પણ 'સમ્યક્ પ્રકારે' આત્માને જાણ્યો નહિ. આ..હા..હા...! એથી અહીં શબ્દ વાપર્યો છે કે, 'સમ્યક્ પ્રકારે.' (અર્થાત્) જેવું એનું સ્વરૂપ છે તે રીતે શ્રદ્ધા–જ્ઞાન અને આચરણ કર્યું. આ..હા...હા..! સમ્યક્ નામ જેવું સત્ય છે, જેવો એ સત્‌સ્વરૂપ પ્રભુ છે, એ પ્રકારે જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ કર્યું. ત્યારે તે દર્શન–જ્ઞાન–ચારિત્રને પામ્યો, ત્યારે તે આત્માના આચરણને પામ્યો. આહા...હા...!

**'...સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો...'** 'એક' શબ્દ કેમ વાપર્યો ? જોયું ! 'એક આત્મારામ થયો !' ગુણ–ગુણીનો ભેદ પણ ન મળે હવે. આ..હા..હા..! પર વસ્તુ તો નથી, રાગ–દ્વેષ અને મિથ્યાત્વ તો નથી, પણ ગુણ–ગુણીનો ભેદ નથી ! 'એક' આત્મારામ ! આ...હા...હા...! બહુ સારી વસ્તુ આવી છે ! ગાથા બહુ સારી છે !! એકરૂપ આત્મા, ત્રિકાળ આનંદનો નાથ દ્રવ્ય સ્વરૂપ પ્રભુ ! એ દ્રવ્યરૂપ – એકરૂપ દ્રવ્યરૂપ થયું એને આ આનંદ અને (આ) આત્મા, એવા ભેદ પણ લક્ષમાં રહ્યા નહિ. આ..હા..હા...! ત્યારે તે મોક્ષનો માર્ગ પામ્યો. ત્યારે તેની અલ્પકાળમાં મુક્તિ થવાની, સંસારનું પરિભ્રમણ મટવાનું. આહા...હા...!

**'...સમ્યક્ પ્રકારે આત્મારામ થયો...'** આત્મારામ થયો ! આહા..હા...! 'નિજપદ રમે સો રામ કહીએ.' નિજપદમાં રમે તેને 'રામ' કહીએ, તેને આત્મારામ કહીએ. 'આત્મારામ' નામ તો ઘણાંના હોય છે, એ આત્મારામ નહિ. નિજ આત્મામાં...આહા....! એક જ દ્રવ્ય ઉપર રમણતા (થતાં) એક આત્મારામ થયો, દ્વૈતપણું ન રહ્યું. આહા...હા...! આત્મા અને જ્ઞાન – એવા બે પ્રકાર પણ લક્ષમાં ન રહ્યા. દૃષ્ટિમાં એકલો આત્મારામ (આવ્યો) ! આહા...હા...! ઝીણી વાત છે, પ્રભુ ! પણ વાત સાચી છે. આ કર્યે છૂટકો છે, નહિતર આ જન્મ–મરણનાં (ફેરા નહિ



મટે), આહા...હા...!

હમણાં તો એક (પ્રસંગ બનેલો). 'સોનગઢ'માં ઇસ્પિતાલમાં એક ડૉક્ટર હતો. તે બેઠો હતો એમાં એક નાગણી નીકળી. એને ખબર નહિ કે આ નાગણી નીચે (છે). એમાં પગ આવ્યો નાગણી ઉપર ! એમાં એનો ડંસ વાગ્યો (અને) ત્યાંને ત્યાં મરી ગયો ! નાગણીને સાજી રાખી. નાગણી ઉપર પગ પડ્યો, અંધારાનું ટાણું (હતું). ડૉક્ટર બહુ હુશિયાર હતો. પગ પડ્યો એટલે (નાગણીએ ડંસ માર્યો અને) ફટ... (કરતો) દેહ છૂટી ગયો ! એ નાગણીને લોકોએ બચાવી ! ઉપચાર કર્યો, આર્ય માણસ ખરાને ! (એટલે એમ થયું કે) ભાઈ, (પગ) આવી ગયો પણ હવે એને મારી નાખવું, એ ઠીક કહેવાય નહિ, આપણને શોભે નહિ. એટલે પગ(નું) દબાણ થયું હતું (એનો ઉપચાર કરીને) નાગણીને બચાવી લીધી. એ તો એ પર્યાય તેની તે કાળે થવાની હતી તે થઈ છે. આહા...હા...! સમજાય છે કાંઈ ? કોઈએ એને બચાવી છે કે (ડૉક્ટર) નાગણીને લઈને મરી ગયો છે, એમ નથી. એ દેહ છૂટવાનો સમયનો કાળ જ હતો. આહા...હા...! અને એ નાગણીને ત્યાં બચવાનો જ સમય હતો. સોનગઢ પાસે છે ને ? શું કહેવાય ?

મુમુક્ષુ :– જિથરી હૉસ્પિટલ ! T.B.ની હોસ્પિટલ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– જિથરી હૉસ્પિટલ મોટી ! T.B.ની હૉસ્પિટલ છે ને !

મુમુક્ષુ :– ડૉક્ટરેય મરી જાય, ગુરુદેવ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ડૉક્ટર મરી ગયો ! ઇ ડૉક્ટર કહે, ડૉક્ટર લાવ ! આહા..હા...! કરડ્યા ભેગું ઇ તો મરી ગયો (અને) નાગણી જીવતી રહી ગઈ ! ડૉક્ટર મરી ગયો, તરત મરી ગયો. નાગણીનું ઝેર (ચડી ગયું). પગ આવ્યોને (એટલે) ડંખ માર્યો પગમાં, ઊડી ગયો.... ખલાસ !

'ભાવનગર'નો એક ડૉક્ટર, ઇસ્પિતાલનો મોટો ડૉક્ટર ! Surgeon ! એ કોઈનું Operation કરતો હતો. એમાં એકદમ કહે 'મને કાંઈક થાય છે.' એ મને થાય છે (એમ કહ્યું અને) ત્યાં ખુરશીએ બેઠો, (બેઠા ભેગો) ડૉક્ટર ઊડી ગયો ! આહા...હા...! ડૉક્ટરેય શું કરે ? ડૉક્ટર કોને બચાવે ? પોતાને બચાવી શકે નહિ ! જે સમયે દેહ છૂટવાનો પ્રભુ ! તે સમય નક્કી–(નિશ્ચિત) છે. તે સમયે દેહ છૂટી જવાનો. મોટો ઇસ્પિતાલનો Surgeon હો કે મહિનાનો લાખ રૂપિયાનો પગારદાર હો ! મોટા–મોટા ડૉક્ટર હોય, આહા...હા...! જેના લાખ–લાખ રૂપિયાના પગાર હોય (તેનો પણ) એક ક્ષણમાં દેહ છૂટવાનો ! આહા...હા....! સમય આવ્યો ભેગો દેહ છૂટી જાય, ફડાક દઈને ! એક આત્મારામ નિત્ય ધ્રુવ છે, એને પકડ ! એને પકડ અને એનું જ્ઞાન અને એની શ્રદ્ધા કર અને એનું આચરણ કર ! મહાવ્રતોનું આચરણ કર, એ આમાં નથી કહ્યું. આહા...હા....! એ વચ્ચે આવી જાય છે, પણ આચરણ આત્માનું કર ! આ...હા...હા...!

આત્મા તો નથી સ્ત્રી, નથી પુરુષ, નથી પાવૈયો, નથી તિર્યંચ, નથી મનુષ્ય, નથી દેવ, નથી નારકી, નથી કીડો, એ બધા જડનાં લક્ષણ છે. ભગવાનઆત્મા ! આ..હા...હા...! પૂર્ણાનંદના નાથને અંદર ઓળખી, શ્રદ્ધા કરી, આચરણ કર્યું (અને) આત્મારામ થયો. જે રાગરામ હતો, આત્મામાં હરામ હતો, રાગમાં કુશળ હતો. ડાહ્યા દુનિયાના કહેવાય છે ને ? એ ડાહ્યા દુનિયામાં ઊંડા જવાના ! ઊંડા રખડવા જવાના ! આ..હા...હા...! ત્યાં દુનિયાના ડહાપણ જરીયે કામ આવે એવા નથી, આહા...હા...! આકરું કામ છે ! આવી તો સત્ય વાત છે, ભાઈ કાને પડવી જોઈએ ! આવી વાત છે, બાપા ! આહા...! આહા...હા...! આવી વાત ક્યાં છે !

(અહીંયાં) કહે છે કે, એ **'...આત્મારામ થયો, તે હું એવો અનુભવ**



**કરું છું...'** જોયું ? આત્મારામ થયો એવો (હું) અનુભવ કરું છું, **'...હું એવો અનુભવ કરું છું કે : હું તો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...'** હું તો ચૈતન્ય, જ્યોતિરૂપ આત્મા છું ! આ..હા...હા...! એમાં બધા ગુણ ભેગા આવી ગયા. ચૈતન્યમાત્ર જ્યોતિમાં અવિનાભાવમાં અનંતા ગુણ ભેગા છે, એ આવી ગયા. પણ ચૈતન્યની પ્રધાનતા અસાધારણ સ્વભાવ છે (માટે એમ કહ્યું કે) હું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. આહા...હા...! રાગ નહિ, વિકલ્પ નહિ, અલ્પજ્ઞતા નહિ. અલ્પજ્ઞતા નહિ, રાગ નહિ, રાગના ફળ પુણ્ય નહિ, પુણ્યના ફળ આ બહારની ધૂડ, એ હું નહિ. આ...હા...હા...હા...! હું તો એક ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું **'...કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...'** આ...હા...હા...! કેટલી વાત મૂકી છે ! જે મારા જ અનુભવથી, 'મારા જ અનુભવથી !' આહા...હા...! કોઈ ગુરુ, દેવ અને શાસ્ત્રથી નહિ. આહા...હા...! મારા જ અનુભવથી... આહા...હા...! હું ચૈતન્ય જ્યોતિ છું જે મારા જ અનુભવથી... છે ને ? **'...મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...'** મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે ! આ..હા...હા...! ગાથા બહુ અલૌકિક ! **'...હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...'** આહા...હા...!

હવે કહે છે કે, હું કેવો જુદો છું ? કોનાથી (જુદો છું) ? છું તો ચૈતન્યમાત્ર જ્યોતિ છું. પણ કોનાથી જુદો છું, એનું જ્ઞાન કરાવે છે. **'...ચિન્માત્ર આકારને લીધે,...'** (અર્થાત્) હું તો જ્ઞાનમાત્ર આકારવાળો ચૈતન્યસ્વરૂપ (છું) એને લીધે **'...ક્રમરૂપ તથા અક્રમરૂપ...'** ક્રમરૂપ એટલે ? ગતિ ક્રમરૂપ છે. એક પછી એક ગતિ (આવે છે) એ ક્રમરૂપ છે અને અક્રમરૂપ એટલે ? જોગ અને લેશ્યા અને જ્ઞાન અક્રમ (એટલે) એકસાથે છે. અક્રમ એટલે પર્યાય અક્રમ કરે, એ વાત અહીંયાં નથી. પર્યાય તો ક્રમબદ્ધ જ છે. ક્રમ એટલે કે ગતિ એક પછી એક (આવે) એ ક્રમરૂપ

(કહેવાય). એ પણ હું નહિ અને અક્રમ એટલે જોગ, લેશ્યા, કષાય અને જ્ઞાન એકસાથે હોય, એ પણ પર્યાય (છે) એટલો પણ હું નહિ.

આ ક્રમબદ્ધની સામે અક્રમબદ્ધ આવ્યું ! એ ક્રમબદ્ધની સામે અક્રમ નથી. એ અક્રમ (પણ) ક્રમસર છે. શું કીધું ? એક પછી એક ગતિ છે તે ક્રમસર છે, પણ ક્રમસર (ગતિ થવા) કાળે જોગ, લેશ્યા, કષાય, રાગ આદિ એકસાથે છે. છે તો પર્યાયમાં, છે તો ક્રમબદ્ધમાં આવેલા, પણ એકસાથે છે એને 'અક્રમ' કહે છે. એકસાથે છે માટે અક્રમ કહે છે અને ગતિ એકસાથે નથી તો એને ક્રમ કહે છે. સમજાણું આમાં કાંઈ ? ક્રમ–અક્રમમાં એમ નથી કે ક્રમબદ્ધ છે અને અક્રમબદ્ધ પણ છે, એમ નથી. આહા...હા...! અક્રમ એટલે જોગ, લેશ્યા, કષાય, ગતિ એકસાથે હોય (છે) (તેથી) એને અક્રમ કહેવાય અને એક પછી એક ગતિ થાય તેને ક્રમ કહેવાય. એ ક્રમરૂપ અને અક્રમરૂપ તે હું નથી. આહા...હા...! સમજાય છે કાંઈ ?

'**...હું સમસ્ત ક્રમરૂપ...**' મારો ભગવાનઆત્માનો ચૈતન્ય આકાર (હોવાને) લીધે હું સમસ્ત ક્રમરૂપ ગતિ (આદિથી ભેદરૂપ થતો નથી). (ક્રમરૂપ એટલે) એક પછી એક ગતિ થાય તે – ક્રોધ પછી માન, માન પછી લોભ, એ બધા ક્રમ કહેવાય. પણ એકસાથે ક્રોધ, લેશ્યા અને જોગ (હોય) એ અક્રમ કહેવાય. સમજાય છે કાંઈ આમાં ? ક્રમવર્તી આમાં ફરતું નથી. ક્રમબદ્ધ જે છે ઇ તો ક્રમબદ્ધ જ છે. આ અક્રમ (કહ્યું) એ પણ ક્રમબદ્ધમાં છે, પણ એકસાથે છે માટે અક્રમ કીધું છે. જોગ છે, લેશ્યા છે, રાગ છે, ઇન્દ્રિય છે, ભાવેન્દ્રિય છે, એ બધું એકસાથે છે. એકસાથે છે તેથી અક્રમ કીધું, પણ છે તો ક્રમબદ્ધમાં જ આવેલું. આહા...હા...! સમજાણું કાંઈ આમાં ? બહુ ક્રમબદ્ધ કહેવાય છે માટે આ અક્રમ આવ્યું ને ? ક્રમબદ્ધ ! સમયે–સમયે ક્રમબદ્ધ થાય, આડુંઅવળું ન થાય, તો આ અક્રમ આવ્યું ને ? પણ આ અક્રમની વ્યાખ્યા બીજી



છે. એકસાથે જોગ અને લેશ્યા આદિ છે એથી અક્રમ કીધું અને ગતિ એક પછી એક (હોય) – મનુષ્યગતિ (પછી) દેવ, દેવગતિ (પછી) નારકી... એ ગતિ એક સમયમાં બે ન હોય, માટે તે ગતિ એક પછી એક હોય તેને 'ક્રમ' કહેવાય અને જોગ અને લેશ્યા એકસાથે હોય તેને 'અક્રમ' કહેવાય. છે તો બન્ને ક્રમ – ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે. અક્રમ આવ્યું ! અક્રમમાં ક્રમબદ્ધ ખોટું પડી જાય એમ નથી. આ અક્રમ(નો) એવો અર્થ નથી. અક્રમનો અર્થ જ્ઞાનની પર્યાય, જોગની પર્યાય, રાગની પર્યાય એકસાથે છે એને 'અક્રમ' કહીએ અને ગતિ એકસાથે ન હોય. નારક વખતે મનુષ્ય નહિ, મનુષ્ય વખતે દેવ નહિ, એને 'ક્રમ' (કહેવાય).

'**...સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા...**' છે ? '**...વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી...**' આહા...હા...! એવા ક્રમ અને અક્રમ(રૂપ) ભાવથી ભેદરૂપ થતો નથી, હું તો અભેદ છું. ભલે એકસાથે જોગ અને લેશ્યા (હોય) (અને) ગતિ (એક પછી એક) હોય (તોપણ) હું તો અભેદ એકાકાર છું. આવા ભેદથી હું ભેદ(રૂપ) થતો નથી. વિશેષ કહેશે....

❋ ❋ ❋

## પ્રવચન-૧૬, ગાથા – ૩૮

('સમયસાર', ૩૮મી ગાથા ચાલે છે). અનંત-અનંત જ્ઞાન આદિ સંપદાથી ભરેલો પદાર્થ છે. આ દેહથી જુદો, દેહનો જાણનાર (પણ) દેહરૂપે નહિ. (જ્યારે) દેહરૂપે (નથી) તો બીજી ચીજરૂપે તો ઇ છે (જ) નહિ. એ તો જ્ઞાનાનંદ સહજાનંદસ્વરૂપ છે. આહા...હા...! એવો જે જ્ઞાનાનંદ સ્વભાવ, એને ભૂલીને અનાદિથી રાગ, દ્વેષ અને પુણ્ય અને પાપ(ના) એવા ભાવો કરી, ચોરાશીના અવતાર આત્મા કરી રહ્યો છે. એ દુઃખી છે એની એને ખબર નથી, કેમકે આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્ કાયમ રહેનાર જ્ઞાન અને આનંદ, એનો એ ત્રિકાળી સ્વભાવ છે. એની એને ખબર નથી. બહારની ખબરમાં – ડહાપણ(ના) દરિયામાં ડૂબી ગયો છે. બહારમાં પુણ્ય અને પાપ અને એના ફળ તરીકે (મળેલી) આ ધૂડ – ૫--૨૫ કરોડ, અબજ કે બે અબજ (રૂપિયા) મળે, એ ધૂડમાં અને બાયડી – છોકરામાં રોકાઈ ગયો, પણ હું કોણ છું ? મારી ચીજ શું છે ? હું કેટલી સંપદાવાળો છું ? મારામાં કેટલી ઋદ્ધિ અને સમૃદ્ધિ છે ? એનો તેણે એક સમય પણ કોઈ દી' વિચાર કર્યો નથી. આ...હા...હા...! અનાદિથી એણે આ જ વિચાર કર્યો નથી. બાકી બધું બહારનું (કર્યું છે). હું કરું... હું કરું... એવું અજ્ઞાન માન્યું છે. ઝીણી વાત છે, પ્રભુ !

સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ, જેને ત્રણકાળનું જ્ઞાન છે (એ) વર્તમાન



બિરાજે છે. મહાવિદેહમાં 'સીમંધર' પ્રભુ બિરાજે છે. ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન છે. (એવા) વીસ તીર્થંકર બિરાજે છે. એમના શ્રીમુખે જે દિવ્યધ્વનિ આવી, દિવ્ય નામ પ્રધાન વાણી, એની રચના આમાં થઈ છે. કેમકે 'કુંદકુંદઆચાર્ય' જે મુનિ હતા, એ સંવત '૪૯માં ત્યાં ગયા હતા. કેમ વાત મનાય ?! ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બધી રચના કરી છે. એમાં આ ૩૮ ગાથા(માં) જીવની પૂર્ણતા કેમ થાય ? અને અપૂર્ણતામાં એ કેમ માની રહ્યો છે ? એ વાત ભગવાનના શ્રીમુખે નીકળેલી છે, એ વાત અહીંયાં કહેવામાં આવે છે. આપણે એક વાત (થઈ) ગઈ. (હવે) એક બીજી વાત છે. અહીંથી લેવાનું છે.

**'...નર, નારક આદિ જીવના વિશેષો...'** છે અંદર ? આહા...! આ મનુષ્યપણું, નારકીપણું નીચે છે, દેવ અને તિર્યંચ – આ તિરછા (પ્રાણીઓ) આ મનુષ્ય આમ ઊંચા છે અને તિર્યંચ (આમ આડા છે). કષાયની આડોડાઈ બહુ કરેલી – ક્રોધ, માન, માયા, લોભ, રાગ એમાં એ રહેલા (તેથી) એ મરીને તિર્યંચ થાય છે. તિર્યંચ એટલે તિરછા, જેના આડા શરીર (છે). સિંહ, વાઘ, ખિસકોલી, ગાય, ઘોડા (એના) આમ આડા શરીર હોય, મનુષ્ય આમ સીધા છે. એવા ભવ પણ અનંતવાર કર્યા અને તિર્યંચના પણ અનંતા અવતાર કર્યા. અરે....! સ્વર્ગના પણ અનંતા અવતાર કર્યા, પ્રભુ ! પણ આ દેહમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ કોણ છે ? તેની તેણે નજરું કોઈ દી' કરી નથી !! એની સંભાળ કોઈ દી' કરી નથી. એ અહીં કહ્યું છે.

**'...નર...'** 'નર' એટલે મનુષ્યદેહ **'નારકી...'** નીચે નરક છે. એક મનુષ્યને મારે તો રાજમાં એની વ્યવસ્થા એકવાર ફાંસી દેવાની હોય, પણ ૨૫ જણાના ખૂન કર્યાં હોય, તો અત્યારે તેને ૨૫ (ખૂનનું) ફળ દેવાની વર્તમાન રાજમાં શું વ્યવસ્થા છે ? એ કુદરતમાં એની વ્યવસ્થા છે. એ નરક એક (ક્ષેત્ર) છે, નરક ! નારકી ! તેમાં જેટલાં એણે પાપ

કર્યાં, એટલા જ પ્રમાણના દુઃખ (ભોગવવાનું) જે સ્થાન છે તે સ્થાનને નરક–સ્થાન કહે છે. નીચે નરક–સ્થાન છે. ત્યાં પણ જીવ અનંતવાર ગયો છે. મનુષ્યનો ભવ અનંતવાર થયો છે. અબજોપતિ અનંતવાર થયો.

અત્યારે વાત કરી હતી નહિ એક ફેરી. ગોવામાં એક (ભાઈ) હતા. આવતા અમારી પાસે, એને ૨ અબજ ૪૦ (કરોડ), અઢી અબજ રૂપિયા હતાં. અઢી અબજ રૂપિયા, શું કરે ? ૬૦ લાખના મકાન હતા. બંગલા, ૪૦ લાખનો એક, ૧૦--૧૦ લાખના બે. બૈરાને અહીં કાંઈક, શું કહેવાય ? (મુમુક્ષુ :– હેમરેજ). હેમરેજ, હેમરેજ થયેલું અને મુંબઈ આવેલા. એમાં મુંબઈ જ્યાં ૩--૪ દિ' રહ્યાં અને હજી બાઈને તો હેમરેજ અસાધ્ય હતી. એમાં એને એકદમ અંદર થયું. આવ્યું.... ૬૧ વર્ષની ઉંમર હતી. અઢી અબજ રૂપિયા હતા. ૬૦ લાખના તો ત્રણ મકાન હતા – ધૂળમાં. એ મને દુઃખે છે. કહે 'ડૉક્ટરને બોલાવો.' જ્યાં ડૉક્ટર આવે છે ત્યાં ભાઈસાબ દેહ છોડીને અવસ્થા પૂરી થઈ ગઈ, પ્રભુ ! એ બધું પડ્યું રહ્યું, અને જે પરિણામ મમતાના કર્યા હતા, એ મમતાના પરિણામ તરીકે, ચારગતિમાં રખડવા હવે ચાલ્યો ગયો ! આહા..હા...! આવો મનુષ્યનો ભવ મળ્યો, એમાં જો આત્માનું કાંઈ ન કર્યું તો એના અવતારના આરા કોઈ દી' આવે એવા નથી. એ અહીં કહે છે. (એવા) મનુષ્યના ભવ અનંતા કર્યા, નારકીના કર્યા, દેવ(ના કર્યા), તિર્યંચના કર્યાં. એ '**...નર, નારક આદિ...**' છે ને ? '**...જીવના વિશેષો...**' (એટલે) જીવની વિશેષ અવસ્થાઓ, સામાન્ય જે ત્રિકાળ (સ્વરૂપ) છે એની ખબર વિના (અનેક ભવો કર્યો). જરી ઝીણી વાત છે, પ્રભુ ! જીવની વિશેષ દશાઓ (એટલે) મનુષ્યપણું, તિર્યંચપણું, નારકીપણું, દેવપણું, એવા વિશેષો જીવને અનંતવાર થઈ ગયા. પણ એણે આત્મા અંદર વિશેષ રહિત (સામાન્ય સ્વરૂપ) જુદો છે (તેનું જ્ઞાન ન કર્યું). જેની સત્તામાં – જેના હોવાપણામાં આ જણાય છે. એ જાણનારો જણાય છે (તે) તેનાથી જુદો છે. જાણનારો –



જેની સત્તામાં, જેની હયાતીમાં આ બધું જણાય છે, તેનાથી તે જાણનારો (જુદો છે). જણાય છે તે ચીજથી જુદો છે. એવું એને વિશેષ(રૂપ) મનુષ્યપણું આદિ અનંતવાર મળ્યું એ કહે છે.

'**...નર, નરક આદિ જીવના વિશેષો...**' એ અનંતવાર મળ્યાં. '**...અજીવ...**' (એટલે) આ જડ શરીર, આ વાણી, આ માટી–ધૂળ છે. ખીલો ક્યાંક વાગે (તો) લોકો કહે, બોલે, 'મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ.' ત્યારે એમ બોલે કે, 'મારી માટી પાકણી છે !' એમ આ માટી છે, આ તો માટી છે. ભગવાન તો અંદર માટીનો જાણનાર ચૈતન્ય ભિન્ન છે. આહા...હા...! એવું એણે જાણવાનું કદી કર્યું નથી. આહા...હા...! બાકી તો અબજોના અબજો (મળે) એવો પૈસાવાળો અનંતવાર થયો, સો વાર માગે અને એક વાર કોળિયો મળે એવો ભિખારી અનંતવાર થયો, ઇ બધી વિશેષ દશાઓ છે. એ વિશેષમાં આખું ત્રિકાળી તત્ત્વ આવતું નથી, એમ કહે છે. આ..હા..હા...! એ વિશેષોથી અંદર આત્મા જુદો છે. કેમ બેસે...? કોઈ દી' વિચારે કર્યો ન હોય ! આહા...હા...! શરીર, પૈસો, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મકાન, ધૂળ એ બધા અજીવ છે. એ અજીવ 'આત્મા' નથી. અજીવમાં આત્મા નથી, અજીવ જીવમાં નથી, જીવ અજીવરૂપે થયો નથી. અજીવ જીવરૂપે થયો નથી. અજીવ અજીવરૂપે રહ્યા છે. એ અજીવ વિશેષ છે.

'**પુણ્ય,...**' દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પુણ્ય અનંતવાર કર્યાં છે. આહા..હા...! ઝીણી વાત છે, પ્રભુ ! એણે શુભભાવ – પુણ્ય વિશેષપણે – મનુષ્યપણામાં, સ્વર્ગમાં, તિર્યંચમાં પણ અનંતવાર કર્યાં છે, પણ એ પુણ્ય કાંઈ આત્મા નથી. પુણ્ય તો એક શુભભાવ છે, એ તો વિકાર છે. વિકારથી પ્રભુ અંદર ભિન્ન ચીજ છે. આહા...હા...! એ પુણ્ય (થયું). '**...પાપ...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, પરિગ્રહ, આહા...હા...! એવું જે પાપ, એ પણ અનંતવાર કર્યું છે. આ વસ્તુ પૈસા આદિ જે કંઈ

મળે એ પૂર્વના પુણ્યને લઈને (મળે) છે પણ મળેલી ચીજ છે એ પાપ છે. ભગવાન જિનેશ્વરદેવ ત્રિલોકનાથે સિદ્ધાંતમાં તેને – પરિગ્રહ(ને) પાપ કહ્યું છે. મળે પુણ્યથી, પણ એ ચીજ પાપ છે, એ પાપથી પણ આત્મા ભિન્ન છે. આ..હા..હા...! એ પાપ એક વિશેષ દશા છે. ભગવાન ધ્રુવ ચિદાનંદ પ્રભુ ! જેની આદિ નહિ, અંત નહિ, એવી નિત્ય ચીજ, એ બધા વિશેષ ભાવો છે, એનાથી જુદો છે. આહા...હા...! પુણ્ય-પાપથી જુદો છે. કેમ બેસે ?

છે ? '**...આસ્રવ...**' એ શુભ અને અશુભ ભાવ બન્ને આસ્રવ છે. આસ્રવ એટલે વહાણમાં જેમ છિદ્ર હોય અને વહાણમાં પાણી આવે એમ ભગવાનમાં પુણ્ય અને પાપના ભાવ છે તે આસ્રવ છે. એનાથી નવા આવરણ આવે (તેથી તે) ધર્મ નથી, લાભ નથી. નવા આવરણ આવે એને આસ્રવ કહે છે, એ પણ અનંતવાર સેવ્યાં છે. આહા...હા...! '**...સંવર...**' થોડી ઝીણી વાત છે, પ્રભુ ! સંવર અનંતવાર કર્યું નથી પણ સંવર ભાવ આવે છે, એ પર્યાય છે. સંવર એટલે પુણ્ય–પાપરહિત ભાવ, તે અનંતવાર કર્યો નથી પણ તે આવે છે એ વિશેષ દશા છે. આત્મા એ વિશેષથી ભિન્ન અંદર જુદો છે. આહા...હા...! આ કેમ બેસે ? કોઈ દી' સાંભળ્યું ન મળે કે કર્યું ન મળે ! આહા...હા...!

અહીં તો ૭૨ વર્ષથી આ વાત ચાલે છે ! આ શરીરને ૯૧ થયાં, શરીરને ૯૧ વર્ષ થયાં. દુકાનમાં પણ હું તો આ વાંચતો 'પાલેજ'માં મોટી દુકાન છે, 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે, ત્યાં દુકાન છે. પૈસા છે, ૪૦ લાખ રૂપિયા છે. ૪ લાખની પેદાશ છે. ૬૭ વર્ષ પહેલાં હું ત્યાં દુકાન ચલાવતો. પણ પછી '**પૂર્વના સંસ્કાર હતા (તેથી) કાંઈ રુચ્યું નહિ, ક્યાંય ગોઠયું નહિ.**' અને આત્મા જુદો કોણ છે ? એને માટે મારે હવે તો દીક્ષા લેવાની છે. પિતાજી સ્થાનકવાસીમાં હતાને ! પિતાજી સ્થાનકવાસી હતા. એમાં જન્મ હતો. એમાં દીક્ષા લીધી પણ



એમાં પણ તત્ત્વની મૂળ વાત સાંભળવા મળી નહોતી. આહા...હા...!

સંવર ! (એટલે) પુણ્ય અને પાપના ભાવરહિતની દશા, એ પણ વિશેષ અવસ્થા (છે). એનાથી પ્રભુ અંદર જુદો છે, સામાન્ય ધ્રુવ છે. આ..હા..હા...! કેમ બેસે ? ક્યાં દરકાર (છે) ? સંવરથી જુદો આત્મા (કહ્યો) ! પુણ્ય અને પાપના ભાવ ન કરતાં, ધર્મદશા કરી, સંવરદશા કરી, છતાં તે દશા છે, એ અવસ્થા છે, એ ત્રિકાળી ચીજ નથી. આહા...હા...! (એ) સંવર કીધું.

'**...નિર્જરા...**' એ કર્મની નિર્જરા. આત્મામાં શુદ્ધ (સ્વરૂપનું) ભાન થતાં (દ્રવ્યકર્મનું ખરી જવું તેને નિર્જરા કહે છે). સચ્ચિદાનંદ (પ્રભુ) એની અનંત સંપદા અંદર છે. (પરંતુ) નજર કર્યા વિના નિધાન નજરે આવ્યા નહિ. એની અંતર નજર કર્યા વિના નિધાન નજરે આવ્યા નહિ. નિર્જરા થઈ, એક સમયની નિર્જરા થઈ પણ તેની તે નિર્જરામાં આખો આત્મા આવતો નથી આહા...હા...! આ તો ઝીણી વાતુ બહુ, બાપા ! એ (નિર્જરા) હોય ધર્મીને, પણ ધર્મીની દૃષ્ટિ એ સંવર અને નિર્જરા ઉપર ન હોય. શું કહ્યું એ ? અંદર સંવર અને નિર્જરા ધર્મ થયો, પુણ્ય અને પાપ ભાવથી ભિન્ન પડી નિર્મળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો (તે નિર્જરા થઈ). પ્રભુ અતીન્દ્રિય આનંદમય છે. અંદર અતીન્દ્રિય આનંદનો કંદ છે. આ..હા..હા...! જેમ શકરકંદ છે એ મીઠાશનો પિંડ છે એમ આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. એમાં સંવર અને નિર્જરા તો વિશેષ છે. ધર્મીની સંવર–નિર્જરાની (વિશેષ પર્યાય) ઉપર પણ દૃષ્ટિ નથી. આહા...હા...! ગજબ વાત ! કેમકે એ વિશેષ દશા છે.

સામાન્ય ત્રિકાળી ધ્રુવ ! જેમ સોનું એકરૂપ ત્રિકાળ છે એના કુંડળ, કડાં (આદિ) વિશેષ અવસ્થાઓ છે. એ અવસ્થા પૂરતું સોનું નથી. એમ આ સંવર, નિર્જરા (વિશેષ દશા છે) અને આસ્રવ – પાપ અને પુણ્ય તો વિકાર છે. સંવર અને નિર્જરા એ નિર્વિકારી દશા છે. છતાં એ

દશા પૂરતો આત્મા નથી. આહા...! એ તો એક સમયની અવસ્થા છે. આવું ઝીણું છે, પ્રભુ ! આહા...હા...! અંદર દેહદેવળમાં ચૈતન્ય અનંત સંપદાથી ભરેલો ભંડાર ભગવાન છે.

કહે છે કે એ સંવર–નિર્જરા જે ધર્મ થયો, એ ધર્મની દશાથી પણ (આત્મા જુદો છે). એ પર્યાય છે, અવસ્થા છે. વસ્તુ – દ્રવ્ય તે એનાથી જુદી ચીજ છે. આ..હા...હા...! હજી તો શરીરથી જુદો માનવો ત્યાં પરસેવા ઊતરે ! આહા...હા...! શરીરથી જુદો ! અહીં તો કહે છે કે સંવર–નિર્જરાની પર્યાયથી (જુદો છે). (કેમકે) એ વિશેષ છે. વિશેષ એટલે ? એક સમયની અવસ્થા છે અને વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. એ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ સંવર–નિર્જરા થવા છતાં તેના ઉપર નજર નથી. આ..હા..હા...! આ શું કહે છે આ ?!

ભગવંત ! સંવર, નિર્જરા એ ધર્મ દશા છે. (તેમાં તો) અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, આ જે રાગનો સ્વાદ છે ઇ દુઃખનો સ્વાદ છે. રાજા, મહારાજા, દેવો, કરોડાધિપતિ કે અબજોપતિ બધા દુઃખી પ્રાણી છે. એ બધા રાગમાં રંગાઈ ગયેલા છે. રાગમાં રંગાયેલા એ દુઃખમાં રંગાઈ ગયેલા છે. એને સુખનો અંશ – ગંધે નથી. એ દુઃખની પાર (રહેલા) આત્માનું જ્ઞાન જેને થયું, તે જ્ઞાનમાં જે આનંદ આવ્યો, એ આનંદની અવસ્થા ઉપર પણ ધર્મીની દૃષ્ટિ નથી. ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ જ્ઞાયક ઉપર છે. કેમકે પર્યાય છે ઇ તો પલટતી... પલટતી... બદલતી અવસ્થા છે. નહિ બદલનારો (તો) ધ્રુવ ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ (છે). આહા...હા..! આકરું લાગે છે (પણ) વસ્તુ આ છે.

છે ? સંવર અને નિર્જરા ! નિર્જરા એટલે ? 'નિ' વિશેષે ઝરવું. અશુદ્ધતાનું ટળવું, કર્મનું ગળવું અને શુદ્ધતા, પવિત્રતાનું પ્રગટ થવું એને નિર્જરા કહે છે, પણ એ નિર્જરા વિશેષ દશા છે. ત્રિકાળ દ્રવ્ય નહિ. આહા..હા...! તે... તે... તે... તે... આ... આ.. આ.. .આ... આ... એમ



ધ્રુવ આત્મા જે અનાદિ અનંત (છે) તે આ સંવર, નિર્જરામાં આવે નહિ. આહા...! અને સંવર–નિર્જરાની પર્યાય જેને પ્રગટ થઈ, એની પણ દૃષ્ટિ ધ્રુવ દ્રવ્ય ઉપર હોય છે, આ...હા...હા...! આવી વાતું છે, પ્રભુ ! હજી તો સંવર–નિર્જરાના ઠેકાણા ન હોય, આસ્રવ અને બંધમાં પડ્યો હોય, છતાં અહીં કહે છે ધર્મ જેને પ્રગટ્યો, સંવર–નિર્જરા પ્રગટી, પણ એ દશા વિશેષ છે. એ સામાન્ય ત્રિકાળ ચીજ નથી. ધ્રુવ સ્વરૂપ જે છે ચિદાનંદ પ્રભુ ! કાયમ રહેનારો (એટલે) આ... આ... આ.. આ... છે... છે... છે... છે... છે... અનાદિ અનંત છે...છે...છે... એવું જે સામાન્ય તત્ત્વ તેની દૃષ્ટિ કરતાં (સંવર–નિર્જરા થાય છે). (તે) સંવર અને નિર્જરાની દૃષ્ટિ – પર્યાયદૃષ્ટિ પણ છૂટી જાય છે. અરર...ર...! કહો ! આમાં ધૂડમાં કે દી' સાંભળ્યું છે ત્યાં ? એક કલાક, એવો ફોટો (મૂક્યો) હોય (તેની) પૂજા કરી, કંઈક સાધારણ જેવો શુભભાવ કરી અને પછી કરે ૨૩ કલાક પાપ !

આત્મા નિર્જરા અને સંવરરૂપ પણ નથી ને, પ્રભુ ! એક વાર સાંભળને નાથ ! પ્રભુ ! તને 'પ્રભુ' તરીકે તો મુનિવરો બોલાવે છે. આ...હા...હા..હા...! સંતો એમ કહે છે, પ્રભુ ! ભગવાન ! એક વાર તારી વાત સાંભળ પ્રભુ ! આ..હા..હા...! તેં તારા ઘરની વાતું સાંભળી નથી, નાથ ! બહારની વાતુમાં મૂંઝાઈને ભ્રમણામાં બહિરાત્મામાં રખડી પડ્યો છો ! આહા...હા...!

અંતરમાં પ્રભુ – પુણ્ય અને પાપ, આસ્રવ અને બંધ, એ રાગ–દ્વેષ બંધ (છે) એનાથી તો જુદો છે. પણ સંવર અને નિર્જરા – ધર્મ દશા જેને અનંતકાળમાં થઈ નથી. એવી અંતર દશા થઈ, પણ એ દશા છે – અવસ્થા છે, એ ત્રિકાળી ચીજ નહિ. એટલે ધર્મી જીવની સંવર–નિર્જરા(ની) પર્યાય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર – વસ્તુ ઉપર હોય છે. અનંત ગુણનો નિધાન સચ્ચિદાનંદ પ્રભુ ! ચૈતન્યના

પ્રકાશના નૂરના પૂરથી ભરેલો... અરે...રે....! ક્યાં છે એ....? એના ઉપર (જેની દૃષ્ટિ છે) એને ધર્મી કહેવાય, (તેને) સમકિતી અને ધર્મની પહેલી શરૂઆત (કહેવાય છે). ધર્મની પહેલી શરૂઆત ! ત્રિકાળ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડે તે ધર્મની શરૂઆત છે. આહા..હા..!

પ્રભુ ! માર્ગ આકરો છે, બાપુ ! દુનિયા(માં) બધાને જાણીએ છીએ ! સમજાણું કાંઈ ? આખી દુનિયા જોઈ છે. કલકત્તા, દિલ્હી ચારેબાજુ બધે ફર્યા છીએ. દુકાનનો માલ લેવા જતાં પણ બધે ફર્યા છીએ નાની ઉંમરમાં – ૧૮ વર્ષની ઉંમરથી, હોં ! અત્યારે તો ૯૦ થયાં ! આહા...હા...!

પ્રભુ ! અહીંયાં કહે છે કે, પુણ્ય અને પાપના (ભાવ) – દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, પરિગ્રહના ભાવ, એ તો પાપ અને પુણ્ય બન્ને વિકાર છે. આહા...હા...! એ આત્મા નહિ. પણ સંવર અને નિર્જરા (તે પણ ત્રિકાળ આત્મા નહિ). ભગવાન ! એક વાર સાંભળ તો ખરો પ્રભુ ! રુચે–ન રુચે એ જુદી વાત છે, પણ એક વાર સાંભળ, પ્રભુ ! તારી પ્રભુતા અંદર અનંતગુણી ભરી છે એ પ્રભુતાની દૃષ્ટિમાં – વસ્તુ ઉપર દૃષ્ટિ આપતાં અંદર ધર્મની દૃષ્ટિ પ્રગટી, આત્માની શાંતિ પ્રગટી. વસ્તુ એને કહીએ જેમાં અનંતગુણ વસેલા છે. વસ્તુ (એટલે) વસેલા છે – વસ્તુમાં અનંત ગુણ વસેલા છે. વાસ્તુ હોય ઇ મકાનમાં લેવાય વાસ્તુ કોઈ લીમડે કે પીપળે ન લેવાય. એમ આ વસ્તુ ભગવાન (સ્વરૂપ છે) એમાં અનંત ગુણ વસેલા છે, એમાં વાસ્તુ લેવું છે ! આહા...હા...! એણે કોઈ દી' એક સમયમાત્ર વાસ્તુ લીધું નથી. બાકી બહારના ૨--૫ કરોડના મકાનો કરીને, ૨૫--૫૦ લાખ ખર્ચી નાખીને મોટા વાસ્તુ લીધા અને મોટા–મોટા કાર્યકર્તાઓને બોલાવીને એ... જાણે ખુશી–ખુશી થઈ ગયા, ઓ..હો...હો...હો...! શું કર્યું જાણે... પ્રભુ ! અમારી પાસે તો આ છે, બાપા !



અહીં તો ૯૦ વર્ષ થયાં, જિંદગી આખી આમાં ગઈ છે. પાંચ વર્ષ વેપાર કર્યો હતો. મોટી દુકાન ચાલે છે, 'પાલેજ'માં ! 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. પૈસા ૪૦ લાખ છે. ૪ લાખની પેદાશ છે. અત્યારે એ દુકાન અમારી જ છે. ૪ લાખની પેદાશ છે. ૪૦ લાખ રૂપિયા છે. ધૂડમાં ધૂડ છે. આહા...! ૬૭ વર્ષ છોડ્યાં થયાં, ધૂડને છોડી ! પ્રભુ અંદર જુદો છે આહા...હા...!

અહીં તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે, જેને એ દ્રવ્ય–વસ્તુ છે એનું જ્ઞાન થઈને ધર્મ થયો છે. જે અનંતકાળ(માં) થયો નથી, એવી ધર્મની (દશા)માં અતીન્દ્રિય આનંદનો સ્વાદ (આવ્યો છે). આ રાગનો સ્વાદ એ સંસાર(નો) રખડવાનો સ્વાદ છે. અતીન્દ્રિય (આનંદનો) સ્વાદ આવ્યો એને અહીંયાં સંવર અને નિર્જરા કહે છે. છતાં, ધર્મીની દૃષ્ટિ સંવર અને નિર્જરા પર્યાય છે, (તેની) ઉપર નથી. એની નજરું અંદર દ્રવ્ય ઉપર છે. આ..હા...હા...!

ઝીણી વાત છે, ભગવાન ! આ કઈ જાતનો ઉપદેશ ! (જેમ) છે એમ છે, બાપા ! બધાને જાણીએ છીએ. ઘણાં–ઘણાં... લાખોનો પરિચય થયો છે. 'કાઠિયાવાડ'માં આખું જોયું છે. વળી આ નવું આફ્રિકામાં આવવાનું મન થયું. અંજળ છે (તે) આવ્યા ! આહા...! ભગવાન અંદર બિરાજે છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં વર્તમાન બિરાજે છે. તેના મુખથી નીકળેલી આ વાણી છે. એની રચના 'કુંદકુંદઆચાર્યે' સાંભળીને – આઠ દી' સાંભળીને કરી છે. આઠ દી' ત્યાં ગયા હતા.

આહા...! અહીં એમ કહે છે ધર્મ દશા જેને પ્રગટે છે, એ દશા ઉપર પણ એની દૃષ્ટિ નથી. આ..હા...હા...! ભગવાન ! વાત બહુ ઝીણી ! હજી તો બહારથી છૂટવું કઠણ ! (કોઈને) છોકરાં નથી, કાંઈ નથી તોપણ ઉપાધિનો પાર ન મળે ! ધૂડ–ધૂડ ! એમાં ગૂંચાઈ ગયા, ગૂંચાઈ ગયા !

આ તત્ત્વ શું છે ? (તેની કાંઈ ખબર ન મળે) આહા...હા...! પ્રભુ ! તું દુઃખી છો, ભાઈ ! તને ખબર નથી, દુઃખની દશા કોને કહેવી ? એની તને ખબર નથી ! આહા...હા...! એ પુણ્ય અને પાપના ભાવ એને પણ પરમાત્મા દુઃખ અને આકુળતા કહે છે, પ્રભુ ! એનાથી અંદર અનાકુળ અને આનંદસ્વરૂપ પ્રભુ ભિન્ન છે. એને કોઈ દી' જોવા, જાણવા નજરું કરી નથી, નાથ ! આહા...હા...!

અહીં તો અંદર બધા ભગવાન દેખાય છે ! એ દેહદેવળ જુદું છે, ઓલો રાગ જુદો છે, અંદર ભગવાન (જુદો) છે. મુનિરાજ તો 'ભગવાન' તરીકે બોલાવે છે ! આ..હા..હા...હા...! ભગવાનઆત્મા ! ૭૨ ગાથામાં આવે છે. આના પછી એ ૭૨ (ગાથા) વાંચવામાં આવશે. આ તો ૩૮મી વંચાય છે, પછી ૭૨મી (ગાથા) લખી છે. આ લોકોએ, ભેગા થઈને (લખી છે) કે, આ વાંચવી ! એમાં તો એમ લખ્યું છે કે, ભગવાનઆત્મા ! એ શુભ અને અશુભભાવ (થી જુદો છે). એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પુણ્યનો (ભાવ છે) અને કામ–ક્રોધ, આ રળવાનો, કમાવાનો પૈસા ખર્ચવાનો પૈસા સાચવવાનોને, અને વ્યાજ ઉપજાવવાનો (ભાવ) એ પાપ ભાવ (છે). આહા...હા...! ભગવાન ! તું (એ) પાપ અને પુણ્યથી જુદો છો, પ્રભુ ! એમ મુનિરાજ કહે છે. આહા...હા...! મુનિવરો ૭૨ ગાથામાં (એમ કહે છે) હે નાથ ! પ્રભુ ! પુણ્ય અને પાપના ભાવ એ અશુચિ છે. એમાં છે, ૭૨ ગાથામાં હશે. ૭૨ ગાથામાં હશે, જુઓ, એમાં ! આ ૩૮ પછી તરત ૭૨ ગાથા છે. એમાં ૭૨ ગાથામાં છે.

પુણ્ય અને પાપના ભાવ બન્ને અશુચિ છે, મલિન છે. ભગવાનઆત્મા ! એમાં ભગવાનઆત્મા લખ્યું છે. છે ? મુનિવરો 'ભગવાન' તરીકે બોલાવે છે ! આ..હા..હા...! ભગવાનઆત્મા ! એ પુણ્ય અને પાપની અશુચિ – મેલથી અંદર નિર્મળાનંદ જુદો છે. પ્રભુ ! તેં કોઈ દી' નજર કરી નથી ! પ્રભુ ! તેં કોઈ દી' સાંભળીને પ્રેમ કર્યો નથી. જગતના પ્રેમની પ્રીતિમાં



રોકાતાં આ બાજુનો દ્વેષ થઈ ગયો છે. 'આનંદઘનજી' કહે છે, શ્વેતાંબરમાં 'આનંદઘનજી' થયાં એ કહે છે કે, 'દ્વેષ–અરોચક ભાવ.' જેને રાગનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. કેમકે એ રુચતું નથી માટે તે દ્વેષ છે. આ...હા...હા..હા..! કઈ જાતનો ઉપદેશ આવો !

અમારે તો ત્યાં ૪૫ વર્ષથી આ ચાલે છે. ૪૫ વર્ષે ગયા છીએ અને (પછી) ૪૫ (થયાં) એટલે ૯૦ થયાં. (ત્યાં) તો મોટા–મોટા વકીલો પણ આવે છે, મોટા ડૉક્ટરો આવે છે. જ્યાં જઈએ ત્યાં રાજા–મહારાજા પણ વ્યાખ્યાનમાં આવે છે ! ભાવનગર દરબાર ! (એને) કરોડની ઊપજ (છે). કરોડની ઊપજ ! એ આવ્યા હતા. એને કહ્યું હતું. 'દરબાર ! મોટા માગણ છો !' કેમ (માગણ છે) ? અંતર અનંત આનંદ, જ્ઞાન આદિ લક્ષ્મી પડી છે એ લક્ષ્મીની જરૂર (નથી), (તેની) દરકાર કરતાં નથી અને આ ધૂડ – લક્ષ્મી – કરોડ રૂપિયા અને ૨ કરોડ અને ૫ કરોડની બાર મહિનામાં ઊપજ આવે (તેને માંગે છે) એ માગણ છે ! માંગે છે – આ લાવો... આ લાવો... આ લાવો... આ લાવો...! અમારે ક્યાં મહારાજા પાસે માખણ ચોપડવું હતું (કે) પૈસા લેવા હતા ! આમ માણસ નરમ હતો. ગુજરી ગયો બિચારો ! 'કૃષ્ણકુમાર' હતો. 'સાચી વાત, મહારાજ !' એમ કહેતો. 'કૃષ્ણકુમાર' દરબાર હતા (એ) ગુજરી ગયા. છોકરો છે (તો) છોકરો આવ્યો હતો. ભાવનગર(થી) વ્યાખ્યાનમાં આવે. પણ એ ધૂડમાં કાંઈ નથી. ઇ તો નથી, પણ અહીં તો સંવર–નિર્જરામાં આત્મા નથી, એમ કહે છે ! આ...હા...હા..હા...! (કારણ કે) એક સમયની પર્યાય છે.

છે ? '**...સંવર, નિર્જરા, બંધ,...**' બંધ (એટલે) રાગ અને દ્વેષનો ભાવબંધ. એ પર્યાય છે – અવસ્થા છે. '**...મોક્ષસ્વરૂપ,...**' અરે...! મોક્ષ ! આ...હા..હા...! પ્રભુ ! ગાથા એવી આવી ગઈ છે ! એ આત્માના અતીન્દ્રિય આનંદનો લાભ – એવો મોક્ષ ! અંદર અતીન્દ્રિય આનંદનો

નાથ પ્રભુ છે ! સચ્ચિદાનંદ પ્રભુ છે ! સત્ ત્રિકાળ ચિદાનંદ આનંદકંદ અંદર છે. એની નજરું ત્યાં ગઈ નથી. નજર ગયા વિના નિધાન કેમ દેખાય ? એ મોક્ષસ્વરૂપ છે. એ પણ પર્યાય છે, (એમ) કહે છે આ...હા...હા...! સમજાણું કાંઈ ?

છે ? '**...મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો,...**' એ બધા વ્યાવહારિક નવ તત્ત્વો છે. આહા...હા...હા...! આ તમારા સંસારના વ્યાવહારિકની વાત નથી ! અંતરના ભેદના નવ તત્ત્વની પર્યાય પડે, એને ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ 'વ્યવહાર' કહે છે. આહા...હા...! 'અમારો વ્યવહાર સારો ચાલે છે, અમે સારે ઠેકાણે દીકરી વરાવીએ છીએ, દીકરા સારા ઠેકાણે વરાવીએ છીએ, વ્યવહાર અમારો (આવો) !' એ ધૂડની વાત આ નથી. એ તો બધા નરક–નિગોદમાં જવાના રસ્તા છે. આ તો નવ તત્ત્વ જે છે અને (એમાં પણ) આ મોક્ષતત્ત્વ જે છે... આહા...હા...! જેમાં પરમાત્મા પર્યાયમાં મુક્ત થાય છે. એટલે અવસ્થામાં અતીન્દ્રિય આનંદનો લાભ મળે છે, અતીન્દ્રિય આનંદનો પૂર્ણ સ્વાદ આવે છે, એનું નામ મોક્ષ, એ મોક્ષ પણ પર્યાય છે. અર..ર...ર...! આવો માર્ગ છે !

'**...મોક્ષસ્વરૂપ,...**' છે ? '**...જે વ્યાવહારિક નવ તત્ત્વો,...**' એ વ્યાવહારિક નવ તત્ત્વો છે. આ..હા..હા...! કહો, સમજાય છે આમાં ? શું કહ્યું આ ? એ નવ તત્ત્વો છે એ વ્યવહાર છે. જીવની વિશેષ દશાઓ નારકી આદિ, અજીવ આદિ, પુણ્ય–પાપ, આસ્રવ (એટલે) નવા આવરણ આવે એ આસ્રવ, બંધ (એટલે) રાગ–દ્વેષ, મોક્ષ (એટલે) પૂર્ણ દશા ! આત્માની પૂર્ણ નિર્મળ દશા ! જેને મોક્ષ કહીએ, તેને પણ અહીંયાં વ્યવહાર જ કહેવામાં આવ્યો છે. કેમકે મોક્ષ એ પર્યાય છે – અવસ્થા છે. ત્રિકાળી દ્રવ્ય એનાથી જુદું છે. મોક્ષ એક વેષ છે. ચૈતન્ય તત્ત્વનો મોક્ષ એક ભેખ છે. આ..હા..હા..હા...! 'સમયસાર'માં બધું આવે છે. પુણ્ય–પાપ



એનો એક વેષ–ભેખ છે. એ તત્ત્વ નથી કાંઈ એનું ! એમ સંવર–નિર્જરા અને મોક્ષ પણ એક ભેખ છે – અવસ્થા છે !

એ વ્યાવહારિક નવ તત્ત્વો, આ..હા..હા...! '**...તેમનાથી, ટંકોત્કીર્ણ...**' (એટલે) શાશ્વત. આ નવ (તત્ત્વો) છે ઇ તો પર્યાય છે, અવસ્થા થઈ. પણ પર્યાય કોને કહે ? એને સમજતો ન હોય હજી ! પર્યાય અવસ્થા જે થઈ તેનાથી '**...ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું...**' આહા...! ધર્મી એમ જાણે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ધર્મની પહેલી સીઢીવાળો, ધર્મની પહેલી શ્રેણીવાળો એમ સમજે છે કે, આ નવ તત્ત્વો જે વ્યાવહારિક તત્ત્વો છે... આહા...હા...! તેનાથી (હું) અત્યંત જુદો છું. છે ? '**...ટંકોત્કીર્ણ...**' એટલે શાશ્વત. (હું) શાશ્વત વસ્તુ છું. '**...એક જ્ઞાયકસ્વભાવ...**' એકરૂપ જાણક... જાણક... જાણક... જાણક... જાણક... ચૈતન્ય પ્રકાશનું પૂર ! ચૈતન્ય પ્રકાશનું નૂર ! એવો જે હું ભગવાનઆત્મા '**...જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું...**' (વ્યાવહારિક) નવ (તત્ત્વોથી) અત્યંત જુદો છું. આકરી વાત આવી જરી !

જીવના વિશેષો નારકી, મનુષ્ય, દેવ, ધૂડ, કીડા, બોકડા આદિ તિર્યંચ એ વિશેષ અવસ્થા છે. અજીવ (એટલે) જડ શરીર આદિ, શુભભાવ એ પુણ્ય, અશુભભાવ એ પાપ, બે થઈને આસ્રવ. એ રાગમાં અટક્યો છે એ બંધ, અને બંધરહિત થઈને આત્માની પૂર્ણ મોક્ષદશા એ મોક્ષ. એ નવે તત્ત્વો પર્યાયો છે માટે એનાથી હું અત્યંત જુદો છું. એમ સમકિતી ધર્મની શરૂઆતવાળો, ધર્મની પહેલી શ્રેણીવાળો આમ સમજે અને અનુભવે છે. આહા..હા...! ગજબ વાત છે ! ધર્મની પહેલી શ્રેણીવાળો (આમ અનુભવે છે). એ ઘડીક પૂજા કરીને કરી નાખ્યું, કરી નાખ્યું (સ્વાહા) એમ નહિ થાય, અહીં (એમ) કહે છે. પછી હોળી સળગે ચારેકોર ! આહા...હા...!

આ તો નવ તત્ત્વના ભેદો જે પડ્યા (તેનાથી જુદો છે). જીવના

વિશેષ ભેદો (એટલે) નારકી, મનુષ્ય આદિ એનાથી અત્યંત જુદો, અજીવથી અત્યંત જુદો. પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવથી જુદો. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગથી જુદો. ક્રોધ, માન, માયા, લોભ રાગથી જુદો, અને જુદો થયેલો (જરી) સંવર (તેનાથી જુદો). આ..હા..હા...! જુદો થયેલો જે સંવર અને નિર્જરા ધર્મની દશા (તેનાથી જુદો). સંવર (એટલે) ધર્મની શરૂઆત. નિર્જરા (એટલે) ધર્મની વૃદ્ધિ, મોક્ષ (એટલે) ધર્મની પૂર્ણતા – એ ત્રણેય દશાઓ છે. એ દશાઓથી પણ મારી ચીજ ભિન્ન છે. આ..હા..હા..હા..!

અહીં તો કાઠિયાવાડમાંથી આવી પડ્યા છીએ, બાપુ ! નહિતર આ વાત ત્યાં તો અમારે ૪૫ વર્ષથી ચાલે છે. લાખો માણસો સાંભળે છે કલકત્તા, દિલ્હી બધે ગયેલા. બધે આમ ચાલે છે. આહા..હા...! જ્યાં–જ્યાં જઈએ ત્યાં રાજા–મહારાજા આવે ! બધા સાંભળવા આવે, એક વાર–બે વાર તો આવે જ. શું છે આ ? કહે છે શું આ ? પણ બચારા ગૂંચાઈ ગયા (હોય) એને આ વાત ક્યાં (સમજાય) !

(અહીંયાં કહે છે) નવ તત્ત્વો જે છે,... આ..હા..હા..હા...! એ નવમાં જીવતત્ત્વ અત્યારે ન લેવું. જીવના વિશેષો–ભાવ જે છે એ નવમાં લેવા. નારકી, મનુષ્ય, દેવ, નારક (લેવા). એ સંવર અને નિર્જરા પણ ભેખ છે – અવસ્થા છે. મોક્ષ પણ એક ભેખ – અવસ્થા છે. ભગવાન ત્રિકાળી ધ્રુવ એક સમયની અવસ્થામાં આવતો નથી અને એક સમયની અવસ્થા જેટલો નથી, આ..હા..હા...! સમજાય છે કાંઈ ? પ્રભુ ! જે (આવતું) હોય ઇ આવે ને બીજું શું આવે ? એને ગમે એવી હળવી કરવા જાય તો કાંઈ (હળવી) થાય નહિ, બાપા !

ભગવંત ! આહા..હા...! પ્રભુ ! તારી પ્રભુતા અંદર અનંત ગુણી છે. એ દ્રવ્યની પ્રભુતા (અનંતગુણી છે). દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય એટલે આ પૈસો નહિ હોં ! દ્રવ્ય એટલે અંદર વસ્તુ – ત્રિકાળી આત્મા !



એ દ્રવ્યની દૃષ્ટિની અપેક્ષાએ, નવ તત્ત્વોના ભેદ–વિશેષ (છે) એનાથી તે જુદો છે. આહા..હા...! એને એ રીતે અનુભવે અને એ રીતે જાણે, ત્યારે તેને સમ્યગ્દર્શન – તેને ધર્મની પહેલી શરૂઆત કહેવામાં આવે છે. ચારિત્ર તો પછી ક્યાં રહી ગયું, બાપા ! આહા..હા...! સમજાણું કાંઈ ? નવ તત્ત્વમાં તો ઘણું આવ્યું, ભાઈ !

'**...એક જ્ઞાયકસ્વભાવ,...**' એક જ્ઞાયકસ્વભાવ ! એ બધી તો પર્યાયો છે – અવસ્થાઓ છે – એક સમયની મુદતની દશાઓ છે. હું અંદર ત્રિકાળ દ્રવ્ય શાશ્વત વસ્તુ છું. એ શાશ્વત વસ્તુ મારી દૃષ્ટિનો વિષય છે. ધર્મીની દૃષ્ટિનો વિષય – ધ્યેય – દૃષ્ટિનું ધ્યેય... આ..હા..હા..! પૂર્ણ વસ્તુ છે. દૃષ્ટિનું ધ્યેય આ નવ (તત્ત્વના) પર્યાયો તે તેનો વિષય નથી. આહા...હા...!

સાંભળતા કઠણ પડે ! કોઈએ વાંચ્યું નથી, આ 'સમયસાર' વાંચ્યું છે ? વાંચ્યું હોય તો(પણ) ક્યાં આ ખબરે (હતી), ભાન પણ કે દી' હતી ! સાચી વાત છે ને, ભાઈ ! આ આત્મા, એ નવ તત્ત્વના વિશેષ ભેદોથી જુદો (છે) એને અંદર જાણે ત્યારે તે 'નિહાલ' અને સમકિત–દૃષ્ટિ કહેવાય છે. આ...હા..હા...! ભાષા, પ્રભુ ! ભાષા તો સાદી છે. ભાષા કોઈ સંસ્કૃત અને વ્યાકરણ અને એવી કોઈ મોટી–મોટી નથી, પણ હવે વસ્તુ તો જેમ છે એમ છે. આહા...હા...! એ કોઈને માટે કાંઈ વસ્તુ ફરે એવી નથી કે આને માટે આ ! અજાણ માટે બીજી અને જાણ(કાર) માટે બીજી, પંડિતો માટે બીજી અને મૂર્ખ માટે બીજી, એમ નથી કાંઈ, વસ્તુ તો જે છે ઇ છે અંદર ! આહા...હા...!

સચ્ચિદાનંદ પ્રભુ ! એ નવ તત્ત્વથી જ્ઞાયક જુદો એવો '**...હું શુદ્ધ છું...**' આહા..હા...! છે ? ધર્મી આમ જાણે છે (કે), આવો હું શુદ્ધ છું. આ..હા..હા...! બે લીટીમાં આટલું ભર્યું છે ! '**...ચિન્માત્ર હોવાથી,...**' હવે અસ્તિ કહે છે. છે શું ત્યારે ? એ તો

જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન... પાણીના જેમ પૂર હોય એમ આ જ્ઞાનનું પૂર છે, પ્રભુ ! આ...હા..હા...! એની નજર ત્યાં ગઈ નથી. એ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર...જાણનાર... એમ ધ્રુવ તરીકે તેનું (પૂર ચાલે છે). પાણીનું પૂર આમ ચાલે, ધ્રુવનું પૂર આમ ચાલે ! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... આ..હા..હા...!

કઈ જાતની વાત, બાપા ! ભગવાન (વાત તો) આ છે, બાપુ ! માને–ન માને ઇ તો જગત સ્વતંત્ર છે. પરમાત્મા ત્રિલોકનાથ ! એની દિવ્યધ્વનિમાં (જે) આવ્યું, (તેને) મુનિઓ આડતિયા થઈને, ભગવાન સર્વજ્ઞનો માલ જગત પાસે જાહેર કરે છે ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે ! સમોસરણમાં બિરાજે છે. આહા...હા...! બેન છે (એ) ત્યાંથી આવ્યા છે. બેન છે ને ? (પૂજ્ય ચંપાબેનને) નવ ભવનું જ્ઞાન છે. નવ ભવનું જ્ઞાન છે ! અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણ છે. એ ત્યાં હતાં, ત્યાંથી આવ્યાં છે. એ બધી વાત જાણે છે. આ..હા..હા...!

અહીં કહે છે કે, છે કોણ ત્યારે ઇ ? નવ તત્ત્વથી જુદો, નવની પર્યાય – અવસ્થા – દશાથી જુદો, ઇ જુદો છે શું ? (તો કહે છે) એ '**...ચિન્માત્ર હોવાથી...**' આહા...! (અર્થાત્) એ તો જ્ઞાનમાત્ર વસ્તુ છે. ધ્રુવ જ્ઞાન – ધ્રુવ વસ્તુ છે, નિત્ય વસ્તુ છે. ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક અનાદિ અનંત (છે). 'છે' તેની આદિ હોય નહિ, 'છે' તેનો ભવિષ્યમાં નાશ હોય નહિ, 'છે' તે પોતાના સ્વભાવથી ખાલી હોય નહિ ! સમજાય છે કાંઈ ? જે ચીજ છે, 'છે' સત્તા...સત્તા (છે) એ કોઈથી ઉત્પન્ન થતી ન હોય, કોઈથી નાશ થાય નહિ અને વર્તમાનમાં પોતાની અનંત સંપદાનો સ્વભાવ તેનાથી તે ખાલી હોય નહિ. એને અહીંયાં ચીજ અને આત્મા અને તત્ત્વ કહે છે. આ..હા..હા...! આવો ઉપદેશ કઈ જાતનો આ ?! બાપુ, આ વાત બીજી છે, ભાઈ ! અત્યારે જગતની ચાલ ચાલે છે એથી



આ જુદી જાત છે. જગત ચાલે છે (ક્યાંય) અને આ વાત રહી ગઈ છે (ક્યાંક). આ..હા..હા...!

'**...ચિન્માત્ર હોવાથી સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી...**' શું કહે છે ? હું તો એક જાણનાર – વિશેષ (ઉપયોગાત્મક) અને દેખનાર - સામાન્ય (ઉપયોગાત્મક સ્વરૂપ છું) મારું સ્વરૂપ દર્શન અને જ્ઞાન (સ્વરૂપ છે). દર્શન કોઈ ચીજને ભેદ પાડીને જોતું નથી, (માટે સામાન્ય ઉપયોગાત્મક છે). જ્ઞાન દરેકને ભેદ પાડીને જોવે માટે વિશેષ (ઉપયોગાત્મક છે). (પહેલાં જે) નવ વિશેષ (કહ્યાં તે) જુદાં અને આ જ્ઞાન (છે). વિશેષ જુદું. (અહીંયાં) જ્ઞાન વિશેષ (કહ્યું તે) ધ્રુવ (છે) અને (પહેલાં) નવ તત્ત્વ (કહ્યાં) તે પર્યાયના વિશેષ (છે) તે અનિત્ય અને અધ્રુવ (છે), આહા..હા...! ક્યાં યાદ રહે આમાં ! સાંભળવા ઘરેથી ન આવ્યા (તો એ પૂછે) 'શું સાંભળી આવ્યાં ?' (ત્યારે સાંભળનાર કહે) 'કોણ જાણે, શું કાંઈક કહેતાં હતાં, આમ છે ને તેમ છે !' અરે...પ્રભુ ! અરે...રે...!

નિજ ઘરના જ્ઞાન વિના પ્રભુ તું ચોરાશીના અવતારમાં રખડી મર્યો, બાપુ ! આહા...! તારી દયા મુનિવરોને આવે છે, કરુણા આવે છે ! કરુણાથી એને 'ભગવાન' તરીકે બોલાવી જગાડે છે. જાગ રે ! જાગ, નાથ ! આવા ટાણાં પ્રભુ તને ક્યારે મળશે ? આ..હા..હા...! મનુષ્યપણું મળ્યું તને પંચેન્દ્રિય (પણું) મળ્યું, વીતરાગની વાણી કાને પડી ! ભગવાન ! ક્યારે આવો જોગ મળશે ? એક વાર જાગ તો ખરો, ભાઈ ! અને 'જાગીને જોઉં તો...' આ...હા..હા...! 'જગત દીસે નહિ !' જગત જગતમાં રહ્યું, હું તો ચૈતન્યમૂર્તિ છું. ચૈતન્યમૂર્તિ ત્રિકાળ જ્ઞાનસ્વભાવથી ભરેલો ધ્રુવ ચૈતન્ય છું ! આ...હા...હા...!

એ કહે છે જુઓ ! '**...ચિન્માત્ર હોવાથી સામાન્ય...**' સામાન્ય એટલે દર્શન. આ સમકિતની વાત નથી. (દર્શન એટલે) દર્શનનો વિષય એવો

છે કે, કોઈને (પણ) ભેદ પાડ્યા વિના દેખે. આખી દુનિયાની સત્તા છે એ સત્તાને ભેદ પાડ્યા વિના દેખે તેને 'સામાન્ય' કહીએ. એ સામાન્ય(ની વ્યાખ્યા થઈ). અને વિશેષ (એટલે) જ્ઞાન. (જ્ઞાન) દરેક ચીજને ભિન્ન પાડીને (જાણે છે). આ જીવ છે, આ અજીવ છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ વિકાર છે આ અવિકાર છે એમ ભેદ પાડીને જે જાણે તેને 'વિશેષ' જ્ઞાન કહીએ. (પહેલાં કહ્યાં એ) નવ તત્ત્વનું વિશેષ જુદું અને આ વિશેષ જુદું. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'સમજાય છે કાંઈ ?' એમ કહેવાય છે ને ? સમજાય તો–તો ન્યાલ થઈ જાય ! પણ 'કાંઈ' એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે, કઈ રીતથી કહેવાય છે. એ કળાને લક્ષમાં લે તો 'કાંઈ સમજ્યો' એમ કહેવાય. બાકી સમજે તો–તો ન્યાલ થઈ જાય ! આહા...હા...! સમજે તો–તો એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ ! બીજ ઊગે એની પૂનમ થયા વિના રહે નહિ. એમ અંતરનું બીજડું – આત્મજ્ઞાન થાય, નવ તત્ત્વના ભેદથી – વિશેષથી જુદો દેખાય, મનાય, જણાય, અનુભવાય, એને કેવળજ્ઞાન અને મોક્ષ થયાં વિના રહે નહિ ! બીજ ઊગી એને પૂનમ થયાં વિના રહે નહિ.

એમ આવો જે આત્મા, દર્શન–સામાન્યને દેખનાર, જ્ઞાનથી જાણનારો (એવા) '**...સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાંને...**' ઉપયોગ એટલે એ તો જાણવા–દેખવાના વેપારવાળો છે. એ જાણવા–દેખવાના વેપારવાળો છે, આ ધૂડના વેપારવાળો નથી ! ધૂડ એટલે આ કાપડનો વેપાર, સોનાનો વેપાર, જરીનો વેપાર, હીરાનો વેપાર, એ બધા ધૂડના વેપાર છે. આહા..હા...! અહીં તો જ્ઞાન ઉપયોગપણાને લઈને (એમ કહ્યું છે) જાણવું–દેખવું એ ઉપયોગ (એટલે) અંદર વેપાર છે તેપણાને, '**...ઉલ્લંઘતો નથી...**' (અર્થાત્) જ્ઞાન અને દર્શન જે સ્વભાવ (છે), ત્રિકાળ જેનું સ્વરૂપ (છે), તેને કોઈ દી' ઉલ્લંઘતો નથી. તેને ઓળંગીને પર્યાયમાં કદી આવતો



નથી. આ...હા..હા...!

આવો ઉપદેશ હવે ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા ત્યાં સમોસરણમાં અત્યારે મહાવિદેહક્ષેત્રમાં રહ્યાં છે. આહા...હા...! એની વાણી આ છે ! એ સાંભળેલી વાણી, એ મુનિઓએ (આગમમાં) રચી અને જગતને આડતિયા તરીકે જાહેર કરે છે ! પ્રભુ ! એક વાર સાંભળ ! આ...હા..હા...! અરે...! તે ઘણું પાપ કર્યું, બાપુ ! સંસારના પાપના – પુણ્યના મોટા પોટલા બાંધ્યા, પણ આ નવ તત્ત્વના વિશેષથી જુદું દ્રવ્ય છે, તેને તેં એક વાર એક સમય (માટે) પણ જોયું અને જાણ્યું નથી ! આ...હા...હા...! અને એના જાણ્યા અને જોયા વિના તારા મરણ અને જન્મ–મરણના આરા આવે એવા નથી, આ...હા..હા..! છે ?

'**...સામાન્ય–વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું;...**' હું દર્શન અને જ્ઞાનમય છું. નવ તત્ત્વની પર્યાયમય નહિ. ઝીણું પડે, બાપુ ! અમારે તો ત્યાં એથી ઝીણું આવે ! ત્યાં તો કાયમ સવાર–બપોર વ્યાખ્યાન ચાલે છે. આવી વાતો તો ત્યાં હજારોવાર થઈ ગયેલી છે ! આ..હા..હા...! અહીં તો દેશમાંથી પહેલાં–વહેલાં આવી પડ્યા છીએ ! ક્યાં (આ) અનાર્ય દેશ ! (અને ક્યાં એ દેશ) ! આહા...! પણ આ વાત તો પરમાત્માના ઘરની છે, ભાઈ !

(અહીંયાં) એ કહે છે (કે), હું તો દર્શનજ્ઞાનમય છું, વિશેષ બીજા શબ્દો છે. (તે) વિશેષ કહેશે.....